Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

Gujrati
१९९७

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collec

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મૉ આનન્દમયી

અમૃત વાર્તા

VOL. 1 JANUARY 1997 No. 1

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃત વાર્તા

સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે, - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી મા આનન્દમયી મા વિષેના લેખો છપાશે. તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રી મા- વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોના જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમ જ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફુલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮- સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

"અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

स्वामी श्री श्री आनन्दमयी संघ की ओर से मुद्रक तथा प्रकाशक श्री पानु ब्रह्मचारी द्वारा श्री श्री आनन्दमयी संघ, भदैनी, वाराणसी-२२१००१ (उ. प्र.) में प्रकाशित तथा रत्ना प्रिंटिंग वर्क्स, बी. २१/४२ कमच्छा, वाराणसी-१० (उ. प्र.) में मुद्रित । सम्पादक-श्री पानु ब्रह्मचारी ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥

૧.	માતૃવાણી		૧
૨.	માતૃલીલાકથા		૩
૩.	શ્રી શ્રીમાની અમરવાણી		૧૩
૪.	માતૃ-પ્રસાદ (સત્સંગ તથા સ્મરણો)	- પરિવ્રાજક	૧૭
૫.	સ્વામી ભાસ્કરાનંદજીનાં સ્મરણો		૧૯
૬.	શ્રી શ્રીમા આનન્દમયી પ્રસંગ	- અમૂલ્યકુમાર દત્તગુપ્ત	૨૦
૭.	અલૌકિક આનન્દનો સ્રોત	- ડૉ. ગિરિરાજ શાહ	૨૫
૮.	બાબા ભોલાનાથ	- ગણેશચંદ્ર સેનગુપ્ત	૨૮
૯.	શ્રી શ્રીમા આનન્દમયી-કૃપાકથા	- નટવરભાઈ પટેલ	૩૦
૧૦.	ભજનાંજલિ	- હરબાળા દવે	૩૭
૧૧.	ભક્તોની દૃષ્ટિમાં		૩૮
૧૨.	યોગેશ્વરી	- ભાઈજી	૪૨
૧૩.	કઠોપનિષદ્	- ઉત્તરા ચિનુભાઈ	૪૪

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃવાણી

એમનું જ બધું. તેઓ જ સ્વયમ્ સર્વરૂપમાં. જ્યારે જે રૂપમાં - પોતાને લઈને પોતે જ રમે છે.

O

જીવનમાં બધાં જ કર્મો એમને સમર્પિત કરવાની કોશિશ કરવી જરૂરી છે. એટલે સુધી (કે) ખાવું-પીવું, હરવું-ફરવું, જોવું-સાંભળવું સઘળું જ. એમના હાથના યંત્ર આ શરીર વડે જે કાંઈ પણ થઈ રહ્યું છે, બધું જ એમને જ સમર્પણ કરજો, પ્રાતઃ જાગરણથી માંડીને નિદ્રા પૂર્વ પર્યન્ત આ જ ભાવ રાખવાની કોશિશ કરજો.

O

કેવળ નામ. તેઓ વિપદ આપીને વિપત્તિ દૂર કરે છે. આ જ છેલ્લું કષ્ટ છે (એમ) વિચારજો. હજી વધારે તો કષ્ટ થશે નહીં. સર્વાવસ્થામાં એમને જ પોકારીને રડવું જોઈએ.

O

સાકાર અર્થાત્ સ્વયં સ્વ-ક્રિયારૂપમાં જે આકારાન્વિત એ જ આકાર. પોતે જ કાર્યરૂપમાં આકારમાં છે. નિરાકાર અર્થાત્ કાર્ય નથી જ્યાં. એટલે જ એમનો આકાર નથી. નીરનો અર્થ છે જળ, જ્યાં મૂકો છો તે જ આકાર ધારણ કરે છે. પોતાનો કોઈ આકાર નથી. બરફ શું ? બરફમાં શું છે ? તે જ પાણી ને. તેથી આકાર નિરાકારનો પ્રભેદ શોધી લો.

O

સત્સંગ શું છે ? સ્વ અર્થાત્ એ જ ભગવાન, સચ્ચિદાનંદ-સ્વરૂપ, આત્મસ્વરૂપ - જે કહો. સ્વનો સંગ, સ્વ અંગ અર્થાત્ સ્વ જ એકમાત્ર સ્વયમ્ છે ને. સ્વ અંગ એટલે કે સર્વ અંગ જ ભગવાનનો નિત્ય પ્રકાશિત જે સંગ કરવો (એ) થવા માટે - એટલા માટે જ કહેવાય છે. સ - અંગ અર્થાત્ સત્સંગ કરો - સ્વ અંગ થવા માટે.

O

આવન-જાવન નથી. હું જ આત્મા છું એ ભાવ રાખજો. આવવા-જવામાંથી મુક્તિ પામવા માટે ગુરુનો આશ્રય લેવો પડે છે. ક્યાં આવવું, ક્યાં જવું ? જેમનો આશ્રય લેવાથી મુક્તિ - તેઓ જ સર્વત્ર સ્વયમ્ છે.

O

આદેશ પાલન કરવો (એ) જ સૌથી મોટી સેવા છે. શાસ્ત્રમાં છે 'આત્મેન્દ્રિય પ્રીતિ ઈચ્છા કામ, કૃષ્ણેન્દ્રિય પ્રીતિ ઈચ્છા પ્રેમ.' તેથી ગુરુ જે આદેશ આપે એનું જ નિર્વિચાર પાલન કરવું (એ) જ સર્વાપેક્ષી મોટી સેવા છે.

O

ઈષ્ટ લક્ષ્યની પ્રાપ્તિ જોઈએ. સમસ્ત પ્રકાશ ભગવાનની વિભૂતિ, વિભૂતિરૂપે સ્વયમ્. અદ્વૈત આત્મા. દ્વૈત રૂપે કોણ ? એ જ તો. આ પથમાં કાંઈ પણ અનુભવ ન થાય તો કોઈપણ રહી ન શકે. આ તરફ રહેવાનો પણ કોઈ સંયોગ છે. ભગવાન જ જેઓ ઈષ્ટ, એ ભૂલીને વિષયને ઈષ્ટ કરી દીધો. ભગવાનને છોડીને બીજાને વિચારવું (માનવું) તેનાથી જ બે ઈષ્ટ આવી ગયાં. (દો ઈષ્ટ) દુષ્ટ કહે છે ને, દુષ્ટ બુદ્ધિ આવી ગઈ છે. ક્યારે જશે ? પોતે ઝીણવટથી વિચાર કરવો જોઈએ - ભગવત્ - ચિંતન વગર કેટલી વાર (રહ્યા) હતા ? આજે આખો દિવસ શું કર્યું ? પુરુષ હો કે સ્ત્રી હો, સૂઈને કે બેસીને, કેટલી વાર ઈષ્ટ-ચિંતા અને કેટલી અનિષ્ટ-ચિંતા એટલે કે મૃત્યુની ગતિમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતા એ વિચારજો. મનુષ્ય જન્મ દુર્લભ. આ દુર્લભ જન્મ મેળવીને જો ઈષ્ટ-ચિંતામાં સમય ન આપો (તો) વિચાર કરવો પડશે હું શું કરી રહ્યો છું ? મારું સઘળું જીવન શું આ જ રીતે ચાલશે ? જે કોઈ આમ વિચાર કરે એનું મંગળ. ન કરે તો મૃત્યુ ગતિ. સુખ, દુઃખ, શોક ભૂલવાં પડશે.

O

હરિ-ચિંતનથી જ મન વશમાં આવે છે. અભ્યાસયોગ કહેવાય છે - સત્સંગ, સદ્ગ્રંથ-પાઠ, શ્રવણ, જપ-ધ્યાન બધા પ્રકારનો અભ્યાસ કરજો.

O

પ્રશ્ન : સાધન કેવી રીતે આરંભ થાય ?

મા : ગુરુકૃપા.

પ્રશ્ન : ગુરુકૃપા શેનાથી થાય ?

મા : સત્સંગ કરો.

O

સંસારની મૂંઝવણો તથા બાધાઓ વચ્ચે સતત એમનું સ્મરણ કરો. એમને કદીયે ન ભૂલો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃલીલા કથા

(ગતાંકથી ચાલુ)

૧૯૩૬

અયોધ્યા : અયોધ્યાથી ફૈઝાબાદ ને દેવઘર થઈને તારાપીઠમાં આગમન.

નવેમ્બર, આસામ : ભોલાનાથજી સાથે આસામ તરફ. ડિબ્રુગઢમાં સ્વામી મુક્તાનંદજીના આશ્રમમાં. પરશુરામ કુંડનાં દર્શન. પહાડી સ્ત્રીઓનું 'મા' પ્રત્યે પ્રબળ આકર્ષણ.

ડિસેમ્બર, શિલૉંગ : જગન્નાથ મંદિરમાં નિવાસ.

૨૦, ડિસેમ્બર, નવદ્વીપ : ભોલાનાથજી સાથે જમશેદપુર થઈને નવદ્વીપ હેતમપુર રાજાજની ધર્મશાળામાં. આદ્યાપીઠનાં વિમલા મા, આનન્દભાઈ, નિર્મલા મા, હેમભાઈ તથા લલિતા સખી 'મા' પાસે.

૧૯૩૭

જાન્યુઆરી, નવદ્વીપ : સેવાદાસી નામક વૈષ્ણવ સાધિકાનું 'મા'ને વળગીને આલિંગન. વંશીદાસ બાબાજી 'મા' પાસે. અપર્ણા દેવીનું 'મા' સંબંધી અપૂર્વ સ્વપ્ન-દર્શન. સ્વામી પ્રબુદ્ધાનંદજી સાથે વેદાંત-ચર્ચા. સુરધુનીના તટ પર ભક્તો પાસે સંકીર્તન કરતાં કરતાં ભ્રમણ. ''નિતાઈ ગૌર રાધેશ્યામ હરે કૃષ્ણ હરે રામ'' નું સંકીર્તન-દશ્ય જોઈને ૪૫૦ વર્ષ પૂર્વેના ગૌરાંગ મહાપ્રભુના સંકીર્તનનું સ્મરણ. મહાપ્રભુના ઘરમાં સોનાના ગૌરાંગ વિગ્રહનાં દર્શન. વિવિધ લીલાઓનો પ્રકાશ.

કલકત્તા : શિવમંદિરમાં નેપાલ તથા ત્રિપુરા રાજપરિવારની સ્ત્રીઓનું આવવું. શચિબાબૂ માને સ્ટુડિયોમાં લઈ ગયા. સુરેન્દ્રનાથ બેનર્જીએ ફિલ્મ પાડી.

ચટ્ટગ્રામ : રાજરાજેશ્વર મંદિરમાં કીર્તન. સીતાકુંડ-ગમન. શંકરમઠમાં રહ્યાં. ચંદ્રભાનના પાર્વત્ય પ્રદેશમાં. મા સાથે પ્રશ્નોત્તર :

ઘર ક્યાં ? - બ્રહ્મનગર.

કયો જિલ્લો ? - બ્રહ્મજિલ્લો.

તમારું કોણ છે ? - આત્માનન્દ.

ભાઈજી (જ્યોતિષચંદ્ર રોય) ના ઘરના પ્રાંગણમાં. એક જ્યોતિષીએ માની હસ્તરેખા જોઈ કહ્યું, ''સાક્ષાત્ બ્રહ્મવિદ્યા''. હિંદુ-મુસલમાન સહુએ મા પાસેથી ઉપદેશ લીધો. મુસલમાન મુન્સિફનું મા પ્રત્યે આકર્ષણ.

ફેબ્રુઆરી, કૉક્સબજાર : હાથી દ્વારા માનું સ્વાગત. જલક્રીડા, સમુદ્રસ્નાન. રામકૂટ મંદિર બાજુ પ્રયાણ.

રામકૂટ : બૌદ્ધ મંદિરમાં તથા વિષ્ણુ મંદિરમાં.

કૉક્સબજાર : સમુદ્ર કિનારે ચિત્રો લેવાયાં. ઘોપાબાડી મોહલ્લામાં તથા મેહતરો (અસ્પૃશ્યો)ના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મોહલ્લામાં કીર્તન.

એપ્રિલ દિલ્હી : હિંદુ મહાસભામાં. સ્વામી અખંડાનંદ ગિરિજીના આગ્રહને લીધે મા પ્રથમ વાર વિમાનમાં બેઠાં.

બરેલી : જમીનદાર મિહિર પ્રસાદને ઘેર શ્રી શ્રીમાને કૃષ્ણરૂપમાં શણગારીને કુમારિકાઓએ ગોપીભાવે માનું અર્ચન કર્યું. માની ચોતરફ કીર્તન.

નૈનીતાલ : શ્રી અરવિંદ ઘોષનું કથન મા વિષે "She is always on the Satchidananda Plane." - એક અમેરિકન મહિલા માને ખાતર અલ્મોડા ગયાં - પોતાને હાથે માને નારંગી ખવડાવી. નંદાદેવીના મંદિરમાં. વિદ્યાર્થિની કન્યાઓનું મા પ્રત્યે આકર્ષણ. કૈલાસ જવાનું નિમંત્રણ.

અલ્મોડા : કાલીમઠમાં.

બરેલી : એક બગીચામાં જરીનો મુગટ આદિ પહેરાવીને માને કૃષ્ણરૂપમાં વિવિધ રીતે શણગારીને ફોટા પાડ્યા.

મે, હાવડા : શ્રી અરવિંદના ભક્ત શ્રી દિલીપકુમાર રોય મા પાસે. ભજન સંભળાવ્યું.

ખેઉડા : માતૃ-જન્મસ્થાન-આગમન.

કસ્બા : કાલીબાડી - દર્શન.

રમના : જન્મોત્સવ વખતે માને મેળવીને ભક્તોનો હર્ષોલ્લાસ.

ઢાકા : આનન્દાશ્રમ પધાર્યાં. આશ્રમનાં ચારુશીલાદેવીએ માને ચંદનથી શણગાર્યાં.

જૂન, નૈનીતાલ : યાત્રા

જૂન, અલ્મોડા : ભોલાનાથજી, ભાઈજી, અખંડાનંદજી, દીદી તથા કેટલાક ભક્તો સાથે કૈલાસ-યાત્રા પ્રારંભ.

ધવલછીના : ડાક-બંગલામાં રાત્રિવાસ.

સેરાઘાટ : વૃક્ષ નીચે રસોઈ, વિશ્રામ.

ગવઈ : ડાકબંગલામાં રાતવાસો.

બેનીનાગ : સ્કૂલના વરંડામાં રાત્રિવાસ.

ડાલ : સ્કૂલના વરંડામાં રાત્રિવાસ.

ડેઠિઘાટ થઈને અસ્કોટ : રાજાએ માની ચરણ-વંદના કરી, રાજમહેલમાં પધરામણી.

સેલાના માર્ગમાં : ગૌરી ગંગા તથા કાલી ગંગાને તીરે પથ્થર ઉપર બેસીને માએ ગાયું, ''લૌટ ચલો અપને ઘર''. શારદામાની શિષ્યા રૂમા દેવી સાથે પરિચય. બિઠુરના નારાયણ સ્વામી સાથે પરિચય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગર્બ્યાંગ	: સ્કૂલમાં ઊતારો. સાધુઓને દર્શન. દિનાજપુરના કુમાર, જ્ઞાનાનંદ સ્વામી ઈત્યાદિ કૈલાસ-યાત્રીઓને માતૃદર્શન.
જુલાઈ કાલાપાની	: તંબૂમાં રાતવાસો.
ડોબરા	: ઘેટાં-બકરાંની વિષ્ઠાથી ભરેલા ઓરડામાં મુકામ.
તકલાકોટ	: તંબૂમાં મુકામ. પેશાવરના બે સંન્યાસીઓ મા પાસે.
માન સરોવર	: સરોવરને કિનારે તંબૂ. માએ જળનો સ્પર્શ કર્યો. ભોલાનાથજીએ પાર્વતી દેવીને દીક્ષા આપી. માનસના તટ પર ભાઈજીનો સંન્યાસ-ભાવ. શ્રીમુખેથી સંન્યાસમંત્ર. ઉચ્ચારણ. નામ મૌનાનન્દ પર્વત.
રાક્ષસતાલ	: તળાવ-દર્શન.
જુગો મકો	: લામાઓના મંદિરમાં. કૈલાસના પાદ પ્રદેશ બૂંદમાં તંબૂ નાખ્યા. કૈલાસ-પરિક્રમા પ્રારંભ.
ગૌરી કુંડ	: પાંચ કાષાય-વસ્ત્રધારી સાધુઓએ સૂક્ષ દેહમાં મા સાથે પરિક્રમા કરી. ગૌરીકુંડમાં પૂજા ઈત્યાદિ. પાછા ફરતી વખતે રાક્ષસતાલમાં મા ઘોડા ઉપર બેઠાં.
ગબ્યાઁગ	: પ્રશાસન - અધિકારીઓ માનાં દર્શને.
ધારચૂલા	: પુલ તૂટવાને કારણે બે-ત્રણ દિવસ ધારચૂલામાં રોકાઈ ગયાં.
ડિડિહાટ	: દોરડાથી નદી પાર કરી. નિશાળના વિદ્યાર્થીઓ માને ખૂબ સમ્માન સાથે લઈ ગયા. ભાઈજી અસ્વસ્થ.
ગવઈ	: ડૉક્ટર દ્વારા સઘળી વ્યવસ્થા કરવામાં આવી. રોગીની વ્યવસ્થા બાદ માનું મૌન.
ધવલછીના	: પાંચ માઈલ ચાલીને ડાકબંગલામાં નિવાસ.
ઑગસ, અલ્મોડા	: કૈલાસયાત્રા સમાપ્ત. ભાઈજીની ખૂબ વધારે અસ્વસ્થતા. દસ દિવસ બાદ માનું વસ્ત્ર-પરિવર્તન થયું.
૧૭, ઑગસ્ટ, અલ્મોડા	: ભાઈજીનું મહાપ્રયાણ. માને શ્રીમુખેથી ભાઈજીના સંન્યાસનું વિવરણ પ્રગટ થયું. પાતાલદેવીમાં ભાઈજીની સ્થળ-સમાધિ. શ્રી શ્રીમાની ભાવાવસ્થા. શ્રી શરીરમાં યૌગિક ક્રિયાદિ.
૨૭, ઑગસ્ટ, દેહરાદૂન	: માના વાળની જટા. દેવીદત્તે વાળ કાપ્યા.
સપ્ટેમ્બર	: શુક્લા ત્રયોદશીથી કૃષ્ણા ત્રયોદશી સુધી અન્નત્યાગ.
હરિદ્વાર	: નાનકીબાઈ ધર્મશાળામાં આગમન. સ્વામી અસીમાનંદજી સાથે નર્મદા તરફ પ્રયાણ.
ઑક્ટોબર, ચાંદોદ	: નર્મદા તટે ચાંદોદમાં વિષ્ણુ મંદિરમાં.
વ્યાસ	: શ્રીમુખેથી વિવિધ આધ્યાત્મિક પ્રસંગો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમદાવાદ	: મા વિષેનું પુસ્તક ગુજરાતમાં પ્રકાશિત થયું. અંબાશંકર વૈદ્ય, કાંતિલાલ મુન્શા, રતિલાલ વગેરેને દર્શન. ગુજરાતના ભક્તોનું મા પ્રત્યે તીવ્ર આકર્ષણ.
નવેમ્બર, વડોદરા	: પારસીઓની અગિયારીમાં. એક મુસ્લીમ ભક્તે રોજાના ૪૦ દિવસો મા પાસે રહેવાની ઈચ્છા પત્ર દ્વારા વ્યક્ત કરી.
ડાકોર	: દીપાવલી, અન્નકૂટ વખતે રણછોડરાયજીના મંદિરમાં.
કરનાળી	: નર્મદા તટના પ્રસિદ્ધ બ્રહ્મચારી રમણલાલજીની દૃષ્ટિએ ''મા સાક્ષાત્ નર્મદા'' વિદ્યાનંદ સ્વામીજીની ગીતા ધર્મશાળામાં નિવાસ.
ડિસેમ્બર, તારાપીઠ	: અખંડાનંદ સ્વામી, ભોલાનાથજી તથા રૂમાદેવી સાથે. શ્રીમુખેથી સંગીતમય પદનો પ્રકાશ થયો, ''કૃષ્ણ કન્હૈયા બંસી બજૈયા ગૈયા ચૈરયા હે......''
કલકત્તા	: માના પિતાજી ''દાદા મહાશય'' નું ૭૧ વર્ષની વયે દેહાવસાન. અંતિમ સમયે દર્શન તથા સંન્યાસમંત્ર.
વારાણસી	.: ભોલાનાથજી દ્વારા દાદા મહાશય માટે ષોડશદાન આદિ સંન્યાસીને લગતી પારલૌકિક ક્રિયા મા પાસે કરાવાઈ.
ઋષિકેષ	: કાલી કમલીવાળાની ધર્મશાળામાં.
૧૯૩૮	
જાન્યુઆરી, રમના	: ભોલાનાથજી દ્વારા યજ્ઞ-મંદિરની પ્રતિષ્ઠા.
હરિદ્વાર	: ડૉ. પંતે એમના મકાનનું નામ પાડ્યું - 'આનન્દમયી સેવાશ્રમ.' ડૉ. પંતે માને ઔષધિ આપી.
ફેબ્રુઆરી, હરિદ્વાર	: કુંભ મેળામાં. સાધુઓની શોભાયાત્રામાં માના શ્રી શરીરના સ્પર્શથી દેહરાદૂનનાં ભક્ત શારદા (સેવાજી)નો અદ્‌ભુત ભાવ.
માર્ચ, હરિદ્વાર	: ભોલાનાથજીનો બાળક-ભાવ. ભક્તો દ્વારા ચિત્ર લેવું. 'મા'ની વાણી ભોલાનાથજી પ્રત્યે : ''સુમતિ સુબુદ્ધિ થાવ. ઘેરથી સારી રીતે નીકળે.'' ગૂઢ અર્થયુક્ત વાણી દ્વારા સંન્યાસનો સંકેત. આ જ સમયે 'મા'ના 'ખ્યાલ'થી ભોલાનાથજી દ્વારા સંન્યાસ-ભાવ ગ્રહણ કરવો.
એપ્રિલ, હરિદ્વાર	: શ્રી કિરણ ચાંદ દરવેશ સાથે મુલાકાત તથા વાર્તાલાપ. વિલાસ (ઉદાસજી)ને ભોલાનાથજીએ જનોઈ આપી.
એપ્રિલ, દેહરાદૂન	: પં. શ્રી ગોવિંદ વલ્લભ પંતનું 'મા' પાસે આવવું. બિહારના ગિધૌરનાં રાણી 'મા'ના દરબારમાં. ભોલાનાથજી અસ્વસ્થ, સંકટપૂર્ણ અવસ્થા. ભોલાનાથજીની અંતિમ ઇચ્છા 'મા'ના 'ખ્યાલ'થી પૂર્ણ થઇ.
૬, મે, દેહરાદૂન	: ભોલાનાથજીનો 'મા' પ્રત્યે સંપૂર્ણ માતૃભાવ તથા શરીર-ત્યાગ. ભોલાનાથજીને હરિદ્વારમાં જળ-સમાધિ. ષોડશીએ (સોળમે દિવસે) હરિદ્વારમાં સાધુ-ભંડારો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મે, રમના : ગુરુપ્રિયા દીદીની ઉપસ્થિતિમાં રમના આશ્રમ (ઢાકા) માં 'મા'નો જન્મોત્સવ. કાલી મૂર્તિની અતિશય જીર્ણતાને લીધે જ ભૂગર્ભમાં ચિરસમાધિ.

મે, મસૂરી : 'મા' આર્યસમાજ ધર્મશાળામાં. ત્યાર બાદ રાયપુર તથા સિમલા થઈને સોલનમાં જોગીભાઈ (સોલનના રાજા) દ્વારા નિર્મિત ધર્મશાળામાં 'મા'નું આગમન. શીખ સરદારનો અનુભવ : ''અમારા ગ્રંથસાહેબમાં જે છે તે જ વાતો આપને શ્રીમુખેથી સાંભળીએ છીએ.''

ઑગસ્ટ, મસૂરી : દેહરાદૂન, રાયપુર થઈને સનાતન ધર્મશાળામાં આગમન. 'મા' પ્રત્યે કુભાવ રાખનાર ઈર્ષ્યાયુક્ત વ્યક્તિઓને સૂક્ષ્મમાં જોવી.

સપ્ટેમ્બર, મસૂરી : શીખ સાધુઓ દ્વારા 'મા'ને ભજન સંભળાવવું. દલાઈ લામા દ્વારા પણ ભજન સંભળાવવું.

૨૭, સપ્ટેમ્બર, હરિદ્વાર : કન્યાશ્રમ-પ્રતિષ્ઠા.

૪, ઑક્ટોબર : યોગેશદા સાથે ગુરુપ્રિયા દીદી ખેઉડા ગયાં. આશુતોષ બંદોપાધ્યાયનાં પત્નીએ વિજયા દશમીને દિવસે 'મા'ને કૃષ્ણરૂપે શણગાર્યાં. માનો રાધા-ભાવ શણગાર કરતાં કરતાં ભક્ત સ્ત્રી પોતે જ કૃષ્ણ-ભાવાપન્ન.

૬, ઑક્ટોબર, ખેઉડા : લક્ષ્મીચરણ ભટ્ટાચાર્યનાં પત્નીએ થોડીક જમીન 'મા'ના આશ્રમ માટે આપી. શારદીય પૂર્ણિમાની રાતે 'મા'ના જન્મસ્થાને કીર્તન.

૧૨, ઑક્ટોબર, પ્રયાગ : શિવપ્રસાદ બાબૂને ઘેર વિશિષ્ટ વ્યક્તિઓને માતૃદર્શન – સર તેજબહાદુર સપ્રૂ, ડૉ. પન્નાલાલ (આઈ.સી.એસ., જેમણે 'મા' વિષે સુંદર પુસ્તક લખ્યું, 'મા'ના વિશેષ કૃપાપાત્ર), ડૉ. સી. વાય. ચિંતામણિ, જસ્ટિસ વર્મા, જસ્ટિસ ભુલ્લા, ખાન બહાદુર સૈયદ અબૂ, મોહમ્મદ ખાન, ડૉ. એન. જી. એમ. ખાન, ડૉ. તારાચંદ ઈત્યાદિ. – બેસેન્ટ હૉલમાં 'મા'નું આગમન.

૧૭, ઑક્ટોબર, દક્ષિણેશ્વર, કલકત્તા : નેતાજી સુભાષચંદ્ર બોસ પંચવટીમાં 'મા' સાથે વાર્તાલાપ કરવા આવ્યા.

મા : બાબા, આપ જે દેશનું કામ કરી રહ્યા છો, શા માટે કરી રહ્યા છો ?

સુભાષબાબૂ : આનંદ પામું છું.

મા : આ નિત્ય આનંદ કે ખંડ આનંદ ?

સુભાષબાબુ : એ તો કહી નથી શકતો.

મા : આ કામ સાથે ''પેલું'' કામ પણ થોડું કરજો.

રાયબહાદુર સુરેન્દ્રનાથે એ ફિલ્મ લીધી. 'મા'ની વાણી તથા ગાનનું રેકોર્ડિંગ કર્યું.

૨૧, ઑક્ટોબર, ઢાકા : રમના આશ્રમમાં વિધવા, સધવા, કુમારી તથા પુરુષો દ્વારા સ્વેચ્છાથી આપવામાં આવેલા કેશ દ્વારા તકિયા બનાવવામાં આવ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઑક્ટોબર કલકત્તા : 'મા'ના હાસ્ય તથા વાણીનું રેકોર્ડિંગ.

ઑક્ટોબર, નવદ્વીપ : 'મા' પાસે લલિતા સખીનું આગમન.

નવેમ્બર, વારાણસી : 'મા' પાસે સિદ્ધિ મા.

નવેમ્બર, વૈદ્યનાથ : બૈજનાથધામ (દેવઘર, બિહાર)માં પ્રસિદ્ધ મહાત્મા શ્રી બાલાનંદ બ્રહ્મચારીના આશ્રમ 'કામધેનુ માતા મંદિર'માં 'મા'નું આગમન. શ્રી બાલાનંદજીના શિષ્ય મોહનાનંદજીએ 'મા'ને નામાવલી પહેરાવીને વૈરાગી રૂપમાં શણગાર્યાં.

નવેમ્બર, વડોદરા : ચીમનલાલ ધર્મશાળામાં ચોકીદાર પાસેથી ચોખાની ભિક્ષા માગીને રાત્રિ-ભોજનની વ્યવસ્થા.

ડિસેમ્બર, ચાંદોદ : નર્મદા તટે ફરતાં ફરતાં ચાંદોદમાં.

૧૯૩૯

જાન્યુઆરી, વ્યાસ : વ્યાસમાં રહીને વિભિન્ન સ્થળોનાં દર્શન. અનેક મંદિરોમાં જવું. સૂક્ષ્મ શરીરીઓ સાથે વાતચીત કરવાના પ્રસંગો. બૌદ્ધ ભિક્ષુ સૂક્ષ્મ દેહ 'મા' પાસે આવ્યા. વિવિધ આધ્યાત્મિક પ્રસંગો. શ્રી શરીરની સાધના-ક્રિયાદિનો ઉલ્લેખ, કોઈએ પ્રશ્ન કર્યો : મા, આટલું બધું કેમ ફરો છો ?'' ઉત્તરમાં મહામહોપાધ્યાય ગોપીનાથ કવિરાજજીએ કહ્યું : 'મા' તો ફરતાં નથી, એક જ જગ્યાએ રહે છે, જેવી રીતે ભમરડો ફરે છે છતાં એનું મધ્ય સ્થાન સ્થિર રહે છે, તે જ રીતે 'મા'ની સાથેના લોકો ફરે છે, 'મા' સ્થિર રહે છે.

ચાંદોદ, વડોદરા, રતલામ, મથુરા થઈને દિવસ સુધી એકલાં રુમાદેવી સાથે 'મા'નો અજ્ઞાત-વાસ. કલકત્તા, દેવઘર, વારાણસી, વિંધ્યાચલ, દિલ્હી થઈને વૃન્દાવનમાં વર્ધમાનના રાજાના મંદિરમાં નિવાસ. પુનઃ દિલ્હી, દેહરાદૂન થઈને કુંભ સમયે હરિદ્વારમાં.

૧૪, એપ્રિલ હરિદ્વાર : ચૈત્ર સંક્રાંતિએ 'મા'નાં મા દીદીમાનો સંન્યાસ. શ્રી મંગલાનન્દ ગિરિએ 'મા'ની ઉપસ્થિતિમાં સંન્યાસ આપ્યો. મંગલાનંદજીએ કહ્યું, ''હું સ્ત્રીઓને સંન્યાસ નથી આપતો, પણ તમે આનંદમયીમાનાં મા છો તેથી આપું છું.''

મનોરંજન બ્રહ્મચારીએ નૈષ્ઠિક બ્રહ્મચર્ય ગ્રહણ કર્યું. 'મહાનન્દ' નામકરણ.

૩, મે, મસૂરી : કેટલાક ભક્તો સાથે મસૂરીથી પગપાળા ઉત્તરકાશી બાજુ. માર્ગમાં ધરાસૂ ચટ્ટીમાં 'મા'નો જન્મ દિવસ ઉજવાયો. પહાડી ફળ-ફૂલો દ્વારા દીદીએ પૂજન કર્યું.

૪, મે, ઉત્તરકાશી : મંદિરમાં તિથિપૂજન. મિઠાઈ-વિતરણ તથા એકાદશ રુદ્રીપાંઠ.

૯, મે : ગંગોત્રી તરફ રવાના.

મે, ગંગનાની : માર્ગમાં કૃષ્ણાનંદજીને 'મા'નાં દર્શન. સ્વામી પરમાનંદજી દ્વારા માર્ગમાં વ્યવસ્થા.

મે, ગંગોત્રી : સ્વામી કૃષ્ણાશ્રમજીને 'મા'નાં દર્શન. ગંગોત્રી મંદિરમાં જઈને પ્રત્યાવર્તન.

ઑગસ્ટ, ઢાકા : સિમલા, કલકત્તા, બેહરામપુર થઈને 'મા'નું રમના આશ્રમમાં આગમન. ભક્તોનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

	આનંદોત્સવ. સિદ્ધેશ્વરીમાં સ્નાનાદિ કરવું. ઝૂલન પૂર્ણિમા (શ્રાવણી)એ 'મા'ના જન્મ સ્થાન ખેઉડા, તત્પશ્ચાત્ મોસાળ સુલતાનપુર, વિદ્યાકૂટ, ચટ્ટગ્રામ, ઈત્યાદિ સ્થળોમાં આગમન. સર્વત્ર આનંદોત્સવ. પૂર્વ-પરિચિતો સાથે વાર્તાલાપ.
સપ્ટેમ્બર-ઑક્ટોબર, ઢાકા :	ઢાકાથી કલકત્તા, જમશેદપુર, વારાણસી, સિમલા થઈને નવરાત્રિમાં સુકેતના રાજ્યમાં પદાર્પણ. રાજશાહી ઠાઠ સાથે માનું સ્વાગત ને પૂજા. શ્રી તારાનંદ સ્વામીના આહ્વાનથી મંદિર-પ્રતિષ્ઠામાં પધાર્યા. સપ્તમીને દિવસે બૈજનાથ- દર્શન, અષ્ટમીએ જ્વાલામુખી, નવમીએ કૈંગડા - પીઠસ્થાન, દશમીએ અમૃતસર સુવર્ણ મંદિર થઈને બરેલીમાં આગમન.
નવેમ્બર, વિંધ્યાચલ :	થોડા દિવસ વિંધ્યાચલમાં રહીને નવદ્વીપ, કલકત્તા થઈને આગરપાડા ગિરિબાલા - મંદિરમાં આગમન.
ડિસેમ્બર, પાણિહાટી :	મહાપ્રભુના દંતોત્સવનું સ્થાન જોવા માનું આગમન.
૧૯૪૦	
ફેબ્રુઆરી, જગન્નાથપુરી :	ભવનોનું નિર્માણ. તુરીયાનંદજી દ્વારા નિર્મિત ઓરડોઓમાં 'મા'નો નિવાસ. પુરીથી ભુવનેશ્વર.
માર્ચ, વૃન્દાવન :	વર્ધમાન રાજાના મંદિરમાં વ્યવસ્થાપક યોગેન્દ્રનાથ કાવ્યતીર્થ 'મા'ના દર્શનાર્થે. (આ જ સ્થળે આશ્રમના એક વ્યક્તિએ એક વેલને કાપવાથી વેલમાંથી લોહી નીકળ્યું હતું. 'મા'ની વાણી : વૃન્દાવન મેં સભી પેડ-પૌધે મહાત્મા હૈં.)
એપ્રિલ, ડૂંગા :	ચૌધરી શેરાસિંહના નિમંત્રણથી ડૂંગા-ગમન. જુલાઈ, રાયપુર (દેહરાદૂન) : સર્પાઘાતથી સ્વામી પરમાનંદજીની જીવનરક્ષા.
ઑગસ્ટ, ખેઉડા :	ગુરુપ્રિયા દીદીની ઉપસ્થિતિમાં 'મા'ના જન્મસ્થાનમાં શિવ-પ્રતિષ્ઠા.
ઑક્ટોબર, રાયપુર :	પ્રાચીનિ શિવમંદિરને સંલગ્ન ભૂમિ વિધિસર 'મા'ને અર્પણ.
૧૯૪૧	
મે, રાયપુર :	જન્મોત્સવના શુભ અવસરે રાયપુરમાં નિવાસ.
મે, કિશનપુર (દેહરાદૂન) :	શુભ જન્મ-તિથિને દિવસે કિશનપુર આશ્રમમાં વિદ્યાપીઠની પ્રતિષ્ઠા.
જૂન-જુલાઈ, રાયપુર :	સૂક્ષ્મ-શરીરી મહાત્માઓનું આવવું. લોકનાથ બ્રહ્મચારી સૂક્ષ્માં દેખાયા, સાધના-સંબંધી પ્રસંગ. સોલન, સિમલા, હરિદ્વાર થઈને પુનઃ રાયપુર પ્રત્યાગમન.
ઑગસ્ટ, રાયપુર :	જમનાલાલ બજાનનું 'મા' પ્રત્યે આકર્ષણ. 'મા'ના સાન્નિધ્યમાં શ્રી બજાજ નવ દિવસ રહ્યા. એમનું 'ભૈયાજી' નામકરણ. 'મા'ના આશ્રમમાં કુટીર બનાવવા માટે જમીન ખરીદી.
સપ્ટેમ્બર, વારાણસી :	'મા' નો નૌકામાં નિવાસ. 'ચૂડામણિ-યોગ' વખતે સહુને સાથે લઈને, ગંગા-સ્નાન.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઑક્ટોબર, વારાણસી	:	ચૌખમ્બાનું 'મિત્ર' કુટુંબ 'મા' પાસે. બે મહીના વારાણસીવાસ.
ડિસેમ્બર, વારાણસી	:	ડૉ. મહેન્દ્ર સરકાર 'મા' પાસે આવ્યા.

૧૯૪૨

જાન્યુઆરી, મૈનપુરી	:	પુંડરી ગામમાં મંદિર-પ્રતિષ્ઠા વખતે આગમન. ચૌધરી શેરસિંહના જમાઈ દ્વારા આમંત્રિત.
ફેબ્રુઆરી, લલિતપુર	:	એક રાત્રિવાસ લલિતપુરમાં.
ફેબ્રુઆરી, વર્ધા	:	ઈટારસી થઈને વર્ધા-આગમન. ગોપુરીમાં જમનાલાલ બજાજની કુટીરમાં. સૂક્ષ્મ શરીરમાં જમનાલાલજીની ઉપસ્થિતિ. વિનોબાજી તથા ડૉ. રાજેન્દ્રપ્રસાદ 'મા'નાં દર્શને આવ્યા. સેવાગ્રામમાં મહાત્મા ગાંધીનો 'મા' સાથે વાર્તાલાપ. ગાંધીજીના આશ્રમમાં રાત્રિવાસ. કસ્તુરબા 'મા' પાસે.
સાગર (મધ્ય પ્રદેશ)	:	ચિતોરા ધર્મશાળામાં નેપાલી રાણીનું 'મા' પ્રત્યે તીવ્ર આકર્ષણ.
મે, રાયપુર (દેહરાદુન)	:	જન્મોત્સવ.
જુલાઈ	:	ગુરુપૂર્ણિમાએ સાધુંઓ વચ્ચે આત્મગોપાન-લીલા.
ઑક્ટોબર	:	શારદીય દુર્ગોત્સવ.

૧૯૪૩

માર્ચ, વિંધ્યાચલ	:	શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીજી 'મા'નાં દર્શનાર્થે આશ્રમમાં પધાર્યાં.
મે, અલ્મોડા	:	ભાઈજીનું સમાધિ-મંદિર તથા 'મા'ની કુટીરનું નિર્માણ. પ્રસિદ્ધ નર્તક ઉદયશંકર 'મા' પાસે, તથા નૃત્યસંબંધી આધ્યાત્મિક કથોપકથન. જન્મ દિવસે ઉદયશંકર 'મા'ને પાતાના નિવાસસ્થાને લઈ ગયા. જન્મોત્સવ-પૂજા. ઑસ્ટ્રેલિયન કુમારી બ્લૅન્કા (સ્વામી આત્માનંદ) 'મા' પાસે. શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીના આહ્વાનથી મુજફફરનગર તથા દેહરાદૂન સહસ્રધારામાં અનુષ્ઠિત શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં પ્રથમ વાર સાધુ-સમાજમાં 'મા'ની ઉપસ્થિતિ. પૂ. હરિબાબાનું માતૃદર્શન. મીરતોલામાં યશોદામાં સાથે મુલાકાત. શારદીય દુર્ગાપૂજાનું આયોજન. બધાંની સાથે 'મા'એ 'પ્રસાદ' ગ્રહણ કર્યો.

૧૯૪૪

જાન્યુઆરી, પ્રયાગ	:	શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીના આશ્રમમાં. ડૉ. ગોવિંદ નારાયણે કુંભમેળામાં 'મા'ને ફેરવીને બધું બતાવ્યું. કરપાત્રીજીના આવાહનથી શ્રી પ્રભુદત્તજી 'મા'ને વિમાન દ્વારા દિલ્હી લઈ ગયા. યજ્ઞમાં 'મા'ની ઉપસ્થિતિ. સાહિત્ય સમ્મેલનમાં શ્રી પ્રભુદત્તજી સાથે.
જાન્યુઆરી, વૃન્દાવન	:	સુપ્રસિદ્ધ સંત શ્રી ઉડિયાબાબાના આશ્રમમાં, હરિબાબાજીની હાજરીમાં.
ફેબ્રુઆરી, પ્રયાગ	:	અસ્વસ્થ મદનમોહન માલવીયજીને એમના ઘર-આંગણામાં દર્શન આપ્યાં. હરિજન આશ્રમમાં પદાર્પણ.
ફેબ્રુઆરી, વારાણસી	:	આશ્રમ હેતુ ખરીદાયેલી ભૂમિ પર પદાર્પણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માર્ચ, વારાણસી : ચૈત્રી નવરાત્રિ વખતે આશ્રમના નવીન ભૂમિખંડ પર દેવીની 'વાસંતી પૂજા'. એ પૂજામાં પ્રભુદત્ત બ્રહ્મચારીજી, ચક્રપાણિજી વગેરે સંતો ઉપસ્થિત રહ્યા.

એપ્રિલ, દેહરાદૂન : કલ્યાણવનવાળા નવા આશ્રમનો પાયો નખાયો.

મે, બરેલી : સ્ટેશન પર જન્મદિનની પૂજા.

મે, અલ્મોડા : જન્મોત્સવા તથા આશ્રમ-ભવન-પ્રતિષ્ઠા-મહોત્સવ.

જૂન, મુંગેર : અજ્ઞાતવાસ, ધર્મશાળામાં એક શિશુની જીવનરક્ષા.

જુલાઈ, કલકત્તા : બાલિગંજ એકડાલિયા રોડ, સ્થિત આશ્રમ-ભવન પર પદાર્પણ.

૮, સપ્ટેમ્બર, વારાણસી : (પૂર્વાશ્રમમાં દીદીના પિતા) સ્વામી અખંડાનંદ ગિરિનું દેહાવસાન.

ઑક્ટોબર, પ્રયાગ : કૃષ્ણકુંજમાં દુર્ગોત્સવ, નવમીએ સત્યગોપાલ આશ્રમમાં શ્રી ગોપાલ ઠાકુર પાસે.

ઑક્ટોબર, બાંધ (હોશિયારપુર, પંજાબ) : બાંધના સંત શ્રી હરિબાબા સાથે બાંધનું પરિદર્શન.

નવેમ્બર, વારાણસી : અસ્સિઘાટ પર સંત કરપાત્રીજી દ્વારા આયોજિત યજ્ઞમાં 'મા'એ યજ્ઞાગ્નિને સ્પર્શ કર્યો. એક જૈન સાધુને એમના અંતિમ સમયે 'મા'એ દર્શન આપ્યાં.

નવેમ્બર, વિંધ્યાચલ : અન્નકૂટને દિવસે પ્રભુદત્તજીની ઉપસ્થિતિ.

ડિસેમ્બર, વિંધ્યાચલ : ગોપાલ ઠાકુર દ્વારા ગીતા જયંતી.

૧૯૪૫

જાન્યુઆરી, દ્વારકા : શારદાપીઠના શંકરાચાર્યજી 'મા'ના સાન્નિધ્યમાં.

જાન્યુઆરી, સારનાથ : બુદ્ધ-મંદિરમાં ભક્તો સાથે. આધ્યાત્મિક પ્રસંગાલોચના. દાર્શનિક મહેન્દ્ર સરકાર 'મા' પાસે.

એપ્રિલ, વારાણસી : નવીન આશ્રમમાં વાસંતી નવરાત્રિ-પૂજન. સ્મૃતિ મંદિરની પ્રતિષ્ઠા.

મે, રમના (ઢાકા) : 'મા'ની તિથિ-પૂજા. ભોલાનાથજીના મંદિરની પ્રતિષ્ઠા.

જૂન, અલ્મોડા : કન્યાપીઠની કન્યાઓની દીદીમા દ્વારા દીક્ષા.

૧૯૪૬

એપ્રિલ, રમના : હરિબાબાજી સાથે ઢાકા.

એપ્રિલ, કલકત્તા : બાલિગંજના નવા આશ્રમમાં જન્મોત્સવ. ૧૦૮ વર્ષિય શ્રી રસિક મોહન વિદ્યાભૂષણને માતૃદર્શન.

પ્રયાગ, ઝૂસી : પ્રભુદત્તજીના આશ્રમ (ઝૂસી)માં. ત્રિવેણી સ્નાન. પ્રભુદત્તજીએ 'મા' પાસે વરદાન માગ્યું.

ઑક્ટોબર, સોલન : યોગીભાઈના આગ્રહથી દુર્ગાપૂજા.

ઑક્ટોબર. દિલ્હી : ગાંધીજીની પ્રાર્થના-સભામાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૯૪૭

જાન્યુઆરી, મકર સંક્રાંતિ, વારાણસી : ત્રણ-વર્ષ-વ્યાપી સાવિત્રી અખંડ મહાયજ્ઞનો આરંભ.

જાન્યુઆરી, પ્રયાગ : ત્રિવેણી-સ્નાન. ગંગા-યમુના-સરસ્વતી ત્રણે નદીઓ ત્રણ સ્ત્રીમૂર્તિરૂપે 'મા' સમક્ષ.

જાન્યુઆરી, બાંધ : હરિબાબાજીના આવાહનથી એમના આશ્રમમાં. શ્રી-પંચમી (વિષ્ણુ પ્રિયાજીની જન્મતિથિ) એ દીદી દ્વારા 'મા'નું પૂજન.

મે, વારાણસી : જન્મોત્સવ.

મે, દેહરાદૂન : પંડિત જવાહરલાલ નેહરુ તથા સરદાર વલ્લભભાઈ પટેલ 'મા'નાં દર્શને. એક ભક્તના પુત્રની જીવનરક્ષા. એ બાળકને માટે અખંડ જપ કરાવ્યા, તથા એના અંતકાળે યમદૂતને 'મા'એ પાછા જવાનું કહ્યું. ચમત્કારિક પ્રસંગ.

જુલાઈ, કલ્યાણભવન : દેહરાદૂનના કલ્યાણવન આશ્રમમાં પંચવટી-નિર્માણ.

ઑક્ટોબર, જલપાઈગુડી : દુર્ગાપૂજા.

શિલાઁગ : ગુલ મહમ્મદ નામક ગવૈયાએ 'મા'ને ગીત સંભળાવ્યું.

દાર્જીલિંગ : ધીરધામમાં

કલકત્તા : કાલીપૂજા, અન્નકૂટ, ભાઈ-બીજ ઉત્સવો.

૧૯૪૭

નવેમ્બર, મુંબઈ : મૂળજી ભાઈના આમંત્રણથી સાયણના શિવ-મંદિરમાં.

અમદાવાદ : કાંતિભાઈ મુન્શાના આમંત્રણથી અમદાવાદમાં પાલડીના એમના નિવાસસ્થાનમાં.

વૃન્દાવન : રાધાકુંડ, શ્યામકુંડ, ગિરિ ગોવર્ધનધામમાં.

૧૯૪૮

વારાણસી : ચૈત્રી નવરાત્રિએ વાસંતી-પૂજા.

મે, સોલન (સિમલા) : પત્નીના શોકથી વ્યાકુળ યોગીભાઈને સાંત્વના.

જૂન, નૈનીતાલ : માર્ગમાં અલૌકિક રૂપે તૃષ્ણા-નિવારણની વ્યવસ્થા.

દિલ્હી : જે. કે. સેનના ઘરમાં જન્મોત્સવ વખતે સંત-મહાત્મા હરિબાબાજી, શરણાનંદજી, ચક્રપાણિજી, ગ્વાલિયરના રામદાસબાબાજી, રામકિંકરજી વગેરે ઉપસ્થિત.

જૂન, અલ્મોડા : મહાત્માઓ સાથે ધવલછીના, વારછીના, જાગેશ્વર આગમન. રામબાબાજીએ કહ્યું, - 'માં જ્વલંત અગ્નિ, જે એમની પાસે જાય, શુદ્ધ થઈ જાય.''

ઑક્ટોબર, કલકત્તા : દુર્ગાપૂજાની નવમીએ હજારો બાળકોને 'મા' નામાંકિત રૂમાલોનું વિતરણ.

ઝૂસી પ્રયાગ : એબીસીનિયાના પ્રધાન 'મા'નાં દર્શને.

(ક્રમશઃ)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રીમાની અમરવાણી

પ્રશ્ન : જો વસ્તુ જેમ છે તેમ જ રહે તો આવી સ્થિતિમાં ઊતરવું-ચઢવું (અવતરણ-આરોહણ, અવતારવાદ) એ શું છે ?

મા : તમારા લોકોની જગત બાજુ એક દિશાની દૃષ્ટિ છે; તેથી જ આ વાત ઊભી થાય્ છે. 'એ' જે ચરમ-પરમ છે, ત્યાં આ પ્રશ્ન જ નથી ઊભો થતો. કોઈ સ્થાનમાં ઊતરવાનું કે ચઢવાનું થાય છે ભગવાન તો અવતીર્ણ થાય છે. એમ તમે કહો છો. પણ અવતરણનો પ્રશ્ન જ નથી - જે સ્થાનમાં છે તે જ સ્થાનમાં છે. ત્યાં બધું જ સંભવ છે. સમજણથી તો 'એને' પકડાય નહીં.

પ્રાપ્ત વળી કોને કરશે ? વિદ્યમાન્ જ તો છે. જેને મેળવે છે તે તો પાછું જાય છે. જે નિત્ય છે એના પ્રકાશ માટે જ વિધાન છે, વિભિન્ન માર્ગો છે. પણ જુઓ, માર્ગો પણ ખલાસ થઈ જાય છે. અર્થાત્ જે કલ્પના દ્વારા તમારી કલ્પના દૂર થશે એને ગ્રહણ કરો અર્થાત્ કલ્પનાતીત થયા પછી તમે ખરેખર જે છો એનો જ પ્રકાશ થશે.

વળી ચમત્કાર એ છે કે ઈચ્છવું (એ) જ સ્વભાવ છે, ખરી રીતે જે સ્વરૂપ જ્ઞાન, આનન્દ છે, એને જ ઈચ્છો. ક્રીડા કર્યા પછી ઘેર પાછા ફરવું (એ) જ સ્વભાવ છે. ક્રીડાનું મેદાન પણ 'એમનું' જ છે. રમત પણ 'એમની' જ છે. અજ્ઞાનને તો નથી ઈચ્છતા, અમૃતને ઈચ્છવાનો સ્વભાવ છે - મૃત્યુની શું પછી ઈચ્છા થાય છે ? જગતની ગતિ અજ્ઞાનનું જ્ઞાન છે. અહીંયાં પણ જોવામાં આવે છે (કે) ઘર બનાવે છે મજબૂત જેથી દીર્ઘકાળ સુધી રહે - સ્થિતિ ઈચ્છે છે, એ પણ સાચું છે. યદ્યપિ મિથ્યા ક્યારેક કહેવાઈ પણ ગયું હોય, પણ ગમતું નથી.

અભાવ ન રહે એવું ઈચ્છવું (તે) જ માનવ સ્વભાવ છે. કોઈ એક નૂતન પદાર્થ ઉપર દૃષ્ટિ પડે તો 'આ શું છે' (એવી) શોધ કરવી (એ) તમારો સ્વભાવ છે.

એક કપડું લાવો તો એ અધિક દિવસો સુધી ટકે, જલ્દી નષ્ટ ન થાય - અનંત ઈચ્છવું (એ) સ્વભાવ છે. તમે હકીકતમાં જે છો, એનો પ્રકાશ થવા માટે તમારો ઈચ્છવાનો સ્વભાવ છે. ત્યાં નિત્ય, સત્ય, અનંત જ્ઞાન છે. એ માટે તમારા મનને અનિત્યમાં અસત્યમાં, અજ્ઞાનમાં, અંતમાં સારું નથી લાગતું. તમે જે છો, એનો પ્રકાશ ઈચ્છવાનો જ તમારો સ્વભાવ છે.

OOO

પ્રશ્ન : શાસ્ત્રોમાં બે જાતની વાતો મળે છે. તત્ત્વજ્ઞાન થયા પછી સંસાર કરવો, અને તત્ત્વજ્ઞાન થયા પછી સાક્ષીરૂપે સ્થિત રહેવું - આમાંથી ક્યું ગ્રાહ્ય છે ?

મા : ચૂડાલા-શિખિધ્વજના ઉપાખ્યાનનું વર્ણન કરો, હું સાંભળુ. જ્ઞાન (થયા પછી ઘર-ગૃહસ્થી કરવાની વાત કહો છો કે ?

(ચૂડાલા-શિખિધ્વજ-ઉપાખ્યાન અહીં, આપવું જરૂરી છે. આ ઉપાખ્યાન 'યોગવાસિષ્ઠ રામાયણ'ના નિર્વાણ પ્રકરણના પૂર્વાર્ધમાં સવિસ્તાર વર્ણવેલું છે. અહીં એનો સારાંશ સંક્ષેપમાં આપવાનો પ્રયાસ છે :

પુરાણોમાં અનેક મન્વંતરોનાં વર્ણનો છે. દરેક મન્વંતરના એક-એક મનુ થઈ ગયા. સપ્તમ મન્વંતરના ચોથા મહાયુગના દ્વાપરયુગમાં કુરુવંશમાં રાજા શિખિધ્વજે માલવ દેશના રાજા રૂપે જન્મ લીધો. સૌરાષ્ટ્રના રાજાની કન્યા પરમ સુંદરી ચૂડાલા સાથે એમનાં લગ્ન થયાં. રાજા શિખિધ્વજ બુદ્ધિશાળા, વીર તથા રાજકારણમાં નિપુણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતા, અને પ્રજાને પ્રસન્ન રાખવી તે જ એમનું મુખ્ય વ્રત હતું. પતિ-પત્ની પરસ્પરમાં એટલાં અનુરક્ત રહેતાં કે લોકસમાજમાં એમનો ઉલ્લેખ અર્ધનારીશ્વર તરીકે થતો. તે જ સમયે ભગવાનની કૃપાથી સત્સંગને લીધે રાજા-રાણી બંન્નેનાં મન અધ્યાત્મ પ્રત્યે વળ્યાં. ચૂડાલાને અટળ જ્ઞાન પ્રાપ્ત થયું કે એકમાત્ર અખંડ મહાસત્તા સર્વવ્યાપિની ચિત્-શક્તિની આ વિશ્વલીલા છે. ધીરે ધીરે એ જ્ઞાન પરોક્ષ અવસ્થામાંથી 'અપરોક્ષાનુભૂતિ'માં પરિણમ્યું. સંસારને સ્વપ્ન માનીને જ્ઞાનપ્રાપ્તિ દ્વારા આત્મસ્વરૂપમાં પ્રતિષ્ઠિત થઈ. રાજા શિખિધ્વજ એ ન મેળવી શક્યા.

આત્મસાક્ષાત્કારને લીધે ચૂડાલાના શરીરની બાહ્ય શોભા પણ દીપ્તિમાન થઈને ભાસવા લાગી. રાજા શિખિધ્વજે રાણીની આ નવી ઉજ્જવળ કાંતિ ને શોભા જોઈને વિસ્મય સહિત એનું કારણ પૂછ્યું. ચૂડાલાએ સ્પષ્ટતાથી સમજાવ્યું કે જીવનનો ખંડ ભાવ ત્યાગીને અખંડ સત્તાને અંદર-બહાર સમાન રૂપે વ્યાપેલી અનુભવવાને કારણે આ સુંદરતા ઉત્પન્ન થઈ છે. શિખિધ્વજની દૃષ્ટિ હજી યે બહિર્મુખી અને તર્કપ્રધાન હતી. એમને શંકા થઈ કે નિરાકાર આત્માના સાક્ષાત્કારથી સાકાર શરીરની શોભા કેવી રીતે વધે ? રાજાને ઉપહાસ કરતો જોઈ ચૂડાલાએ વિચાર કર્યો કે આ ગૂઢ ગંભીર રહસ્યમય તત્ત્વને રાજા નથી સમજી શકતો, તેથી હવે સ્વામી સાથે આત્મસાક્ષાત્કાર-સંબંધી વાત ન કરવી.

ચૂડાલાની અવસ્થા પૂર્ણતાની હતી જેમાં અભાવમૂલક ઇચ્છાનો ઉદય નથી થતો, તેમ છતાં સ્વભાવની લીલામાં લીલાર્થે ઇચ્છાનો ઉદય થઈ શકે છે. આકાશગમનની અકારણ ઇચ્છા ચૂડાલાને થઈ. ઐશ્વર્ય ને ભોગનો ત્યાગ કરીને એકાંતમાં આસન જમાવીને વિધિપૂર્વક પ્રાણાયામ કર્યો. ચૂડાલા પાસે યોગની સર્વ સિદ્ધિઓ હતી. અષ્ટ સિદ્ધિઓથી માંડીને પરકાયપ્રવેશ, એકીસાથે અનેક શરીરોની રચના જેવી બધી જ યોગવિભૂતિઓ હતી, છતાં ચૂડાલા આત્મસાક્ષાત્કારમાં સ્થિતપ્રજ્ઞની જેમ રહેતી. પતિને સમજાવવા છતાં પતિ એને મૂર્ખ બાલિકા સમજતો રહ્યો.

લાંબા કાળે આખરે શિખિધ્વજના મનમાં વૈરાગ્ય જાગ્યો ને ગૃહત્યાગની તીવ્ર ઇચ્છા થઈ. તે વખતે ચૂડાલા જે પૂર્ણજ્ઞાની હતી, એણે રાજાને પોતાનું કર્તવ્ય-પાલન, રાજધર્મ-પાલન કર્યા વગર ચાલી જતાં રોક્યો. એક દિવસ અર્ધરાત્રિએ શિખિધ્વજ છાનેમાને નીકળી પડ્યો. અનેક દેશોમાં ભ્રમણ કરીને અંતે દક્ષિણ પ્રદેશમાં મંદર પર્વતની તળેટીમાં ગીચ જંગલમાં પર્ણકુટી બનાવીને રહેવા લાગ્યો, ને કઠોર તપસ્યા શરૂ કરી. ચૂડાલા પતિની શોધમાં લઘરૂપ ધરીને બારીમાંથી નીકળી આકાશ માર્ગે ગઈ. પતિને જંગલમાં જોઈને નીચે ઊતરવાને બદલે ચૂડાલાએ ભવિષ્યનું ચિત્ર સ્પષ્ટ રૂપે જોઈને વિચાર કર્યો કે વિધિના વિધાનની વિરુદ્ધ ચાલવું યોગ્ય નથી, હજી પતિને મળવાનો સમય નથી પાક્યો.

રાજ્યમાં પાછી ફરીને ચૂડાલાએ પતિના પ્રતિનિધિ તરીકે રાજ્ય કરવાનું શરૂ કર્યું. આમ ૧૮ વર્ષ વીતી ગયાં. શિખિધ્વજ વૃદ્ધ થઈ ગયા હતા, એમની વાસનાઓ જર્જરિત થઈ ગઈ હતી. ચૂડાલાએ યોગ્ય સમય જાણીને પુનઃ આકાશમાર્ગે ગમન કર્યું. મંદરાચલ પર જઈને યોગબળથી બ્રહ્મતેજયુક્ત એક તપસ્વી બ્રાહ્મણ બાળકનું રૂપ ધારણ કર્યું. શિખિધ્વજને એની તપસ્યા વિષે પૃચ્છા કરનાર તેજસ્વી બાળકનો પરિચય જાણવાની ઇચ્છા થઈ. બ્રહ્મચારીએ કહ્યું, ''સુમેરુ પર્વતની ગુફામાં ધ્યાનમગ્ન નારદજીએ ધ્યાન બાદ જળધારામાં ક્રીડા કરતી અપ્સરાઓને જોઈ. પ્રાબ્ધવશ વીતરાગ હોવા છતાં બિંદુસ્ખલનથી સમીપસ્થ એક સ્ફટિક કુંભમાં કાળાંતરે એક પુત્ર જન્મ્યો.'' શિખિધ્વજે શંકા પ્રગટ કરી. ચુડાલાએ પ્રસંગોપાત માનવ શરીરનાં નાડી. ચક્રોનું વિજ્ઞાન અને સ્વભાવતત્ત્વનું વિશ્લેષણ કરીને સમજાવ્યું. આગળ કહ્યું, ''કુંભમાંથી જન્મ્યો હોવાથી પિતામહ બ્રહ્માજીએ એ બાળકનું નામ પાડ્યું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'કુંભ'. હું જ તે કુંભ છું. બ્રહ્મલોકમાં વસું છું, ચારે વેદો મારા મિત્રો છે, સરસ્વતી માતા છે, ગાયત્રી માશી છે. હું સ્વેચ્છાનુસાર સઘળે વિચરણ કરી શકું છું. એ મારી લીલા છે કારણ કે હું પ્રયોજનના વશમાં નથી. મારા પગ પૃથ્વીને સ્પર્શતા નથી. મારું શરીર ગ્લાનિરહિત છે'' વગેરે.

શિખિધ્વજે પોતાનું વૃત્તાન્ત વર્ણવીને જ્ઞાનોપદેશની પ્રાર્થના કરી. કુંભે કહ્યું, ''ક્રિયા કરતાં જ્ઞાન ઉત્તમ છે. જ્ઞાનના અભાવમાં જ ક્રિયાની ઉપાદેયતા છે.'' ત્યાર બાદ વાસના તત્ત્વ સમજાવ્યું. બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો. રાજાએ જ્ઞાન માટે સર્વત્યાગ કરવાની ઇચ્છા દર્શાવી. પહેલાં એ દેશ, રાજ્ય, ઘર, ધન, પત્નીનો ત્યાગ કરી ચૂક્યા હતા, હવે જંગલનો પણ ત્યાગ કરી તપસ્યાનાં ઉપકરણોની પણ આહુતિ આપી. કુંભે સમજાવ્યું કે વસ્તુનો ત્યાગ એ વાસ્તવિક સાચો ત્યાગ નથી, કારણ વસ્તુ તો કોઈની પણ પોતાની છે જ નહીં, પરંતુ વસ્તુની વાસનાનો ત્યાગ જ યથાર્થ ત્યાગ છે. હવે રાજાએ વાસનારહિત થવા માટે સર્વ સામગ્રી સળગાવી દીધી. એમાં જપની માળા અને આસન એટલે મૃગચર્મ એ બંન્ને અગ્નિમાં નાખી દીધાં. કમંડળ એક શ્રોત્રિય બ્રાહ્મણને આપી દીધું. ભોજન માટેનાં પાત્રોનો પણ ત્યાગ કર્યો. નિષ્ક્રિય થવા તૈયાર થયો ત્યારે એને દેહત્યાગની પ્રબળ ઇચ્છા થઈ. તે સમયે કુંભે બાધા આપતાં કહ્યું કે દેહનો નહીં, ચિત્તનો ત્યાગ કરો. ચિત્ત-ત્યાગ એ જ સર્વત્યાગ છે. દેહનું બીજ પણ એ જ છે. ચિત્તનું સ્વરૂપ વાસના છે. ચિત્તનું બીજ અહંકાર છે તેથી હું કોણ છું એવો આત્મવિચાર કરો. અહંકારથી જ મમતા જાગે છે. આત્મા તો સ્વચ્છ ચિન્માત્ર છે, આત્મા નિત્ય શુદ્ધ, નિત્યમુક્ત છે. બંધ ને મોક્ષ તો કાલ્પનિક છે. એકમાત્ર ચિદાત્મા બ્રહ્મ છે.

શિખિધ્વજને એમ કરતાં ધીરે ધીરે જ્ઞાન પ્રાપ્ત થયું. એણે ''नमो मह्यम्' કહીને પોતાને જ પ્રણામ કર્યા. નિર્વિકલ્પ સમાધિને પામ્યા. કુંભે એમને ઉત્થિત કર્યા. રાજાને પ્રશ્ન ઊઠ્યો કે આ અમર આત્મપદ મેં પહેલાં કેમ ન મેળવ્યું ? કુંભે કહ્યું, ''જ્યારે ભોગેચ્છા નથી રહેતી ત્યારે મન શાંત હોય છે. સર્વ ઇન્દ્રિયોના કષાય પરિપકવ થવાથી નિર્મળ ગુરુવાક્ય ચિત્તમાં સ્થાન પામે છે. ગુરુવાક્ય જીવને પ્રબુદ્ધ કરી અજ્ઞાનનો નાશ કરે છે, ચિત્ત વિનષ્ટ થાય છે. મનની સત્તા ન રહેવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.'' ત્યાર બાદ કુંભે રાજાને વાસના વિષે સમજાવતાં કહ્યું કે વાસના બે પ્રકારની છે – ઘન વાસના અને તરલ વાસના. ઘન વાસના મલિન છે, પુનર્જન્મનું કારણ છે, એ જ ચિત્ત છે. જીવન્મુક્તમાં તરલ વાસના રહી શકે છે. એ શુદ્ધ વાસના છે, એનું નામ સત્ત્વ છે. જીવન્મુક્ત ચિત્તશૂન્ય હોય છે, સત્ત્વહીન નહીં. એ જો ચાહે તો શુદ્ધ સત્ત્વથી સ્વેચ્છા વિહાર કરી શકે છે. ઘન વાસના મૂઢ ચિત્તમાં હોય છે, સત્ત્વ પ્રબુદ્ધ ચિત્ત કહેવાય છે, ચિત્તહીન ચિત્ત.''

ચૂડાલા (કુંભ) અંતર્ધાન થઈ. રાજા નિર્વિકલ્પ સમાધિમાં મગ્ન થયા. અમુક કાળ પછી પરકાય પ્રવેશની સિદ્ધિથી ચૂડાલાએ રાજાના શરીરમાં પ્રવેશ કરીને એનેં ઊઠાડ્યો. ફરી કુંભ રૂપમાં આવીને સામગાન શરૂ કર્યું, જે સાંભળીને રાજા વ્યુત્થિત થયો.

ત્યાર બાદ બંન્નેએ સાથે ભ્રમણ કર્યું. કુંભે કહ્યું કે દુર્વાસના શાપથી એ રાત્રે સ્ત્રીમૂર્તિ થઈ જાય છે. બંન્નેનાં લગ્ન થયાં. રાજાની અનાસક્તિની દૃઢતાની પરીક્ષા લીધી. પછી ક્રોધની પરીક્ષા લીધી. રાગ-દ્વેષને ષડ્રિપુથી રાજા મુક્ત હતો. હવે કુંભ ચૂડાલા રૂપે પ્રગટ થયો. ચૂડાલાનું યોગબળ તથા બ્રહ્મજ્ઞાન તેમ જ પોતાનો સમસ્ત ઈતિહાસ રાજાને યોગશક્તિથી દેખાયો. રાજાએ ચૂડાલાને ગુરુરૂપે સ્વીકારીને પ્રણામ કરતાં કહ્યું, ''गुरुर्मे नमोऽस्तु ते.''

ચૂડાલાએ પૂછ્યું, ''રાજન્', અત્યારે આપને શું ગમે છે ? શી આકાંક્ષા છે ?'' રાજા જીવન્મુક્ત છે, બોલ્યા, ''હું સારું-ખોટું નથી ઓળખતો. જે આજ્ઞા હશે તે કરીશ. ભોગો કે સિદ્ધિઓ મને સ્પર્શતી નથી. સુખ-દુઃખ, આપત્તિ,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંમ્પત્તિ પણ નહીં. હું તુષ્ટ નથી, ખિન્ન નથી, આ નથી કે તે નથી એવું નથી, સ્થૂલ નથી, સૂક્ષ્મ નથી, કેવળ સત્ય છું. ઈષ્ટ-અનિષ્ટ ભાવ નથી, જે સમયે જે આવે તે સમયે તે જ.

આ બ્રાહ્મી સ્થિતિ છે, જેનું ગીતામાં વર્ણન છે. (શ્રી શ્રીમા કહે છે ''જબ જૈસા તબ તૈસા.'' જે સમયે જેવું તે સમયે તેવું.)

ચૂડાલાએ કહ્યું, '' હવે મુનિઓના શાંત ભાવનો ત્યાગ કરો, અને ચાર લોકપાલોનું તેજ ધારણ કરો.'' રાજાનો રાજ્યભિષેક થયો. મહારાજ શિખિધ્વજ અને મહારાણી ચૂડાલાએ સુદીર્ઘ કાળ સુધી રાજ્ય કરીને અંતિમ અવસ્થામાં મોક્ષલાભ કર્યો.

શ્રી શ્રીમાનો ઉત્તર આવતા અંકમાં.

ooo

સંતવાણી-ત્રિવેણી

૧. જેમ ખેતરમાં ગાય ઘાસ વિગેરે ચરી ખાય છે, અને છાંયે બેસી વાગોળે છે, તેમ સંસારના અનુભવો એકત્રિત કરો અને વિવેક-વૈરાગ્યથી એકાંતમાં મનન કરો.

૨. ઉત્તમથી ઉત્તમ ઉમેદ કરો, પરંતુ ખરાબમાં ખરાબ પરિસ્થિતિ માટે તૈયાર રહો.

૩. મનુષ્ય એક એવી ધાતુથી બન્યો છે, જેની સંકલ્પપૂર્ણ સાહસિકતા સામે કોઈ પણ અવરોધ ટકી શકતો નથી, ન કોઈ દિવસ ટકી શકશે.

- પરિવ્રાજક

ooo

ભગવાન મહાવીરના કેટલાક ઉપેદશો :

૧. તમે પોતાને માટે જે ઇચ્છતા હો તે બીજાને માટે પણ ઇચ્છો. જે તમે પોતાને માટે ન ઇચ્છતા હો તે બીજાને માટે ન ઇચ્છો.

૨. દુર્જય યુદ્ધમાં જે હજારો યોદ્ધાઓને જીતે છે, તેની અપેક્ષા પોતાની જાતને જીતે છે, એનો વિજય પરમ વિજય છે.

૩. ક્ષમાથી ક્રોધને હણો. નમ્રતાથી મનને જીતો, અને સંતોષથી લોભ પર વિજય મેળવો.

૪. જે પુરુષ પોતાના જ મતની પ્રશંસા કરે છે, અને બીજાનાં વચનોની નિંદા કરે છે, તે પોતાનું જ પાંડિત્ય બતાવે છે અને સંસારમાં જકડાય છે.

- પરિવ્રાજક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃ-પ્રસાદ (સત્સંગ સ્મૃતિઓ)

- પરિવ્રાજક

સત્સંગ

મા કહે છે જેવું ખાઓ અન્ન તેવું બને મન, એટલા માટે સાધકે ખાવાપીવામાં સંયમિત રહેવું જરૂરી છે. તામસી અને રાજસી ભોજન જમવાથી તમોગુણ અને રજોગુણ વધી જશે અને ધ્યાન જપમાં વિઘ્ન આવશે.

કોઈએ પૂછ્યું 'મા' અમે સાંભળ્યું છે કે મા જ્યાં છે ત્યાં, માત્ર કપડાં જ દેખાયાં, શરીર અદૃશ્ય થઈ ગયું ?

ઘણાં વર્ષો પહેલાં બનતાં સુધી. કુંભમેળા વખતે મા હરિદ્વારમાં ખરખરીની ગંગામાં સ્નાન કરવા ગયાં. એક જગ્યાએ માનું શરીર અદૃશ્ય થઈ ગયું. થોડીવાર પછી એ જ જગ્યાએથી મા બહાર આવ્યાં. આ કેમ બની શકે ? જવાબમાં થોડીવાર ચૂપ રહ્યાં, પછી એક ફૂલ લઈ તેને ઉપર ઉછાળી પાછું પકડી લીધું. કોઈએ કહ્યું જે રીતે ફૂલ ઉપર ઉછાળી પકડી લીધું તે રીતે શરીરના પંચભૂતોને ભૂતોમાં મેળવી પાછું સ્થૂલ રૂપ બનાવી લીધું. શૂન્યમાં લીન, શૂન્યમાંથી સર્જન.

૨૯.૬.૬૨

મા : ભગવાન જે નિત્ય પવિત્ર છે તેને કોણ અપવિત્ર કરી શકે ! જ્યાં રહો ત્યાં જપ ક્યારેય ન છૂટે તેનું ધ્યાન રાખો. છેલ્લો શ્વાસ સ્મરણ કરતાં કરતાં જાય. અક્ષર રૂપમાં ભગવાન પોતે જ છે. જપ, મંત્ર બધો વખત ચાલુ રાખો. જે રીતે તમે આગ સળગાવો તે ગંદા લાકડાથી સળગાવો કે પછી ચંદનના લાકડાથી સળગાવો તે (અગ્નિ) તો પવિત્ર જ છે. તે રીતે ગમે ત્યાં જપ તેમ નામ કરો તે પવિત્ર કરશે. જ્યાં બેસીને જપ કરો તે સ્થાન પણ પવિત્ર બની જશે. પોતે પણ પવિત્ર બની જશે. નામ સાંભળનાર પણ પવિત્ર થઈ જશે. સારું, નરસું, ગાળો જે કંઈ કહેવું હોય તે તેને કહો. તે ખુશી થશે. તે (ભગવાન) એમ માનશે કે અરે, આણે મને આટલો પોતાનો કરી લીધો. કરતાં કરતાં આશા છે 'તે' પ્રગટ થઈ જાય.

પ્રશ્ન : ચિત્ત-શુદ્ધિ શેને કહેવાય !

મા : જેમ અરીસાને સાફ કરવાથી તેમાં ચોખ્ખું પ્રતિબિંબ દેખાય છે. જપ કરતાં કરતાં ખબર ન પડી કેટલો સમય ચાલી ગયો. વાસના કામના રહી જાય તેનાથી જ આવવા-જવાનું. બીજો જન્મ થાય તો પણ ભક્તિના-જ્ઞાનના સંસ્કાર તેવા જ રહે છે. છેલ્લા શ્વાસ વખતે જેવી વાસના રહી જાય તે પ્રમાણે જન્મ ગ્રહણ કરી તેનો ભોગ કરવો પડે છે. કોઈ કોઈના એવા સૌભાગ્ય હોય છે કે છેલ્લી ક્ષણે ગુરુએ દર્શન દેવાં જ પડે છે. તેને આવવું જ પડે છે. ઈષ્ટમાં ગુરુ રહે છે. ગુરુમાં ઈષ્ટ, મંત્રમાં પણ ગુરુ ઈષ્ટ છે.

પોતાના ઈષ્ટનું ગુરુનું ધ્યાન કોઈ હૃદયમાં લગાડે છે કોઈ મધ્યમાં અને કોઈ સહસ્રારમાં પણ કરે છે.

પ્રશ્ન : (કોઈ બહેને માને પૂછ્યું) પૂજામાં બેસું ત્યારે કોઈ કોઈવાર સુગંધ આવે છે, એ શું છે ?

મા : આજુબાજુમાં કોઈ સુગંધી વસ્તુ ન હોવા છતાં સુગંધ આવે ત્યારે સમજવું જોઈએ કે કોઈ ખાસ વિભૂતિનો પ્રકાશ છે. સાધનામાં આવું પણ બને છે.

મા : સાધકને સાધના કરતાં દર્શન વગેરે થાય તેને ગુપ્ત રાખવું જોઈએ. ખાસ વ્યક્તિ-મહાપુરુષ, જેને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોવાથી લાગે કે આનાથી મને મદદ મળશે તેમ કહી શકાય. બાકી જેને તેને કહેવાથી પ્રશંસા આદિની વાસના જાગી ઊઠે અને અહંભાવ રહેવાથી નુક્સાન થાય, રસ્તામાં અડચણ આવે.

સાચું દર્શન તો તે છે જેનાથી દર્શન-અદર્શનો પ્રશ્ન જ મટી જાય.

OOO

શ્રી શ્રી મા

(મહામંડલેશ્વર સ્વામી શ્રી સત્યમિત્રાનંદજી મહારાજ, નિવર્તમાન શંકરાચાર્યનું મા વિષે કથનઃ)

બ્રહ્મતેજસમ્પન્ના, હિમવત્ શાંત, કરુણામૂર્તિ મા આનન્દમયી વિશ્વની અનુપમ વિભૂતિ હતાં. એમનું સાન્નિધ્ય જેમને પ્રાપ્ત થયું છે એ બધા સાધકો, સંતો, ગૃહસ્થો, રાજ્યનેતાઓ ધન્ય છે ! માના સાન્નિધ્યનું મહત્ત્વ કૃષ્ણના ધનની જેમ પ્રતિપલ સ્મરણીય છે.

મને બ્રહ્મચારી જીવનમાં પ્રથમ દર્શન નૈમિષારણ્યમાં પ્રાપ્ત થયાં હતાં. હિમાલયની પહાડીઓમાં તપ, સાધના તથા આત્મવિચાર કરવાનો સંકલ્પ 'એમનાં' પ્રથમ દર્શનથી જ સ્ફુરિત થયો હતો. વિશ્વવિદ્યાલયનું શિક્ષણ સમાપ્ત કરી, મૌન થઈ તપસ્યાં કરતાં ઘણાં વર્ષો વ્યતીત થઈ ગયાં, ત્યારે પ્રારબ્ધવશ 'જગદ્ગુરુ શંકરાચાર્ય'ના પાવન પદ પર પ્રતિષ્ઠિત થવાનો અવસર આવ્યો. શ્રી માનું અપ્રત્યક્ષ સંરક્ષણ બળ આપતું રહ્યું. એક વાર માએ કહ્યું, બાબા, પદારૂઢ વ્યક્તિ અજાણતાં વિમૂઢ થઈ જાય છે, આ વાત ધ્યાનમાં રાખવી જોઈએ.

દસ વર્ષ સુધી શંકરાચાર્ય-પદની જવાબદારી નિભાવ્યા પછી શંકરાચાર્ય-પદ-ત્યાગનું બળ પ્રદાન કર્યું.

કનખલસ્થિત શ્રી શ્રીમાના આશ્રમમાં અનેક વાર સંયમ-સપ્તાહમાં 'એમનાં દર્શન થતાં રહેતાં. શ્રીમા ખૂબ મનોયાગથી સંતોનાં પ્રવચનો શ્રવણ કરતાં, યદ્યપિ 'એમને' બધું જ જ્ઞાત હતું. છતાં લઘુ પર પ્રીતિ અને અનુગ્રહ એ માનો સહજ સ્વભાવ હતો.

શ્રીમા રાયવાલાના જંગલમાં (ઋષિકેશ પાસે) એક ભક્તના ભવનમાં વિશ્રામ કરતાં હતાં. ત્યાં પણ માનાં દર્શન કર્યાં અને ઉપનિષદ્ના મંત્રો સંભળાવ્યા. માએ એનું જે રહસ્ય મને સમજાવ્યું તે અનુભવગમ્ય શાસ્ત્રબોધ હતો. આથી હું અત્યધિક પ્રભાવિત થયો.

શ્રીમાનું ચરિત્ર સાગરના ઊંડાણ જેવું અમાપ છે. 'એમનું' આધ્યાત્મિક તેજ અમર ને શાશ્વત છે. બધા સાધકોને આજે પણ 'એમનાં' તેજનો અનુભવ થાય છે. શ્રદ્ધા અને નિષ્ઠા જેટલી પ્રબળ હશે, એટલી અનુભૂતિ અનુપમ હશે.

શ્રીમાનાં ચરણોમાં સહસ્ર વંદન.

નિવર્તમાન શંકરાચાર્ય

મહામંડલેશ્વર સ્વામી સત્યમિત્રાનંદજી મહારાજ.

(સ્મારિકા, માતૃ- શતાબ્દી મહોત્સવ, લખનૌ.)

- પરિવ્રાજક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વામી ભાસ્કરાનંદજીનાં સ્મરણો (વૃન્દાવન આશ્રમ)

વાત વૃન્દાવન આશ્રમની છે. શરૂઆતમાં જ્યારે અહીં શ્રી છલિયા મંદિર કે બીજાં મકાનો ન હતાં. ઝાંપામાં પેસતાં ડાબી બાજુએ શિવજીનું સ્થાન છે. નજીકમાં એક કૂવો હતો જેમાંથી પાણી કાઢીને ઉપયોગમાં લેવામાં આવતું. અત્યારે જે મકાનમાં વિદ્યાપીઠ છે, ત્યાં બે-એક ઓરડીઓ હતી. (નોંધ : હવે વિદ્યાપીઠ કનખલ આશ્રમમાં છે.) આગળ હાલમાં જ્યાં સિમેન્ટના નાના થાંભલાઓનું વર્તુળ બનેલું જણાય છે તે ન હતું, પરંતુ તે જગાએ ગોળાકારમાં ગુલાબનાં ફૂલો ઊછેરવામાં આવતાં. શ્રી શ્રી મા એકવાર વૃન્દાવન પધાર્યાં ત્યારે ગરમીની ઋતુ શરૂ થવાની હતી. મા એ ગુલાબનાં પુષ્પો જોઈને શોકાતુર જેવા ભાવથી સ્વામીજીને કહ્યું કે હવે ગરમી શરૂ થશે તેથી આ ફૂલોને ખૂબ ધ્યાનથી પાણી પાઈ સાચવજો, જુઓ, અત્યારે પણ કેવાં દેખાય છે ! (ગરમીનો પ્રભાવ પુષ્પો પર જણાતો હતો. શ્રીમાના મુખ પર કરુણાનો ભાવ હતો. સ્વામીજીએ આશ્રમના એકમાત્ર માણસને કહ્યું કે ચાલો, આપણે ગુલાબને પાણી પાઈએ. એ માણસે કહ્યું કે આ એક જણનું કામ નથી, નહીં બની શકે. સ્વામીજીએ પોતે મદદ કરવાનું કહી કામ ચાલુ કર્યું. ઠંડું પાણી. મોટી ડોલ. એક લાંબું દોરડું કૂવામાં નાખી એક છેડો પકડી કૂવાથી દૂર ચાલવા માંડે. ખભે દોરડું રાખે. ડોલ ઉપર આવે ત્યારે પેલો નોકર પાણીની ડોલ લઈ લે અને બાજુમાં ટાંકીમાં રેડે. આ રીતે અનેકાનેક ડોલો પાણી કાઢીને ગુલાબને પીવડાવતા. ખભે રાખેલા દોરડાથી સ્વામીજીના કપડાની નીચે પણ ચામડી લાલ થઈ જતી. આથી કંતાનનો ટુકડો મૂકતા, તેમ છતાં થોડા દિવસમાં ફોલ્લા પડી ગયા. પરંતુ ગુલાબ બચી ગયાં.

માએ ખભો જોઈને પૂછ્યું "આ શું ?" બધી વાત સાંભળી મા બોલ્યાં - ખૂબ ભાવથી કહ્યું કે - જુઓ, આ ખભાને કેવો કર્યો છે ગુલાબને માટે ?

એ જ અરસામાં સ્વામીજી શિવજીના મંદિરમાં સૂતા હતા. બીજા પણ એક વૃદ્ધ સાધુ ત્યાં હતા. તે સમયે આખા આશ્રમના બાકીના ભાગમાં જંગલ જેવું હતું. રાત્રે કોઈ વાર ચોરો પણ આવતા, એટલે નાની ચીજો જેવી કે ચંપલ, લોટો કે ટમ્બલર એવું પણ રહેતું નહીં. દ્વિધા એ કે ચંપલને ઓરડામાં પણ ન લઈ જઈ શકાય, કારણ કે શિવજીનું સ્થાન હતું. તેથી દોરીથી બાંધીને છાપરા આગળ બાંધી રાખે.

એક વાર મોડી રાત્રે ૩-૪ વાગે બહાર પગરવ સંભળાતાં ધીમેથી બારણું ખોલીને જોયું તો અંધારામાં એક આકૃતિ દેખાઈ. એમ માન્યું કે આજે ચોર હાથમાં આવ્યો છે. બહાર આવી પાછળથી પેલાને જોરથી બાથમાં લઈ દબાવ્યો ને બૂમો પાડી "દોડો, ચોર ચોર". પેલો કહે, "છોડો, હું ચોર નથી, મારું ગળું રુંધાય છે." બીજું કોઈ આવ્યું ને એને છોડાવ્યો. ત્યારે ખબર પડી કે ચોર નથી, હરિબાબાજીના શિષ્ય હરે કૃષ્ણજી છે. ઈતિ.

સંતવાણી - ત્રિવેણી

૧. બધા સંતો સદ્‌ગુરુ સ્વરૂપ છે, બધી સ્ત્રીઓ માતા સમાન. છતાં જેમ ગર્ભધારિણી માતા એક જ હોય છે, તેવી રીતે બધા સંતો સદ્‌ગુરુ સમાન હોવા છતાં સ્વાનુભવામૃતપાન કરાવનારી ઈશ્વર-નિયુક્ત સદ્‌ગુરુમાતા પણ એક જ હોય છે, અને મુમુક્ષ શિશુ જ્યારે ભૂખથી વ્યાકુળ થઈ રડવા લાગે છે, ત્યારે સદ્‌ગુરુરૂપી માતાથી એક ક્ષણ પણ રહી શકાતું નથી, અને તે દોડી આવી જ્ઞાનરૂપી અમૃતનું પાન કરાવે છે.

૨. જેની સાધના કરવાની તીવ્ર ઉત્કંઠા હોય છે, ભગવાન તેની પાસે સદ્‌ગુરુને મોકલી આપે છે. ગુરુને માટે સાધકે ચિંતા કરવાની જરૂર નથી રહેતી.

૩. વ્યસનની પાસે જાઓ તો લલચાવે છે, અને તેમાં આસક્ત થાઓ તો જકડી લે છે, નાગપાશ થઈ જાય છે અને આખરે પ્રાણ લઈને છોડે છે.

- પરિવ્રાજક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રીમા આનન્દમયી પ્રસંગ
(ડાયરીનાં કેટલાંક પાનાં)

- અમૂલ્ય કુમાર દત્ત ગુપ્ત

૬ કાર્તિક તા. ૧૩-૧૦-૧૯૪૮, કાશી આશ્રમ.

આજે સવારે સાત વાગે કાશીધામ પહોંચ્યો. મેં રામપુરામાં સ્વ. ધીરેન્દ્ર (મુખોપાધ્યાય) દાદાનું મકાન ભાડે રાખ્યું હતું, પણ એ સ્થાન વિષે મારા મનમાં કોઈ વિશેષ ધારણા ન હતી, એટલે ખુકુની દીદી અને મનમોહન મારી સાથે આવીને મને ત્યાં લઈ ગયાં. ઘેર પહોંચીને જમવાનો પ્રબંધ કરતાં કરતાં બાર વાગી ગયા. સાંજે આશ્રમે ગયો. આશ્રમમાં દાખલ થતાં જ દીદી મળી ગયાં. દીદી બોલ્યાં, ''આજે તમને બધાંને આશ્રમમાં જમવાનું ન કહ્યું તે માટે માએ ફરિયાદ કરી. કાલે બપોરે તમે લોકો અહીં જ પ્રસાદ લેજો.''

૧૪-૧૦-૪૮ માશીમાનો અંતકાળ.

બીજે દિવસે આશ્રમમાં પ્રસાદ લીધો. આજે ત્રિગુણચરણ દાદા શ્રીરામપુરથી ત્યાં આવ્યા છે. શ્રી શ્રીમાની સાથે એ ઝૂસી જશે. સાંજે મા હોડીમાં ગંગા પર ફરવા ગયાં. અમે પણ સાથે ગયાં. નૌકામાં જ પાઠ, કીર્તન વિ. થયાં. માશીમા (શ્રી શ્રીમાનાં નાનાં બહેન) જે યક્ષ્મા રોગથી માંદાં હતાં, ગંગા ઉપર નૌકામાં જ હતાં. ઘણા વખતથી તેઓ આ રોગમાં પીડાતાં હતાં. આ માંદગીની વચ્ચે જ શ્રી શ્રીમાએ એમને દીદીમા પાસેથી સંન્યાસ અપાવી દીધો. માશીમાનું સંન્યાસનું નામ પડ્યું જયાનંદ. અમારી નાવડી પણ માશીમાની નૌકા જોડે થઈ ગઈ. માશીમાની અવસ્થા બહુ જ ખરાબ હતી. બે-ચાર દિવસ કાઢશે કે કેમ સંદેહ છે. મા નૌકાની અગાશી પરથી માશીમાને જોઈને હસતાં હસતાં ઉચ્ચ સ્વરે બોલાવવા લાગ્યાં, ''માશીમા, માશીમા, જયાનંદ, જયાનંદ.' ખુકુની દીદી માને માશીમાની નૌકામાં લઈ ગયાં. આ જ એમનું મા સાથેનું અંતિમ મિલન હતું. માશીમાના ગુજરી ગયા પછી થોડા દિવસમાં માએ મને કહ્યું, ''તમારાં માશીમા તૈયાર થઈને જ કાશી આવ્યાં હતાં. જો મરી ગયા તો બધું સમાપ્ત થઈ ગયું, અને જો સારાં પણ થઈ ગયાં, તો ફરી સંસારમાં પાછા ફરીને નહીં જાય આ જ એમણે સ્થિર કર્યું હતું. જે દિવસે એમનું મૃત્યુ થયું, એ દિવસે એમનો સૂક્ષ્મ દેહ ઝૂસીમાં મારી પાસે આવીને અનવરત કહેવા લાગ્યો, મા, મને લો, મને લો. એ દિવસે રાત્રે મારો સૂવાનો ભાવ નહોતો.''

અમે લોકો થોડી વાર ગંગા પર ફરીને આશ્રમમાં પાછાં ફર્યા.

કાશી આશ્રમનો યજ્ઞ અને એનું ફળ

સોમવાર, તા. ૨૫-૧૦-૪૮

આજે સાંજે પણ આશ્રમનાં પાઠ ને કીર્તન થયાં. એક સજ્જને આવીને માને કહ્યું કે એ થોડા સાધુઓને ભંડારો આપવા માગે છે, એટલે આશ્રમના સાધુઓને આમંત્રણ આપવા આવ્યા છે. શ્રી શ્રીમાએ કહ્યું, 'બધા તો નહીં જઈ શકે. જેઓ યજ્ઞના કામમાં છે એમનાથી જવાશે નહીં. બ્રહ્માનંદ આદિ જે સાધુઓ છે તેઓ જશે.

સજ્જન : આ યજ્ઞનું ફળ શું છે ?

શ્રી શ્રીમાએ યજ્ઞનું ફળ શું છે તે સ્વામી શંકરાનંદને જણાવવા કહ્યું. સ્વામીજી બોલ્યા, ''નિષ્કામ કર્મનું જે ફળ-આ યજ્ઞનું પણ તે જ ફળ. કોઈ કામના લઈને આ યજ્ઞ નથી શરૂ થયો.''

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : સમસ્ત જીવ, પશુ, પક્ષી, વૃક્ષ લતાઓના જે ઈષ્ટ, એમની પ્રીત્યર્થ આ યજ્ઞ થઈ રહ્યો છે. એમના પ્રસન્ન થવાથી જે થવાનું છે થશે. આકાશમાં મેઘો ભેગા થાય છે, ભેગા થવાથી શું થાય છે ? વર્ષા થાય છે ને ? વર્ષાના ફળનો બધાં જ ઉપયોગ કરશે.

સજ્જન : ભગવાનની પ્રીતિ અર્થે યજ્ઞ કરવાને લીધે એ કામનાયુક્ત હોવાથી નિષ્કામ કેવી રીતે થયો ?

મા : એક પ્રકારની કામના બંધનનું કારણ થાય છે; એક બીજી જાતની કામના હોય છે જે બંધનમાંથી છોડાવવાનું કારણ થાય છે. ભગવાનને મેળવવાની કામના (એ) ભગવાનને પ્રસન્ન કરવાની કામના છે, એ દ્વિતીય પ્રકારની કામના. આ જાણે કે બંધન ગ્રહણ કરીને બંધનમાંથી મુક્ત થવું. આપણી અંદર અનવરત જ કામના જાગતી રહે છે એને લઈને જ તો આપણે ચાલવું પડશે. એટલે એ બધી કામનાઓ ગ્રહણ કરવી પડે છે, જેના દ્વારા પછીથી કામનામાંથી મુક્ત થવાય.

જે યજ્ઞની વાત પેલાં સજ્જને કરી, એ યજ્ઞ લગભગ દોઢ વર્ષથી કાશી આશ્રમમાં ચાલે છે. કલકત્તાથી આ વખતે અમે શ્રી શ્રીમા સાથે જ્યારે કાશી આવ્યાં, ત્યારે મેં ગાડીમાં આ યજ્ઞની વાત કાઢી હતી. મેં માને પૂછયું. કે આ યજ્ઞ કોના આગ્રહથી શરૂ થયો; ત્યારે ખુકુની દીદીએ કહ્યું "કોના આગ્રહથી શરૂ થયો તે કહેવું અઘરું છે. મિર્ઝાપુરમાં એક વૃદ્ધ બ્રાહ્મણે એક યજ્ઞ કરવાનું સૂચન કર્યું હતું, પણ એ વિષયમાં મા એ કોઈ જાતનું વચન ન આપ્યું કાશીમાં પણ અનેક લોકોએ માને એક યજ્ઞ કરવાનું કહ્યું-આમ યજ્ઞની વાતો થઈ. શાહબાગમાં જ્યારે કાલીપૂજા થઈ હતી, ત્યારે એના ઉપલક્ષ્યમાં જે યજ્ઞાગ્નિ પ્રજ્જવલિત થયો, એને નિર્વાપિત નહોતો કર્યો (વિસર્જન નહોતું થયું) એ વખતે મા બોલ્યાં કે એ અગ્નિને એક વિરાટ યજ્ઞમાં લેવામાં આવશે. એ બધી વાતો મારા મનમાં તો હતી જ. આ બાજુ લોકોને યજ્ઞની વાતો કરતા સાંભળીને મને પણ ઈચ્છા થઈ કે એક યજ્ઞ થાય અને કંઈક એવું બન્યું કે યજ્ઞનું આયોજન આપોઆપ થવા લાગ્યું મનમોહનદાદા એ વખતે રજા લઈને ઢાકાથી કાશી આવ્યા; એમનો યજ્ઞકુંડ બનાવવાનો ભાર સોંપાયો. યજ્ઞકુંડ આશ્રમના ચોકના કેન્દ્ર સ્થળ પર બનાવવાનો હતો. માએ જ્યારે મનમોહનદાદાને કેન્દ્ર સ્થળ શોધવાનું કહ્યું તો એમણે માને જ એ સ્થળ બતાવવાનું કહ્યું. માએ ઈશારાથી એક સ્થાન બતાવ્યું. પછીથી માપીને જોયું તો એ જ સાચેસાચ આશ્રમનું કેન્દ્રબિન્દુ હતું. એ વિષે માએ કહ્યું હતું, "આ આશ્રમની જમીન જ્યારે ખરીદાઈ, ત્યાર બાદ અનેક અશરીરી મહાપુરુષોને જ્યાં ઊભા રહીને મેં નૃત્ય કરતા જોયા હતા તે જ સ્થાન મેં યજ્ઞકુંડ બનાવવા માટે બતાવી દીધું હતું." હવે ખબર પડી કે તે જ આશ્રમના ચોકનું કેન્દ્ર બિન્દુ છે. મનમોહનદાદાએ શાસ્ત્રજ્ઞ પંડિતોના નિર્દેશ અનુસાર એક સુંદર યજ્ઞકુંડ બનાવડાવ્યો. માએ અનેકવાર કહ્યું કે કુંડ શાસ્ત્રીય વિધાન અનુસાર બરોબર તૈયાર થયો છે. યજ્ઞનાં લાકડાં એકઠાં કરવાનો ખૂબ ખર્ચો થાત, પણ એક સજ્જને કહ્યું કે એમનું એમ બહુ મોટું પલાશવન છે અને યજ્ઞ માટે જેટલાં લાકડાં જોઈશે તેટલાં આપશે. પરંતુ કેવળ એક જ વાર સેંકડો મણ લાકડાં આપી શક્યા, કારણ પછીથી એ જંગલ બાબત કંઈ મુકદ્દમો શરૂ થઈ ગયો. વધારે લાકડાં ન આપી શક્યા. ત્યાર પછીથી આવા દુર્દિવસોમાં આટલું બધું ઘી ભેગું કરવું એ અસંભવ કાર્ય હતું, પરંતુ અચિંતનીય રૂપે પાવાના, મુંબઈ વિગેરે સ્થાનોમાંથી ઘીનો જથ્થો આવવા લાગ્યો. ગાયત્રી મંત્રથી એક કરોડ આહુતિઓ આપવામાં આવશે એવા સંકલ્પ સાથે યજ્ઞ શરૂ થયો હતો. પહેલેથી કાંઈ આયોજન ન હતું. ક્યાંથી પૈસા આવશે એવા સંકલ્પ સાથે યજ્ઞ શરૂ થયો હતો. પહેલેથી કાંઈ આયોજન ન હતું. ક્યાંથી પૈસા આવશે, કેવી રીતે વસ્તુઓ ભેગી થશે, કાંઈ પણ નક્કી ન હતું. ક્યાંથી પૈસા આવશે, કેવી રીતે વસ્તુઓ ભેગી થશે, કાંઈ પણ નક્કી ન હતું, છતાં યજ્ઞનો આરંભ થઈ ગયો. મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મને ઘણીવાર કહ્યાં કરતાં, ''ખુકુની, તેં આ શું શરૂ કર્યું છે, તો યથાસર્વસ્વ આપીને પણ ચલાવવું જ પડશે. જરૂર પડે તો (તારું) પોતાનું પહેરવાનું વસ્ત્ર વેચીને પણ આ યજ્ઞ ચલાવવો પડશે.'' દોઢ વર્ષથી આ યજ્ઞ ચાલુ છે. વચ્ચે-વચ્ચે ખૂબ જ અભાવ આવી પડે છે, ને વળી અચિંતનીય રૂપે અભાવ દૂર થઈ જાય છે. જે દિવસે પણ આરંભ થયો અને પંડિતગણો યજ્ઞકુંડની ચારે બાજ બેસીને ચતુર્વેદ-પાઠ કરવા માંડ્યા, માએ મને કહ્યું, ''ખુકુની, પેલા યજ્ઞાગ્નિની આ પરિણતિ થશે એ કોણ જાણતું હતું ?'' સાચે જ એ વખતનું દશ્ય અત્યંત મનોરમ હતું. પરંતુ મિર્જાપુરના પેલા જે બ્રાહ્મણે સૌ પહેલાં યજ્ઞ કરવાનું કહ્યું હતું, યજ્ઞના આરંભ પૂર્વે એને ખોળવા જતાં ખબર પડી કે એ નામની કોઈ વ્યક્તિ ત્યાં નથી !

ગાડીમાં મેં માને કહ્યું ''મા, તમારો આ યજ્ઞ પૂરો ન થાય ત્યાં સુધી સંસારમાં શાંતિ નહીં થાય.''

મા : તમે આવી વાત કેમ કહો છો ?

હું : જે દિવસે યજ્ઞ શરૂ થયો, તે જ દિવસે આવું મારા મનમાં આવ્યું કે વિશ્વના કલ્યાણ માટે તમે યજ્ઞ કરો છો, તો એ શું વિફળ થઈ શકે ?

ખુકુની દીદીએ પણ મારી વાતનું સમર્થન કર્યું.

શ્રી શ્રીમા પ્રત્યે હરિબાબાનું આકર્ષણ.

તા. ૨૬-૧૦-૪૮

આજે મા ઝૂસી જવા રવાના થયાં. ત્યાં પ્રભુદત્ત બ્રહ્મચારીજીનો આશ્રમ છે. હરિબાબા તે વખતે ઝૂસીમાં હતા, એમના આગ્રહથી જ મા ત્યાં ગયાં છે, ને લગભગ મહીના સુધી ત્યાં રહેશે. ઝૂસીની ગાડી સવારે સાત વાગે છે. તેથી સવારે ઊઠીને તરત સ્ટેશને જવા ઉપડ્યો. સ્ટેશને પહોંચતાં જ શ્રી શ્રીમાને જોયાં. સ્ટેશનના દક્ષિણ બાજુના પ્લેટફોર્મ ઉપર મા એક તાલવૃક્ષની નીચે ખુરસીમાં બેઠાં હતાં. અમે બધાં માની પાસે બેસી ગયાં. ગાડી દોઢ ક્લાક મોડી છે સાંભળીને મા હસીને બોલ્યાં, ''આજે બાબા (હરિબાબા) આપણે માટે કેટલા બધા વ્યસ્ત હશે ! વ્યસ્ત થઈને આમતેમ દોડાદોડ કરશે.'' પ્રભુદત્ત બ્રહ્મચારીજીએ હમણાં જ માને કાગળ લખ્યો હતો. હિન્દીમાં લખ્યો હતો, ને જ્યારે માને સંભળાવવામાં આવ્યો ત્યારે હું બરાબર સમજી ન શક્યો. ખુકુની દીદીને પૂછયું તો દીદી હસીને બોલ્યાં, ''પત્રમાં પ્રભુદત્ત બ્રહ્મચારી મહાશયે હરિબાબાની અવસ્થાનું જ વર્ણન કર્યું છે. મા આવવાનાં છે એટલે એમણે આશ્રમને એવો સાફ કરવાનું કહ્યું છે કે એ અરીસાની જેમ ઝગમગે.'' તેઓ પોતે પણ એ કામમાં લાગી ગયા છે અને બધાંને કહે છે, ''તમારી અંદર ભક્તિ-વિશ્વાસ નથી, મા આવી રહ્યાં છે. અને તમે બધા આમ નિશ્ચેષ્ટ થઈને બેઠા છો? બ્રહ્મચારીજીએ લખ્યું છે ''વાત તો સાચી જ છે, પણ ભક્તિ-વિશ્વાસ કંઈ બજારમાંથી ખરીદી ન શકાય-જો ખરીદી શકાય તો હું કહેત કે એને લખનૌ કે કાશીથી ખરીદીને અમારી પાસે મોકલી દો. શ્રી શ્રીમા પાસે ભક્તિવિશ્વાસ માગીએ તો ''તમારી નાની બાળકી છું'' એમ કહીને તેઓ વાત ઉડાવી દે છે. હરિબાબા દરરોજ આશ્રમને લીંપીને સાફ કરે છે અને રોજ વરસાદથી એ નષ્ટ થઈ જાય છે, છતાં યથા પૂર્વ તથા પરં''. આ સંદર્ભમાં પ્રભુદત્ત મહારાજજીએ એક વાર્તા કહી-

એક માણસે વિચાર કર્યો કે છ દિવસ સુધી એ બીજાને ઘેર ખાઈને છ દિવસના દાળ-ચોખા પોતાને ઘેર ભેગા કરશે. આમ વિચારીને એ બીજે ગયો. એ જે દિવસે ગયો તે જ દિવસે એક અતિથિ એને ઘેર આવીને ઊભો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાછા ફર્યા પછી એણે જોયું તો અતિથિ પણ છ દિવસથી એને ઘેર બેઠો છે ! જ્યારે એને પૂછવામાં આવ્યું કે એ ક્યાં ગયો હતો, ત્યારે એણે કહ્યું કે ક્યાંય ગયો નહોતો-ઘરમાં જ બેઠોહતો. (બધા હસે છે.)

મા કહેવા લાગ્યાં, "બાબાજી (હરિબાબા) આ શરીરને લઈને (અર્થાત્ સાથે રાખીને) શું કરશે નક્કી નથી કરી શકતા. આ શરીરની અભ્યર્થના કરવા માટે ટોળેટોળાં લઈને સ્ટેશને આવશે. આ શરીરને ગાડી પર બેસાડી દેશે, પણ પોતે કોઈ વાહન પર નહીં ચઢે. શિષ્યો સાથે કીર્તન કરતાં કરતાં આગળ આગળ ચાલશે, પણ આ શરીરને પગપાળા નહીં ચાલવા દે. એક વાર અમને એમના આશ્રમ 'બાંધ' પર લઈ ગયા. મારે માટે હાથી તૈયાર રાખ્યો હતો. હાથી ઉપર ચઢવું પડશે. શિષ્યોને કહે છે, "તમે લોકો પીઠ અને હાથ સામે કરો (આગળ લાવો), મા એના પર ભાર આપીને હાથી પર ચઢશે". નિસરણી નહોતી એમણે માણસો દ્વારા જ નિસરણી તૈયાર કરી લીધી. હું તો કોઈ પણ રીતે માણસોની પીઠ પર પગ મૂકીને હાથી પર ચઢવા તૈયાર ન હતી. ત્યારે એમણે હાથીની પૂંછડી પકડીને કહ્યું કે આના પર પગ મૂકીને ઊભા થાઓ. મેં હાથેથી પૂંછડીને અડકીને જોયું તો એ એકદમ લીસ્સી ને પોચી હતી. મેં વિચાર્યું આ પૂંછડી પર આ શરીર લઈને ઊભા રહેવાથી હાથી વેદનાથી અસ્થિર થઈને શું ન કરી શકે, એટલે હું એ માટે પણ તૈયાર ન થઈ, પણ એ લોકો પણ મને હાથી પર ચઢાવ્યા વગર છોડવાના નહોતા. આ બાજુ ખુકુની એ લોકોની વિનંતિથી એક માણસનો ટેકો લઈને હાથી પર ચઢી ગઇ હતી અને હાથ લંબાવીને મને પણ ચઢવાનું કહેતી હતી. એની ઈચ્છા હતી કે હું પણ હાથી પર ચઢીને બધાંને બતાવીને જયયાત્રા કરું. (બધાં હસે છે.) હરિબાબા વગેરે પગપાળા ચાલીને કીર્તન કરતા કરતા જશે અને હું હાથી પર ચઢીને જઈશ-આ કેવું લાગે ! જે થાય, આ લોકોની જિદને લીધે હાથી પર ચઢવું જ પડ્યું, એક માણસના હાથનો ટેકો લઈને કેવી રીતે ઉપર ચઢી ગઈ એ કોઈ સમજી ન શક્યું. ખરી રીતે જો એક વાર "ખ્યાલ" થઈ જાય તો બધું જ થઈ શકે છે." જે તાલવૃક્ષ નીચે મા બેઠાં હતાં, એને બતાવીને મા બોલ્યાં "ખ્યાલ" થવાથી ટક્ કરીને આ વૃક્ષ ઉપર પણ ચઢી શકું"

જીવનની પરમાયુ પૂરી થયા પછી એને દીર્ઘ જીવન આપી શકાય કે કેમ, કાશી-આશ્રમમાં કયા કયા ગ્રંથોના પાઠ થાય છે, કોણ કોણ પાઠ કરે છે-આવી બધી વાતો થવા લાગી. ગ્રંથપાઠ વખતે શ્રી શ્રીમાએ એક સાંભળેલી વાર્તા કહી. વાર્તા આ પ્રમાણે હતી.

એક વૈષ્ણવ ભક્ત ગંગા કાંઠે બેસીને આહ્નિક કૃત્ય કરી રહ્યા હતા. તે જ વખતે સર્પાઘાતથી મરેલું એક બાળક વહેતું વહેતું એ વૈષ્ણવ પાસે આવી પહોચ્યું. વૈષ્ણવે એને હરિનામ સંભળાવીને જીવતું કરી દીધું. ત્યારે એની પૂર્વસ્મૃતિ જાગ્રત થઈ ગઈ.

આ વાત કહીને શ્રી શ્રીમા બોલ્યાં જો પૂર્વસ્મૃતિ જાગ્રત થઈ જાય તો સમજવું કે આ પુનર્જન્મ નથી, કારણ કે પુનર્જન્મ થાય તો પૂર્વસ્મૃતિ નથી રહેતી. એટલે માનવું પડશે કે સર્પાઘાતથી બાળક મર્યું નહોતું."

હું : મા, મેં એવું સાંભળ્યું છે કે જીવની પરમાયુ પૂરી થઈ જાય તો એને વધારે જીવન ન આપી શકાય. યોગબળથી એની પરમાયુ બે-ચાર મહીના વધારી શકાય પણ દીર્ઘ જીવન આપી ન શકાય. તો પણ જીવન આપીને અથવા પરમાયુનો અંશ આપીને જીવનરક્ષા કરી શકાય, એવી જાતની વાત તમે પણ કરી છે. નિરંજન બાબૂની પત્ની જ્યારે મૃત્યુશય્યા પર કાતર હતાં ત્યારે દીદીમાએ એમની જીવનરક્ષા કરવાની તમને વિનંતિ કરી હતી, તો તમે કહ્યું હતું કે તમે તમારું જીવન આપીને એની રક્ષા કરી શકો.

મા : એમ પણ બની શકે. જીવન આપીને જીવનની રક્ષા કરી શકાય. એ બીજી જાતની વાત છે. અહીં તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઓર્ડર કેનનૉટ બિ કમ્પ્લાઈડ વિથ.'' એ રેડિયોગ્રામની પ્રતિ પોલિસ ઉપ-મહાનિરીક્ષક, કુમાયું પરિક્ષેત્ર અને પોલિસ મહાનિરીક્ષક, ઉત્તર-પ્રદેશ, લખનૌને મોકલી આપવામાં આવી. મને મળવા માટે આશ્રમના પ્રબંધક આવ્યા અને એમણે કહ્યું કે મેં મુખ્ય પ્રધાન સાથે ટેલિફોનથી વાત કરી લીધી છે, આપ પોલિસ લાઈનવાળું મેદાન આપી દો. મેં અસમર્થતા દર્શાવી અને એ નારાજ થઈને જતા રહ્યા. તત્કાલીન પ્રભારી સ્થાનીય અધિસૂચના વિભાગ શ્રી ગીતા પ્રસાદ નૈનવાલે મને જણાવ્યું કે આશ્રમના મૅનેજર તથા કેટલા લોકો મારા નિર્ણયથી ખૂબ નારાજ હતા.

અલૌકિક ઘટના

હું સિદ્ધાન્ત તથા નિયમો વડે બંધાયેલો હતો. બપોરે તત્કાલીન જિલ્લા અધિકારી શ્રી કમલકાંત જાયસવાલજીના કુટુંબ સાથે હું મા આનન્દમયીનાં દર્શનાર્થે આશ્રમ ગયો. આશ્રમનું વાતાવરણ અમને જોઈને કંઈક ''ટેન્સ'' હતું. તેમ છતાં દાદર ચઢીને અમે લોકો આનન્દમયી માના કક્ષ બાજુ ગયાં. બારણા પાસે અપાર ભીડ હતી. લોકો ધક્કામુક્કી કરીને આગળ વધવા માંગતા હતા. બધા જ દર્શનાર્થીઓ સુસંસ્કૃત અને પ્રભાવશાળી કુટુંબોના હતા. દરવાજામાં સામે જોયું તો દિવ્ય છવિમયી માનું મુખમંડળ ! એમણે તરત મને કહ્યું, આવો, અહીં બેસો.

આ એક અલૌકિક ઘટના હતી, કે ઓરડામાં પ્રવેશતાં જ મને સંબોધિત કરીને બોલાવવો અને પોતાની પાસે બેસાડવો, જાણે કે 'એ' મને નાનપણથી ઓળખતાં હોય ! અમે લોકો રાત્રે ૮ વાગે એમનાં દર્શનાર્થે દાખલ થયાં હતાં અને લગભગ રાત્રે ૧૧ વાગ્યા સુધી 'એમણે' અનવરત જે જીવનકથા તથા ઉપદેશો 'એમના' શ્રીમુખેથી આપ્યા, તે કોઈ ઉચ્ચ શિખર પરથી ઝરતા ઝરણા સમાન હતા. એમના ધારાપ્રવાહ વચનામૃતથી શરીર પુલકિત થઈ ગયું. મને પોતાને ખૂબ વિચિત્ર લાગ્યું કે 'મા' વાત મારી જોડે કરતાં હતાં, જ્યારે અહીંયાં લાલા ગૂજરમલ મોદી તેમ જ અન્ય અનેકાનેક વિભૂતિઓ બિરાજમાન હતી કે જે શ્રીચરણોમાં વર્ષોથી સમર્પિત હતી.

'મા'એ પૂછયું, ''તમારી પાસે ગાય છે ?'' મેં ઉત્તર આપ્યો, ''હા, મા.'' એમણે આદેશ આપ્યો કે પ્રતિદિન પ્રાતઃકાળ ને સાયંકાળ અડધો કિલો કાચું દૂધ 'મા' માટે મોકલવું. 'તેઓ' જ્યાં સુધી ઉત્તરકાશીમાં રહ્યાં, ત્યાં સુધી મને એ પુનીત સેવાનો મોકો આપ્યો. એમને વળી શી અછત હતી ? પરંતુ એમણે સેવાનો એ અવસર મને જ આપ્યો.

બીજે દિવસે હંમેશની માફક હું મારી ગોપનીય ઑફિસમાં બેઠો હતો, ત્યાં જ સિપાઈએ એક ચિઠ્ઠી લાવીને આપી જેમાં ડૉ. ત્રિગુણા સેન તથા શ્રી દેવી દયાલનાં નામો લખ્યાં હતાં. ત્યાં જ બહારથી અવાજ આવ્યો, ''અમે આવી શકીએ કે ?'' મેં કહ્યું, ''આવો.''

આગંતુકોએ મને પરિચય આપ્યો, ''હું ડૉ. ત્રિગુણા સેન છું અને આ શ્રી દેવી દયાલ છે.''

મને ખૂબ આશ્ચર્ય થયું કે ડૉ. ત્રિગુણા સેન થોડા વખત પહેલાં ભારત સરકારમાં શિક્ષણ મંત્રી હતા, અને શ્રી દેવીદયાલ 'દેવીદયાલ સ્ટીલ ઍન્ડ કેબલ્સ'ના માલિક હતા. હું મૂંઝવણમાં હતો ને ડૉ. ત્રિગુણા સેને કહ્યું, ''અમે ફક્ત આપને મળવા આવ્યા છીએ કારણ કે આપનામાં આખરે એવી કઈ શક્તિ છે કે 'મા' આપનાથી આટલાં આકર્ષાયાં છે ? અમે ચાળીસ વર્ષોથી 'એમની' પાસે છીએ, પરંતુ આટલી વાતો ને આવો સ્નેહ 'એમણે' અમને કદીયે નથી બતાવ્યો, અને આશ્ચર્ય તો એ છે કે આશ્રમના પ્રબંધકે આપના દ્વારા પોલિસ લાઈન મેદાન ન આપ્યાની ફરિયાદ 'મા'ને કરી દીધી હતી.''

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હું શો ઉત્તર આપું ? માત્ર આટલું જ કહી શક્યો, ''ખબર નથી, મને કદી પણ સાન્નિધ્ય નથી સાંપડ્યું. બે વાર પહેલાં ચોક્કસ દર્શન કર્યાં છે.''

આ જ પ્રમાણે એક દિવસ બપોરે ગીતાપ્રસાદ નૈનવાલે સૂચના આપી કે મહારાજા ત્રિવેન્દ્રમ તથા એમનાં પત્ની આપને મળવા ઇચ્છે છે. મેં સહર્ષ કહ્યું, ''સ્વાગત છે, ગમે ત્યારે આવે.'' બન્ને પતિ-પત્નિ ભારતીય સંસ્કૃતિનાં પ્રતીક છે. મહાન્ ચિત્રકાર રાજા રવિ વર્માના તેઓ નજીકનાં સમ્બંધી છે. 'મા'ના સ્નેહે એમને અભિભૂત કરી દીધાં હતાં. આજ રીતે એક દિવસ સાંજે શ્રીમતી એમ. એસ. સુબ્બાલક્ષ્મી અને એમના પતિ, પુત્રી ને જમાઈ ઘેર આવ્યાં.

એકાદ-બે દિવસ હું આશ્રમ ન જઈ શક્યો તો 'મા'નો સંદેશો આવ્યો કે મારે નિત્ય આવતા રહેવું. હું 'એમના' આશ્રમે જતો ને 'એ' મને પોતાની પાસે બેસાડી દેતાં. શ્રીમતી સુબ્બાલક્ષ્મીને એમણે કહ્યું કે મને ભજન સંભળાવે.

રાસલીલા

એક વાર રાત્રે ચૈતન્ય મહાપ્રભુનો જન્મદિવસ હતો. મને યાદ છે, એ દિવસે હું નૈનીતાલથી લગભગ ૮ વાગે પાછો ફર્યો હતો. ઉત્તરકાશીથી નૈનીતાલ લગભગ ૩૬૫ કીલોમીટર છે. નાહી-ધોઈને જૈસવાલજીના કુટુંબ સાથે હું પણ સપરિવાર આશ્રમે પહોંચી ગયો. આખું પ્રાંગણ ઠસોઠસ ભરેલું હતું. 'મા' દૂર મંચ ઉપર બિરાજમાન હતાં. અમે લોકો ચુપચાપ પાછળ બેસી ગયાં.

'મા' બોલી રહ્યાં હતાં. લગભગ રાતના ૯ વાગ્યા હશે, ત્યારે એકાએક 'મા'એ અમારી બાજુ ઈશારો કર્યો અને કોઈને કહ્યું કે એમને બોલાવો. અમે સમજ્યાં કે કદાચ કોઈ ભક્તને બોલાવતાં હશે, અને 'એમણે' જેને બોલાવવાનું કહ્યું તે પણ બીજા કોઈને બોલાવે છે; પરંતુ 'મા'એ ફરી ઈશારો કર્યો અને એક ભક્તને અમને બોલાવવા મોલક્યા. હું ઊભો થયો, અને 'એમણે' સ્નેહપૂર્વક પોતાની સામે મંચ પર મને બેસાડી દીધો. મારી દશા એવી હતી કે જાણે કોઈ સામાન્ય માણસને સિંહાસન પર બેસાડી દીધો હોય ! સામે નીચે જમીન પર શ્રી ગોવિંદ નારાયણ (તત્કાલીન કેબિનેટ પ્રધાન), ગૂજરમલ મોદી, ડૉ. ત્રિગુણા સેન, મહારાજા ત્રિવેન્દ્રમ તેમજ અનેક પ્રતિષ્ઠિત જાણીતી ને ન જાણીતી વ્યક્તિઓ બેઠી હતી.

'મા'એ સ્નેહપૂર્વક ખબર પૂછી અને ૩-૪ દિવસથી ન આવવાનું કારણ પૂછ્યું. તે જ વખતે 'મા' એ શ્રીમતી સુબ્બાલક્ષ્મીને મંચ પર બોલાવ્યાં અને કહ્યું આમને ભજન સંભળાવો. હું મનોમન સંકોત પામી રહ્યો હતો. મેં કહ્યું, ''મા, મ્હારાં માતાજી અને શ્રી જૈસવાલજીનો પરિવાર ત્યાં બેઠો છે જ્યાં હું બેઠો હતો. એમને પણ કૃપા કરીને બોલાવી લો.'' 'મા'એ માથા પર સ્નેહપૂર્વક હાથ ફેરવ્યો અને તરત એમને બોલાવી લીધાં. અમે લોકો મંચ ઉપર 'મા'ની સામે નતમસ્તક બેસી ગયાં. શ્રીમતી સુબ્બાલક્ષ્મી ભજન ગાઈ રહ્યાં હતાં. ખૂબ અલૌકિક વાતાવરણ હતું. લગભગ રાત્રે ૧૨ વાગે 'મા' મંચ ઉપરથી ઊભા થયા અને મારો હાથ પકડી લીધો. ચૈતન્ય મહાપ્રભુની રાસલીલામાં હું પણ 'એમની' સાથે હતો. એ દિવ્ય દૃશ્યની અનુભૂતિમાત્રથી હું પણ એકાએક ધ્રુજી ઊઠું છું, અને આજે હરિકૃપા દ્વારા પ્રાપ્ત થયેલ એ અનુભવને લિપિબદ્ધ કરવાનો પ્રયાસ કરી રહ્યો છું, ત્યારે હૃદય દ્રવિત કરનારી એ દૈવી સ્મૃતિઓમાં ખોવાઈ જાઉં છું.

('ઉત્તરા ખંડકી સન્ત પરમ્પરા' પુસ્તકમાંથી)
વિશ્વવિદ્યાલય પ્રકાશન, વારાણસી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાબા ભોલાનાથ

- ગણેશચંદ્ર સેનગુપ્ત

શ્રી શ્રીબાબા ભોલાનાથનું જીવન-રહસ્ય અત્યંત ગૂઢ હતું. એ રહસ્યમય જીવનની અભિવ્યક્તિ કરવાનો મારો ઉદ્દેશ્ય પણ નથી તથા સામર્થ્ય પણ નથી. હું સ્થૂળ દૃષ્ટિથી જોઈ શકું છું કે શ્રેષ્ઠ યોગી બાબા ભોલાનાથ વિશ્વ-જનનીના સહકર્મીના રૂપમાં પ્રતિષ્ઠિત થયા હતા. એમની કાર્યપદ્ધતિ પણ જગતાતીત ભાવથી પરિપ્લુત હતી. આ જ વિશેષ લક્ષ્ય કરવા યોગ્ય વિષય છે કે બાબાએ આપણા જેવાં સાધારણ ભાવે વિક્રમપુરના એક બ્રાહ્મણ પરિવારમાં જન્મ ગ્રહણ કર્યા છતાં પણ અજ્ઞાત મહાવિધાનની નિયંત્રિત ગતિમાં વિશ્વાત્મિકા શ્રી શ્રીમા આનન્દમયીને ગૃહિણી રૂપે રમત કરવાને બાધ્ય કર્યાં હતાં. એમણે જાગતિક પ્રથાનુસાર નોકરી પણ કરી હતી. સંસાર ધર્મને નભાવ્યો પણ ખરો. પરંતુ તે પછી એમનામાં અત્યંત વિસ્મયકારી પરિવર્તન દેખાયું. બાબા આપણા બધાંની માફક સાધારણ જીવભાવયુક્ત સાધારણ બ્રાહ્મણ સંતાન નહોતા. તેઓ હતા અત્યંત દીન, તપઃશુદ્ધ, જટામંડિત દિવ્યકાંતિ મહાયોગી. એ શ્રેષ્ઠ યોગીના ચરણતલે પોતાની જાતને નિછાવર કરીને સેંકડો ભક્તગણોએ પોતપોતાની સુરક્ષાનું અનન્ય સ્થાન પ્રાપ્ત કરીને પોતાના ભાગ્યને વખાણ્યું. એમનું ચિત્ત સર્વદા ઉદાર, ઉન્મુક્ત રહેતું. બીજાનું કષ્ટ જોઈને તેઓ પોતાનાં સમસ્ત મન-પ્રાણ ઢોળી દેતા, સાંત્વના આપતાં આપતાં અત્યંત વ્યાકુળ થઈ જતા. ઘણી વાર તો ભક્તોના મંગળને ખાતર વિશ્વજનની શ્રી શ્રીમા આનન્દમયી પાસે ભિક્ષા માગતાં પણ તેઓ કુંઠિત નહોતા થતા. બાબા અત્યંત ભક્તવત્સલ હતા. ભક્તોના મંગળ માટે બધું કરી છૂટતા. બાબા ભોલાનાથે ભોલાનાથની જ ભૂમિકા આચરી. સર્વદા સરળ તથા પોતાના ભોળા ભાવમાં જ રહેતા. કીર્તનમાં એમની ઉન્મત્તતા લક્ષ્ય કરવા યોગ્ય હતી. એ મત્તતા વિશેષ ભાવે સહુના પ્રાણોમાં સજીવ વ્યાકુળતા ઉદ્વેલિત કરતી. એ ભાવતરંગિત ઉન્માદમાં એક અભિનવ 'ખેલ'નો અભિનય આપોઆપ જ થઈ જતો. એ દૃશ્ય પ્રત્યેક ધર્મપ્રાણ વ્યક્તિની ચેતનાને સ્પર્શી જતું. એ દર્શનીય હતું. બાબાએ શ્રેષ્ઠ યોગીરાજની ભૂમિકામાં ખાસ્સો સમય મૌન વ્રત પાળ્યું. ઉત્તરકાશીમાં એમની કઠોર તપસ્યાનું સમાધાન થયા પછી ત્યાંની એક સાધુ વ્યક્તિએ બાબાને થોડીક ભૂમિ દાન કરી; અને બાબાએ પણ ત્યાં એક દેવ-મંદિરની પ્રતિષ્ઠા કરી. ઉત્તરકાશી આશ્રમ તેમ જ બાબાને શ્રીહસ્તે પ્રતિષ્ઠિત કાલીમંદિર આજે પણ બાબા ભોલાનાથની કઠોર તપસ્યાના મૂર્તિમંત પ્રમાણ સ્વરૂપે વિરાજમાન છે. બાબા તથા માના નિર્દેશથી અનેક સેવકો મંદિરની સેવાનું ઉત્તરદાયિત્વ લઈને ત્યાં જ ઉત્તરકાશીમાં નિવાસ કરી રહ્યા હતા.

વચ્ચે વચ્ચે બાબા તથા મા તારાપીઠમાં પણ પધારતાં. ત્યાં પણ બાબાની સાધનાની લીલા થઈ, બાબા સાથે તારાપીઠનો પ્રાચીન સંબંધ હતો. ગૂઢતત્ત્વ આખું રહસ્યાવૃત છે. કેવળ બંગવાસી જ બાબાના શિષ્યો નહોતા, પરંતુ અન્યાન્ય દેશોના લોકોએ પણ બાબાનાં શ્રીચરણોનો આશ્રય લીધો હતો.

સન ૧૯૩૮ના હરિદ્વાર કુંભમેળામાં સંક્રાંતિને દિવસે લગભગ બે હજાર નાગા સંન્યાસીઓ સહિત બાબાએ બ્રહ્મકુંડના જળમાં સ્નાન કર્યું. એ દૃશ્ય અભાવનીય અદ્ભુત હતું. બાબા તથા માએ એક અપૂર્વ લીલાભિનયની અવતારણા કરી છે. આમાં ભારતના મહામંગળની સૂચના છે. એમાં સંદેહ નથી.

સન ૧૯૩૮ના મેની છઠ્ઠી તારીખે, વૈશાખ, શુક્લા અષ્ટમીની રાત્રે દેહરાદૂન સ્થિત કિશનપુર આશ્રમમાં બાબાએ એમની ભૌતિક લીલા સંકેલી લીધી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાબાનું પૂર્વાશ્રમનું નામ હતું. શ્રી રમણીમોહન ચક્રવર્તી, પણ બાબા પોતાો સર્વદા 'રમા પાગલા'ને નામે ઓળખાતા. કોણ જાણે આમાં પણ કયું રહસ્ય હશે ? માયા-સૃષ્ટિ સર્વદા માયાથી રહસ્યાવૃત હોય છે. શ્રી શ્રીમાની લીલાનું રહસ્ય અભૂતપૂર્વ છે. શ્રી શ્રીમા કોઈ જાતિ કે સમ્પ્રદાયનાં નથી. તેઓ સર્વજાતિઓનાં મા છે, સર્વ ધર્માવલંબીઓનાં મા છે, સર્વ જીવજંતુઓનાં મા છે. બાબાએ સંન્યાસ ગ્રહણ કર્યો હતો. એમનું સંન્યાસોપરાંત નામ પડ્યું સ્વામી તિબ્બતાનન્દ તીર્થ.

હે તાપસ બાબા ભોલાનાથ,
આલંબિત વક્ષો પર સુંદર પિંગલ જટાજાલ,
તપઃ સ્નિગ્ધરમ્યતનુ દિવ્યકાંતિ લલાટ વિશાલ,
અનાથોના નાથ,
હે તાપસ બાબા ભોલાનાથ !

OOO

શાસ્ત્રનિર્દિષ્ટ કર્મો (પરમાત્મસમર્પણભાવથી) કરતાં કરતાં સો વર્ષ જીવવાની ઇચ્છા કરવી જોઈએ. આ રીતે (ત્યાગભાવથી પરમેશ્વર માટે) કરવાથી તને (મનુષ્યને) કર્મલેપ નહીં થાય. કંર્મલેપથી બચવાનો અન્ય કોઈ માર્ગ નથી. (અર્થાત્ અનાસક્ત ભાવે, ફળની ઇચ્છા છોડીને ઈશસમર્પણ બુદ્ધિથી કરેલાં કર્મો જ અંતઃ કરણને શુદ્ધ કરીને પરમાત્મપ્રાપ્તિ કરાવે છે.)

ઈશોપનિષદ્-૨

તારો અધિકાર કેવળ કર્મમાં છે, કદાપિ ફળમાં નહીં. કર્મફળ હેતુવાળો ન બન, અકર્મમાં પણ આસક્ત ન થા.

શ્રીમદ્ ભગવદ્ગીતા-૨-૪૭

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રીમા આનંદમયી - કૃપાકથા

- નટવરભાઈ પટેલ

શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રી ભગવાને કહ્યું છે કે, "જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરૂં છું. સત્પુરૂષોના રક્ષણ માટે અને દુષ્ટોના વિનાશ માટે હું યુગે યુગે પ્રગટ થાઉં છું."

વરાહ ભગવાન, નૃસિંહ ભગવાન અને વામન ભગવાન અમુક અમુક કાર્ય કરવા માટે જ પ્રકટ થયા હતા. શ્રી રામ ભગવાન અને શ્રીકૃષ્ણ ભગવાન દુષ્ટોનો નાશ કરી સૃષ્ટિ ઉપરનો ભાર ઉતારવા માટે પ્રકટ થયા હતા. આજે પણ ભગવાન પ્રકટ થાય છે. તે સત્પુરૂષોના કલ્યાણ માટે તેમની વચ્ચે રહી તેમને માર્ગદર્શન અને દોરવણી આપવા કર્મો કરતા જોવામાં આવે છે. વિચાર, વાણી અને વર્તનથી એ વૈદિક સનાતન હિંદુ ધર્મના સિદ્ધાંતો પ્રમાણેનું જીવન જીવે છે. એમના જીવનમાં અનેક કર્મો એવાં દેખાય છે કે જે આપણી સામાન્ય બુદ્ધિ કે વિજ્ઞાનના સિદ્ધાંતો દ્વારા સમજી ન શકાય. આવાં કાર્યોને આપણે તેમની લીલા કહીએ છીએ. આપણે સૌ આવાં કર્મોની લીલા-કથાઓ સાંભળીને એમને યાદ કરીએ છીએ. આપણાં શ્રી શ્રીમા આનંદમયી આપણી વચ્ચે રહી, આપણા કલ્યાણ માટે, અને આપણને માર્ગદર્શન આપવા માટે અનેક કાર્યો કરતાં હતાં. આપણે એમનો જન્મોત્સવ વર્ષોથી ઉજવીએ છીએ અને એમની લીલા કથાઓને યાદ કરીએ છીએ. ચાલુ વર્ષે મે-૧૯૯૫ થી મે-૧૯૯૬ સુધી વર્ષ દરમ્યાન આપણે માની જન્મ શતાબ્દી-મહોત્સવ ઉજવવાના છીએ. શ્રી શ્રીમાના પ્રત્યક્ષ સંપર્કમાં આવનાર સદ્ભાગી ભક્તોના જીવનમાં તેઓશ્રીની અહૈતુકી કૃપાના પ્રસંગો સાંભળ્યા છે. આપણે પાપી જીવો છીએ. આપણાં પાપોનો નાશ કરવા માટે આપણે ભગવાન્નામ લઈએ છીએ, અને ફરીથી પાપો કર્યા કરીએ છીએ. શ્રીમદ્ ભાગવતના સ્કંધ ૬ ના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે, "ભગવાનની લીલા-કથાનું શ્રદ્ધા અને ભક્તિપૂર્વક કીર્તન કરવાથી કેવળ પાપ નષ્ટ થાય છે એટલું જ નહીં પણ તેનાથી ભગવાનનો દુર્લભ પ્રેમ મળે છે." પ્રાયશ્ચિત્ત-વિધાન કરનારા મોટા મોટા વિદ્વાનોની મતિ ભગવાનની માયાથી મોહિત થઈ ગઈ હતી. એટલે વેદોનાં આવાં વચનોથી તેમની બુદ્ધિ જડ થઈ ગઈ. મોટાં મોટાં પાપોનો નાશ કરવાનો સર્વોત્તમ અને અંતિમ ઉપાય અને પાપવાસનાઓને નિર્મૂળ કરવાવાળાં પ્રાયશ્ચિત્તો, કૃચ્છ ચાંદ્રાપણ વ્રતો અને એવાં કર્મો કર્મીઓને માટે છે, યોગીઓ માટે નથી. વેદોનો અભિપ્રાય એવો છે કે મનુષ્ય જે કર્મ કરે તે આસક્તિવશ ન કરે. શ્રીમદ્ ભાગવતના ૧૧મા સ્કંધના ૨૦મા અધ્યાયમાં કહ્યું છે કે પ્રત્યેક કર્મ સ્વભાવથી પણ અશુદ્ધ છે. જો સાધક કર્મોથી વિરક્ત હોય, કર્મો માટે દુઃખ બુદ્ધિ રાખતો હોય, ભગવાનની લીલાકથામાં શ્રદ્ધાળુ હોય, અને તેને એવું જ્ઞાન હોય કે પ્રત્યેક ભોગ અથવા ભોગવાસના દુઃખરૂપ છે, પરંતુ તેવું જાણવા છતાં તેનો ત્યાગ કરવાની જેની શક્તિ નથી તેણે ભોગ ભોગવવા, તેને સાચા હૃદયથી દુઃખજનક સમજવા, મનથી તેની નિંદા કરવી, અને પોતાનું દુર્ભાગ્ય સમજી આવી દુવિધાથી છૂટકારો મેળવવા દૃઢ પ્રેમ અને શ્રદ્ધાથી ભગવાનું ભજન કરવું. તેવા સાધકના હૃદયમાં ભગવાન પ્રગટ થાય છે. અને ભગવાન પ્રગટ થતાં તેના દુઃખની તમામ વાસનાઓ તથા સંસ્કારો નાશ પામે છે. એટલે જ્યારે આ રીતે સર્વાત્માનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તેના હૃદયની ગાંઠ છૂટી જાય છે અને બધા સંશયોનો નાશ થાય છે. જે યોગી ભગવાનના ભક્તિપૂર્વક ચિંતનમાં મગ્ન રહે છે. તેને માટે જ્ઞાન અને વૈરાગ્યની જરૂર નથી. તેનું કલ્યાણ ભક્તિથી જ થઈ જાય છે. કર્મ, તપસ્યા, જ્ઞાન, વૈરાગ્ય, યોગાભ્યાસ, દાન ઇત્યાદિ સાધનો દ્વારા સ્વર્ગ, અપવર્ગ, ભગવદ્ધામ અથવા જે કોઈ વસ્તુ પ્રાપ્ત થાય છે તે બધું ભગવાનના ભક્તને ભક્તિયોગના પ્રભાવથી તેની ઇચ્છા મુજબ અનાયાસે પ્રાપ્ત થાય છે. જે લોકો ભગવાનના પવિત્ર ચરિત્રોનું શ્રવણ-કીર્તન કરે છે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેમના હૃદયમાં ભગવાનની પ્રેમમયી ભક્તિનો ઉદય થાય છે. તે ભક્તિથી તેમની આત્મશુદ્ધિ થાય છે અને અંતે ભગવાનનો સાક્ષાત્કાર પામે છે. તેમનું કલ્યાણ તો ભગવાનનો મહિમા ગાવાથી અને તેની લીલા કથાઓનાં સંકીર્તનથી થઈ જાય છે. માટે આપણે પણ શ્રી શ્રીમાનો મહિમા અને તેમની લીલાકથાઓનું સતત સ્મરણ કરવાનું છે. આપણી સમક્ષ શ્રી શ્રીમાની લીલાકથાઓના અનેક પ્રસયંગો બન્યા છે. પરંતુ કેટલાક ભક્તોએ તે પ્રસંગો બીજાઓ સમક્ષ રજૂ કર્યા નથી. હું આ પ્રકારના ભક્તોની શ્રેણીમાં છું. અત્યારે હું ૮૫ વર્ષ અને મારાં ધર્મપત્ની સૌ. કમાબેન ૮૪ વર્ષ વટાવી ચૂક્યાં છીએ. તેનો વિચાર કરતાં અમારા જીવનમાં બનેલા શ્રી શ્રીમાની અદ્ભુત લીલાકથાઓના પ્રસંગો અન્ય ભક્તો અને મુમુક્ષઓના કલ્યાણ માટે રજુ કરવાનું મન થાય છે. અમે પણ વારંવાર આ પ્રસંગોનું સ્મરણ કરવાથી અપૂર્વ આનંદ અનુભવીએ છીએ.

અમારો શ્રી શ્રીમાના પ્રથમ દર્શનનો પ્રસંગ અત્યંત રોમાંચકારી છે. પ્રસંગનું વર્ણન કરતાં પહેલાં તે અંગેનો પૂર્વ ઇતિહાસ જરા લાંબો હોવા છતાં અહીં લખવો જરૂરી છે.

હું ઉનાળાની રજાઓમાં મારા કાકા સસરા શ્રી મુળજીભાઈ પટેલ, જે એમના કુટુંબના તમામ સભ્યો સહિત શ્રી શ્રીમાના પરમ ભક્ત છે, તેમને ત્યાં મુંબઈમાં જતો. જો કે તે સમયે શ્રી શ્રીમાનાં દર્શન મુળજીભાઈએ કે તેમના કુટુંબના કોઈ સભ્યે કર્યાં ન હતાં. તેમની સંગાથે તેમના મિત્ર શ્રી નંદુભાઈ, તેમનાં પત્ની કાંતાબહેન સાથે રહેતાં હતાં. શ્રી કાંતાબહેને અમદાવાદમાં શ્રી શ્રીમાનાં દર્શન કરેલાં અને તેઓ શ્રી શ્રીમાથી બહુ જ પ્રભાવિત થયેલાં, એટલે શ્રી મુળજીભાઈ શ્રી નંદુભાઈની સાથે શ્રી શ્રીમા અંગે વાતો કર્યા કરતાં. મને ભક્તોના પ્રસંગોની આવી વાતો વેવલી અને વાહિયાત લાગતી હોઈ તેમની વાતોમાં રસ પડતો નહિ. આથી આવી વાતો ચાલતી હોય ત્યારે હું ત્યાં બેસતો નહિ. શ્રી કાંતાબેને શ્રી શ્રીમાના ફોટાની બે નકલો લાવીને શ્રી મણીબા (શ્રી મુળજીભાઈનાં પત્ની) ને આપેલી, જે બંન્ને એમના ઓરડામાં ભીંતે લગાડી હતી. શ્રી શ્રીમા તે ફોટામાં હસતા મુખે, બંને પગ લંબાવીને બેઠાં હતાં. મને જો કે ફોટો તો બહુ ગમતો. એ ફોટાને હું રોજ જોતો હતો. મુંબાઈથી પાછા ફરતાં પહેલાં મેં શ્રી મણિબા પાસે બે ફોટા હતા એટલે એક ફોટો માગ્યો. મણીબાએ કાન્તાબહેનની પરવાનગી માગી ત્યારે કાન્તાબહેને ના પાડી અને વધુમાં જણાવ્યું કે "અધિકારી વિના ના મળે". મને તે વાત કબૂલ હતી કારણ કે હું ખરેખર તેના માટે અધિકાર ધરાવતો ન હતો.

પછી અમે - હું, મારાં પત્ની કમળાબેન અને અમારી બે વર્ષની દીકરી ચિ. અનિલા - વડોદરા પાછાં આવ્યાં. વડોદરાની હાઈકોર્ટના ચીફ જસ્ટીસ પાસે હું તેમના રીડરની નોકરી કરતો હતો. તેમને તાબાની કોર્ટની તપાસણી કરવા માટે બહારગામ જવાનું હતું. મને સ્વભાવથી જ બહુ ફરવાનું ગમતું નહીં, આથી તબિયતનું ખોટું બહાનું બતાવીને મેં એક અઠવાડિયાની રજા માગી, જે મંજૂર થઈ ગઈ. હવે અઠવાડિયાની રજા નક્કી થઈ એટલે અમે બહારગામ જવાનું નક્કી કર્યું. એવામાં મારા ખાસ મિત્ર શ્રી વાઘજીભાઈ પટેલ તેમના ગામેથી ખાસ મને મળવા આવ્યા. તેમણે વાતવાતમાં જાણ્યું કે અમારો તો બહારગામ જવાનો પ્રોગ્રામ હતો, એટલે તેઓ પાછા તેમના ગામે જવા તૈયાર થઈ ગયા. એમણે કહ્યું, "તમે નિરાંતે બહારગામ જાઓ. હું તો ખાલી તમને મળવા માટે જ આવેલો અને હવે હું પાછો જઈશ." તેમણે તે અંગે મક્કમ હોવાનું જણાવ્યું, તેથી અમે ચાણોદ જવાનું નક્કી કર્યું. ચાણોદ સેનીટેરિયમમાં મારા ગામના એક સંબંધી હવાફેર માટે રહેતા હતા અને મને વારંવાર તેમને ત્યાં બોલાવતા હતા. અમે તેમને ત્યાં જવાનું નક્કી કર્યું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચાણોદ ગામ વડોદરાની નજીક નર્મદા તીરે આવેલું છે. મારા મિત્ર વાઘજીભાઈને સાંજની ગાડીમાં તેમને ગામ જવા સમજાવી, ઘર બંધ કરવા અંગે જરૂરી સૂચનાઓ આપી. તેમણે તેમ કરવા કબૂલ કર્યું અને તરત જ અમે (હું, મારાં પત્ની અને દીકરી) સવારની ટ્રેનમાં ચાણોદ જવા નીકળ્યા. તે દિવસ (તારીખ ૧૧ ડીસેમ્બર, ૧૯૪૦) અમારા જીવનનો પરમ મંગલમય અને પવિત્ર દિવસ હતો. અમે જ્યારે પરમ મંગલમય અને પવિત્ર દિવસ હતો. અમે જ્યારે ચાણોદ જતી ''નેરોગેજ'' ગાડી પકડવા માટે ગોયાગેટ (પ્રતાપનગર)ના સ્ટેશને પહોંચ્યાં ત્યારે ગાડી આવી ગઈ હતી. હું સીધો ટિકિટો લેવા માટે ગયો. મારાં પત્ની અને દીકરી ગાડીમાં બેસવા માટે પ્લેટફોર્મ તરફ ગયા. ટિકિટ ચેકરે તેમને કહ્યું કે ચાણોદનો ડબ્બો સૌથી પહેલો છે, તેમાં બેસજો. એટલે તે બન્ને પહેલા ડબ્બા તરફ ઝડપથી ગયાં. મને પણ ટિકિટ લઈને જતાં ચેકરે તે જ સૂચના આપી એટલે મેં પણ તે તરફ ઉતાવળા પગે ચાલવા માંડ્યું. બન્ને હાથમાં અમારા સામાન ઊંચકીને ગાડીના ડબ્બાઓ જોતો જોતો હું એંન્જીન તરફ જઈ રહ્યો હતો. ત્યાં ફર્સ્ટક્લાસના ડબામાં મેં એક ખૂબ તેજસ્વી મહિલાને બેઠેલાં જોયાં. હું અચકાયો અને ફરીથી ડબામાં જોયું તો તેઓ શ્રી શ્રીમા આનંદમયીના વર્ણનને ખૂબ જ મળતાં લાગ્યાં. ડબામાં બીજો કોઈ પેસેંજર ન હતો, પણ ડબાનો દરવાજો પકડીને એક સુટ-બુટ પહેરેલા ભાઈ ઊભા હતા. મેં તેમને પૂછયું કે, ''માફ કરજો, ડબામાં બેઠેલાં આ મહિલા કોણ છે ? તેમણે કહ્યું, ''મા આનંદમયી.'' આ શબ્દો સાંભળતાં જ મારા શરીરમાં રોમાંચ સાથે ધ્રુજારી ઊઠી અને તે એટલી બધી તીવ્ર હતી કે મારા બન્ને હાથમાંનો સામાન પ્લેટફોર્મ ઉપર પડી ગયો. પેલા ભાઈએ મારો સામાન ઉપાડી લીધો અને દરવાજો ખોલી ખૂબ હસતાં હસતાં મને તે ડબ્બાની અંદર ઘસાડ્યો. મેં ધ્રુજતાં ધ્રુજતાં ડબામાં પ્રવેશ કર્યો અને શ્રી શ્રીમાના ખોળામાં માથું મૂકી દીધું. શ્રી શ્રીમા ખૂબ હસતાં હતાં. મારા માથા અને ગરદન ઉપર શ્રી શ્રીમાનો કરુણામય હાથ ફરવા લાગ્યો. મેં ડોકું ઊંચુ કરતાં શ્રી શ્રીમાએ મને પૂછયું, ''યે શરીર કો કભી દેખા થા ?''

મેં કહ્યું, ''ના, મા.''

તો એમણે કહ્યું, ''સોચ લો, સોચ લો.'' ફરીથી મેં કહ્યું, ''ના, મા. અમે આપને કદાપિ જોયાં જ નથી.'' ત્યારબાદ શ્રી શ્રીમાએ પૂછયું,'' ''તુમ કહાં જા રહા હૈ ?''

''ચાણોદ'' મેં કહ્યું.

શ્રી શ્રીમા, ''ક્યોં ?''

મેં કહ્યું, ''ઘૂમને કે લિયે.'' એટલે શ્રી શ્રીમાએ પૂછયું, ''યહ શરીર કે સાથ ચલોગે ?'' (શ્રી શ્રીમા પોતાના માટે 'યહ શરીર' શબ્દો વાપરતાં હતાં.) મેં કહ્યું, ''જરૂર'.

શ્રી શ્રીમાએ દરવાજાની પીસો ઊભેલા પેલા સૂટવાળા ભાઈને કહ્યું, ''ઈસકો જોષી કે પાસ બિઠા દો.''

આ વાત દરમ્યાન પેલા ભાઈએ, મારા કહેવાથી, મારાં પત્ની અને દીકરીને બોલાવીને શ્રી શ્રીમાના ડબામાં ઘૂસાડ્યાં હતાં. મારા પત્નીએ શ્રી શ્રીમાના ખોળામાં માથું મુકી પ્રણામ કર્યાં. તેમના શરીર ઉપર, અને મારી દીકરી જે બે હાથ જોડી પ્રણામ કરી રહી હતી, તેના શરીર ઉપર શ્રી શ્રીમાએ હાથ ફેરવ્યો. મેં મારાં પીત્ન ને મેં શ્રી શ્રીમા સાથે થયેલો વાર્તાલાપ કહ્યો. ત્યારબાદ અમે શ્રી શ્રીમાના ડબાની બહાર નીકળ્યાં. મારાં પત્ની તથા દીકરીને શ્રી જોષી પાસે આગળના ડબામાં મોકલ્યાં. અચાનક મને મારે ઘેર રહેલા મારા મિત્ર શ્રી વાઘજીભાઈ યાદ આવ્યા. તેઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મૂળથી જ ભક્તહૃદયી સ્વભાવના હતા. એમને શ્રી શ્રીમાના સમાચાર જણાવવાનું વિચારતો હતો તેવામાં જ ગાર્ડ અને સ્ટેશન માસ્તર ચાલતા અમારા ડબ્બા નજીક આવ્યા અને ગાર્ડે ગાડી ઉપાડવા માટે વ્હીસલ મારીને લીલી ઝંડી ઊંચી કરી. સ્ટેશન માસ્તર શ્રી ડાહ્યાભાઈને હું કોર્ટના નાતે ઓળખતો હતો. મેં તેમને વિનંતિ કરી કે થોડીવાર માટે ગાડી થોભાવો અને મારે ટેલીફોન કરવો છે તો સ્ટેશનની ઓફિસમાં આપો. તેમણે તરત જ ગાડીને થંભાવવા માટે લાલ ઝંડી ઊંચી કરી દીધી અને અમે બન્ને સ્ટેશન ઓફિસમાં ગયા. મેં ત્યાંથી કોર્ટમાં ફોન કર્યો. જે ભાઈએ ફોન લીધો તેમને કહ્યું, ''મારે ઘેર કોઈ જવાબદાર માણસને મોકલી ઘરમાં જે ભાઈ બેઠા છે તેમને કહો કે શ્રી શ્રીમા આનંદમયી ચાણોદ જાય છે અને નટુભાઈ પણ તેમની સાથે જાય છે, તો તમે રાતની ગાડીમાં ચાણોદ આવી પહોંચો.'' એવો ફોન કરી હું ગાડીના પહેલા ડબા તરફ દોડ્યો. મારાં પત્ની અને દીકરી તો ગાડીમાં શ્રી જોષી પાસે બેસી ગયાં હતાં. પાછળથી મેં જાણ્યું કે શ્રી જોષી બંગાળની સરકારમાં ફોરેસ્ટ ઓફિસર તરીકેના ઊંચા હોદ્દા ઉપર હતા. તેમનું નામ શ્રી હરિરામ જોષી હતું અને તેઓ શ્રી શ્રીમાના પરમ ભક્ત હતા.

આખરે ગાડી ચાણોદ તરફ જવા ઉપડી. ડબામાં શ્રી શ્રીમાની મંડળીના લગભગ પચ્ચીસ જેટલા પેસેન્જરો હતા, જેમાં કોઈ ગુજરાતી ન હતા. ગાડી ચાણોદ પહોંચી ત્યાં સુધી આ સૌ માતૃભક્તો ભજન-કીર્તન ગાઈ રહ્યા હતા. બહુ આનંદથી તદ્દન નવા જ વાતાવરણમાં અમે ચાણોદ પહોંચ્યા. સ્ટેશન ઉપર થોડા માણસો શ્રી શ્રીમાનું સ્વાગત કરવા માટે આવ્યા હતા. શ્રી શ્રીમા માટે ઘોડાગાડીની વ્યવસ્થા કરવામાં આવી હતી અને બીજા સૌ ભક્તો પોતપોતાનો સામાન ઉપાડીને ઘાટ તરફ ચાલવા માંડ્યા. અમે ચાણોદ સેનેટોરિયમમાં રહેતા અમારા સંબંધીને ત્યાં ગયાં. અમારો સામાન ત્યાં મૂકી, ચા-પાણી-નાસ્તો કરી ઘાટ તરફ ગયાં. શ્રી શ્રીમા અને સાથેના માણસો પણ ઘાટ ઉપર આવી પહોંચ્યા હતા, અને ધીમે ધીમે હોડીમાં ગોઠવાતા હતા. અમને પણ શ્રી જોષીએ હોડીમાં બેસાડ્યાં. શ્રી શ્રીમા સાથે અમે સૌ એક જ હોડીમાં ભીમપુરા આશ્રમ તરફ જવા નીકળ્યાં.

ચાણોદના ઘાટથી નદીના પ્રવાહની દિશામાં લગભગ દોઢેક માઈલ દૂર ઊંચી ટેકરી ઉપર આવેલા ભીમપૂરા આશ્રમે પહોંચતા સુધી હોડીમાં પણ ભજન-કીર્તન ગવાતાં હતાં. હોડીમાંથી ઉતરીને ટેકરી ચઢવા માટે બે રસ્તા હતા. એક રસ્તો નાની પગદંડી જેવો ટૂંકો અને સીધા ચઢાણવાળો, જ્યારે બીજો રસ્તો મોટા રાજમાર્ગ જેવો ઓછાં ચઢાણવાળો પણ લાંબો હતો. જુવાન અને સશક્ત ભક્તો ટૂંકા માર્ગથી ટેકરી ચઢવા લાગ્યા, જ્યારે શ્રી નીમા અને મારા જેવા બીજા થોડા ભક્તો રાજમાર્ગેથી ચઢવા લાગ્યા. મારાં પત્ની અને દીકરી તો બહુ પાછળ હતાં. જ્યારે અમે આશ્રમની હદમાં દાખલ થતાં હતાં, ત્યારે શ્રી જોષી બોલ્યા, ''માઁ, આજ તો તીન ગુજરાતી મિલ ગયા.'' શ્રી શ્રીમાએ કહ્યું, ''ઐસા નહીં, આજ તીન આત્મા કા જન્મ હો ગયા.'' મારા આનંદનો પાર ન હતો. શ્રી શ્રીમા અને શ્રી જોષી મારા તરફ જોઈ હસવા લાગ્યા. મેં બે હાથ જોડી માથું નમાવી શ્રી શ્રીમાને પ્રણામ કર્યાં. સ્ટેશન ઉપર શ્રી શ્રીમાનો સત્કાર કરવા આવનારા ભક્તોમાં મુંબાઈવાળાં શ્રી કાંતાબહેન પણ હતાં. શ્રી શ્રીમાની ટોળીમાં મને જોઈને તેઓ આશ્ચર્ય-ચકિત થઈ ગયાં હતાં.

આશ્રમમાં આજુબાજુના અને મુખ્યત્વે ભીમપુરા ગામના ઘણા બધા ભક્તો ભેગા થઈ ગયા હતા. એ સમયે ભીમપુરા બહુ જ નાનકડું ગામ હતું. બધા જ લોકો ખેતી કરતા અને નાનાં ઘરો બનાવી તેમાં રહેતા. શ્રી શ્રીમા અનન્ય ભાવમાં હસતાં હસતાં આશ્રમના બધા ઓરડા તથા કંપાઉન્ડમાં ચારેતરફ ફરતાં હતાં. લોકો જેમ જેમ આવતા તેમ તેમ શ્રી શ્રીમાને પ્રણામ કરતા હતા. એટલામાં નજીકના ગામમાં રહેતો, બ્રાહ્મણ જેવો દેખાતો એક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માણસ ત્યાં આવી પહોંચ્યો. તેના હાથમાં એક નાનો ડબો હતો. તેણે મને ગુજરાતી ધારીને મારી પાસે આવીને પૂછ્યું, ''દેવીને આ પ્રસાદ ધરાવી શકાય ?'' હું આ બાબતમાં સાવ અજાણ હતો. એટલે મેં શ્રી જોષીને બોલાવીને આ બાબત પૂછ્યું. તેમણે તરત જ ''હા'' કહ્યું. પેલા બ્રાહ્મણે પોતાનો ડબો તેમને આપી દીધો. શ્રી જોષીએ આ ડબો શ્રી શ્રીમાને આપ્યો અને બંગાળી ભાષામાં વાત કરી કોણ લાવ્યું હતું. તે જણાવ્યું. શ્રી શ્રીમાએ ડબ્બો ખોલી અંદર શું હતું. તે જોઈ લીધું. ડબામાં મમરા ને ગોળ ભેળવીને નાના નાના લાડુ બનાવીને ભર્યા હતા. શ્રી શ્રીમા તે ડબાનું ઢાંકણું અડધું જ ખોલી અંદર હાથ નાંખીને એક-એક લાડુ ત્યાં હાજર રહેલા સૌને વહેંચવા માંડ્યાં. સૌએ આનંદપૂર્વક શ્રી શ્રીમાના સ્વહસ્તે અપાયેલ પ્રસાદ લીધો. જ્યારે પ્રસાદ લીધા વગરનું કોઈ બાકી ના રહ્યું ત્યારે શ્રી શ્રીમાએ ડબો બંધ કરીને પાસે ઉભેલા પેલા બ્રાહ્મણ ભાઈને તે ડબો આપી દીધો. બ્રાહ્મણે ડબો ખોલીને જોયું તો ડબો પોણા ભાગનો લાડુથી ભરેલો હતો. લોકોની ભીડ જોતાં પેલા બ્રાહ્મણને તથા અમને સૌને એમ લાગેલું કે ડબો તો ક્યારનોય ખાલી થઈ ગયો હોવો જોઈએ. તેમ છતાં શ્રી શ્રીમા તો ડબામાંથી લાડુ કાઢી કાઢીને વહેંચતાં જ ગયાં, અને જ્યારે બ્રાહ્મણને તેનો ડબો પાછો આપ્યો ત્યારે તે પોણા ભાગનો લાડુથી ભરેલો હતો. મેં અને બીજા કેટલાકે એ ડબો જોયો અને અમે બધાં શ્રી શ્રીમાની આ અદ્ભુત લીલા નિહાળી સ્તબ્ધ થઈ ગયાં. સૌ બંન્ને હાથ જોડીને શ્રી શ્રીમાને નમી પડ્યાં.

એ સમયે ભીમપુરામાં આવેલો શ્રી શ્રીમાનો આ આશ્રમ ખૂબ જ નાનો હતો અને માણસો ઘણા હતા. વળી ડીસેમ્બર મહીનાની ઠંડી હતી. અમારી પાસે ઓઢવા-પાથરવાનું કાંઈ જ ન હતું. આવી પરિસ્થિતિમાં, ખૂબ ઈચ્છા હોવા છતાં, શ્રી શ્રીમાના આશ્રમમાં રાત ગાળવી શક્ય ન હતી. શ્રી જોષીની પરવાનગી લઈને અમે શ્રી શ્રીમા પાસે ગયાં. પ્રણામ કરી શ્રી શ્રીમાની મૂક પરવાનગી માગીને વિદાય થયાં. ટેકરી ઉતરી નદીએ ઉભેલી હોડીમાં બેસી ચાંણોદ ઘાટે પહોંચ્યાં. ઘાટ ઉપર ઉતરીને ચાણોદ સેનીટોરીયમ ગયાં. ત્યાં આનંદપૂર્વક શ્રી શ્રીમાની લીલા કથાની વાતો કરતાં જમી પરવારી મારા મિત્ર શ્રી વાગજીભાઈની રાહ જોતા બેઠાં. એવાંમાં તો તેઓ ઠંડીથી ઠૂંઠવાતા આવી પહોંચ્યા. તેમની સાથે પણ શ્રી શ્રીમાની લીલાની ખૂબ ખૂબ વાતો કરી. અમને કોઈને સ્વપ્ને પણ ખ્યા ન આવે તે રીતે અમે એ દિવસે શ્રી શ્રીમાના અદ્ભુત અને અલૌકિક દર્શન કર્યાં હતાં. ભીમપુરા આશ્રમમાં પણ જે પ્રસંગો બન્યા તેનાથી અમે સૌ આશ્ચર્ય-ચક્તિ થઈ ગયાં હતાં. અમારા કોઈની કશી જ લાયકાત અને સાધના વિના શ્રી શ્રીમા ખૂબ પ્રેમભાવથી અમને મુગ્ધ કરી રહ્યાં હતાં. અમે તો જાણે પ્રેમના સાગરમાં ડૂબી ગયાં હતાં. તેમના વાત્સલ્યભાવનું સ્મરણ કરતાં આજે પણ હૃદય ભરાઈ આવે છે. અમારામાં તો કશો ભક્તિભાવ પણ ન હતો. આ તો એમની અહૈતુકી કૃપા છે. જાણે સાક્ષાત્ ભગવાનનાં દર્શન થયાં હોય એવા આનંદ સાથે અમે સૌ સૂઈ ગયાં.

બીજે દિવસે સવારે મેં શ્રી મૂળજીભાઈને તાર દ્વારા ખબર આપી કે શ્રી શ્રીમા ભીમપુરા આશ્રમમાં પધાર્યા છે અને અમે તેમની સાથે જ છીએ. ત્યારબાદ અમે ત્રણ અને શ્રી વાઘજીભાઈ આશ્રમે ગયાં. શ્રી શ્રીમાનાં ચરણોમાં અમે સૌએ પ્રણાય કર્યાં. શ્રી શ્રીમા આશ્રમના કંપાઉન્ડમાં આંટા મારતાં ફરતાં હતાં. અમે સૌ નજીક ઉભા રહીને તેમનાં દર્શન કરી રહ્યાં હતાં. એટલામાં શ્રી શ્રીમા અમારી તરફ આવ્યાં અને મારી દીકરી પાસે જઈ હસતાં હસતાં પૂછ્યું ''કૈસી હો ?'' મારી દીકરી અનિલા જે ફક્ત બે જ વર્ષની હતી તેને શ્રી શ્રીમાએ હિન્દીમાં પૂછ્યું તે સમજી શકી નહીં. તેણે મારી સામે જોયું. મેં તેને કહ્યું. મા પૂછે છે, ''કેમ છો ?'' તેણે તરત જ જવાબ આપ્યો ''સારું છે.'' એટલે શ્રી શ્રીમા હસતાં હસતાં બોલવા લાગ્યાં- ''કેમ છો, સારું છે, કેમ છો, સારું છે.'' કેટલીયવાર સુધી આમ બોલ્યા કર્યું. પછી કહે. ''આજ હમકો છોટા સા ગુરુ મિલ ગયા.'' ત્યાર બાદ વર્ષો સુધી શ્રી શ્રીમા અમને કહેતાં,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"હમકો છોટા સા ગુરુ મિલ ગયા." ગુજરાતની બહાર મા કહેતાં, "ગુજરાત મેં હમારા છોટા સા ગુરુ હૈ."

શ્રી શ્રીમાને વાંચતાં કે લખતાં મેં કોઈ દિવસ જોયાં નથી. શ્રી શ્રીમા ઉપર ભક્તોના જે પત્રો આવતા તે શ્રી શ્રીમાને વાંચી સંભળાવવામાં આવતા, અને શ્રી શ્રીમા જે બોલે તે ઉત્તરરૂપે ભક્તો ને લખી મોકલવામાં આવતું. કેટલાક પત્રો તો વાંચવા માટે હાથમાં લેતાંની સાથે જ શ્રી શ્રીમા તેનો જવાબ બોલી જતાં અને આવા પત્રો પછી વંચાતા નહીં. આવું જોઈ અમે બધાં ખૂબ જ વિસ્મિત થઈ જતાં. એક વખત આવા પત્રોત્તરના સમયમાં આશ્રમના સ્વામીજીએ એક પત્ર ઉપાડ્યો અને તરત જ શ્રી શ્રીમાએ તે પત્ર અમારી પાસે ઉભેલા શ્રી બાગચીને આપવાનું કહ્યું. આ શ્રી બાગચી તે એ જ સૂટ-બૂટવાળા ભાઈ, જેમણે ગોયાગેટ (પ્રતાપનગર)ના સ્ટેશને ગાડીનું બારણું ખોલી, મને શ્રી શ્રીમાના ડબામાં ઘૂસાડ્યો હતો. શ્રી શ્રીમાએ તે પત્ર વાંચવાનું શ્રી બાગચીને કહ્યું. કવર ખોલી વાંચતાં જણાયું કે તે પત્ર એક ભક્તે શ્રી શ્રીમાના આશીર્વાદ મેળવવા લખ્યો હતો. તેમાં લખ્યું હતું કે, અમુક રાતના અમુક સમયે, સિનેમા જોઈ તેઓ ઘેર જતા હતા ત્યારે, રસ્તામાં પડી ગયા હતા, અને તેમના અમુક પગની અમુક જગ્યાએ ફ્રેકચર થઈ ગયું હતું. હવે સારવારથી સ્થિતિ સારી હતી. શ્રી બાગચી તરત જ બોલી ઊઠ્યા કે, તેમને પણ તે જ રાત્રે, તે જ સમયે અને તે જ પગના તે જ સ્થાને, શ્રી શ્રીમાનાં દર્શન કરવા જતાં, પડી જવાથી ફ્રેક્ચર થયું હતું. શ્રી શ્રીમાનાં દર્શન કરવા જતાં આવો પ્રસંગ બન્યો હતો તેથી તેમના મનમાં શ્રી શ્રીમા અંગે અત્યાર સુધી અનેક વિચારો આવતા હતા. શ્રી બાગચી જ્યારે ભીમપુરા આવ્યા ત્યારે તેમના પગે થયેલ ફ્રેક્ચરનો પાટો મેં પણ જોયો હતો. શ્રી શ્રીમાએ શ્રી બાગચીને કહ્યું કે, "જો દુઃખ તુમ અકેલે કો ભોગના થા ઉસકા તીન ભાગ કર દિયા. થોડે દિન મેં તીસરે કા ભી ચિઠ્ઠી આયેગા." શ્રી બાગચી સ્તબ્ધ થઈ ગયા. તેમના મનમાં શાંતિ થઈ ગઈ. અમારા સૌના દેખતાં તેમણે શ્રી શ્રીમાને પ્રણામ કર્યાં.

આ શ્રી બાગચીને બંગાળ સરકારે સ્કોલરશિપ આપી વધુ અભ્યાસાર્થે જાપાન મોકલ્યા હતા. ભીમપુરા આવવાના થોડા દિવસ અગાઉ જ તેઓ જાપાનથી પાછા આવ્યા હતા અને હવે બંગાળ સરકારની નોકરીમાં જોડાવાના હતા. ભીમપુરા આશ્રમના રમણીય વાતાવરણમાં શ્રી શ્રીમાના દિવ્ય સત્સંગથી તેઓ એટલા બધા પ્રભાવિત થઈ ગયા હતા કે, હવે શ્રી શ્રીમા તેમને જવાનું કહેતાં હતાં છતાં તેઓ બંગાળ જવા તૈયાર ન હતા. શ્રી શ્રીમાએ તેમને અમુક સાધના કરવાનું કહ્યું હતું. તે સાધના માટે દરરોજ ૮ થી ૧૦ કલાકનો સમય જરૂરી હતો. શ્રી શ્રીમાએ તેમને ઘણું દબાણ કરી ભીમપુરાથી બંગાળ પાછા ફરવાનું કહ્યું ત્યારે તેઓ બહુ નારાજ થયા હતા. શ્રી શ્રીમા એમ પણ બોલ્યાં હતાં કે, "વક્ત બહુત કમ હૈ." ભીમપુરાથી પાછા ફરતાં અમારી સાથે તેઓ વડોદરા આવ્યા. રાત્રિનો મુકામ મારે ઘેર રાખ્યો હતો. અમને શ્રી શ્રીમાના ભક્તનો સત્કાર કરતાં આનંદ આવ્યો. એ સમયે શ્રી બાગચીએ મને પૂછયું કે, "શ્રી શ્રીમાએ 'વક્ત બહુત કમ હૈ.' એવું શાથી કહ્યું હશે ?" તેઓ મનમાં વિચારતા હતા કે આ સૂચના શ્રી શ્રીમાએ તેમના જીવનના બાકી રહેલા સમય માટે આપી હશે ? મેં તેમનો ભય દૂર કરવા માટે કહ્યું, "સમય તો આપણા સૌના માટે થોડો જ છે. સો વર્ષનું આયુષ્ય પણ ભગવાનનાં દર્શન મેળવવા માટે ટૂંકું જ કહેવાય". ત્યાર પછી તે અંગે તેઓ આગળ કશું બોલ્યા નહીં. બીજે દિવસે સવારે શ્રી બાગચી વડોદરાથી ટ્રેઈન દ્વારા બંગાળ તરફ રવાના થયા.

શ્રી શ્રીમા ફરીથી જ્યારે ગુજરાત આવ્યાં ત્યારે શ્રી બાગચી સંબંધી પૂછપરછ કરતાં મને જાણવા મળ્યું કે ભીમપુરાથી બંગાળ ગયા બાદ દસેક મહીનામાં જ તેમનું અવસાન થઈ ગયું હતું. આવી હતી શ્રી શ્રીમાની અલૌકિક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લીલા !

ભીમપુરામાં શ્રી શ્રીમા સાથેની અમારી પ્રથમ મુલાકાતના છેલ્લા દિવસે શ્રી શ્રીમાને તેમની રૂમમાં એકલાં જ બેઠેલાં જોઈ, શ્રી વાઘજીભાઈ તથા હું તેમની સમક્ષ જઈને બેસી ગયા હતા. પ્રથમ શ્રી શ્રીમાએ શ્રી વાઘજીભાઈ સાથે થોડી વાતચીત કરી. પછી મારી સામે જોઈને મને પૂછયું, ''તુમ ક્યા કરતે હો ?'' મેં કહ્યું, ''મા, કુછ નહીં.'' શ્રી વાઘજીભાઈ સાથે સાધન-ભજન અંગે વાતચીત થઈ હોવાથી મેં માની લીધું હતું કે શ્રી શ્રીમા મારી સાધના અંગે જ પૂછતાં હશે. પછી શ્રી શ્રીમાએ આગળ પૂછયું, ''રામાયણ, ભાગવત યા ભગવદ્ ગીતા પઢતે હો ?'' તેનો જવાબ મેં નકારમાં આપ્યો અને ઉમેર્યું કે અભ્યાસમાં જે જે શ્લોકો કે એવું કાંઈ આવ્યું ત્યારે અભ્યાસ કરવાના હેતુથી વાંચ્યું હશે. ત્યારે શ્રી શ્રીમા બોલ્યાં, ''ભગવન્નામ લેતે હો ?'' તેનો જવાબ પણ મેં નકારમાં જ આપ્યો. શ્રી શ્રીમાએ કહ્યું. ''અબસે રોજ લેના.'' મેં તરત પૂછયું કે શું નામ લઉં ? શ્રી શ્રીમાએ કહ્યું, ''જો નામ તુમકો અચ્છા લગે વો લેના.'' છતાં મેં ફરીથી પૂછયું ''મા કયું નામ લઉં ?'' તો શ્રી શ્રીમાએ પણ એ જ જવાબ ફરીથી આપ્યો. આખરે મેં કહ્યું, ''મા'' નામ લઉં ?'' તો શ્રી શ્રીમા કહે, ''હાઁ, હાઁ, વો નામ અચ્છા હૈ, વહી નામ લેના. ઔર એસા કરના, હરરોજ પાંચ માલા કરના.'' વધુમાં એમ પણ કહ્યું કે, ''સપ્તાહ મેં એક દિન સંયમ સે રહના. ઔર સપ્તાહ મેં એક દિન, ખાનેકી જો ચીજ તુમકો બહુત પ્રિય લગતી હો ઉસ ચીજ (વાનગી) કો જરા બુરી બનાકર (બેસ્વાદ બનાવીને) પ્રેમ સે ખાના. ઔર હરરોજ નિશ્ચિત સમય પર દસ મિનિટ કે લીયે મૌન રખના. ઉસ ટાઈમ મેં કભી ફર્ક મત પડને દેના. જો નિશ્ચિત કિયા હુઆ ટાઈમ હો વો હમકો બતા દેના. યે સબ બાતેં તુમ્હારી પત્ની કે લીએ ભી હૈ.'' આ પ્રમાણે વાતચીત થઈ અને અમે શ્રી શ્રીમાને પ્રણામ કરી બહાર આવ્યાં.

અગાઉ લખ્યા મુજબ, આ અમારી ભીમપુરાની મુલાકાતનો છેલ્લો દિવસ હતો. વડોદરા જવા માટે નીકળવાનો સમય થતાં અમે શ્રી હરિરામ જોષીની પરવાનગી લઈ, શ્રી શ્રીમા મકાનની બહાર બેઠાં હતાં ત્યાં જઈ ઊભા રહ્યાં. શ્રી શ્રીમા પાસે એક મહાત્મા આવ્યા હતા તે પણ ત્યાં જ ઊભા હતા. આખરે નીકળવાનો સમય થતાં ખૂબ ભારે હૃદયે મેં તથા શ્રી વાઘજીભાઈએ શ્રી શ્રીમાને પ્રણામ કર્યાં. ત્યારબાદ મારાં પત્ની શ્રી શ્રીમાને પ્રણામ કરવા માટે નીચાં નમ્યાં અને તેમનું હૃદય ભરાઈ આવ્યું. ડુસકાં ખાતાં ખાતાં તેમણે શ્રી શ્રીમાને નમીને પ્રણાયમ કર્યાં. એ સમયે શ્રી શ્રીમા પાસે ઉભેલા મહાત્મા બોલી ઉઠ્યા, ''માઁ કે ઘરસે પતિ કે ઘર જા રહી હૈ, ઈસલિએ રોતી હૈ.'' ત્યારે શ્રી શ્રીમાએ હસીને કહ્યું, ''અભી તો વો ઘર ભી માઁકા હો ગયા.'' આ સાંભળી અમને સૌને ખૂબ આનંદ અને સંતોષ થયો. અમે આ પ્રમાણે શ્રી નીમાની વિદાય લઈ હોડીમાં બેસી ચાણોદ સેનીટોરીયમ આવ્યાં અને ત્યાંથી ટ્રેન દ્વારા વડોદરા પાછાં આવ્યાં. આમ અમારી આ યાત્રા ખૂબ સફળતાથી ને આનંદ-ઉલ્લાસથી પૂરી થઈ.

(ક્રમશઃ)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભજનાંજલિ

- હરબાળા દવે

(૧)

ભૂધર ભોમિયા બની મારો માર્ગ અજવાળો,
ક્યિાં વસે મારો નાથ, મારે જાવું એની પાસે,
નાથ, મારગ બતાવો........ભૂધર.
આ અજાણી છે વાટું, એમાં મોજાની થપાટું,
નાથ, નાખુદા થઈ આવો.....ભૂધર.
હવે હૈયે નથી હામ, હું તો ભૂલી સાનભાન,
નાથ, વાયુવેગે આવો....ભૂધર.
સઘળો મનનો છે ત્રાસ, એક તારો છે વિશ્વાસ,
નાથ, અમન થઈ આવો......ભૂધર.

(૨)

રામ રામ બોલ મનવા ! રાધેકૃષ્ણ બોલ,
આ સંસારે શાને તું આવ્યો
ભીતરના ભેદ તું ખોલ......રામ રામ
સદ્‌ગુરુએ કૃપા ઘણી કીધી
મનની ગાંઠોને તું છોડ......રામ રામ
અવસર રુડો આ રામજીજએ દીધો
હરિભજનમાં તું ડોલ....... રામ રામ

(૩)

ઓ આનન્દમયી મા ! ઓ કરુણામયી મા !
ઓ જ્યોતિર્મયી મા ! ઓ પ્રેમમયી મા !
તારા સંસારે મા બહુ ભૂલી ભટકીને
તારે શરણે આવી છું, તારે ચરણે લેજે રે...
આ મનડું ચંચળ બહુ, એને તારું કરી લેજે
એક તારું તારું મા, મને સ્મરણ દેજે રે....
મારે હૈયે રહીને તું સદા હસતી રહેજે
ગુણગાન ગાઉં તારા, તારી ભક્તિ મને દેજે રે....
અખંડ સુમિરન (જ) દે દે મેરી મૈયા
તૂ હી મેરી માતા, તૂ હી મેરા પિતા
તૂ હી મેરી દાતા, તૂ હી મેરી ત્રાતા,
તૂ હી મેરા ભૈયા, તૂ હી મેરી બહેના,
તૂ હી મેરા સૈંયા, તૂ હી મેરી સહેલી,
તૂ હી મેરા ગુરુ, તૂ હી મેરા ઈષ્ટ,
તૂ હી મેરી નૈયા, તૂ હી ખેવૈયા,
તેરી હી શરણ મેં હૈ મુઝે રહના,
તેરી હી શરણ મેં હૈ મુઝે જાના,
બિના સુમિરન નહીં મુઝે જીના,
બિના સુમિરન નહીં મુઝે જાના,
અખંડ સુમિરન દે દે મેરી મૈયા.

OOO

શ્રી શ્રીમા આનન્દમયી એક અદ્‌ભુત લીલામય જીવન લઈને આપણી આ સ્થૂળ દુનિયામાં આવ્યાં છે. એમના આ વૈચિત્ર્યમય વિગ્રહમાંથી અજસ્ર કલ્યાણધારા જીવ પર વર્ષિત થઈ રહી છે. એમના આ આવિર્ભાવમાં છે એમની અહૈતુકી કરુણાની વાત, એમના પ્રેમની વાત, જીવ જેના વડે ધન્ય થઈ રહ્યો છે. અનુગ્રહ કરવા માટે જ એમનો આવિર્ભાવ થયો. એમને મા કહેવાનું બરોબર છે કે પિતા કહેવાનું કે એમને પ્રેમના દેવતા નામે સંબોધવાં-એની મીમાંસા તો પોતપોતાના ભાવ પર આધાર રાખે છે. જો કે શ્રી શરીર માતૃદેહ છે, તો પણ આમ કહી દીધું, કારણ કે એમનામાં અનંત ભાવો છે. જે કાંઈ જે ભાવથી ગ્રહણ કરે એની પાસે એ તે જ.......માના શ્રી શરીરમાં લીલારૂપે કેટલી ઘટનાઓ ઘટી છે, ઘટી રહી છે, પરંતુ તેઓ પૂર્ણ સ્વયંપ્રકાશ છે એ વિસ્મૃતિ કદી નથી થઈ.

- બ્રહ્મચારી અભય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભક્તોની દૃષ્ટિમાં

સ્વામી શંકરાનન્દજીનો શ્રી શ્રીમા સાથે પ્રથમ સાક્ષાત્કાર :

સ્વામી શંકરાનંદજી શ્રી શ્રીમા સાથે એમના પ્રથમ સાક્ષાત્કારની વાત કરવા લાગ્યા. સ્વામીજી બોલ્યા, ''આનન્દમયી મા કાશીમાં છે સાંભળીને ગોપીબાબૂએ ને મેં એમને મળવાનો નિશ્ચય કર્યો. પણ જઈને જોયું મા સામધિસ્થા ! ત્રણ દિવસ સુધી મા સમાધિસ્થા રહ્યાં. પછીને દિવસે બાબા ભોલાનાથ પરાણે સચેતન કરવાના પ્રયત્નમાં લાગ્યા.'' સ્વામીજીએ આટલું કહ્યા પછી શ્રી શ્રીમા હસીને બોલ્યાં, ''એ લોકો સામધિ છોડાવવા માટે શી ચેષ્ટા નહોતો કરતા ! એ લોકો કાન પાસે એટલા જોરથી બૂમો પાડતા કે એનાથી કાનનો પડદો ફાટીને હું બહેરી નથી થઈ એ જ આશ્ચર્ય લાગે છે.''

ગોપાલ દાદા, ''બધિર ન થયાં તે અમારું ભાગ્ય એક તો આમે પ્રશ્ન કરવાથી ઉત્તર નથી મળતો. બહેરા થઈ ગયા પછી તો કંઈ સવાલ જ ન થાત. (સહુ હસે છે)

બીજું પણ એક કામ કરતા. મેરુદંડને એટલા જોરથી ઘસતા કે બીજે દિવસે દેખાતું કે એ સૂજી ગયો છે અને દરદને લીધે અડકી નથી શકાતું. તેઓ માનતા કે આમ કરવાથી સમાધિ ભંગ થાય છે. ખરી રીતે તો સમાધિ જ્યારે ભંગ થવાની હોય ત્યારે જ થતી, વચ્ચે વચ્ચે સમાધિ તૂટવામાં અને એ લોકોથી આમ કરવામાં આકસ્મિક યોગાયોગ હોવાને લીધે એ લોકો વિચાર કરતા કે સામધિ ભંગ કરવાનો આ જ એકમાત્ર ઉપાય છે.''

સ્વામી શંકરાનંદજી આગળ કહે છે, ''બાબા ભોલાનાથજીના પ્રયત્નથી 'મા' જ્યારે કંઈક સચેતન થયાં ત્યારે બાબાએ અમને લોકોને માને પ્રશ્ન પૂછવાનું કહ્યું. મેં ગોપી બાબૂને કંઈ પૂછવાનું કહ્યું, પણ ગોપીબાબૂએ પ્રશ્ન પૂછવાનો ભાર મારા પર નાખ્યો. ત્યારે મેં માને પૂછયું, ''મા, આપ અમને કેવી દૃષ્ટિથી જુઓ છો ?'' મા હજી બરોબર વાત કરી શકતાં ન હતાં. જિહ્વા જડિત હતી. છતાં ઉત્તર આપ્યો, ''તમે જ તો હું.'' ઉત્તર સાંભળતાં જ અમે અવાક્ થઈ ગયા. આ તો મૂર્તિમતી શ્રુતિ છે !

વિદેશી હેનરી પેતિતની મા સાથે મુલાકાત :

હેનરી પેતિત એબિસિનિયાના રાજાના વ્યક્તિગત સચિવ હતા. પોતે ફ્રાન્સના હતા. ઉંમર ૫૫ વર્ષ. અધ્યાત્મમાં રુચિ હતી. અવિવાહિત હતા. લગભગ ૧૯ વર્ષોથી દર્શનશાસ્ત્ર-તત્ત્વજ્ઞાનનું અધ્યયન કરતા હતા. સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો એમને અત્યંત પ્રિય હતાં. ભારતના આધ્યાત્મિક જીવનનો પરિચય મેળવવા માટે એટલા ઉત્સાહી થઈ ગયા હતા કે નોકરી છોડવા માટે પણ તૈયાર હતા. પરંતુ સમ્રાટ એમને છોડવા નહોતા ઇચ્છતા. આ બાજુ એવી વાત હતી કે એબિસિનિયાનું એક દિલ્હીમાં ખુલશે. સમ્રાટે હેનરી પેતિતને આ સાથે જોડાઈ રહેવાની સલાહ આપીને એમને ૮-૯ મહીના પહેલેથી legation દિલ્હી મોકલી દીધા. મિ. પેતિત ખૂબ ઉત્સાહથી ભારત આવ્યા. શ્રી અરવિંદનો પ્રભાવ ત્યારે અતિશય હતો, તેથી શ્રી અરવિંદના આશ્રમમાં એ એક મહીનો રહ્યા. ત્યાંથી શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં ગયા અને થોડા દિવસ ત્યાં પણ રહ્યા. ત્યાર પછી વારાણસી આવ્યા. ત્યાં એમની મુલાકાત માતાજીના ભક્ત શ્રી ટૉમસન સાથે થઈ. પેતિતે ટૉમસનને કહ્યું કે જે આધ્યાત્મિક અનુભવ માટે એ ભારત આવ્યા હતા તે નિષ્ફળ ગયું. કોઈ પણ જગાએ એમને એ અનુભૂતિનું સંધાન ન મળ્યું, એટલે હવે ભારતમાં વધુ રોકાવાની જરૂર ન હતી. ટૉમસને કહ્યું, ''અહીંથી જતાં પહેલાં, એક વાર અહીંયાનાં આનન્દમયી માને જોઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવો.'' ટૉમસન સાથે પેતિત વારાણસી આશ્રમમાં આવ્યા. સદ્‌ભાગ્યે 'મા' ત્યારે આશ્રમમાં જ હતા. 'મા' પાસે એ વખતે પુષ્કળ ભીડ હતી. પેતિત સાહેબ 'મા' પાસે જઈ ન શક્યા, પરંતુ 'મા'નાં દર્શનમાત્રથી અંતરમાં એક અદ્‌ભુત અનુભૂતિ થઈ. આંખમાંથી અશ્રુપાત થવા માંડ્યો. સ્તબ્ધ થઈને બેસી રહ્યા. એક દિવસ પછી જેમણે ભારત છોડવાનું હતું. તેઓ 'મા'ના દર્શન પછી ૬-૭ દિવસ વધારે રોકાઈ ગયા.

અહીં એમનો પરિચય ઑસ્ટ્રિયન મહિલા મિસ બ્લૅન્કા સાથે થયો કે જેઓ રાજઘાટમાં સંગીત-શિક્ષકા હતાં. ને 'મા' પાસે આવ-જા કરતાં રહેતાં. (આ જ મિસ બ્લૅન્કા આગળ જતાં સ્વામી આત્માનંદ થયાં. એમણે 'મા' વિષે ઘણાં પુસ્તકો લખ્યાં છે.)

મિ. પેતિત જ્યારે એબિસિનિયા પાંછા ફર્યા ત્યારે એમના જીવનનો એક નવીન અધ્યાય આરંભ થઈ ચૂક્યો હતો. ત્યાં પણ એમને શ્રી શ્રીમાનાં સાક્ષાત્ દર્શન થવા લાગ્યાં. સ્વપ્નમાં જ નહીં, જાગ્રત અવસ્થામાં પણ તેમને દર્શન થતાં રહ્યાં, અને અનવરત એમની આંખોમાંથી આંસૂ પડવા માંડ્યાં. તેઓ કહે છે-જ્યારથી એમની આવી દશા થઈ, જન સાધારણ દ્વારા ગાંડા માની બેસાવાના ભયથી એ એક જાડા કાચના રંગીન ચશ્મા પહેરવા લાગ્યા. બીજી વખત જ્યારે ભારત આવ્યા ત્યારે ૫-૬ મહીનાની રજા લઈને આવ્યા હતા. એમના મનમાં હતું કે જો એબિસિનિયાનું સરકારી legation ખુલી જાય તો એની સાથે જોડાઈ જશે, નહીં તો સ્વદેશ પાછા જવાનો એમનો કોઈ વિચાર ન હતો.

મિ. પેતિતના શબ્દોમાં-''હું ધનવાન નથી, દરિદ્રર પણ નથી. હું શ્રી શ્રીમાનાં ચરણોનો દાસ છું. મા મને જેમ ચાલવાનું કહેશે, હું તેમ જ ચાલીશ.''

શ્રીમતી મિથિલેશ માથુરનો અનુભવ :

વારાણસીના પ્રખ્યાત ચિકિત્સક ડૉ. ઉપેદશ નારાયણ માથુરનાં ધર્મપત્ની શ્રીમતી મિથિલેશ પ્રથમ દર્શનની વાત કરે છે :

શ્રી શ્રીમાએ કૃપા કરીને મારી સામે દૃષ્ટિ કરીને જોયું. મા સાથે આંખ મેળવવી અઘરી હતી, પણ એવું અનુભવ્યું કે જાણે માએ મારી અંદર સુધી બધું જોઈ લીધું. તે પછી મને ખૂબ શાંતિ મળી.

જ્યારથી માને મેળવ્યાં, અમે બધાં પૂર્ણ રૂપે એમના પર નિર્ભર છીએ. એમણે કૃપા કરીને અમારા સહુનો પૂર્ણ ભાર ગ્રહણ કર્યો છે.

અમારો એવો વિશ્વાસ છે કે જ્યારે એમને પૂર્ણ મનથી પોકારીએ છીએ ત્યારે શ્રીમા સ્વયમ્ આવીને અમારી રક્ષા કરે છે.

શ્રીમતી મિથિલેશનાં દેરાણી શ્રીમતી માધુરી માથુર કહે છે :

સર્વપ્રથમ શ્રીમાનાં દર્શન મને સન ૫૬-૫૭માં થયાં પ્રથમ દર્શનથી જ મારા મનમાં એવો વિશ્વાસ ને ધારણા થઈ કે હવે મને બધું જ મળી ગયું, અને હવે બીજે કશે કાંઈ પણ શોધવાની જરૂર નથી. જ્યારે જ્યારે મારા મનમાં કંઈ પણ ચિંતા થઈ, પૂજ્ય માની કૃપાથી એનું નિવારણ આપોઆપ થઈ ગયું. આશ્રમમાં જ્યારે જ્યારે માનાં દર્શન કરવા જતી અને માના શ્રીમુખના બે શબ્દો કાને પડતા, હૃદય આહ્લાદિત થઈ જતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માનાં દર્શનથી જે સુખ ને શાંતિ મળતાં એનું વાણીથી વર્ણન કેવી રીતે કરું ?

હજી પણ શ્રી શ્રીમાની કૃપા મારી સાથે છે. આ જ એક વિશ્વાસ મારા મનમાં છે. ઓજ પણ ગમે તે વ્યથા માના સ્મરણથી તત્કાળ દૂર થઈ જાય છે, દરેક મુશ્કેલીનો સામનો કરવાનું બળ નિરંતર મળતું રહે છે.

OOO

અહૈતુકી કૃપા-વર્ષણ

(ભીમપુરા આશ્રમનાં ભદ્રાબેન ભટ્ટ લખે છે :)

શ્રી શ્રીમાની કૃપાનું વર્ષણ આ બાળક ઉપર તો ખૂબ જ થયું છે. ડોંગરે મહારાજની ભાગવત-કથામાં સાંભળ્યું કે ગુરુ કરવા જોઈએ. મને સહેજ વિચાર આવ્યો કે જો સ્ત્રી-શરીરમાં ગુરુ મળે તો સારું. ત્યારે અમે કાનપુરમાં રહેતાં હતાં. મારી દીકરી વડોદરા રહેતી હતી. એનો પત્ર આવ્યો કે - દેહરાદૂનમાં સંયમ-સપ્તાહના આયોજનમાં ભાગ લેવા અમે દેહરાદૂન જવાનાં છીએ, અને અમે તમને કાનપુરથી સાથે લેતા જઈશું. બરાબર એ પ્રમાણે મને દેહરાદૂન ઊતારીને એ લોકો મસૂરી ગયાં.

મારો સૌ પ્રથમ સંયમ-સંપ્તાહ દેહરાદૂનમાં થયો. જવાનો દિવસ આવ્યો. મેં બધાંને કહ્યું, ''તમે લોકો કામ પૂરું કરો, મારે તો શ્રીમા સાથે એકાંતમાં વાત કરવી છે.'' હું હાથમાં પુષ્પહાર લઈને ઊભી રહી. માએ બધાંને નવું કાપડ આપ્યું. મારે વિષે પૂછયું તો મારી દીકરીએ પરિચય આપ્યો. માએ પાસે પડેલાં કપડાં ઉપર દૃષ્ટિ નાખી, પણ કંઈ જાણે નજરમાં ન આવ્યું. માની પાટ ઉપર માનો વાપરેલો ટુવાલ પાથરેલો હતો, તે મને આપીને કહ્યું, ''તુમ યે રખો.'' થોડીવારમાં લોકો વીખરાઈ ગયા. મેં મા સાથે એકાંતમાં વાતચીત કરી. વાત કરતાં કરતાં ભાવાવેશમાં શ્રી શ્રીમાના બંન્ને હાથ પકડીને હું રડી પડી. મેં કહ્યું, ''મા, સંસારમાં મન બહુ ગભરાય છે.'' માએ કહ્યું, ''દેખો, રોઓ મત. વહાં ભોલાનાથ કે મંદિરમેં મંત્ર લિખા હૈ, ઉસકા જપ કરો. તુમ્હારે મનકો શાંતિ હોગી.'' મેં માને કહ્યું, ''મારા બે પુત્રો વિદેશમાં છે અને બે અહીંયા છે. એમને પરણાવીને હું આશ્રમમાં રહેવા આવીશ, પણ મારા ઘરના નથી ઈચ્છતા કે હું આશ્રમમાં રહું. ઘેરથી તો મને પૈસા આપશે નહીં, અને મેં તો જીવનમાં કદી કાંઈ કામ કર્યું નથી. આશ્રમમાં સેવા આપીને ગુજરાન ચલાવું ?''

માએ કહ્યું ''દેખા જાયેગા.''

આ શ્રીમા સાથેની પ્રથમ મુલાકાત.

OOO

શ્રીમાની કૃપાથી પહેલેથી જ - બાળકના જન્મથી જ - અંતઃ પ્રેરણા સાંપડી હતી કે આ બાળકને વ્યવસ્થિત કરીને કોઈ આશ્રમમાં નિવાસ કરવો. બાળપણથી મારી આ જાતની ઈચ્છા હતી.

૧૯૭૨માં વૃન્દાવન આશ્રમમાં સંયમ-સપ્તાહનું આયોજન હતું. શ્રીમા વૃન્દાવનમાં વિરાજમાન્ હતાં. મેં મારા પતિને કહ્યું કે, ''આપણું સાંસારિક કર્મ હવે સમાપ્ત થયું, તેથી આપણે બંન્ને સાથે વાનપ્રસ્થી થઈએ.'' મારી આશ્રમવાસની ઈચ્છા જાણ્યા પછી પતિ સમ્મત ન થયા. એમની ઈચ્છા સંસારમાં રહીને પુત્રો-પૌત્રોને જોવાની ને રમાડવાની હતી. મારે માટે પણ તેઓ આ પ્રમાણેની ઈચ્છા રાખતા.

હું વૃન્દાવન ગઈ. મારા પતિએ સ્વામી ભાસ્કરાનંદજીને બે પત્રો લખી મારે વિષેની પરિસ્થિતિથી વાકેફ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્યો. ભાસ્કરાનંદજીએ મને કહ્યું, ''ભૂપતભાઈના બે કાગળો આવી ગયા છે. તમે આશ્રમમાં રહો તે એમને ગમતું નથી.''

મેં કહ્યું, ''જુઓ, હું મા પાસે જઈને વાત કરું છું. તમારે તમારા તરફથી જે કહી રાખવાનું હોય તે કહી દો.'' એમણે શ્રી ગુરુપ્રિયા દીદીને પૂરી વાત જણાવીને બે પત્રો વિષે પણ કહ્યું.

શ્રીમા આવ્યાં. મેં પ્રાર્થના કરી, ''મા, હવે મારું મન સંસારમાં ઝૂરાય છે.'' માને મૌન હતું. માએ હાથના ઈંગિતથી બતાવ્યું કે એમાં હું શું કરું ? હું અંતરમાં ખૂબ મુંઝાવા માંડી. માના બન્ને હાથ પકડીને આર્ત હૃદયથી રુદન કરતાં બોલી, ''માઁ, મૈં કહી નહીં જાઉંગી. આપકી શરણ મેં હી રહૂંગી.'' શ્રીમાએ એમનાં શ્રીચરણો બતાંવીને ઈશારો કર્યો. અર્થાત્ ચરણામોં રહો. મને યાદ છે, એકવાર માએ કહ્યું હતું કે શરણ મેં કોઈ આયે ઔર ન રખને મેં દોષ હૈ.

વિભીષણ શ્રી રામચંદ્રનાં ચરણોમાં આશ્રય લેવા આવ્યો તે પહેલાં રાવણને પણ રામને શરણે જવાની સલાહ આપતાં કહ્યું કે જેણે વિશ્વ-દ્રોહ કર્યો હોય એવો મહાપાપી પણ પ્રભુને શરણે જાય તો પ્રભુ એનો ત્યાગ નથી કરતા. વિભીષણ તો ભક્ત હતો, એને કોઈ પાપનો દોષ નહોતો લાગ્યો, કેવળ રાવણનો ભાઈ હોવાનું કલંક હતું. વિભીષણ સજ્જન, ઉદાર, ભક્ત હતો. લંકા છોડીને આવ્યો ત્યારે પોતાની વિશાળ ભુજાઓથી પ્રભુ શ્રીરામે એને ભેટીને છાતી સરસો ચાંપી દીધો.

મેં માને પૂછયું, ''માઁ, મૈં કૌન-સે આશ્રમમેં રહૂં ?'' માએ ફરી હાથનો ઈશારો કરી એ જ સ્થાન બતાવ્યું અર્થાત્ અહીં વૃન્દાવનમાં રહે.

ત્યારબાદ લગભગ બે વર્ષ હું વૃન્દાવનમાં રહી. માની કૃપાથી ભક્તિનો આશીર્વાદ મળ્યો. તે પછી માએ કનખલ, હરિદ્વારમાં બોલાવી દીધી. કનખલથી પછી ભીમપુરા આશ્રમમાં અનેક વર્ષો સુધી રહી.

OOO

પોતાને ભગવાનના ચરણોમાં અંજલિ આપવા માટે સર્વદા શુદ્ધ પવિત્ર ભાવ જાળવી રાખો.

- શ્રી શ્રીમા

''કેવળ, ઈશ્વર જ સદાનંદ છે. તમારા મનને બ્રહ્માનંદ સિવાય અન્યત્ર ન લઈ જાઓ, અને એ જ આત્માનંદ છે. આ સિવાય બીજું કંઈ નથી. એની બહાર જે અસ્તિત્વ છે તે કેવળ માયા છે. આત્મ-સાક્ષાત્કાર માટે યત્ન કરો.''

- શ્રી શ્રીમા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યોગેશ્વરી

શાહબાગમાં એકવાર માએ જમીન પર ચિત્રો દોર્યા હતાં. ભાઈજીના પુસ્તક 'માતૃદર્શન'માં ભાઈજી લખે છે :

પિતાજીએ (ભોલાનાથજીએ) જણાવ્યું, "તમારી માએ ષટ્ચક્રો દોર્યાં છે." મા કહેવા લાગ્યાં, "આજે બપોરે હું ફરતાં-ફરતાં સહસા આ જ જગ્યાએ આસનમાં બેસી ગઈ. બ્રહ્મતાલથી નાસિકાથી સીધી લીટીમાં મેરુદંડના છેડા સુધી મારી આંગળીઓથી (કશેક ત્રણ આંગળ, કશેક ચાર આંગળનું અંતર હતું) માપવા લાગી તો એવું લાગ્યું કે આ સ્થાનોમાં અક્કેક ગ્રંથિ છે. મેં જોયું કે મૂલાધારની ઊર્ધ્વ બાજુએ ક્રમાશઃ સૂક્ષ્મથી સૂક્ષ્મતમ અનેક ગ્રંથિઓ છે જેમાંની કેટલીક પ્રધાન છે. તે જ આ જગ્યાએ અંકિત છે. મેં સ્વેચ્છાથી નથી દોર્યું, મારો હાથ આપ મેળે જ ફરીને આ ચિત્રો બનાવી ગયો. યાદ રાખ, આ બધી ગ્રંથિઓ તથા નાડીઓના સંયોગ-સ્થાનમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ સમ્ભૂત મનુષ્યનાં જન્મ-મૃત્યુની સંખ્યા આબદ્ધ છે, વાયુ ને રસ આમાંથી જ કશે તીવ્રગતિથી તથા કશેક ભયંકર ગતિથી પ્રવાહિત થઈને મનુષ્યનાં કર્મો અને ભાવને સંબોધિત કરે છે. જેવી રીતે પૃથ્વીથી ઉપર જળ, જળથી ઉપર તેજ, તેજથી ઉપર વાયુ તેમ જ વાયુથી ઉપર મહાકાશ છે, તે જ રીતે મનુષ્યના શરીરમાં પણ એક-એક કરીને પાંચ કેન્દ્રો વ્યાપેલાં છે. સહેજ ચિંતન કરતાં જ સમજી શકશે કે જ્યારે મનનો ભાવ પવિત્ર તથા આનન્દપૂર્ણ રહે છે, તે વખતે પ્રાણવાયુ ઊર્ધ્વમુખી હોય છે, જેવી રીતે તળાવના તલદેશમાં જળનો ઉદ્ગમ છે, વૃક્ષના મૂળમાં પ્રાણરસનું આકર્ષણ-કેન્દ્ર છે, તે જ રીતે મનુષ્યના પણ મેરુદંડના ક્રિયાતલમાં જીવનશક્તિનું આદિ સ્વરૂપ એક મહાશક્તિ સુપ્તાવસ્થામાં છે. શ્રદ્ધા ને ધૈર્ય દ્વારા બહિર્મુખી તેમ જ અંતર્મુખી શુદ્ધ ક્રિયાનું સ્પંદન વાયુ દ્વારા સંચારિત થઈને જ્યારે પ્રધાન-પ્રધાન નાડીઓને મથિત કરે છે, ત્યારે મૂલાધારની એ શક્તિ ઉન્મુખ થઈને એક-એક ગ્રંથિનો ભેદ કરતી કરતી ક્રમાશઃ જેટલી ઊર્ધ્વમુખી થઈ જાય છે, એટલો જ સાધકની જડતા તથા સંસ્કારોનો હ્રાસ થાય છે. આ ગ્રંથિભેદની સાથોસાથ બાહ્ય સંસારનાં રૂપ-રસાદિ પ્રત્યે આસક્તિ-સંસ્કાર શિથિલ થાય છે. આ ઊર્ધ્વગામી શક્તિના ભૂકેન્દ્રે પહોંચ્યા પછી (પ્રાણ) વાયુની ગતિ સર્વત્ર સરલ ને વિશુદ્ધ થઈ જાય છે. ત્યારે સાધક "હું કોણ છું ? જગત શું છે ? સૃષ્ટિ શું છે ?" આદિ સ્વરૂપોનો કંઈક-કંઈક અનુભવ કરવા લાગે છે. આવી અવસ્થા આવ્યા પછી સંસ્કારોનો વિનાશ થાય છે તથા ધ્યાનાદિની ગતિ ઊંચી થયા પછી સાધક મહાભાવમાં લીન થઈ જાય છે, અર્થાત્ સ્વરૂપસ્થિતિ લાભ કરીને સમાધિ-ભૂમિમાં શાંતિ લાભ કરે છે. આ બધી ગ્રંથિઓના ખુલવાની સાથે સાથે પહેલવહેલાં સાધક અનેક પ્રકારના શબ્દો સાંભળ્યા કરે છે. કોઈ કોઈ વાર એને એવું પ્રતીત થાય છે કે શંખ ને ઘંટની જેમ શબ્દોના આ તરંગો વિશ્વવ્યાપી મહાધ્વનિના સાગરમાં મળી જઈ રહ્યા છે. એ સમયે બહારની કોઈ ચીજ તથા ભાવ એના ચિત્તને સહજ જ આકર્ષિત નથી કરી શકતાં. સાધક જેટલો અગ્રસર થતો જાય છે, તેટલો જ એ મહાધ્વનિના અદ્ભુત પ્રવાહ બાજુ જતો જાય છે. અંતે એ મહાધ્વનિની અતુલનીય ગંભીરતામાં એનું ચિત્ત અખંડ સ્થિતિનો લાભ પ્રાપ્ત કરે છે."

ઉપરોક્ત ઘટનાના બે-ત્રણ વર્ષ પછી ભાઈજી જસ્ટિસ બુડરૉયનું "ધ સર્પન્ટ પાવર" નામક પુસ્તક માને બતાવવા લઈ ગયા. મા હસીને બોલ્યાં, "હું જે કહું છું તે સાંભળ" મા પ્રત્યેક ચક્રનાં પદ્મ, બીજ, વર્ણ ઇત્યાદિ કહેવા માંડ્યાં. માએ કહ્યું :

"ચિત્રોમાં જે રંગો જુઓ છો તે બાહરી સજ્જાકાય છે. આપણું શરીર મજ્જા આદિ જે વસ્તુઓથી ગઠિત છે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચક્રો પણ એનાથી જ બનેલાં છે. અંતર કેવળ એટલું છે કે બાહરની બાજુએથી નાભિ, આંખ, કાન, હાથની રેખાઓમાં જેવી વિશિષ્ટતા છે, એ જ રીતે ચક્રોનાં ગઠનો પણ વિવિધ છે. વાયુગતિ તથા પ્રાણશક્તિ, જીવિત રસપ્રવાહ દ્વારા વિવિધ રંગોનો ખેલ, બીજાદિની મૂર્તિ તથા ધ્વનિ ત્યાં લક્ષિત થાય છે.''

('માતૃદર્શન'- પૃષ્ઠ : ૪૭-૪૯)

સંતવાણી

ભક્તો જેને ભગવાન કહે છે, યોગીઓ જેને પરમાત્મા કહે છે, વેદાંતીઓ જેને બ્રહ્મ કહે છે, તે એક જ તત્ત્વ છે, કહેવા માટે જુદા જુદા શબ્દ-પ્રયોગ થાય છે.

પ્રાયશ્ચિત્તનાં ત્રણ ચરણો છે : -સાચા મનભાવથી પશ્ચાત્તાપ, ભવિષ્યમાં ન કરવાની પ્રતિજ્ઞા, તથા જેટલી હાનિ થઈ ચૂકી છે તેની ક્ષતિ પૂરી કરવી તે.

- પરિવ્રાજક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કઠોપનિષદ્

(ગતાંકથી ચાલુ)

- ઉત્તરા ચિનુભાઈ

અવિદ્યાગ્રસ્તોની દુર્દશા

अविद्यायामन्तरे वर्तमानाः
स्वयं धीराः पण्डितंमन्यमानाः ।
दन्द्रम्यमाणाः परियन्ति मूढा
अन्धेनैव नीयमाना यथान्धा : ।।५।।

એ અવિદ્યાની અંદર રહેનારા, પોતે ઘણા બુદ્ધિમાન્ બની બેઠા છે અને પોતાને પંડિત માનનારા મૂઢ પુરુષો આંધળા વડે દોરાવાતા આંધળાની જેમ અનેક કુટિલ ગતિઓની ઈચ્છા કરતા ભટક્યા કરે છે. (૫)

પ્રગાઢ અંધકાર એટલે અવિદ્યા. સગાં, પશુઓ, ધન ઈત્યાદિ તૃષ્ણાપાશોથી બંધાયેલા મૂઢ લોકો અવિદ્યાના અંધકારમાં આંધળા થઈને ભટકે છે અને વળી બીજા અંધો દ્વારા જ દોરાઈને ખૂબ અનર્થને પામે છે. આંધળા એટલે દૃષ્ટિહીન. જ્ઞાનદૃષ્ટિથી વંચિત. તેમ છતાં પોતાને બુદ્ધિશાળી અને પંડિત માનનારા સંસારની તૃષ્ણાથી ગ્રસ્ત એ બધા ખરી રીતે તો અવિવેકી ને મૂઢ છે. તેઓ જાણે સ્વયમ્ કુટિલ ગતિઓની ઈચ્છા કરતાં વૃદ્ધાવસ્થા, રોગાદિ દુઃખોને પામીને ભટક્યા કરે છે, માર્ગ ન મળતાં નિરર્થક જીવન વેડફી રહ્યા છે.

તેથી જ મૂઢતાને કારણે-

न साम्परायः प्रतिभाति बालं
प्रमाद्यन्तं वित्तमोहेन मूढम् ।
अयं लोको नास्तिं पर इति मानी
पुनः पुनर्वशमापद्यते मे ।।६।।

ધનના મોહ વડે આંધળા થયેલા અને પ્રમાદ કરી રહેલા એ મૂર્ખને પરલોકનું સાધન નથી સૂઝતું. આ લોક છે, પરલોક નથી-આમ માનનારા પુરુષો વારંવાર મારા વશમાં આવી પડે છે. (૬)

એને સામ્પરાય નથી દેખાતું. દેહપાત પછી જે બાજુ ગમન થાય એ સામ્પરાય કહેવાય છે. અર્થાત્ આ લોકથી આગળ પરલોક. જે પ્રમાદી છે અર્થાત્ જેનું ચિત્ત પુત્ર-પૌત્રાદિ, પશુ-ધનાદિ પ્રયોજનોમાં જ આસક્ત છે, જે અજ્ઞાનથી આવૃત છે એને જેટલું દૃશ્યમાન જગત છે જેમ કે સ્ત્રી-પુત્રાદિ ભૌતિક ભોગો, એટલું જ પ્રયોજન છે. એ સિવાય બીજા લોકને એ માનતો નથી, જે દૃષ્ટિથી પર છે. આવો પુરુષ ફરી ફરીને જન્મ-મરણના ચક્કરમાં પડ્યા કરે છે.

આત્મજ્ઞાનની દુર્લભતા

પરંતુ જે તારી માફક શ્રેયની ઈચ્છા કરે છે એવો આત્મવેત્તા તો સહસ્રોમાં કોઈ એક જ હોય છે, કારણ કે-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

श्रवणायापि बहुभिर्यो न लभ्यः
शृण्वन्तोऽपि बहवो यं न विद्युः ।
आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा-
श्चर्यो ज्ञाता कुशलानुशिष्टः ।।७।।

જે ઘણાને સાંભળવા પૂરતો પણ પ્રાપ્ય નથી, જેને ઘણા સાંભળ્યા પછી પણ નથી જાણતા, એ આત્મતત્ત્વનું નિરૂપણ કરનાર પણ આશ્ચર્યરૂપ છે, એને પ્રાપ્ત કરનાર પણ કોઈ નિપુણ પુરુષ જ હોય છે તથા કુશલ આચાર્ય દ્વારા ઉપદેશ કરાયેલો જ્ઞાતા પણ આશ્ચર્યરૂપ છે. (૭).

જે આત્મા ઘણા ખરાને સાંભળવા પણ નથી મળતો, અને જો કદાચ આત્મા વિષે સાંભળે તો પણ એને સમજી નથી શકતો. એવા દુર્ગમ્ય આત્મતત્ત્વ વિષે બોલનાર વક્તા હોય તો તે એક આશ્ચર્ય છે, અને એવા વક્તા દ્વારા જેને આત્મતત્ત્વનો ઉપદેશ મળ્યો હોય એવો જ્ઞાતા હોવો તો વળી બીજું આશ્ચર્ય છે, કારણ કે-

न नरेणावरेण प्रोक्त एष
सुविज्ञेयो बहुधा चिन्त्यमानः ।
अनन्यप्रोक्ते गतिरत्र नास्ति
अणीयान्ह्यतर्क्यमणुप्रमाणात् ।।८।।

બહુ પ્રકારે કલ્પિત કરાયેલો આ આત્મા સાધારણ બુદ્ધિવાળા પુરુષ દ્વારા (કહેવાયા પછી) બરોબર જાણી નથી શકાતો. અભેદદર્શી આચાર્ય દ્વારા ઉપદેશ કરાયેલા આ આત્મામાં (અસ્તિ-નાસ્તિરૂપ) કોઈ ગતિ નથી, કારણ કે આ સૂક્ષ્મ પરિમાણવાળાઓમાં પણ સૂક્ષ્મ અને દુર્વિજ્ઞેય છે. (૮)

આ આત્મા જેને વિષે તું મને પૂછે છે, બીજા કોઈ અવરને (હીનને) અર્થાત્ સાધારણ-સામાન્ય બુદ્ધિવાળા મનુષ્યને સમજાવ્યા છતાં એ સમજી નથી શકતો, કારણ આ આત્મા વિષે તર્કવાદીઓ અસ્તિ-નાસ્તિ (છે-નથી), કર્તા-અકર્તા, શુદ્ધ-અશુદ્ધ એમ અનેક પ્રકારે ચિંતન કરે છે. પ્રશ્ન ઊભો થાય કે તો પછી કેવી રીતે બરાબર જાણી શકાય, ઓળખી શકાય, સમજી શકાય ?

(૧) એનો ઉત્તર એ છે કે "અનન્યપ્રોક્ત" અર્થાત્ ભેદદર્શી આચાર્ય બ્રહ્મરૂપ આત્માને અસ્તિ-નાસ્તિ દ્વારા ચિંતવે છે, પરંતુ આત્મા તો સમ્પૂર્ણ છે, સર્વ વિકલ્પોથી, ભેદોથી રહિત છે.

(૨) "અનન્યપ્રોક્તય"નો બીજો અર્થ એ છે કે આત્મા સિવાય બીજું કાંઈ જ્ઞેય નથી, અન્ય કાંઈ છે જ નહીં. અનન્ય અર્થાત્ સ્વ-આત્મભૂત આત્મતત્ત્વ જાણી લીધા પછી સંસારની ગતિ રહેતી નથી. આત્મવિજ્ઞાનનું ફળ જે મોક્ષ છે તે પામે છે.

(૩) ત્રીજોઅર્થ છે-બ્રહ્મજ્ઞ આચાર્ય દ્વારા ઉપદેશ કરાયેલ આ આત્મતત્ત્વમાં હવે પછી અગતિ-અનવબોધ અર્થાત્ અપરિજ્ઞાન નથી રહેતું. વક્તાની જેમ શ્રોતાને પણ જ્ઞાન થઈ જાય છે, કે હું બ્રહ્મ છું.

આમ શાસ્ત્રજ્ઞ આચાર્ય દ્વારા અભિન્ન રૂપે દર્શાવેલો આત્મા સુવિજ્ઞેય થાય છે, નહીં તો એ અણુ કરતાં પણ વધારે અણુ થઈ જાય છે. પોતાની બુદ્ધિથી કરેલ કેવળ તર્ક દ્વારા આત્મ-વિષયક જ્ઞાન મળતું નથી. જો કોઈ વ્યક્તિ એ અણુપરિમાણવાળા આત્માને સ્થાપિત કદાચ કરે તો પણ બીજો એનાથી પણ અણુ તથા ત્રીજો એથી પણ અત્યંત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અણુ સ્થાપિત કરી દેશે, કારણ કે કુતર્કની સ્થિતિ ક્યાંય નથી. ટૂંકમાં, કોઈ તાર્કિક પાસેથી નહીં, પરંતુ શાસ્ત્રજ્ઞ આચાર્ય દ્વારા ઉપદેશ કરાય તો જ એનું જ્ઞાન સમ્યક્ રૂપે થઈ શકે.

नैषा तर्केण मतिरापनेया
प्रोक्तान्येनैव सुज्ञानाय प्रेष्ठ ।
यां त्वमापः सत्यंधृतिर्बतासि
त्वादृङ्नो भूयान्नचिकेतः प्रष्टा ।।९।।

હે પ્રિયતમ ! સમ્યક્ જ્ઞાન માટે શુષ્ક તાર્કિક કરતાં ભિન્ન (એવા) શાસ્ત્રજ્ઞ આચાર્ય દ્વારા કહેવાયેલી આ બુદ્ધિ કે જેને તું પામ્યો છે, તર્ક દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય નથી. અહા ! તું ઘણી જ સત્ય ધારણાવાળો છે. હે નચિકેતઃ! મને તારા જેવો પ્રશ્નકર્તા પ્રાપ્ત થાઓ. (૯)

એ મતિ કઈ છે જે તર્કથી નથી પ્રાપ્ત થતી ? આના ઉત્તરમાં અહીં કહે છે કે જે મતિને તું મારા વરદાન દ્વારા પામ્યો છે, જે મતિ સત્ય ધારણાવાળી અથવા સત્ય પદાર્થ-વિષયક છે, જેનાથી તું સત્ય ધૃતિવાળો છે. ''બત'' એ અવ્યય વડે અનુકંપા કરી રહેલા યમરાજે આગળ ઉપર કહેવાશે એ વિજ્ઞાનની સ્તુતિ માટે નચિકેતાને કહ્યું, ''હે નચિકેતા ! મને તારા જેવા પ્રશ્ન કરનાર સાચા જિજ્ઞાસુ બીજા પુત્રો (અથવા શિષ્યો) મળે.''

યમરાજ આગળ કહે છે-

जानाम्यहं शेवधिरित्यनित्यं
न ह्यध्रुवैः प्राप्यते हि ध्रुवं तत् ।
ततो मया नाचिकेतश्चितोऽग्नि-
रनित्यैर्द्रव्यैः प्राप्तवानस्मि नित्यम् ।।१०।।

હું એ જાણું છું કે કર્મફળરૂપ નિધિ અનિત્ય છે, કારણ કે અનિત્ય સાધનો દ્વારા એ નિત્ય (આત્મા)ને પામી નથી શકાતો. ત્યારે મારા દ્વારા નાચિકેત અગ્નિનું ચયન કરવામાં આવ્યું. એ અનિત્ય પદાર્થોથી જ હું (આપેક્ષિક) નિત્ય (યામ્યપદ) પામ્યો.

જેને માટે નિધિ (ખજાના)ની જેમ પ્રાર્થના કરવામાં આવે તે કર્મફળરૂપ નિધિ એટલે ''શેવધિ,'' જે અનિત્ય છે-સદાકાળ ન રહે તેવી છે એવું હું માનું છું, કારણ કે આવાં અનિત્ય સાધનો વડે એ નિત્ય પરમાત્માને-સ્થિર નિત્ય નિધિને -પ્રાપ્ત ન કરી શકાય. અનિત્ય પદાર્થોથી અનિત્ય સુખ મળે છે.

તેથી જ મેં નાચિકેત અગ્નિનું ચયન કર્યું હતું. પશુ વગેરે અનિત્ય પદાર્થો વડે સ્વર્ગના સુખ માટેના સાધનસ્વરૂપ એ અગ્નિનું સંપાદન કર્યું. આમ અધિકાર સમ્પન્ન થયા પછી હું આપેક્ષિક નિત્ય સ્વર્ગ નામક યામ્યસ્થાનને પામ્યો છું.

નચિકેતાના ત્યાગની પ્રશંસા કરતાં આગળ કહે છે :

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

कामस्याप्तिं जगतः प्रतिष्ठां
क्रतोरनन्त्यमभयस्य पारम् ।
स्तोममहदुरुगायं प्रतिष्ठां दृष्ट्वा ।
धृत्या धीरो नचिकेतोऽस्राक्षीः ।। ११ ।।

હે નચિકેતા ! તેં બુદ્ધિશાળી થઈને ભોગોની સમાપ્તિ (અવધિ), જગત્‌ની પ્રતિષ્ઠા, યજ્ઞફળનું અનંતત્વ, અભયની મર્યાદા, સ્તુત્ય અને મહતી (અણિમાદિ ઐશ્વર્યયુક્ત) વિસ્તીર્ણ ગતિ તથા પ્રતિષ્ઠાને જોયા છતાં એનો ધૈર્યપૂર્વક ત્યાગ કર્યો છે.

પરંતુ હે નચિકેતા ! તેં તો ધીર બનીને આ સઘળું ત્યાગી દીધું છે. જેમ કે હિરણ્યગર્ભ પદ જેમાં સર્વ કામનાઓની પ્રાપ્તિ-સમાપ્તિ રહેલી છે, જગતની પ્રતિષ્ઠા (અર્થાત્ આશ્રય) કે જે સર્વાત્મક હોવાથી અધ્યાત્મ-અધિભૂત તેમ જ અધિદૈવ રૂપ છે, યજ્ઞના અનંત ફળરૂપ છે; અભયનો પાર (અભયની સીમાથી પર) અર્થાત્ પરા નિષ્ઠા, સ્તોમ અને મહતી ગતિ તથા પ્રતિષ્ઠા (અર્થાત્ સ્તુત્ય અને અણિમાદિ ઐશ્વર્યો સહિતની તેમજ સર્વશ્રેષ્ઠ સ્થિતિ).

આ બધું છોડીને-બળજબરીથી નહીં પણ ધૈર્યપૂર્વક એકમાત્ર પરમ વસ્તુને જ ઇચ્છતા તેં આ સમસ્ત સાંસારિક ભોગસમૂહ, સુખસમૃદ્ધિનો સંપૂર્ણ ત્યાગ કરી દીધો ! અહો ! તું અત્યંત ઉત્કૃષ્ટ ગુણસંપન્ન છે.

જે આત્માને તું ઓળખવા ઇચ્છે છે તે -

तं दुर्दर्शं गूढमनुप्रविष्टं
गुहाहितं गह्वरेष्ठं पुराणम् ।
अध्यात्मयोगाधिगमेन देवं
मत्वा धीरो हर्षशोकौ जहाति ।। १२ ।।

એ મુશ્કેલીથી દેખાતા, ગૂઢ સ્થાનમાં અનુપ્રવિષ્ટ, બુદ્ધિમાં સ્થિત, ગહન સ્થાનમાં રહેનારા, પુરાતન દેવને અધ્યાત્મયોગની પ્રાપ્તિ દ્વારા ધીર (બુદ્ધિશાળી) પુરુષ હર્ષશોક છોડી દે છે. (૧૨)

આત્મા વિષે કહે છે-એ દેવ અતિ સૂક્ષ્મ હોવાને લીધે મુશ્કેલીથી દેખાય છે, શબ્દાદિ પ્રાકૃત વિષયવિકારરૂપ વિજ્ઞાનથી ઢંકાયેલા ગૂઢ છે, ગુહા એટલે બુદ્ધિમાં ઉપલબ્ધ થવાને કારણે એમાં જ સ્થિત છે, ગહ્વરેષ્ઠ છે અર્તાત્ ગહ્વર કે વિષમ સ્થાન - અનેક પ્રકારનાં અનર્થોથી સંકુચિત સ્થાનમાં રહેનારા છે. ટૂંકમાં એ ગૂઢ છે ને બુદ્ધિમાં સ્થિત છે, તેથી ગહ્વરેષ્ઠ છે અને એટલે જ દુર્દશ છે (મુશ્કેલીથી દેખાનાર).

એ પુરાણ પુરુષ - પુરાતન દેવ-ને અધ્યાત્મયોગ વડે પ્રાપ્ત કરીને, જાણીને હર્ષ-શોકને પાર થઈ જાય છે. ચિત્તને વિષયોમાંથી ખસેડીને આત્મામાં લગાડવું એ જ અધ્યાત્મયોગ છે.

અને વળી-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

एतच्छ्रुत्वा संपरिगृह्य मर्त्यः
प्रवृह्य धर्म्यमणुमेतमाप्य ।
स मोदते मोदनीयं हि लब्ध्वा
विवृत्तं सद्म नचिकेतसं मन्ये ।। १३ ।।

મનુષ્ય આ આત્મતત્ત્વને સાંભળીને અને એને સારી રીતે ગ્રહણ કરીને, ધર્મી આત્માને દેહાદિ સંઘાતથી પૃથક કરીને, આ સૂક્ષ્મ આત્માને પામીને તથા મોદનીયને ઉપલબ્ધ કરીને અતિ આનંદિત થઈ જાય છે. હું (તને) નચિકેતાને ખુલ્લા બ્રહ્મભવનવાળો માનું છું. (અર્થાત્ હે નચિકેતા ! મારા વિચાર પ્રમાણે તારે માટે મોક્ષનું દ્વાર ખુલી ગયું છે. (૧૩)

આ આત્મતત્ત્વને, જેનું હું હવે વર્ણન કરીશ, તે સાંભળીને-આચાર્યની કૃપાથી બરોબર આત્મભાવથી ગ્રહણ કરીને મરણધર્મા મનુષ્ય આ ધર્મ્ય (ધર્મવિશિષ્ટ) આત્માને શરીરાદિથી પૃથક્ કરીને, તથા આ અણુ (એટલે કે સૂક્ષ્મ) અને મોદનીય (એટલે કે હર્ષ યોગ્ય) આત્માને પામીને એ મરણશીલ વિદ્વાન આનંદિત થઈ જાય છે. આ રીતે તને હું મોક્ષ પામવા યોગ્ય માનું છું. તારું મોક્ષદ્વાર તારી સામે ખુલ્લું જ છે.

હવે નચિકેતા બોલે છે : ભગવન્ ! જો હું યોગ્યપાત્ર હોઉં, અને આપ મારા પર પ્રસન્ન હો તો મારો આ પ્રશ્ન છે-

अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृताकृतात् ।
अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद ।। १४ ।।

જે ધર્મથી પૃથક્, અધર્મથી પૃથક, તથા આ કાર્યકારણરૂપ પ્રપંચથી પણ પૃથક્ છે, તથા ભૂત અને ભવિષ્યથી પણ અન્ય છે- આવો આપ જેને જુઓ છો તેને (વિષે) જ મને કહો. (૧૪)

ધર્મ એટલે શાસ્ત્રોક્ત ધર્માનુષ્ઠાન. જે ધર્મથી, એના ફળથી તથા (કર્તા-કારણ આદિ) કારકોથી અન્યત્ર છે, જુદી છે; તથા જે અધર્મથી જુદી છે, કૃત (એટલે કાર્ય)થી અને અકૃત (એટલે કારણ)થી ભિન્ન છે; એટલું જ નહીં પણ ભૂત તથા ભવિષ્યથી (એટલે વર્તમાનથી પણ) અન્યત્ર છે. અર્થાત્ ત્રણે કાળો વડે પરિચ્છિન્ન નથી એવી સંપૂર્ણ વ્યવહાર-વિષયથી પર જે વસ્તુને તમે જુઓ છો, તે મને કહો.

નચિકેતાએ આ પ્રમાણે પૂછેલી વસ્તુને તથા એના અન્ય વિશેષણને જણાવવાની ઈચ્છાથી યમરાજ બોલ્યા : (હવે ઓમ્કારનો ઉપદેશ છે)

सर्वे वेदा यत्पदमामनन्ति
तपांसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत् ।। १५ ।।

સર્વે વેદો જે પદનું વર્ણન કરે છે અને સમસ્ત તપોને જેની પ્રાપ્તિનું સાધન કહે છે, જેને ઈચ્છતો (તપસ્વી) બ્રહ્મચર્યનું આચરણ કરે છે, એ પદને હું તને સંક્ષેપમાં કહું છું- ઓમ્ એ જ એ પદ છે. (૧૫)

ચારે વેદો એક રૂપે એ ગન્તવ્ય સ્થાનનું-પદનું-પ્રતિપાદન કરે છે. બધા વેદોમાં એ બ્રહ્મતત્ત્વ વિષે જ ચર્ચા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. સમસ્ત તપો (અર્થાત્ તપસ્યા તેમ જ વિવિધ સાધનમાર્ગો) પણ એ એકની પ્રાપ્તિ માટે જ છે. બ્રહ્મચર્યનું પાલન અથવા બ્રહ્મમાં વિચરણ કરવામાં ઉપયોગી સાધના-આ બેમાંથી કોઈ પણ અર્થ લેવાય. મુમુક્ષુ (મોક્ષનો ઈચ્છુક જન) એ એકને પામવાની ઈચ્છાથી જ બ્રહ્મચર્યગામી થાય છે. એ પદ-એ એક-કયું છે તે તને સૌથી સંક્ષિપ્ત રૂપે કહું તો તે કેવળ ઓમ્કાર છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ઉપનિષદોના ઘણા મંત્રો જોવા મળે છે. કેટલાક મંત્રો કંઈ પણ ફેરફાર વિના તો કેટલાક નજીવા શબ્દભેદ અથવા ક્રમભેદ સાથે છે. આ મંત્ર ગીતા અધ્યાય ૮ શ્લોક-૧૧માં આ રીતે છે :

यदक्षरं वेदविदो वदन्ति
विशन्ति यद्यतयो वीतरागाः ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ।।
''ओमित्येकाक्षरं ब्रह्म''

ૐ - આ જ એ પદ છે. આ જે ૐ છે અર્થાત્ જે ૐ શબ્દનો વાચ્ય અને ૐ એ જ જેનું પ્રતીક છે, તે જ એ પદ છે જેને તું જાણવા માગે છે.

(ૐ નું, આત્માનું, આત્મસ્વરૂપનું નિરૂપણ કરતા મંત્રો આવતા અંકમાં.)

OOO

સચ્ચા સાધુ

એક સાધુને હજરત ઈબ્રાહીમે પૂછયું, ''સાચા સાધુનું શું લક્ષણ ?'' સાધુએ કહ્યું, ''જે મળ્યું તે ખાઈ લીધું, અને ન મળ્યું તો સંતોષ કરી લેવો.'' હજરતસાહેબ હસ્યા, ''આ તો કૂતરાં પણ કરે છે.'' સાધુએ કહ્યું, ''કૃપા કરીને આપ જ સાચા સાધુનાં લક્ષણો જણાવો.'' હજરતસાહેબ બોલ્યા, ''મળે તો વહેંચીને ખાવું, ન મળે તો પ્રભુની કૃપા માની પ્રસન્ન થવું કે હે દયામય ! તેં મને તપસ્યાનો સુઅવસર આપ્યો. અલભ્ય અવસર આપનારનો ઉપકાર માની લેવો.''

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રમ સમાચાર

ભીમપુરા (ચાંદોદ)

શારદીય નવરાત્રિ વખતે આશ્રમમાં નવચંડીનું પારાયણ તથા ૨૧ કુમારિકાઓનું પૂજન તેમ જ ભોજ થયું. એ પ્રસંગે સમસ્ત ભીમપુરા ગામના રહેવાસીઓને પણ ભોજન કરાવવામાં આવ્યું.

O

શ્રી શ્રી માની આવિર્ભાવ - શતાબ્દીનો ઉત્સવ સમાપ્ત થયા પછી પણ શ્રધ્ધાળુ ભક્તોના દાનની વ્યવસ્થ થતાં ભીમપુરા ગામનાં બાળકો તથા સગર્ભા બહેનો માટે શતાબ્દી દરમ્યાન શરૂ કરાયેલો દૂધ અને નાસ્તો વિતરણ કરવાનો કાર્યક્રમ હજી પણ તે જ પ્રમાણે ચાલી રહ્યો છે.

O

નવેમ્બર ૧૬ થી ૨૦ સુધી આશ્રમમાં એક શિબિરનું આયોજન થયું. નડિયાદ હાઈસ્કુલના ૧૫૦ જેટલ વિદ્યાર્થીઓ માટેના એ આધ્યાત્મિક શિબિરમાં યોગાસન, પ્રાણાયામ, શ્રમદાન સહિતની વિવિધ તાલીમો આપવામ આવી. શ્રી સંતરામ મહારાજશ્રી (નડિયાદ) તથા 'ઈપ્કોવાળા ટ્રસ્ટ'ના સહયોગથી ને પ્રેરણાથી યોજાયેલા અ શિબિરમાં વિદ્યાર્થીઓ આશ્રમની ભૂમિ પર ૨૨ તંબૂઓ બાંધીને રહ્યા હતા. ૨૧, નવેમ્બરે સાધુ મહાત્માઓ બ્રાહ્મણો તેમ જ નિકટવર્તી ગ્રામજનતાને આમંત્રિત કરીને ભોજન-ભંડારા સાથે કાર્યક્રમનું સમાપન થયું. વિદ્યાર્થીઓએ શિબિર દરમ્યાન શિક્ષકોનાં અને સાધુ-મહાત્માઓનાં પ્રવચનો સાંભળવાનો લાભ લીધો હતો.

O

તા. ૧૭, ૧૮, ૧૯, ૨૦ ડીસેમ્બરે આશ્રમમાં પૂજ્ય સ્વામી શ્રી ભાસ્કરાનંદજીની નિશ્રામાં 'ગીતા-જયંતિ નિમિત્તે પૂજન તેમ જ ત્રણ દિવસ રોજ 'ગીતા' ના ૬ અધ્યાયોનો પાઠ થશે. આમ ત્રણ દિવસમાં 'ગીતા'ના ૧૮ અધ્યાય સમાપ્ત કરીને ચોથે દિવસે સંપૂર્ણ 'ગીતા'નો પાઠ કરવામાં આવશે. રોજ સાંજે ૧ કલાક સ્વામી નાગેશપુરીજ મહારાજ શ્રીમદ્ ભગવદ્ ગીતા વિષે પ્રવચન કરશે.

O

માતૃભક્તોના પ્રિય, આદરણીય સ્વામી ભાસ્કરાનંદજી ચાતુર્માસ નિમિત્તે બે માસનો નિવાસ શ્રી નારાયણ સરોવર (કચ્છ)માં કરીને સપ્ટેમ્બરમાં અમદાવાદ થઈ ભીમપુરા પધાર્યા છે. પૂ. સ્વામીજી શ્રી પદ્મનાભજીની પૂજા માટે વારાણસી આશ્રમમાં પધારશે.

O

વિશેષ સૂચના : -

મહા સુદ પાંચમ - વસંત પંચમી - ને દિવસે શ્રી સરસ્વતી - પૂજા પૂજ્ય સ્વામીજીના સાન્નિધ્યમાં ભીમપુરા આશ્રમમાં થશે.

મહાશિવરાત્રિનું પૂજન પણ પૂજ્ય સ્વામીજીની નિશ્રામાં ભીમપુરા આશ્રમમાં થશે.

આશ્રમનો ટેલિફોન નંબર બદલાયો છે જેની નોંધ ભક્તોએ લેવી : - ૦૨૬૬૩ - ૩૩૨૦૮

॥ જય મા ॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

❄ Branch Ashrams ❄

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 6840365)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, Maharashtra.

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 5362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram,
Main Road, P.O. Ranchi-834001, Bihar (Tel : 312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth,
Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193, U.P.

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 310054+311794)

23. VINDHYACHAL: Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, U.P.

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel : 442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

श्री श्री आनन्दमयी संघ

ॐ माँ

मातृ शरणं

मुद्रक—रत्ना प्रिंटिंग वर्क्स, कमच्छा, वाराणसी फोन : 322820

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માઁ આનન્દમયી

અમૃત વાર્તા

VOL. 1 APRIL 1997 No. 2

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

SHREE SHREE ANANDAMAYEE SANGHA

❄ Branch Ashrams ❄

1. AGARPARA : Shree Shree Ma Anandamayee Ashram,
P. O. Kamarhaiti, Calcutta-700058 (Tel : 5531208)
2. AGARTALA : Shree Shree Ma Anandamayee Ashram,
Palace Compound, P.O. Agartala-799001. West Tripura
3. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram,
Patal Devi, P.O. Almora-263602, U.P. (Tel : 23313)
4. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Dhaul-China, Almora-263881, U.P.
5. BHIMPURA : Shree Shree Ma Anandamayee Ashram,
Bhimpura, P.O. Chandod, Baroda-391105, Gujarat
6. BHOPAL : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Bairagarh, Bhopal-462030, M.P. (Tel : 521227)
7. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
Kishenpur, P.O. Rajpur, Dehradun-248009
U.P. (Phone: 684271)
8. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
Kalyanvan, 176, Rajpur Road,
P.O. Rajpur, Dehradun-248009, U.P.
9. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Raipur Ordnance Factory, Dehradun-248010
10. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
47/A Jakhan, P.O. Rajpur, Dehradun, U.P.
11. JAMSHEDPUR : Shree Shree Ma Anandamayee Ashram,
Near Bhatia Park, Kadma, Jamshedpur-831005, Bihar
12. KANKHAL : Shree Shree Ma Anandamayee Ashram,
P.O.Kankhal, Hardwar-249408, U.P. (Tel:426575)
13. KEDARNATH : Shree Shree Ma Anandamayee Ashram, Near Himlok,
P.O. Kedarnath, Chamoli-246445, U.P.
14. NAIMISHARANYA : Shree Shree Ma Anandamayee Ashram, Puran Mandir,
P.O. Naimisharanya, Sitapur-261402, U.P.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

શ્રી શ્રી આનન્દમયી માની દિવ્ય જીવન-લીલા અને
અમૃત વાણી વિષયક
ત્રિમાસિક પત્રિકા

-: સંપાદક સમિતિ :-
સ્વામીશ્રી ભાસ્કરાનંદજી
ઉત્તરા ચિનુભાઈ
બ્રહ્મચારિણી વસુમતીબહેન
નિરંજન મહેતા

-: મેનેજીંગ સંપાદક :-
શ્રી પાનુ બ્રહ્મચારી

-: વાર્ષિક લવાજમ :-

ભારતમાં	રૂા. ૬૦/-
વિદેશમાં	યુ. એસ. ડૉલર ૧૨/-
એક અંકની છુટક કિંમત	રૂા. ૨૦/-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃત વાર્તા

સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે, - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી મા આનન્દમયી મા વિષેના લેખો છપાશે. તેમ છતાં સાધુ-સંતોના જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રી મા- વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોના જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમ જ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફુલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮- સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

"અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

A rare photo of Ma taken in Varanasi Ashram in January, 1950

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

ગુજરાતી

વર્ષ - ૪ અંક - ૨

એપ્રિલ, ૧૯૯૭

અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनंन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥

૧. માતૃવાણી ૧

૨. માતૃલીલાકથા ૩

૩. શ્રી શ્રીમાનું કરુણા-નિર્ઝર........ પરિવ્રાજક ૬

૪. આનન્દમયી મા .... મહામહોપાધ્યાય પં. ગોપીનાથ કવિરાજ ૮

૫. શ્રી શ્રીમા આનન્દમયી કૃપાકથા .... નટવરભાઈ પટેલ ૧૬

૬. શ્રી શ્રીમાની અમરવાણી ૨૮

૭. સત્ - પ્રસંગો .... પરિવ્રાજક ૩૨

૮. માતૃ-સત્સંગ........ સ્વામી ભાગવતાનન્દ ગિરિ ૩૬

૯. કઠોપનિષદ્........ ઉત્તરા ચિનુભાઈ ૪૫

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Srj Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃવાણી

જે અક્ષરથી મનમાં ત્રાણ થાય, એ જ મંત્ર છે. અક્ષર ચિન્મય - શબ્દ બ્રહ્મ, નામબ્રહ્મ, નામરૂપે એમને મેળવી શકાય એ જ ચિંતન કરવું જોઈએ. મારી અંદર જે બીજ છે, એમાંથી જ વૃક્ષ થશે, એ વિશ્વાસ રાખો. પુન: બીજ વપન કરવાથી જેમ પાણી આપવું પડે છે, ખાતર આપવું પડે છે, તે જ રીતે સત્સંગરૂપી ખાતરને પાણી આપીને મંત્રરૂપી બીજને અંકુરિત કરવું પડે છે. જેવું ઈચ્છશો તેવું પ્રાપ્ત કરશો.

O

વિગ્રહને, નામને છોડીને ન રહો. હરતાં-ફરતાં, ખાતાં-સૂતાં સર્વદા નામ લઈને રહો. જેટલું પાણી આપશો, ખાતર આપશો, બરોબર એટલું જ જલ્દી વૃક્ષ જન્મ લેશે. જો જલ્દી નહીં થાય તો સમજી લેજો કે દોષ મારો છે. સમજજો કે મારા જ જન્મ-જન્માંતરની ચિંતાઓ દૂર કરીને હું એમનાં ચરણોમાં પૂર્ણ રૂપે મારી જાતને અર્પિત નથી કરી શકતો. અવગુણ બધા મારા છે.

O

આ શરીર સર્વદા કહે છે - અમરપંથી બનો, મૃત્યુપંથી નહીં. અમર પથ પર ચાલો. તમે તો અમૃત, અમર છો, એને પ્રગટ કરો.

O

સત્ય સ્વરૂપ ભગવાનના સંગનો અર્થ છે સત્સંગ. જેમને આશ્રય બનાવી દીધા પછી બધા જ દોષો દૂર થઈ જાય છે, એમનો જ આશ્રય લો. અવગુણમાંથી શુભ ગુણો અવશ્ય મેળવશો. તેઓ જ પિતા, તેઓ જ માતા, તેઓ જ બંધુ, તેઓ જ સખા, બધું. આવો બોધ રાખવો પડશે. તેઓ શું વગર આપે રહી શકે છે ? તમારી ઈચ્છા છે અને એ પ્રગટ ન થાય, એવું તો બની ન શકે. માર્ગ લાંબો છે કે ટૂંકો - આ પ્રશ્નને મનમાં સ્થાન ન આપવું જોઈએ. મારે પ્રાપ્ત કરવાનું છે, આવી જ ભાવના રાખો. તમે તમારી પૂર્ણ શક્તિ વાપરો, તો જ તો તમે પ્રાપ્ત કરી શકશો. કેટલું સુંદર ! પકડવાથી બધું આવી જાય છે.

આવન-જાવન નથી. હું તો આત્મા છું, એવોભાવ રાખો. આવાગમનમાંથી મુક્તિ મેળવવા માટે ગુરુનો આશ્રય લેવો જ પડે છે. ક્યાં આવવું - ક્યાં જવું ? જેમના આશ્રયમાં જવાથી મુક્તિ છે, તેઓ તો સર્વત્ર સ્વયમ્ છે.

O

જેટલો ભગવત્ - અનુરાગ થાય છે, એટલો જ વિષયો પ્રત્યે વૈરાગ્ય આવે છે. ભગવાનમાં મન પરોવવાનો અર્થ છે - ભગવાન પ્રત્યે આકર્ષિત થવું; અને વૈરાગ્ય થવાનો અર્થ છે - વિષય પ્રત્યે વૈરાગ્ય થવો. ભગવાન પ્રત્યે અનુરાગ થવો અને વિષય પ્રત્યે વૈરાગ્યનું આવવું એકી સાથે થાય છે. ત્યાગ થઈ જાય છે. ત્યાગ કરવાનું પ્રયોજન નથી હોતું. આ જ ત્યાગ, એ જ સાચો ત્યાગ છે. તમે લોકો તો પરમાનંદનો ત્યાગ કરી ચૂક્યા છો. તમે લોકો જ સાચા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્યાગી છો. મહાનનો ત્યાગ કરીને તમે બધાં મહાત્યાગી બન્યાં છો !

O

ભગવાનના રાજ્યના ખેલ કેવા સુંદર છે ! આત્મા-એક આત્મા સ્તો ! તો પણ તમે, તમારું એ બધું. જો અમારું-તમારું કહેવું પડે તો ભગવાનના નિત્ય દાસ. જગત્-રૂપે, પરિવાર-રૂપે, કેટલા જન્મો અમારું-અમારું કરતા આવ્યા છો ! હું અમૃત, આત્મા - એકમ્ બ્રહ્મ દ્વિતીયમ્ નાસ્તિ - એમના સ્તો ! જો અમારું-તમારું રહે તો ભગવાનમાં પરોવો. બરફમાં શું છે ? પાણી જ ને ? એ જ રીતે નિરાકાર-સાકાર. સાકાર શું છે ? સ્વયમ્ જ ક્રિયા, ક્રિયારહિત ક્રિયા. આકર્ષણ - પોતાની અંદર જ પોતાનું આકર્ષણ.

O

જ્યારથી ભગવાન છે ત્યારથી માયા છે. ભગવાન ક્યારે નથી ? તેથી માયા પણ અનાદિ છે. અંત ક્યાં છે ? કોનું આકર્ષણ ? કોનો પ્રકાશ (પ્રાગટ્ય) ? વિચાર કરો. પોતાના જ તો છે ? એનો જ જ્યારે પ્રકાશ (પ્રગટ) થયો તો પછી માયા કોની ? પોતાને મેળવવાની ચેષ્ટા કરો - ચાહો દાસરૂપે કે ચાહો તો આત્મારૂપે. તમે અમૃત-આત્મારામ. જન્મ-મૃત્યુ-ભોગ તો પછી કેમ છે ? પોતાની અંદર જ પોતે.

O

જે દુઈ (બે) લઈને છે, તે જ દુનિયા છે. (બંગલામાં નિયા એટલે લઈને.)

દૂર બુદ્ધિ એ જ દુર્બુદ્ધિ છે.

દેહ એટલે દેઓ દેઓ.

ગોલ વસ્તુ (રૂપિયા)ને મોટી માનવી એ જ ગોલમાલ છે.

O

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃલીલા કથા

(ગતાંકથી ચાલુ)

૧૯૪૯

જાન્યુઆરી, પંજાબ	:	અંબાલામાં સાધુ-સંતો દ્વારા પુષ્પવૃષ્ટિ કરીને 'મા'નું સ્વાગત. ત્રિવેણીપુરીજી (ખન્નાબાબા) 'મા' પાસે.
માર્ચ, વૃન્દાવન	:	આશ્રમનો પાયો.
ઝૂસી	:	વાસંતીપૂજા.
એપ્રિલ, દહેરાદૂન	:	માતૃભક્ત ડૉ. શારદા (સેવાજી) દ્વારા શ્રીમદ્ ભાગવત-સપ્તાહનું આયોજન. સ્વામી અખંડાનંદ સરસ્વતી દ્વારા વ્યાખ્યા. પ્રસિદ્ધ ગાયક પં. ઓમ્કારનાથ ઠાકુર 'મા' પાસે. ઉત્તરકાશીના મહાત્મા દેવીગિરિજીનું 'મા' સાથે મિલન. 'મા'ના જન્મોત્સવમાં ત્રિવેણીપુરીજી, અખંડાનંદજી, કૃષ્ણાનંદ અવધૂતજી, મુંબઈના કૃષ્ણાનંદજીનું આગમન.
રાયપુર (દેહરાદૂન)	:	ભક્ત પરશુરામજી દ્વારા જમનાલાલ બજાજે ખરીદેલી ભૂમિ પર 'તપાલય' નામક નિર્મિત ભવનમાં સાધુઓ સાથે 'મા' નો પ્રવેશ.
કલ્યાણ વન (દહેરાદૂન)	:	નવનિર્મિત કુટીરનું ઉદ્ઘાટન.
ઑગસ્ટ, વારાણસી	:	નાળિયેરી પૂર્ણિમા (ઝૂલન પૂર્ણિમા) એ ઝૂલનોત્સવ. ભક્તોએ રાખડી બંધાવી. જન્માષ્ટમીએ સંતદાસબાબાજીની શિષ્યા ગંગાદીદીએ 'મા'ને રૌપ્યસિંહાસન પર બેસાડીને પૂજન કર્યું.
સપ્ટેમ્બર, દેહરાદૂન	:	દુર્ગાપૂજા.
ઑક્ટોબર, વારાણસી	:	કાલીપૂજા, અન્નકૂટ.

૧૯૫૦

૧૪, જાન્યુઆરી, મકર સંક્રાંતિ, વારાણસી	:	ત્રણ વર્ષના સાવિત્રી - અખંડ - મહાયજ્ઞની પૂર્ણાહુતિ. દસ હજાર બ્રાહ્મણોનું ભોજન. વિવિધ મહાત્માઓનો સમાગમ. વારાણસી નગરમાં શોભાયાત્રા.
માર્ચ, વૃન્દાવન	:	'મા'ના શરીરની અસ્વસ્થતાને કારણે હરિબાબાજી દ્વારા અન્નત્યાગ.
એપ્રિલ, હરિદ્વાર	:	પૂર્ણ કુંભ-સ્નાન. જળ સાથે એકાકાર થઈ જવાના ભાવને કારણે 'મા' અદશ્ય. દીદીની આતુર પ્રાર્થનાથી પુનઃ દર્શન.
જુલાઈ, વારાણસી	:	વિરજા હોમ મંદિરમાં 'મા'નો પ્રવેશ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઈટાવા	:	ભક્ત જયનારાયણ વાજપેયીના આવાહનથી ઈટાવા-ગમન.
ડિસેમ્બર, દિલ્હી	:	રાયબહાદુર નારાયણદાસજી 'મા'ને બિરલા મંદિરમાં લઈ ગયા.

૧૯૫૧

જાન્યુઆરી, વારાણસી	:	સ્કૉટલૅન્ટના કૉલિન ટર્નબુલનું 'પ્રેમાનંદ' નામકરણ : અમેરિકન યુવક જૅક આયંગર 'મા' પાસે.
માર્ચ, વારાણસી	:	મહાશિવરાત્રિના દ્વિતીય પ્રહરમાં વિશ્વનાથ - મંદિરમાં.
એપ્રિલ, આનન્દકાશી (ટિહરી ગઢવાલ)	:	ચૈત્રી નવરાત્રિમાં પૂજા તથા શિવ-પ્રતિષ્ઠા. ટિહરીનાં રાજમાતાની સર્વ વ્યવસ્થા.
મે, પંજાબ	:	જલંધર, દોરાહા આદિ સ્થળોએ જન્મોત્સવ, અંબાલામાં તિથિપૂજા.
મે-જૂન, મંડી	:	રાજાના આમંત્રણ પર મંડી રાજ્યમાં આગમન. રાજશાહી ઠાઠ સાથે 'મા'નું ભવ્ય સ્વાગત. કુલુ, મનાલીની શોભાનું અવલોકન, નામયજ્ઞ. યોગેન્દ્રનગરમાં 'મા'.
જુલાઈ, બિહાર	:	છપરામાં કાશ્મીરી ભક્તના નિમંત્રણથી. ભાગલપુર, ગૈબીનાથ, હજારીબાગ ઈત્યાદિ સ્થાનોમાં.
ઑક્ટોબર, વારાણસી	:	દુર્ગાપૂજા. મહાષ્ટમીએ કન્યાપીઠના શિલ્પપ્રતિષ્ઠાન-ભવનમાં ગૃહપ્રવેશ. દાતવ્ય ઔષધાલય તથા શિશુકલ્યાણની સ્થાપના.

૧૯૫૨

જાન્યુઆરી, કલકત્તા	:	હૉસ્પિટલમાં રોગીઓને જોવા ગયાં. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ને દર્શન.
કાનપુર	:	પ્રભુદત્ત બ્રહ્મચારીજીના આહ્‌વાનથી કાશીપુરના સાધુ-સમ્મેલનમાં. ઉન્નાવથી થોડે દૂર ભવાનીપુર ગામમાં બે વૃક્ષોના આહ્‌વાનથી 'મા' આવ્યાં, લીમડો ને વડ એ બે વૃક્ષોનું હરિ ને હર નામકરણ. (અદ્‌ભુત પ્રસંગ - દીદીની ડાયરીમાં એનું વર્ણન છે.)
ફેબ્રુઆરી, હરિદ્વાર	:	બાઘાટ-હાઉસમાં શિવ-પ્રતિષ્ઠા.
માર્ચ, વૃન્દાવન	:	હોલિકોત્સવમાં હરિબાબાજીએ દર્શન કર્યાં કે શ્રી ગૌરાંગ મહાપ્રભુ તથા 'મા' અભિન્ન છે.
મે, ખન્ના (પંજાબ)	:	જન્મોત્સવ ખન્નામાં (લુધિયાનાથી થોડે દૂર ખન્ના નામક સ્થળ છે) પ્રભુદત્ત બ્રહ્મચારીજીના આગ્રહથી.
ઑગસ્ટ, વારાણસી	:	ઝૂલનોત્સવ સમયે કન્યાપીઠની કન્યાઓ સાથે ગૂઢાર્થપૂર્ણ 'તીર્થવાસિની લીલા'.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

		ઝૂલન પૂર્ણિમા, ચન્દ્રગ્રહણ, સર્વ પ્રથમ સંયમ-સપ્તાહ પ્રારંભ. પ્રસિદ્ધ સંત શ્રી શંકર ચૈતન્ય ભારતી 'મા'ના સાન્નિધ્યમાં.
સપ્ટેમ્બર, વારાણસી	:	ભાગવત જયંતી પ્રારંભ.
ઑક્ટોબર, વારાણસી	:	બાલેશ્વર પ્રસાદજીના નિવાસે શારદીય નવરાત્રિ-ઉત્સવ.
જગન્નાથપુરી	:	કાલીપૂજા તથા અન્નકૂટ.

(ક્રમશઃ)

OOO

શ્રી શ્રી આનન્દમયી મા.

પૂજ્ય 'મા' એ મારી દૃષ્ટિમાં વ્યક્તિ નહીં, પરંતુ શક્તિ હતાં. ધરતી પર અવતરિત કોઈ વિશિષ્ટ વ્યવસ્થા જેમાં ત્રણ વાત એક સાથે મળે, જે ત્રણે પૂજ્ય 'મા'માં હતી. અવધૂત - અદ્‌ભુત - અનુભૂત. એમને જોઈને અદ્‌ભુત છે એવી બુદ્ધિ પર અસર થતી. તેઓ યોગી છે અર્થાત્ અવધૂત, અને એમનું મૌન-દર્શન બંન્ને જટિલથી જટિલ સમસ્યાનું સમાધાન કરી શકે સો અનુભૂત.

- શ્રી મોરારિ બાપુ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રીમાનું કરુણા-નિર્ઝર

- પરિવ્રાજક

"જય હૃદયવાસિની - અર્થાત્ જે સર્વાન્તરવ્યાપી, સર્વજ્ઞ, સર્વશક્તિમાન્ છે, અને પરાત્પર, નિર્ગુણ સાકાર - નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણ છે; જે નિર્મળ અને પવિત્રતમ છે.

"શુદ્ધા સનાતની" - તે જે નિત્ય, અખંડ, અદ્વય, અસીમ, નિરાકારનું સ્વરૂપ છે.

આપણે જ્યારે આ ભજનનું ગાન કરીએ અથવા સાંભળીએ, ત્યારે એના શબ્દોના અતલ ઊંડાણનો ખ્યાલ કરતા નથી; અને આકાશ જેવી અનંતતાના ભાવનું વિસ્મરણ કરીએ છીએ. આ ભજનનો પ્રત્યેક શબ્દ એક ઉદાત્ત ભાવથી પરિપૂર્ણ છે.

આ છે રચનાકારની પરા ભક્તિ. પરમારાધ્યા શ્રી શ્રીમાના સ્વરૂપનું દર્શન પ્રથમ પંક્તિમાં જ મળી આવે છે.

OOO

બ્રહ્મલીન પંડિત ગોપીનાથ કવિરાજની ઉક્તિ 'તિથિ-દર્પણ' નામક પંચાંગના છેલ્લે પાને સંકલિત છે :

"શ્રી શ્રી આનન્દમયીમાનો પરિચય આપી શકવાને યોગ્ય ક્ષમતા મારી ક્યાં છે ? એમનો એકમાત્ર પરિચય એ છે કે તેઓ મા છે, તેઓ પ્રકૃતિ નથી, પુરુષ નથી, એટલે સુધી કે ઈશ્વર પણ નથી. માત્ર 'મા' છે - નિરુપાધિક 'મા' એ શિવની મા છે, જીવની મા છે. જગતના ઘોરતર સંકટકાળમાં સંતાનની રક્ષા માટે અને પોતાના શાંતિમય ખોળામાં આકર્ષિત કરવા માટે આવી છે. વિશ્વને સર્વાંગીણ પૂર્ણતા આપવા માટે અવતીર્ણ થઈ છે, જે મનુષ્યની ઉદ્દામ કલ્પનાથી પણ અતીત છે."

OOO

વાત અનેક વર્ષો પૂર્વેની કાશી આશ્રમની છે. એક બાળક આશ્રમની કન્યાપીઠમાં કાર્યરત હતો. ચાર-પાંચ દિવસ બાદ કન્યાપીઠની એક છાત્રાએ ફરિયાદ કરી કે કોઈ એક વસ્તુ ગુમ થઈ છે. બાળક ઘણીવાર આવતો, પરંતુ કોઈને પણ એના પર શંકા ન થઈ. બનવા કાળ હતો, એક દિવસ કન્યાપીઠના ઉપરના કક્ષમાં એક-બે છાત્રાઓ જઈ પહોંચી. હૉલમાં જઈ જોયું તો એની થેલીમાં મૂકતો હતો. છાત્રાઓએ બૂમ પાડી. સેવક સાથે પ્રાધ્યાપિકા વગેરે આવ્યાં. છાત્રાઓએ કહ્યું કે આ બાળક ઘડિયાળ લેતો હતો. સહુએ એને પકડીને કહ્યું કે "ઘણા દિવસે આખરે ચોર પકડાયો છે, એને મા પાસે લઈ જઈએ."

શ્રી શ્રીમા તે સમયે ઘણું ખરું શ્રી અન્નપૂર્ણાજીના મંદિરના વરંડામાં બેસતાં, જ્યાં સત્સંગ પણ થતો. પેલા બાળકને લઈને પ્રાધ્યાપિકા વગેરે આવ્યાં, તથા અગાઉની થયેલી ચોરી તેમ જ બાળકની થેલીમાં ઘડિયાળનું હોવું પર્યંતની વાત સહિત બાળકને રજુ કર્યો. ડૉ. પન્નાલાલજી પણ ત્યાં હાજર હતા. તેઓ બોલ્યા, "મા, હમણાં જ હું પોલિસ ઑફિસમાં ખબર કરીને આ બાળકને ચોકીએ મોકલાવી દઉં છું." પરંતુ મા તો શાંત, ધીર, ગંભીર હતાં. માએ બાળકને પાસે બોલાવ્યો; એના માતા-પિતા શું કરે છે, એ પોતે અભ્યાસ કરે છે કે નહીં - આ બધું એટલા બધા વાત્સલ્યથી પૂછ્યું કે બાળકની આંખોમાંથી દડદડ આંસૂ ઝરવા માંડ્યાં. માએ એમનો વરદ હસ્ત બાળકના માથે અને પીઠ પર ફેરવ્યો ! ત્યારે બાળક બોલ્યો, "મને આ ચોરીની ટેવ પડી છે. માતા-પિતા ગરીબ છે અને હું કાંઈ કરતો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નથી, એટલે આવી ચોરી કરીને થોડા પૈસા ઘરમાં અને થોડા હાથખર્ચ માટે રાખું છું.'' માએ એના ઘરનું સરનામું પૂછી લીધું, અને ડૉ. પન્નાલાલને કહ્યું કે પોલિસમાં જણાવવાની જરૂર નથી, અભાવને કારણે આ આદત પડી છે, જીવ-સ્વભાવ છે, શું કરે ?

બાળકને ફળ આપતાં માએ કહ્યું, ''કાલે બપોરે પ્રસાદ (ભોજન) માટે અહીં આશ્રમમાં આવજે, અને બીજે કોઈ સ્થળે ન જતાં આ શરીર પાસે જ આવજે.'' માની અપાર કરુણાથી અભિભૂત થઈ એ બાળક નિર્ભયપણે બોલ્યો, ''હું કાલે આવીશ, અને તમારી પાસે જ આવીશ.''

માએ પ્રેમભરી વિદાય આપી. બીજે દિવસે કન્યાપીઠના રસોડામાં માએ કોઈ વિશેષ વ્યંજન બનાવવાનું કહ્યું. કોઈને કારણ ન સમજાયું, તો વળી કોઈએ કહ્યું કે મહાત્મા આવવાના હશે. માએ એક આસન, પુષ્પમાળા તથા ચંદન પણ તૈયાર રખાવ્યાં.

બરોબર બપોરે પેલો બાળક નિર્ભય થઈને આવી પહોંચ્યો. આવીને માને પ્રણામ કર્યા. ડૉ. પન્નાલાલ, બાળક સહિત મા, કન્યાપીઠમાં આવ્યાં. માએ તેને આસન પર બેસવા કહ્યું, અને પન્નાલાલજીને માળા તથા ચંદન લેવાનું કહી ભોજનની થાળી મંગાવી. બાળક અવાક્ થઈને જોઈ રહ્યો ! માએ પ્રેમ-વાત્સલ્યપૂર્ણ વાણીથી કહ્યું, ''ભોજન શરૂ કરી દે.'' ઉપસ્થિત સહુને જોઈ બોલ્યાં, ''સબ તો ભગવાનકા રૂપ હૈ.''

બાળકની બંન્ને આંખોમાંથી ચોધાર આંસૂ વહી રહ્યા હતાં, અને માની અમીદૃષ્ટિમાંથી કરુણા-નિર્ઝર વહી રહ્યું હતું જેમાં બાળકનું અંતર અને સહુનાં અંતર રસ-તરબોળ થઈ સ્નાન કરી રહ્યાં હતાં. માએ એક વયોવૃદ્ધ માતાને ત્યાં રાખી અને પોતે જતાં પહેલાં બાળકને મળવાનું કહ્યું. બાળક તદનુસાર ભોજનથી તૃપ્ત થયા બાદ તરત મા પાસે આવ્યો. માએ એક ધોતિયું તથા ખમીસનું કપડું આપ્યું.

બાળકે દૃઢ મને માને વચન આપ્યું કે હવેથી આવું દુષ્કાર્ય કોઈ દિવસ નહીં કરે. માએ કહ્યું, ''તારે કોઈ ચીજની જરૂર હોય તો વિના સંકોચે આ શરીર પાસે આવીને માગીને લઈ જવી.''

માની જીવ પ્રત્યેની મહાકરુણા.

OOO

''શ્રદ્ધાયુક્ત અંતઃકરણ વડે જ્ઞાનપૂર્વક તથા ઉપાસનાપૂર્વક કરેલું કાર્ય અત્યંત સામર્થ્યવાન્ થાય છે.''

- છાન્દોગ્ય ઉપનિષદ્ - ૧-૧-૧૦.

''હે મનુષ્ય ! દુસ્તર ચાર સેતુઓને (અવરોધોને) તું આ રીતે પાર કરઃ દાનથી કૃપણતાને, શ્રદ્ધાથી અશ્રદ્ધાને, અને સત્યથી અસત્યને. આ જ સાચો માર્ગ છે, આ જ અમૃત છે. હે શ્રેયસ્કામી મનુષ્ય ! (આ ચાર માર્ગોના અનુષ્ઠાન દ્વારા જ તું) સ્વર્ગમાં જા, પ્રકાશ પ્રત્યે પ્રગતિ કર.''

- સામવેદ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આનન્દમયી મા

- મહામહોપાધ્યાય પં. ગોપીનાથ કવિરાજ.

૬ સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૨૮ને દિવસે માતા આનન્દમયી સાથે મારી પહેલી મુલાકાત થઈ. તેઓ એમના પતિ અને કેટલાક ભક્તો સાથે કાશી આવ્યાં હતાં. કાશીમાં એ વખતે મોહલ્લા રામાપુરાસ્થિત કુંજમોહન મુખોપાધ્યાયને ત્યાં રહ્યા હતાં. માતા આનન્દમયીનાં દર્શન કરવા માટે હંમેશા ભીડ રહેતી. પણ હું એ સમાચારથી અપરિચિત હતો. માતા આનન્દમયીની આગમનવાર્તા મહામહોપાધ્યાય પદ્મનાભ વિદ્યાવિનોદને ત્યાં પહેલવહેલી મળી હતી.

ગૌહાટીથી અવસર પ્રાપ્ત પંડિત મહામહોપાધ્યાય પદ્મનાભ વિદ્યાવિનોદ મહાશય ત્યારે કાશીવાસ કરી રહ્યા હતા. મારે ત્યાં રોજ આવતા. અંગ્રેજીના અધ્યાપક હોવા છતાં વિદ્યાવિનોદ મહાશય પ્રાચીન ઈતિહાસની શોધો કરતા રહેતા, ખાસ કરીને પ્રાચીન શિલાલિપિ પ્રત્યે એમને પ્રેમ હતો. 'કામરૂપ શાસનાવલી' (INSCRIPTION OF ASSAM) એમનું પ્રસિદ્ધ પુસ્તક છે. તેઓ હિંદુ ધર્મના પ્રાચીન પંથીઓના આદર્શો પ્રત્યે આસ્થા ધરાવતા, અને પોતે શાસ્ત્રોનું અનુશીલન કર્યા કરતા.

એક દિવસ વિદ્યાવિનોદ મહાશય મારે નિવાસે આવીને બોલ્યા, "કાશીમાં એક મહિલા આવ્યાં છે. તેઓ રામાપુરા મોહલ્લામાં કુંબાબૂને ઘેર હમણાં ઊતર્યાં છે. હંમેશા સમાધિમાં મગ્ન રહે છે. એમને જોતાં જ એવું લાગે કે ઉચ્ચ કોટિનાં સાધિકા છે. આપ જઈને એમનાં દર્શન કરો."

વિદ્યાવિનોદ મહાશય ભાગ્યે જ કોઈની પ્રશંસા કરતા. માતા આનન્દમયી વિષે આ જાતની પ્રશંસા ભરેલી વાણી સાંભળીને એમને મળવાની ઈચ્છા તીવ્ર થઈ ગઈ. વિદ્યાવિનોદ મહાશયે જણાવેલા સરનામે ૬ સપ્ટેમ્બરે માનાં દર્શન કરવા ગયો. કુંજબાબૂને ત્યાં ત્રીજે પહોરે પહોંચ્યો. કુંજબાબૂના મોટા ભાઈ શશાંકબાબૂ (અખંડાનંદજી-દીદીના પિતા) એ માનાં દર્શન કરાવવાની યથાવિધિ વ્યવસ્થા કરી આપી. એ લોકોએ ભોલાનાથજી જોડે મારો પરિચય કરાવ્યો. તેઓ મને સાથે લઈને એક નાના કક્ષમાં આવ્યા. ત્યાં માને ગંભીર સમાધિમાં લીન જોયાં. ભોલાનાથજીએ માની સમાધિ ભંગ કરવાનો પ્રયત્ન કર્યો, પણ એમને એ કાર્યમાં સફળતા ન મળી. એ દિવસે માનાં દર્શન કરવા છતાં એમની સાથે કોઈ જાતની વાતચીત ન કરી શક્યો. લગભગ રાત્રે નવ વાગ્યા સુધી એ દિવસે પ્રતીક્ષા કર્યા બાદ ઘેર પાછો ફર્યો. બીજે દિવસે ૭ સપ્ટેમ્બરે, સવારના પહોરમાં હું ફરી ત્યાં ગયો. ગયા પછી ખબર પડી કે તેઓ હજી પણ સમાધિમાં મગ્ન છે, એટલે એમનાં દર્શન નિમિત્તે પ્રતીક્ષારત રહ્યો.

થોડીવારમાં તેઓ સમાધિમાંથી ઊઠ્યાં. એ વખતે જેટલા દિવસ મા કાશીમાં હતાં, એ મહીનામાં ૮ મીથી ૧૨મી તારીખ સુધી બંન્ને વખત, સવાર-સાંજ એમનાં દર્શન અને વાતચીત કરવા માટે જતો. એક દિવસ 'ભારત ધર્મ-મહામંડલ'ના સ્વામી દયાનંદને માતાજી પાસે જોયા. સ્વામી દયાનંદને એવો વિશ્વાસ હતો કે સાક્ષાત્ ભગવતી જ માતા આનન્દમયીના રૂપમાં પૃથ્વી પર અવતરિત થયાં છે. સ્વામીજીએ પૂછ્યું, "મા, આપ કોણ છો ?"

માતા આનન્દમયીએ ઉત્તર આપ્યો, "હું શું કહું ? આપ જે સમજ્યા છો, હું એ જ છું."

સ્વામીજી પુનઃ પૂછે છે, "જ્યારે આપ સમાધિમાં રહો છો, ત્યારે એ સવિકલ્પ સમાધિ હોય છે કે નિર્વિકલ્પ ? એ વિષે કંઈ કહો."

માએ ઉત્તર આપ્યો, "આનો વિચાર હું કેવી રીતે કરી શકું ? હું સમાધિમાં રહું છું, એ તમે જોઈ ચૂક્યા છો,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એટલે જ એ તમારી વાત છે અને તમારા વિચારનો વિષય છે. સમાધિ વિષે તમે અનભિજ્ઞ છો, એ સમાધિ છે કે નહીં, કેવી સમાધિ છે ? આ તમારા વિચારનો વિષય છે. આ વિષે હું શું કહી શકું ? હું તો બહુ ભણેલી-ગણેલી નથી, એટલે સમાધિના પ્રકાર-ભેદો નથી જાણતી. પણ એટલું કહી શકું છું કે સર્વદા એક જ અવસ્થામાં રહું છું. સમાધિનું થવું કે સમાધિથી જુદું થવું, આ તમારા લોકોની વાત છે. મારે માટે બંન્ને એક જ છે. આ સ્થિતિનું શું નામ હોય, તમે કહો.''

ઉપસ્થિત ભક્ત-મંડળીમાંથી કોઈએ પૂછ્યું, ''શું એ સ્થિતિ પ્રજ્ઞાવસ્થા તો નથી ?''

માતા આનન્દમયીએ કહ્યું, ''એ તમારા લોકોનું વિચાર-સાપેક્ષ છે.''

કુંજબાબૂને ઘેર આ વખતે મા બહુ ઓછા સમય માટે હતાં. કુંજબાબૂનું ભવન એ દિવસોમાં રાત-દિવસ ઉત્સવથી મુખરિત રહેતું. સમાજના દરેક વર્ગના લોકો જેમ કે પંડિત, સાધુ, સામાન્ય લોકો, સ્ત્રી-પુરુષ ત્યાં મોજૂદ રહેતા. માનાં દર્શન કરીને પ્રણામ કરવા તથા શક્ય હોય તો બે-એક વાતો કરવી એ લોકોનો મુખ્ય ઉદ્દેશ્ય હતો. માના સાન્નિધ્યમાં એકવાર ગયા પછી પુનઃ એમની નજીક જઈને બધાં પોતાને કૃતાર્થ માનતાં. માતા આનન્દમયી જેટલા દિવસ કાશીમાં હતાં, એટલા દિવસ વિભિન્ન સ્થાનોમાંથી આવતા વિભિન્ન પ્રકારના લોકોની ભીડ રહેતી. એમને આગત વ્યક્તિઓના પ્રશ્નોના ઉત્તરો આપવા પડતા. માતા આનન્દમયી કઈ સ્થિતિમાં, કયા રૂપમાં, ક્યાં છે ? એ વાત કોઈ નહોતું જાણી શકતું. પ્રત્યેક ભક્ત પોતપોતાના દૃષ્ટિકોણથી એમને વિષે વિચાર કરતો. કોઈ કહેતું, ''આપ કાલીના અવતાર છો.'' ઢાકા (બાંગલાદેશ)માં એવી પ્રસિદ્ધિ હતી. વિભિન્ન મહાવિદ્યા-સમૂહ સાથે માનો સાક્ષાત્કાર થયો છે, કેટલાક ભક્તો એવી કલ્પના કરતા. કોઈ ભક્તો એમને 'શુકદેવ'ના અવતાર માનતા. બાહ્ય જગતમાં એમના કોઈ ગુરુ ન હતા. અનુશ્રુતિ છે કે માતાજી માતૃગર્ભમાંથી જ પૂર્ણ જ્ઞાન સાથે ભૂમિષ્ઠ થયાં છે.

માનાં પ્રથમ દર્શનથી પહેલવહેલો જે પ્રભાવ મારા પર પડ્યો હતો, અત્યારે એનું વિશ્લેષણ કરીને કંઈ પણ કહેવું મારે માટે શક્ય નથી. એટલું ચોક્કસ કહી શકું છું કે એ દિવસે મારી પોતાની આંખે જે કાંઈ જોયું હતું, તે પહેલાંની જોયેલી વાતોથી જુદું હતું. એવું લાગ્યું કે આવું કદીયે નહોતું જોયું, આ તો સ્વપ્નમાં જોયેલાં દૃશ્યોને જાગ્રત અવસ્થામાં જોવા જેવું લાગે છે.

રોજ ત્રીજે પહોરે જાતજાતના લોકો આવતા ને પ્રશ્નો પૂછતા. સામાન્ય વાતો દ્વારા અનુપમ માધુર્યથી મા એમની વાતોનો જવાબ આપતી. પ્રશ્ન ગમે તેવો જટિલ કે અઘરો કેમ ન હોય, ઉત્તર અવશ્ય મળતો. એવું લાગતું જાણે ઉત્તર આપવામાં જરીકે વાર નહીં, ચિંતા કે કલ્પના નહીં.

એક દિવસ એક મહિલાએ રાતને વખતે આવીને માતા આનન્દમયીને (દૃષ્ટાભાવથી) કહ્યું, ''મા, જ્યારે હું આસન પર બેસું છું, ત્યારે ઈચ્છા થાય છે કે તમારી પાસે આવું, પણ દર વખતે એવું બની નથી શકતું. આથી મારા મનમાં દુઃખ થાય છે. જ્યારે અહીં આવતી રહું છું ત્યારે મનમાં આનંદ થાય છે. આપના સાન્નિધ્યમાં રહેવાથી સુખ મળે છે.''

બધું સાંભળ્યા બાદ માતા આનન્દમયી હસી પડ્યાં, બોલ્યાં, ''તમારી વાતો સમજી ન શકી. તમે કહ્યું કે તમારો સાક્ષીભાવ કે દૃષ્ટાભાવ કે અંતઃચક્ષુ ખુલી ગયાં છે, એ તો આનંદની વાત છે. તો પછી તમે એમ કેમ કહો છો કે જ્યારે મારા સાન્નિધ્યમાં આવો છો ત્યારે જ તમને આનંદ કે સુખ અનુભવાય છે. ન આવવાથી દુઃખ અનુભવો છો,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરિણામે એમ લાગે છે કે હજી તમારી અંદર દુઃખ-સુખનો બોધ છે, એટલા માટે દુઃખ-સુખ એ ભોગ અંતર્ગત છે. દ્દષ્ટા કે સાક્ષીને ક્યારેય ભોગ હોય છે ?'' આટલું બોલીને હસી પડ્યાં.

માતા આનન્દમયી જ્યારે જ્યારે કાશી આવતાં, ત્યારે ત્યારે હું મુલાકાત માટે જતો. શરૂઆતમાં માતા આનન્દમયી ધર્મશાળામાં ઉતારો રાખતાં. કોઈ ગૃહસ્થના ઘરમાં ન જતાં. ક્યારેક નૌકામાં નિવાસ કરતાં. થોડા વખત પછી જ્યારે ભદૈનીમાં આશ્રમ બની ગયો, ત્યારે ત્યાં આવીને રહેવા લાગ્યાં. ધીમે ધીમે માતા આનન્દમયી સાથે મારી ઘનિષ્ઠતા વધતી ગઈ. એકવાર એમણે એમના પિતા શ્રી વિપિનવિહારી ભટ્ટાચાર્યને મારી સાથે પુરીસ્થિત જગન્નાથજીની રથયાત્રા જોવા માટે મોકલ્યા. હું એમને લઈને મારા ગુરુદેવ સ્વામી વિશુદ્ધાનંદજીના આશ્રમે ગયો. રથયાત્રા-મેળો જોઈને એમણે પુરીના વિશિષ્ટ સ્થાનોનાં દર્શન કર્યાં. એ દિવસોમાં ગુરુદેવ ત્યાં જ હતા. એમનાં દર્શન કરીને વિપિનબાબૂ પ્રસન્ન થઈ ગયા, બોલ્યા, ''આમના જેવા શક્તિસમ્પન્ન પુરુષ પૂર્વે કદી નહોતા જોયા. મારી હાર્દિક ઇચ્છા છે કે સુવિધાનુસાર કોઈ વિશેષ સમયે મા અને બાબાજીની મુલાકાત કરાવાય. બન્ને વ્યક્તિઓ લોકોત્તર છે. બન્ને એકબીજાને મળીને આનંદિત થશે.''

એમની કહેવાની રીત એવી હતી કે જાણે એ સાક્ષાત્કાર માટે એમની એ મહાન ઇચ્છાની પૂર્તિ હું અવશ્ય કરું. વિપિનબાબૂની એ ઇચ્છાપૂર્તિ કરતાં મને પાંચ વરસનો સમય થઈ ગયો.

પુરીક્ષેત્રના આશ્રમનું નામ 'વિશુદ્ધાનંદ-ધામ' છે. પુરીધામસ્થિત આશ્રમના નિર્માણ અને વ્યવસ્થાદિનો વ્યયભાર કલકત્તા હાઈકોર્ટના વકીલ ને બાબાજીના પરમ ભક્ત શ્રી ક્ષેત્ર ગોપાલ વંદ્યોપાધ્યાય (એમ.એ.બી.એલ.) મહોદયે ગ્રહણ કર્યો હતો. આ આશ્રમ આર્મસ્ટ્રૉંગ રોડ પર પુરી જિલ્લા સ્કૂલની પાસે છે. ૧૯૩૫ની વાત છે. ત્યારે ગુરુદેવ કાશીમાં હતા, અને માતા આનન્દમયી એ દિવસોમાં ગોદૌલિયા-સ્થિત વીરેશ્વર પાંડે ધર્મશાળામાં ઊતર્યાં હતાં. એ વખતે ખૂબ આગ્રહ કરીને માતા આનન્દમયીને ગુરુદેવના આશ્રમમાં લઈ ગયા. ગુરુદેવે ખૂબ પ્રસન્ન ભાવથી માતા આનન્દમયીનું સ્વાગત કર્યું. માગશરની ચૌદશ એટલે કે ૩૦મી નવેમ્બર, ૧૯૩૫ ઈ.સ. ને દિવસે શ્રી શ્રી વિશુદ્ધાનન્દ પરમહંસની શ્રી શ્રીમા આનન્દમયી સાથે મુલાકાત થઈ હતી.

માતા આનન્દમયીને બસ દ્વારા મલદહિયાવાળા ગુરુદેવના આશ્રમ (વિશુદ્ધાનન્દ કાનન)માં લઈ ગયો. એમની સાથે બીજા પંદર ભક્તો હતા. સાથે પતિદેવ ભોલાનાથજી તથા એમના પરમ ભક્ત ભાઈજી (જ્યોતિષચંદ્ર રૉય) પણ હતા. મા સાથે કાશ્મીર વગેરે બીજા પ્રાંતોમાંથી આવેલા ભક્તો પણ હતા – સ્ત્રીઓ ને પુરુષો બંન્ને ગુરુદેવે ભક્તોના સ્વાગત માટે સૂર્ય મંદિરને બીજે માળે વરંડામાં બેસવાનો પ્રબંધ કરાવ્યો હતો. વરંડામાં કામળો પાથરેલો હતો (ભક્તો માટે), મા તથા અન્ય વિશિષ્ટ લોકો માટે પૃથક્, પૃથક્ આસનો હતાં. એક બાજુ ખૂણામાં આરામ ખુરશીમાં ગુરુદેવ બેઠા હતા. આશ્રમના ભક્તો વરંડાની પશ્ચિમ બાજુએ બેઠા હતા. મેં એવો વિચાર કર્યો હતો કે મા જ્યારે ભક્તો સાથે ત્યાં આવશે, ત્યારે ઉપર જઈને ગુરુદેવને સમાચાર આપીશ; પણ માતા આનન્દમયી હું પહોંચું તે પહેલાં ઉપર આવી ગયાં હતાં. પછીથી હું ત્યાં પહોંચ્યો.

ઉપર આવતાં જ માએ ગુરુદેવને સંબોધીને કહ્યું, ''પિતાજી, તમારી નાની દીકરી આવી છે. અત્યારે કન્યા એના પિતાની પાસે આવી છે.''

ગુરુદેવ આરામ ખુરશીમાં બેઠા હતા. આવું સંબોધન સાંભળતાં વેંત એમણે ઊભા થઈને અભ્યર્થના કરીને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કહ્યું, "હા, દીકરી એને ઘેર આવી છે."

માને માટે આસન તો પહેલેથી જ ગોઠવી રાખ્યું હતું, પણ તેઓ બાબાજીની સામે ન બેસતાં ખાલી જમીન પર બેસી ગયાં. ભોલાનાથ આસન પર બેઠા હતા. ભક્તો કામળા પર બેઠા હતા.

થોડી વાર પછી માના કાશ્મીરી ભક્તો પર દૃષ્ટિ પડતાં જ બાબાએ પૂછ્યું, "મા, આ લોકો ક્યાંથી આવ્યા છે ? કયા પ્રાંતના નિવાસીઓ છે ?"

માતા આનન્દમયીએ કહ્યું, "પિતાજી, એવું કેમ પૂછો છો ? આ લોકો ક્યાંથી આવ્યા છે - પૂછવાનું શું તાત્પર્ય છે ? આ બધા લોકો એક જ જગતમાંથી આવ્યા છે જેમ લોકો આવે છે."

બાબાને થયું કે કદાચ માતા આનન્દમયી પરિહાસ કરી રહ્યાં છે. બાબાએ કહ્યું, "હા, મા, બધાં જ એક જ જગતમાંથી આવ્યાં છે, પણ બહાર આવીને લોકો ભિન્ન ભિન્ન જાતિના થઈ જાય છે.

માએ કહ્યું, "હા, પિતાજી. ભિન્ન ભિન્ન હોવા છતાં એકમાં જ છે."

પછી માએ ભાઈજીને કહ્યું, "જ્યોતિષ, તમે ઘણા દિવસોથી બાબાને કંઈ પૂછવા માગતા હતા, ખાસ કરીને સૂર્ય-વિજ્ઞાન વિષે. આજે જ્યારે અહીં આવ્યા છો, તો બાબાની નિકટ તમારા હૃદયની વાસનાનું ઉન્મોચન કરો. બાબા બધું દેખાડી દેશે."

આટલું કહ્યા બાદ માએ મારી સામે જોયું. હું એમની ઇચ્છા અને તાત્પર્ય સમજી ગયો. મેં બાબાને કહ્યું, "આપનું જીવનચરિત્ર વાંચ્યા પછી જ્યોતિષબાબૂને સૂર્ય-વિજ્ઞાન વિષે જાણવાની ઇચ્છા થઈ છે. સૂર્ય-વિજ્ઞાન શું છે અને એ કયા રૂપમાં થાય છે ?

બાબાએ કહ્યું, "સૂર્ય-વિજ્ઞાન એ યોગ-વિભૂતિ નથી. જે લોકો સમજી નથી શકતા, તેઓ માને છે કે યોગ-વિભૂતિની અંતર્ગત છે, પણ વાસ્તવિકતા એ છે કે સૂર્ય-વિજ્ઞાન સાથે યોગ-વિભૂતિને કંઈ પણ સંબંધ નથી. સૂર્ય-વિજ્ઞાનની સૃષ્ટિ વિજ્ઞાનમાંથી થઈ છે.

"યોગ અને ઇચ્છા શક્તિથી પણ સૃષ્ટિ થાય છે અર્થાત્ બ્રહ્મ જગતના કોઈ પણ પદાર્થની સૃષ્ટિ બે પ્રકારે થઈ શકે છે. એ બે પ્રકારોમાં અનેક પ્રકારના ભેદો છે. સૂર્ય-વિજ્ઞાનમાં સૂર્યની રશ્મિઓને ઓળખીને વિભિન્ન રશ્મિઓનું સંઘટન કરવામાં આવે છે, ત્યારે સૃષ્ટિ કરવામાં આવે છે. સૂર્યનું અપર નામ 'સવિતા' છે, અર્થાત્ પ્રસવકર્તા, સમસ્ત જગતની સૃષ્ટિ સૂર્યમાંથી થઈ છે. એ દ્વારા સૃષ્ટિ, પાલન તેમ જ સંહાર બધું જ થાય છે.

"સૂર્ય-વિજ્ઞાનવિદ્ એ બધાં જ રહસ્યો પર કબ્જો કરી શકે છે. એનાં રહસ્યો જાણ્યા પછી એમને મેળવવામાં આવે છે. સમ્મિશ્રણની શુદ્ધ પ્રણાલી શીખ્યા પછી ઇચ્છાને અનુરૂપ વસ્તુની સૃષ્ટિ કરી શકાય છે. જાતજાતની ક્રિયાઓ પણ શક્ય બને છે. આનાથી યોગીની આત્મશક્તિ પર કોઈ જાતનો પ્રભાવ નથી પડતો. જો ઇચ્છા-શક્તિના પ્રભાવ વડે કોઈ સૃષ્ટિ કરવી પડે, તો ઉપાદાન બહારથી લેવું શક્ય નથી હોતું. એને આત્મસ્વરૂપમાંથી લેવું પડે છે. તે જ રીતે સૂર્ય-વિજ્ઞાનમાં સૂર્ય રશ્મિઓનાં ઉપાદાનોનો સંગ્રહ કરવો પડે છે. એ જ પ્રમાણે ચંદ્ર-વિજ્ઞાનમાં ચંદ્રમાંથી, વાયુ-વિજ્ઞાનમાં વાયુમાંથી, શબ્દ-વિજ્ઞાનમાં શબ્દમાંથી જ ઉપાદાન-સંગ્રહ કરવો પડે છે. ઇચ્છાશક્તિના માધ્યમથી જે સૃષ્ટિ થાય છે, એને માટે કોઈ પ્રકારનું ઉપાદાન કદી પણ નથી લેવામાં આવતું. એ આત્મા જ ઉપાદાનના રૂપમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરિણત થઈ જાય છે. એટલા માટે જ યોગ અર્થાત્ ઈચ્છાશક્તિ વડે સૃષ્ટિ કરવાનું વિશેષ રૂપે નિષિદ્ધ છે. એનાથી આત્મિક હાનિ થાય છે. જોકે એની ક્ષતિપૂર્તિ થઈ જાય છે, તેમ છતાં એ યોગીની ઈષ્ટ સિદ્ધિમાં બાધાઓ આવે છે.

"જો સૂર્યવિજ્ઞાન દ્વારા સૃષ્ટિ થાય તો કોઈ જાતની આત્મિક ઉન્નતિની હાની થવાની શક્યતા નથી રહેતી."

આટલું કહીને બાબાએ એમના જૂના શિષ્ય દુર્ગાકાંત રાયને કહ્યું, "અંદરથી લેન્સ લઈ આવો."

દુર્ગાકાંતબાબૂ અવકાશ પ્રાપ્ત 'જજ' હતા. પેન્શન લીધા પછી બાબા પાસે રહે છે. બાબાના આદેશાનુસાર 'જ્ઞાનગંજ'થી એક લેન્સ લઈ આવ્યા. બાબા એ લેન્સના માધ્યમથી વિભિન્ન પ્રકારની રશ્મિઓ કાઢીને જાતજાતનાં દૃશ્યો બતાવવા માંડ્યા.

પહેલાં જાતજાતની ગંધોની સૃષ્ટિ એમણે કરી. અનેક પ્રકારનાં ફૂલો બનાવ્યાં. એમાંથી કપૂર, કેસર ઈત્યાદિ પેદાં કર્યાં. જ્યોતિષબાબૂ સૂર્ય-રશ્મિ દ્વારા ઉત્પન્ન થયેલી અને ભૌતિક સત્તા-સમ્પન્ન સ્થૂળ વસ્તુઓની ઉત્પત્તિ જોઈને ચકિત થઈ ગયા.

માતા આનન્દમયીએ કહ્યું, "પિતાજી, આ તો પ્રકૃતિની શક્તિની લીલા છે, અને એક પ્રકારે માયાનું અલૌકિકત્વ છે."

બાબાએ કહ્યું, "હા, માયા તો છે જ. સમસ્ત વિશ્વ-સૃષ્ટિ જ મહામાયાથી આવૃત છે. શું એમાં કંઈ સંદેહ છે ?"

માતા આનન્દમયીએ કહ્યું, "એક માયાના ધક્કાથી આ લોકો મોહિત થઈ જાય છે, પાછી કેમ માયા ઉપર માયા બતાવો છો ! માયાને દૂર કરી દો."

હું ત્યાં ઊભો હતો. માએ મારી સામે જોઈને કહ્યું, "પિતાજીને પકડો. એમની પાસે પરમ વસ્તુ રાખી છે. એમણે ઢાંકણા ઉપર ઢાંકણું મૂકીને આવરણ કરી દીધું છે." પછી બાબાને કહ્યું, "હવે આવરણમાં આબદ્ધ ન રાખો. બધાં જ પ્રકારનાં આવરણો મુક્ત કરો. પરમ વસ્તુનું દ્વાર ખોલી દો."

બાબા બોલ્યા, "બેટી, હું તો આપવા માટે આવ્યો છું. આપવા માટે પ્રસ્તુત છું. બંન્ને હાથો ફેલાવી રાખ્યા છે, પણ લેશે કોણ ?" આટલું કહીને હસી પડ્યા.

ત્યારબાદ બીજી અનેક વાતો થઈ. પછી બાબાએ કહ્યું, "આ લોકોને નાસ્તો આપો." તે માટે પ્રબંધ કરી રાખ્યો હતો. માતા આનન્દમયીને એમણે કહ્યું, "પિતાને ઘેર આવી છો, કંઈક ખાવું પડશે."

માતા આનન્દમયીએ કહ્યું, "આ લોકો મને અહીંયા ખવડાવી-પીવડાવીને લાવ્યા છે."

એ સાંભળીને બાબાને થયું કે માતા આનન્દમયી અહીંયાં કંઈ ખાવા નથી માંગતાં. ફરીથી એમણે પૂછ્યું, "બેટી, શું તમે કંઈ જ નહીં ખાઓ ?"

માએ કહ્યું, "ખાઈશ કેમ નહીં ? નાની દીકરી શું પિતાજીને ત્યાં નથી ખાતી ? પરંતુ આ દીકરીની એક જિદ છે. આ છોકરી (દીકરી) પોતાને હાથે નથી ખાતી, એને ખવડાવવું પડશે."

ત્યાર પછી બાબા એક પ્લેટમાંથી થોડુંક ફળ લઈને ખુરશી પરથી ઊભા થઈ ગયા. મા પણ ઊભાં થઈ ગયાં. બાબાની ઈચ્છા હતી કે પહેલાં એ મિઠાઈ લઈને માના મુખમાં મૂકી દેશે, પણ તે પહેલાં જ માએ પેલી મિઠાઈ લઈને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાબાના મોઢામાં મૂકી દીધી.

કોણે પહેલાં મિઠાઈ મૂકી તે બરાબર સમજ ન પડી. કદાચ બંન્નેએ એકી સાથે પરસ્પરને મિઠાઈ ખવડાવી. એ દૃશ્ય જોઈને બધાં હસી પડ્યાં. જ્યારે બધાંનો નાસ્તો પત્યો, ત્યારે માએ કહ્યું, ''હવે આ છોકરી જવા માગે છે. હવે અનુમતિ આપો, જાઉં.''

બાબાએ ભાવપૂર્ણ શબ્દોમાં કહ્યું, ''દીકરી હવે જો જાય છે, તો આ બુઢ્ઢા બાપને કદી ન ભૂલે.''

માતા આનન્દમયી સાથે અહીંયાંથી જ મારી ઘનિષ્ઠતા વધી. હું એમને જગદંબાનું સ્વરૂપ માનતો હતો. આજે ચાળીસ વર્ષોથી મારે એમની સાથે સંપર્ક રહ્યો છે.

માતા આનન્દમયીનો પરિચય થયા પછી 'આનન્દમયી સંઘ' દ્વારા પ્રકાશિત પત્રિકા 'આનન્દવાર્તા'ના પ્રત્યેક અંકમાં મારો લેખ છપાતો. તે ઉપરાંત માના ઉપદેશ ('અમરવાણી' પુસ્તક)ની મેં કરેલી વ્યાખ્યા છપાતી ગઈ. પછીથી એ લેખોનું સંકલન કરીને 'આનન્દમયી સંઘ'દ્વારા પુસ્તકાકારે પ્રકાશિત કરવામાં આવ્યું. એ પુસ્તકની ભૂમિકા મેં લખી હતી.

મા સંબંધી ધારણા અને વિશ્વાસ એ મારા હૃદયની વસ્તુ છે, જેને નિર્વિચારે બીજાઓ ગ્રહણ કરવા માટે બાધ્ય નથી. એ વિષયમાં બીજાઓ સાથે તર્ક કરવાનું, શક્ય નથી. જે **ચીજ હૃદયમાં સંતાડી રાખવાની વસ્તુ છે, એને બહાર કાઢીને ચર્ચાનો વિષય બનાવવામાં મન સમ્મત નથી થતું. મા સ્વરૂપમાં ભાવાતીત, મહાભાવસ્વરૂપિણી, મા અનન્ત પ્રકારે અનન્ત ભાવોનો સંગમ તથા ઉદ્‌ગમ હોવા છતાં સમસ્ત ભાવોથી અતીત છે. માના એ તુરીયાતીત સ્વરૂપને કોણ ગ્રહણ કરી શકે ? માને ઓળખવા માટે માનાં ચરણોમાં આત્મસમર્પણ કરીને એમની સાથે એકાત્મબોધ પ્રાપ્ત કરવો પડશે. માથી જુદા રહીને માનો પરિચય મેળવવો ક્યારેય શક્ય નથી.**

કાશી, વિંધ્યાચલ, રાયપુર, વૃંદાવન, રાજગીર, મુંબઈ, સોલન, પૂના, અલ્મોડા, હરિદ્વાર ઈત્યાદિ સ્થળોએ હું મા સાથે હતો. એમની સાથે વિભિન્ન વિષયો પર વાતો કરી ચૂક્યો છું. સન ૧૯૪૯ની વાત છે. ત્યારે વિંધ્યાચલ આશ્રમ પૂર્ણ રૂપે પ્રતિષ્ઠિત નહોતો થયો. એ વખતે માતા આનન્દમયીએ મને વિંધ્યાચલ આવવાનું આમંત્રણ આપ્યું. એ આમંત્રણ મળતાં જ હું તરત વિંધ્યાચલ ગયો. એ દિવસોમાં નિશાકાળે વૃક્ષ નીચે બેસીને માતા આનન્દમયી આગળ અખંડ મહાયોગ વિષે ચર્ચાઓ કરતો.

૭મી સપ્ટેમ્બર, ૧૯૨૮માં મા સાથે તત્ત્વકથાનો સૂત્રપાત થયો હતો. તે પછી અનેક દિવસો સુધી, અનેક સ્થળોમાં તત્ત્વકથાઓ થતી. માતા આનન્દમયી બધાના પ્રશ્નોના ઉત્તરો આપતાં. ઘણીવાર ચર્ચા વખતે તેઓ કહેતાં,

''કોઈ કંઈ પણ કરે, બધી સાધના છે. આ સંસારના બંધનમાંથી જો મુક્ત થવા માગતા હો, તો 'એમને' બાંધી લો. આ સંસારને બાંધી લો. પછી એ આપોઆપ કપાઈ જશે. માયા-મોહ-પ્યાર. હજી ગૃહસ્થી, પ્રત્યે પ્યાર છે, એને ઉલટાવીને 'એમની' બાજુ લગાડો. 'એમને' પ્યાર કરો. 'એમના' પ્રત્યે માયા બતાવો. તો પછી સંસારની માયા છૂટી જશે. પછી માયા નહીં રહે.''

પ્રશ્ન : હું મોટો છું કે ઈષ્ટ મોટા છે ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : તમારો શો ખ્યાલ છે ?

પ્રશ્ન : મારો ખ્યાલ એવો છે કે હું મોટો છું, કારણ કે ઈષ્ટ મારી અંદર લીન થઈ જાય છે, પણ હું ત્યારે પણ હોઉં છું.

મા : હું અત્યારે એમ નહીં કહું. હું કહીશ કે હજી પણ ઈષ્ટ મોટા છે તમારે માટે. હજી પેલી સ્થિતિ નથી આવી, જ્યાં સુધી હું અને ઈષ્ટનો પૃથક્ બોધ છે ત્યાં સુધી ઈષ્ટ મોટા છે. જ્યારે પૃથક્ બોધ નહીં રહે, ત્યારે બંન્ને એક થઈ જશે. એ વખતે એક જ રહેશે, એકમાત્ર એ જ રહેશે, એ જ હું. પણ અત્યારે જો 'હું' માં વિશ્રામ કરવા માંડશો, તો તમારી ગતિ અટકી જશે. પછી વિકાસ નહીં થાય. જ્યાં સુધી ગુરુ-શિષ્યનો બોધ રહે છે, ત્યાં સુધી ગુરુ જ મોટા હોય છે. જ્યારે બંન્ને એક થઈ જશે, ત્યારે એ વખતે કશી બાધા નહીં રહે.

પ્રશ્ન : મા, કોઈ કોઈ વાર પોતાની જાતને જોવાય ? બરોબર જોયું છે કે હું મારા શરીરને જોઈ રહ્યો છું. એવી સ્થિતિમાં કોણ જુએ છે ?

મા : એ અભ્યાસમાત્ર છે, પ્રકૃત દ્રષ્ટા નથી. જ્યારે સામે કીર્તન થાય છે, ત્યારે એમ લાગે છે જાણે હું બધાં સાથે મળી ગયો છું. જાણે શબ્દમય થઈને શબ્દ સાંભળી રહ્યો છું, જાણે બધાં સાથે મળીને બધાંને જોઈ રહ્યો છું. એમની વચ્ચે પોતાનું શરીર પણ દેખાય છે. આ બધો આભાસમાત્ર છે, વાસ્તવિકતા નહીં .

પ્રશ્ન : દ્રષ્ટા અને સાક્ષીમાં શું અંતર છે ?

મા : બન્ને એક છે.

પ્રશ્ન : તો પૃથક્ નામો કેમ છે ?

મા : 'તમે', 'હું' પૃથક્ નામો કેમ છે ? વ્યવહારમાં એવું થાય છે. મૂળમાં એક છે.

પ્રશ્ન : તુલસીદાસે વૃંદાવન જઈને શ્રીકૃષ્ણનાં રૂપનાં દર્શન કરીને કહ્યું હતું, ''હું તમારું આ રૂપ નહીં જોઉં. તમે વાંસળી છોડીને ધનુષ-બાણ હાથમાં લો, મારી સામે રામના રૂપમાં પ્રગટ થાઓ.'' તુલસીદાસ તો જ્ઞાની હતા, તો પછી એમણે આવું શા માટે કહ્યું ?

મા : આ એકાગ્રતા દેખાડવા કેવળ છે. અન્યથા તેઓ જાણતા હતા કે બધાં રૂપો એક જ છે. જો આમ ન હોત, તો એમણે એવું કેવી રીતે કહ્યું - ''તમારું આ રૂપ નહીં જોઉં.'' આ તમે કોણ છો ? આ એ જ છે જેનું રૂપ વંશીધરનું રૂપ છે, ધનુર્ધારી રૂપ છે. એમણે સ્વરૂપમાં આ જ જોયું હતું. એ જ કારણ છે કે એમની પ્રાર્થનાથી કૃષ્ણ રામરૂપમાં આવિર્ભૂત થયા. મૂળને એક રૂપમાં ન જોવાય તો આવું નથી બનતું.

પ્રશ્ન : મનની ચંચળતા કેવી રીતે સમાપ્ત થાય ?

મા : એક જ જગ્યાએ ચુપચાપ બેસી રહેવાની ટેવ પાડો. પડિયામાં પાણી હાલે છે અને જ્યારે પડિયો સ્થિર કરીને મૂકી દેવામાં આવે ત્યારે શાંત થઈ જાય છે. આ જ પ્રમાણે દીર્ઘકાળ સુધી શરીર સ્થિર રાખવાથી મન આપમેળે સ્થિર થઈ જાય છે.

પ્રશ્ન : જો સાધકના શરીરનું અસ્તિત્વ સાધનાના ખ્યાલની સાથોસાથ સ્વીકારીએ તો શરીરના બધા સંસ્કારો સામાન્ય મનુષ્યોના સત્ સંસ્કારાદિને અનુરૂપ થઈ જવા જોઈએ. જો એમ થાય તો સાધનાના ક્રમિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિકાસના પ્રભાવ વડે બધા જ સંસ્કારો ક્ષીણ અને છેવટે નષ્ટ થઈ જાય છે. આની સાથે જ સાધક-દેહને માટે સિદ્ધિ-પ્રાપ્તિની શક્યતા રહે છે. શું આ વાત સાચી છે ?

મા : જીવ-જગતના જન્મ-કર્મમાં સંસ્કારાદિ સ્થૂળ કારણો છે, પણ તમારા લોકોની દૃષ્ટિમાં સાધક દેહ, સાધના, સિદ્ધિ (એ) બધું દિશામાત્ર છે. જ્યાં તમે એમ કહો છો કે કંઈ પણ નથી બાકી રહેતું, ત્યાં ફરીથી વિચારી જુઓ. પિતાજી, જ્યાંથી જે કંઈ કહેશો, અખંડમાં (એ) બધું જ સંભવ છે, એમાં આ બધી તમારી દૃષ્ટિની વાત છે. પ્રશ્ન ક્યાં ઊભો થાય છે, એક વાતમાં બધાંજ ગુમાવે છે, મેળવે છે,-જે ગુમાવીને મેળવવાનું છે. ગુમાવવાનો મેળવવાનો જ્યાં પ્રશ્ન નથી, ત્યાં જે કહેશો એ જ સાચું. આ જાતની વાતો તમે લોકો વગાડી લો છો. જેવું (વાજિંત્ર) વગાડશો, તેવું સાંભળશો.

આવી જ રીતે વિભિન્ન સ્થળોએ વિભિન્ન સમયે અમને તત્ત્વકથા સંભળાવતાં રહેતાં.

સંતાનવત્સલા મા દરેક રીતે મારું કલ્યાણ અને મંગળ કરતાં રહ્યાં. સન્ ૧૯૬૧માં જ્યારે મને કેંસર થયું. ત્યારે એ ભયંકર રોગના ઈલાજ માટે માએ વ્યવસ્થા કરી. પીડિત અવસ્થામાં મને મા દિલ્હી લઈ ગયાં. ત્યાં તપાસાવીને એમની સાથે મુંબઈ લઈ ગયાં. ત્યાં વિશ્વ-પ્રસિદ્ધ કેંસર-ચિકિત્સક ડૉ. વ્રજેશ્વર દ્વારા શલ્ય-ચિકિત્સા કરાવડાવી. પરિણામે હું સંપૂર્ણ રૂપે આરોગ્ય પામ્યો. એ દિવસોમાં એક બાજુ મા આનન્દમયીની કરુણા અનુભવ્યા કરી, અને બીજી બાજુ દીદીમા (માતા આનન્દમયીનાં મા) ને જોવાની તક મળી. શિષ્યો દ્વારા પ્રદત્ત ધનરાશિ સ્વેચ્છાએ કાઢીને મારી સતત સહાય કરતાં રહ્યાં. ત્યાર પછી સંતાનવત્સલા માએ પ્રતિવર્ષ મુંબઈમાં ચેકઅપ કરાવવાની સુવ્યવસ્થા કરાવી હતી. આ બધી માની કરુણા હતી.

શ્રી ગુરુદેવ સિવાય મા જેવું આ સંસારમાં મારું બીજું કોઈ નથી.

(ગોપીનાથ કવિરાજજીનું શેષ જીવન વારાણસીમાં માતા આનન્દમયીના ભદૈની-સ્થિત આશ્રમમાં પસાર થયું.)

ooo

(પ્રાણ) વાયુ પવનમાં જશે, શરીરનો અંત ભસ્મમાં થશે. હે મન, કરેલાં કર્મોનું સ્મરણ કર, હે મન, કરેલાં કર્મોનું સ્મરણ કર.

- ઈશોપનિષદ્

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રીમા આનન્દમયી કૃપા-કથા

- નટવરભાઈ પટેલ

(ગતાંકથી ચાલુ)

તે દિવસોમાં શ્રી શ્રીમા ગુજરાતમાં લગભગ દર બે વર્ષે આવતાં. હું રજા લઈ લેતો અને અમે ત્રણ જણ (મારાં પત્ની, દીકરી અને હું) એમની પાસે પહોંચી જતાં. દરેક વખતે મારી હાજરીમાં આગળ લખ્યા તેવા ઘણા બનાવો બનતા હતા. તે પૈકીના બનાવોમાંથી મારી સાથે સંબંધ ધરાવતો બીજો એક બનાવ લખું છું. ભીમપુરાની શ્રી શ્રીમા સાથેની અમારી પ્રથમ મુલાકાત બાદ આશરે પાંચ-છ વરસ પછી કોર્ટમાં જતાં આવતાં, મેં એક ફોટો મઢનારની દુકાનમાં શ્રી શ્રીમાનો ફોટો જોયો. શ્રી શ્રીમાનું હસતું મુખ છે અને લાંબા પગ કરીને બેઠાં છે. જોતાં જ મને યાદ આવ્યું કે મુંબઈમાં શ્રી મુળજીભાઈના ઘરમાં આ જ ફોટો જોયો હતો. દુકાનના માલિક મને ઓળખતા હતા. આ ફોટો કોણ મઢવા માટે આપી ગયું હશે તે જાણવાની મને ઇચ્છા થઈ. મને એમ આશા હતી કે તે ફોટાના માલિકનો સંપર્ક થાય તો શ્રી શ્રીમા સંબંધી માહિતિ મેળવી શકાય, શક્ય હોય તો સત્સંગ પણ કરી શકાય. દુકાનદારભાઈને પૂછતાં તે ફોટો કોણ મઢવા આપી ગયું છે તેની માહિતિ તેઓ ન આપી શક્યા. તેમ છતાં જણાવ્યું કે બધા કારીગરોને પૂછીને તેઓ જાણી શકશે. માટે થોડા દિવસ પછી મારે ફરીથી તપાસ કરવી. પાંચ-છ દિવસ સુધી જતાં-આવતાં રોજ હું તે ફોટાને જોતો રહેતો. એક દિવસ ફરીથી દુકાનમાં પૂછતાં તેમણે જણાવ્યું કે, "દુકાનમાં કામ કરતા તમામ કારીગરોને મેં પૂછ્યું પરંતુ કોઈને ખબર નથી કે આ ફોટો કોણે મઢાવવા માટે આપ્યો છે." આ સાંભળી મને આશ્ચર્ય થયું ! મેં વિનંતિ કરી કે હજી સુધી કોઈ આ ફોટો લેવા આવ્યું નથી તો તે મને આપી દો. દુકાનદારભાઈને એ ફોટામાં કોઈ વિશેષતા લાગતી ન હતી. તેમને મન તો તે છાપખાનામાં છાપેલી એક લીથોકોપી હતી. મારી માગણી ઉપર તેઓ થોડીવાર માટે વિચારમાં પડી ગયા. મેં આગળ ઉમેર્યું, "જો કોઈ તે ફોટો લેવા આવે તો મારે ઘરે માણસ મોકલી મને બોલાવજો. મને એ વ્યક્તિને રૂબરૂ મળવાનો લાભ થશે અને તેમને ફોટો હું આપી દઈશ." દુકાનદાર ભાઈ મને સારી રીતે ઓળખતા હતા. એમણે મારું રહેઠાણ પણ જોયું હતું. તેઓ આખરે મને તે ફોટો આપવા કબૂલ થયા. મેં ફોટાની કિંમત પૂછતાં એમણે કહ્યું કે એ ફોટો એમની માલિકિનો નથી, તેથી કિંમત ના કરી શકાય. મેં કહ્યું, "આવી ફ્રેમ કરવાનો તમે શું ચાર્જ લો છો ?" તો તે કહેવાની પણ તેમણે ના પાડી. મેં જ્યારે બહુ આગ્રહ કર્યો ત્યારે એમણે કહ્યું કે "બાર આના". તેટલા પૈસા એમને ચૂકવીને અત્યંત આનંદથી શ્રી શ્રીમાનો ફોટો લઈને હું ઘેર આવ્યો. મારા પૂજાના સ્થાનમાં એ ફોટાને બીજા ફોટાઓ સાથે ગોઠવી દીધો. અતિશય આનંદ સાથે હું જણાવું છું કે ત્યારથી આજ સુધીમાં કોઈ તે ફોટો લેવા આવ્યું નથી, અને અમે દરરોજ સવાર-સાંજ તે ફોટામાં શ્રી શ્રીમાની પૂજા કરીએ છીએ.

શ્રી શ્રીમાની આ કેવી અદ્‌ભુત લીલાકથા છે ! મને શ્રી શ્રીમાનાં પ્રથમ દર્શન આ ફોટા દ્વારા જ થયા હતા અને તે મેળવવા માટે પ્રયત્ન કર્યો ત્યારે શ્રી કાંતાબેને મારો અધિકાર નથી એમ કહ્યું હતું. તારીખ ૧૧ ડીસેમ્બર ૧૯૪૦ના દિવસે ચાણોદ જતી ગાડીમાં પ્રતાપનગરના સ્ટેશને મને જ્યારે શ્રી શ્રીમાનાં પ્રથમ દર્શનનો "અધિકાર" મળ્યો ત્યારે શ્રી શ્રીમા એ જ રીતે પગ લાંબા કરીને હસતે મુખે ગાડીમાં બિરાજમાન્ હતાં. આ વાત આટલેથી સમાપ્ત નથી થતી. શ્રી શ્રીમા જ્યારે ફરીથી ગુજરાતમાં આવ્યાં ત્યારે અમે એમનાં દર્શનાર્થે ગયાં. શ્રી શ્રીમાને પ્રણામ કરીને હું એમને આ ફોટો મળ્યાની વાત કહેવા જતો હતો, એટલામાં શ્રી શ્રીમાએ મને પૂછ્યું, "ક્યા બા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

हे ?'' में तेमनी नजीक मोढुं लई जईने कह्युं के, ''मा, मुझे एक फ़ोटानी.......'', हजु तो आ वाक्य पूरुं करुं ते पहेलां ज श्री श्रीमा बोल्यां, ''तुमको मिल गया न ? अब ईसकी बात छोड दो.'' आटलुं कही हसवा लाग्यां. श्री श्रीमा करुणामयी छे. आपणी सर्व ईच्छाओ पूरी करे छे, सर्वत्र अने सतत आपणी साथे रही आपणी देखरेख राखे छे, आ वातनी मने पाकी खात्री थई.

OOO

बीजो एक प्रसंग याद आवे छे. श्री श्रीमा भीमपुरा आश्रममां आव्यां हतां. अमे त्रण जण त्यां हाजर हतां. हुं मारा नानाभाई (जेमनो देहांत थई गयो छे) नवनीतभाई, जेओ एक नानी बॅन्कना मेनेजर तरीके ऊमरेठमां नोकरी करता हता, अने जेमना मकानमां ते भाडे रहेता हता ते ब्राह्मणनो एक छोकरो. ए छोकरो लगभग पंदरेक वरसनो हतो, अने जन्मथी ज बहेरो-मूंगो हतो. श्री नवनीतभाई तेमना घरमां श्री श्रीमानो एक फ़ोटो राखता अने त्यां रोज दीवो करी पगे लागता. पेलो बहेरो-मूंगो छोकरो ज्यारे घरमां आवे त्यारे ते पण श्री श्रीमाना फ़ोटाने पगे लागे, अने ईशाराथी कहे के तमे ज्यारे एमनां दर्शन करवा जाओ त्यारे मने पण लई जजो. हवे ज्यारे आ वखते श्री नवनीतभाईए भीमपुरा आववानुं नक्की कर्युं त्यारे ए छोकरो पण साथे आववा माटे तैयार थई गयो. मने आवा स्थानमां कोई सामान्य व्यक्तिने लई जवानुं ओछुं पसंद छे, एम श्री नवनीतभाई जाणता हता. आथी तेमणे बहानां बतावी ना पाडी, परंतु छोकरो तो वळग्यो ज रह्यो अने करगरवा लाग्यो. आखरे नवनीतभाई तेने साथे लई आव्या. भीमपुरामां श्री नवनीतभाईने मळतां ज में पूछ्युं, ''आ कोने लई आव्या छो ?'' तेमणे ते छोकरानी बधी माहिति आपी, केवा संजोगोमां एने साथे लाववो पड्यो ते पण जणाव्युं. भाईश्री नवनीतभाई एक ज दिवस माटे आव्या हता. भीमपुराथी विदाय लेती वखते नवनीतभाईए श्री श्रीमाने प्रणाम कर्या. पेलो छोकरो पण श्री श्रीमाने प्रणाम करी ऊभो थवा जतो हतो, त्यां मारा मनमां विचार आव्यो, अने नीचा नमी में श्री श्रीमाने कह्युं, ''आ छोकरो जन्मथी ज बहेरो-मूंगो छे.'' श्री श्रीमा कहे, ''ऐसा है ? अच्छा !'' ईशाराथी श्री श्रीमाए पोतानुं मुख खोल्युं अने एने पण एनुं मों खोलवा समजाव्युं. तेणे ए प्रमाणे पोतानुं मुख खोल्युं अने श्री श्रीमाए दया करीने तेना मुखमां जोयुं अने आंगळी ऊंची करीने भगवाननो निर्देश कर्यो. त्यारबाद ए छोकरो अने नवनीतभाई विदाय थया.

अनेक वर्षो पछी आशरे १९५१ के १९५२नी साल हती, त्यारे हुं धरमपुरमां नोकरी करतो हतो. श्री श्रीमा भीमपुरा आश्रममां पधार्यां. अमे धरमपुरथी भीमपुरा गयां. थोडा दिवस श्री श्रीमा पासे रही अमे पाछां फरी रह्यां हतां. वडोदरा स्टेशनेथी वलसाड जती गाडीमां अमारे जवानुं हतुं. गाडी आवी गई होवाथी हुं टिकिट लेवा सेकन्ड क्लासनी टिकिट बारी आगळ गयो. मारां पत्नी तथा दीकरी सेकन्डना डबा तरफ़ प्लेटफ़ोर्म पर जवा लाग्यां. हुं ज्यारे टिकिटबारीमां जोई टिकिटनी मांगणी करी रह्यो हतो. त्यारे कोई मारा हाथमांनी बेग खेंची लेतुं होय एवुं लाग्युं. में ते व्यक्ति तरफ़ ध्यान आप्या वगर जोर करी बेग छोडावी दीधी. तरत टिकिट लईने में प्लेटफ़ोर्म तरफ़ दोडवा मांड्युं. क्षणवारमां गाडी ऊपडवानी सीटी वागी. हुं झडपथी सेकन्ड क्लासना डबामां जेवो प्रवेश करवा गयो के त्यां ज एक छोकराने मारो पग पकडतां जोयो. मारां पत्नी अने दीकरी आ ज डबामां आवी गयां हतां. पेलो छोकरो मारा पग पकडी विनंति करतां बोलतो हतो के ''माराथी बोलाय छे, पण संभळातुं नथी, मने माताजीनां दर्शन करावो, मने माताजीनां दर्शन करावो....'' ते आवुं वारंवार बोलतो रह्यो अने गाडी ऊपडी. में ते छोकराने

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રેમપૂર્વક જોયા કર્યો. થોડીવારે અમે સારી રીતે ગાડીમાં ગોઠવાયાં પછી મારી નજીક બેઠેલા એક સજ્જને મને પૂછ્યું, ''પેલો છોકરો કોણ હતો ? અને તમને શું કહેતો હતો ?'' મેં ટૂંકમાં જવાબ આપ્યો કે, ''એ જે બોલતો હતો તે આપણે બન્નેએ સાંભળ્યું છે.'' પરંતુ એમણે કહ્યું, ''હું વલસાડમાં ડૉક્ટર તરીકે પ્રેક્ટીસ કરું છું અને પેલા છોકરાનું કહેવું કે ''બોલાય છે પણ સંભળાતું નથી.'' આ વાત ડૉક્ટરી સિદ્ધાંત પ્રમાણે માની શકાય એવી નથી. જે સાંભળી ન શકે તે બોલી શકે જ નહીં.'' મને આ વાત વિચારવા જેવી લાગી ખરી. હું કશું બોલ્યા સિવાય શ્રી શ્રીમાની લીલાનું ચિંતન કરવા લાગ્યો. પેલા ડૉક્ટરને શાંતિ ના વળી. એમણે મને વિનયપૂર્વક પૂછ્યું, ''પેલો છોકરો તમને કોનાં દર્શન કરાવવાનું કહેતો હતો ?'' મને ડૉક્ટર શ્રદ્ધાળુ અને સાચી ઇંતેજારીવાળા લાગ્યા તેથી મેં તેમને આ છોકરાનો શ્રી શ્રીમાના દર્શનનો પ્રસંગ કહી સંભળાવ્યો. ડૉક્ટર આ સાંભળીને ખૂબ આશ્ચર્યચકિત્ થઈ ગયા અને પ્રેમથી વિનંતિ કરવા લાગ્યા, ''મને પણ તે સંત માતાજીનાં દર્શન કરાવો.'' મારે વિષે એમણે કેટલીક હકીકતો પૂછી. તેમણે જાણ્યું કે હું ધરમપુર જતો હતો અને ત્યાં સિવિલ જજ તથા ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ તરીકે નોકરી કરતો હતો, ત્યારે તો તેઓ ખૂબ ખુશ થઈ ગયા. તેમણે મને પોતાનું કાર્ડ તથા તેમને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું. વલસાડ સ્ટેશને છૂટા પડતી વખતે તેઓએ શ્રી શ્રીમાનાં દર્શન કરવા માટે સાથે લઈ જવાની આગ્રહભરી વિનંતિનું પુનરાવર્તન કર્યું. પરંતુ આજ સુધી હું પેલા ઉમરેઠવાળા છોકરાને કે આ વલસાડવાળા ડૉક્ટરભાઈને મળ્યો નથી કે એ બંન્નેમાંથી કોઈએ મારો સંપર્ક સાધ્યો નથી. આવી છે શ્રી શ્રીમાની અદ્ભુત કૃપા-કથા જેમાં બુદ્ધિ કે વિજ્ઞાનથી સમજાવી ન શકાય તેવા બનાવો આપણે જોઈએ છીએ.

OOO

ઈ.સ. ૧૯૪૪માં શ્રી શ્રીમાનો જન્મોત્સવ અલ્મોરાના આશ્રમમાં ઉજવાયો હતો. અમે ઉનાળાની રજાઓમાં શક્ય એટલા દિવસો માટે અલ્મોરા આશ્રમ જવાનું વિચારતા હતા, પરંતુ કેટલાક કૌટુંબિક પ્રસંગો જન્મોત્સવના દિવસો દરમ્યાન જ હોવાથી અમે તેવા પ્રસંગો બની ગયા બાદ અલ્મોરા જવાનું નક્કી કર્યું. શ્રી શ્રીમા જન્મોત્સવ ઉજવાયા બાદ થોડા દિવસ અલ્મોરામાં જ રહેવાનાં હતાં. આશ્રમમાં કશી જ ખબર આપ્યા સિવાય અમે (મારાં પત્ની, છ વર્ષની દીકરી અનિલા અને હું) વડોદરાથી મથુરા જવા નીકળ્યાં. અમારા સામાનમાં એક મોટી ટ્રંક, એક મોટો બિસ્તરો, એક નાની બેગ અને એક નાનો બિસ્તરો હતાં. મોટી ટ્રંકમાં ઠંડીમાં વાપરવાનાં બધાં કપડાં વિ. હતું. મોટા બિસ્તરામાં શિયાળામાં ઓઢવા-પાથરવાનાં સાધનો હતાં. નાની બેગ અને નાના બિસ્તરામાં મુસાફરી દરમ્યાન પહેરવા, પાથરવા અને ઓઢવાનાં સાધનો હતાં. એટલે મોટી ટ્રંક અને મોટો બિસ્તરો ગાર્ડ પાસે વજન કરાવી બ્રેકમાં રાખવા સોંપી તેની પાવતી લઈ લીધી.

વડોદરાથી મથુરા જઈ ત્યાંથી મીટરગેજ ગાડીમાં કાઠગોદામ જવાય છે. અમે સરળતાથી મથુરા પહોંચી ગયાં અને રાત્રે ઉપડતી કાઠ ગોદામ જતી ગાડી પકડવા માટે મથુરાના મીટરગેજ સ્ટેશને ગયાં. તે દિવસોમાં બીજા વિશ્વયુદ્ધને કારણે મોટા ભાગની બધી જ ગાડીઓ રદ કરવામાં આવી હતી, જેથી સૈનિકોની તથા યુદ્ધ અંગેનાં સાધનોની ઝડપી હેરફેર થઈ શકે. ચોવીસ કલાકમાં ફક્ત એક જ ગાડી મથુરાથી કાઠગોદામ જતી હતી. એ ગાડીમાં પણ બે-ત્રણ ડબા સિવાય બાકીના બધા ડબાઓ સૈનિકોની હેરફેર માટે રખાતા. મથુરાના સ્ટેશને અમે તે રાતની કાઠ ગોદામની ગાડીમાં ઘૂસવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ભીડ એટલી બધી હતી કે કોઈ ડબામાં અમારાથી ઘૂસી શકાયું નહીં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમારી સામે જ ગાડી ઉપડી ગઈ. તે રાત્રે અમે મથુરા સ્ટેશનના પ્લેટફોર્મ પર જ સૂઈ રહ્યાં. બીજે દિવસે મથુરા શહેરમાં ફરીને રાત્રે વળી પાછા મથુરા સ્ટેશને પહોંચી ગયાં. આ વખતે એક મજબૂત અને અનુભવી પોર્ટરની મદદથી અમે એક ડબામાં ઘૂસી જઈ જગ્યા મેળવી શક્યા. ડબામાં બીજા ઘણા મુસાફરો હતા. રાત્રિ દરમ્યાન સ્ટેશનો આવતાં કેટલાક મુસાફરો ઊતરતા અને એવા બીજા પાછા ચઢતા. હું મારાં ચંપલ કાઢી, આંખો મીંચીને બેઠો બેઠો ઊંઘવાનો પ્રયત્ન કરતો હતો. સવારમાં કાઠગોદામ સ્ટેશન આવતાં એકાએક મારું ધ્યાન ગયું કે સીટની નીચે ચંપલ હતાં નહીં. રાત્રિ દરમ્યાન કોઈ મુસાફર લઈને ઊતરી ગયો હશે. આમ સવારે કાઠગોદામ સ્ટેશને ઉતરતાં ઉઘાડા પગે થઈ ગયો ! સ્ટેશનના એક બાંકડા ઉપર મારાં પત્ની અને દીકરીને બેસાડીને હું બ્રેકનો સામાન લેવા ગયો. સામાનમાં મારી મોટી ટ્રંક આવી ન હતી, ફક્ત બિસ્તરો એકલો જ આવ્યો હતો. ટ્રંક અંગે ફરિયાદ નોંધાવતાં અને આવેલા બિસ્તરાનું વજન કરાવી તેની પાવતીમાં નોંધ કરાવવા માટેની માથાકૂટ કરવામાં ઘણો સમય થઈ ગયો. આખરે મેં વજન કરાવી બિસ્તરો લીધો અને તેની નોંધ મારી પાવતીમાં કરાવી. આ બધો સમય દરમ્યાન દૂર બાંકડા ઉપર બેસી રહેલાં મારાં પત્ની તથા દીકરીને મશ્કરી કરતા, સીટીઓ મારતા, જતા-આવતા અનેક સૈનિકોની કનડગત સહન કરવી પડી.

સ્ટેશનની બહાર નીકળી અલ્મોરા જવા માટે બસની તપાસ કરતાં ખબર પડી કે બસ તો ઉપડી ગઈ હતી. એ દિવસોમાં કાઠગોદામ સ્ટેશનેથી અલ્મોરા જવા માટે દિવસમાં એક જ બસ ઉપડતી. હવે શું કરવું તે પ્રશ્ન થયો. મનમાં શ્રી શ્રીમાનું સ્મરણ કરતો હું સ્ટેશનની બહાર નીકળવાના ઝાંપા નજીક ઊભો હતો. ત્યાં શર્ટ-પેન્ટ પહેરેલા એક યુવાન ભાઈને સ્ટેશનમાં પેસવા જતા જોયા. મેં અંગ્રેજીમાં પૂછ્યું, "માફ કરજો - અહીંયાં કોઈ મિ. સેન નામની વ્યક્તિ રહે છે ?" વધુમાં આગળ ઉમેર્યું કે તે મિ. સેન શ્રી શ્રીમા આનંદમયી, જેમનો અલ્મોરામાં આશ્રમ છે એમના ભક્ત છે, અને શ્રી શ્રીમા જ્યારે અલ્મોરા આવે ત્યારે આ મિ. સેન એમની વ્યવસ્થા અને સરભરા કરે છે. આવી હકીકત શ્રી શ્રીમાના અનેક ભક્તો જ્યારે અલ્મોરાની વાત કરતા ત્યારે તેમના મુખે મેં સાંભળી છે." આ સાંભળીને પેલા ભાઈ હસી પડ્યા અને મને કહ્યું, "એ મિ. સેન તો તમારી સામે જ ઊભા છે !" મારી ગ્લાનિ એકદમ અદૃશ્ય થઈ ગઈ ! ખૂબ આનંદ સાથે મેં એમનું હસ્તધૂનન કર્યું. હું ક્યાંથી આવું છું. વિ. વાત કરી, અલ્મોરા જતી બસ ચૂકી ગયાનું જણાવ્યું. એમણે મને કહ્યું, "તમે શા માટે ચિંતા કરો છો ? હું તમને મારે ઘેર લઈ જઈશ અને કાલે અલ્મોરાની બસમાં બેસાડી દઈશ." મેં આભારવશ થઈ કહ્યું કે મારે તો કોઈપણ ખર્ચે અને હિસાબે આજે જ અલ્મોરા પહોંચવું છે. તેઓ તો વિચારમાં પડી ગયા. કોઈપણ રીતે તે જ દિવસે અલ્મોરા પહોંચાય તેવું શક્ય ન હતું. વિચાર કરતા કરતા તેઓ આમ તેમ જોતા હતા, એવામાં પોસ્ટલ વાન આવી પહોંચી. તે વાનમાં અલ્મોરા સુધીના રસ્તામાં આવતાં ગામોની પોસ્ટના થેલાઓ ભરવાના હતા. લડાઈનો ગાળો હતો તેથી પોસ્ટના રક્ષણ માટે વાનમાં ત્રણ-ચાર ગોરા સૈનિકો હથિયાર સહિત મુસાફરી કરતા. પોસ્ટના થેલા ભરાયા બાદ શ્રી સેને અમારી હકીકત ડ્રાઈવરને જણાવીને અમને એ વાનમાં અલ્મોરા લઈ જવાની વિનંતિ કરી. ડ્રાઈવર તેમને ઓળખતો હોવા છતાં પેલા ગોરા સૈનિકોની પરવાનગી લેવાનું તેણે કહ્યું. મિ. સેને ગોરા સૈનિકોના આગેવાનને વિનંતિ કરી પણ એણે તો સ્પષ્ટ ના પાડી દીધી; અને કહ્યું, "કોઈ પણ સંજોગોમાં તે વાનમાં કોઈ સ્ત્રીને બેસવા દઈ શકું જ નહીં." મિ. સેન નિરાશ થઈ પાછા ફર્યા. મને બધી હકીકત કહી. મને કે મિ. સેનને કોઈ રસ્તો સૂઝ્યો નહીં. શ્રી શ્રીમાનું મારું સ્મરણ ચાલુ જ હતું. મેં મિ. સેનને પૂછ્યું, "હું પેલા ગોરા સૈનિક સાથે વાત કરી શકું ?" તેઓ તરત મને તેની પાસે લઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગયા. મેં ભગવાનની – શ્રી શ્રીમાની – દયાથી વિનંતિ કરી કે અમે શ્રી શ્રીમા આનંદમયીના અલ્મોરાના આશ્રમમાં જવાનાં છીએ અને પેલાં બહેન પણ ત્યાં જ જવાનાં છે.'' શ્રી શ્રીમા આનંદમયીનું નામ સાંભળતાં જ તે ભારે આનંદમાં આવી ગયો. શ્રી શ્રીમાના દર્શનાર્થે એ અલ્મોરા આશ્રમમાં કોઈ કોઈ વખત જતો હતો. તે શ્રી શ્રીમાના વિચાર કરતો સસ્મિત વદને મારી સામે જોઈ રહ્યો હતો, એવામાં મેં ઉમેર્યું, ''શ્રી શ્રીમાની દીકરીને તમે ના લઈ જાવ ? એ તો તામરી બહેન ગણાય.'' આટલું સાંભળતાં જ તે બોલી ઊઠ્યો, ''વાનમાં બેસી જાવ. તમને અલ્મોરા લઈ જવાની જવાબદારી મારી.'' અમને પોસ્ટલ વાનમાં જગ્યા કરી બેસાડવામાં આવ્યાં. મેં શ્રી સેનનો ખૂબ ખૂબ આભાર માન્યો અને અમારી વાન કોઠગોદામથી અલ્મોરા જવા નીકળી. રસ્તામાં આવતાં ગામોમાં પોસ્ટના થેલાઓ ઊતારતાં, પહાડો ચઢતાં અમે કાઠગોદામથી ફક્ત ૮૦ માઈલ દૂર સ્થિત અલ્મોરા આવી પહોંચ્યાં. સાંજ પડી ગઈ હતી. ખૂબ આગ્રહ કરવા છતાં ગોરાઓએ ભાડાના પૈસા તો ન લીધા પરંતુ એમનો જાણીતો એક મજબૂત મજૂર પણ નક્કી કરી આપ્યો. એની પાસે સામાન ઊચકાવી અમે આશ્રમ તરફ રવાના થયાં. મેં બધા ગોરા સૈનિકોનો અને ડ્રાઈવરનો આભાર માન્યો. અલ્મોરાની ટેકરીઓના ચઢતા-ઊતરતા રસ્તે મજૂરને વારંવાર ''હજુ કેટલું દૂર છે ?'' પૂછતાં અમે આખરે એક ટેકરી ઉપર આવ્યાં, જ્યાંથી નીચેના ભાગે આશ્રમ દેખાતો હતો. અમે ધીમે ધીમે નીચે ઊતર્યાં. ત્યાં પૂ. સ્વામી પરમાનંદજી હસતા હસતા અમારી રાહ જોતા આશ્રમના બીજા કેટલાક ભક્તો સાથે ઊભા હતા. સ્વામીજીએ પૂછ્યું, ''આટલું મોડું કેમ થયું ? શ્રી શ્રીમાએ તો સવારમાં જ કહ્યું હતું કે દૂર દૂરથી એક ભાઈ આવી રહ્યા છે. તેમનાં પત્ની અને નાની દીકરી તેમની સાથે છે. તેમને માટે એક રૂમ ખાલી રાખજો; અને આશ્રમમાં આવેલા એક ભાઈ અને બીજા એક બહેનને કહ્યું કે એમને માટે એકકેક જોડી કપડાં તૈયાર રાખજો ! હું તો એકદમ અવાક્ થઈ ગયો !

સ્વામીજીએ અમને રૂમમાં જઈને હાથ, પગ, મોં ધોઈ નાંખવાનું કહ્યું, ''મારે એ બધું કશું જ કરવું નથી. અમે જેવાં આવ્યાં છીએ તેવાં જ શ્રી શ્રીમાનાં દર્શન કરવા જવા માગીએ છીએ.'' પૂ. સ્વામીજી તરત જ અમને શ્રી શ્રીમાના કક્ષમાં લઈ ગયા. આખરે શ્રી શ્રીમાનાં દર્શન થતાં જ મેં એમના ખોળામાં માથું મૂકી દીધું. શ્રી શ્રીમા ખૂબ હસતાં હતાં. મારાં પત્ની અને નાની અનિલાએ પણ તે જ પ્રમાણે પ્રણામ કર્યાં, શ્રી શ્રીમા ખૂબ હસ્યા જ કરતાં હતાં. આથી આશ્રમના ભક્તો પણ ત્યાં ભેગા થઈ ગયા. છેવટે શ્રી શ્રીમાએ હસતાં હસતાં પૂછ્યું, ''રાસ્તે મેં ક્યા હુઆ ?'' મેં કહ્યું, ''કુછ નહીં, માઁ.''

શ્રી શ્રીમા, ''બોલો, બોલો ક્યા હુઆ ?''

મેં ધીમે ધીમે કાઠગોદામના સ્ટેશને શ્રી સેન મળ્યા તે તથા પોસ્ટલ વાનની હકીકત કહીને ઉમેર્યું કે એક ટ્રક આવી નહીં. શ્રી શ્રીમા હસતાં હસતાં બોલ્યાં ''તુમ ક્યોં નહીં ખો ગયા ?'' મેં હાથ જોડી પ્રણામ કરતાં શ્રી શ્રીમાને કહ્યું, ''મા, ઈસલીએ તો મૈં આપકે પાસ આ ગયા હૂં.'' ત્યાં જ પેલા ભાઈ અને બહેન, જેમને એક-એક જોડી કપડાં તૈયાર રાખવાનું કહ્યું હતું, કપડાં લઈ શ્રી શ્રીમા સમક્ષ હાજર થયાં. મને તથા મારાં પત્નીને એ કપડાં આપવાનું શ્રી શ્રીમાએ તેમને જણાવ્યું. મેં કપડાં લેવાની ના પાડી અને મારાં પત્નીએ કપડાં લીધાં. મારી દીકરીને તો કપડાં આપવાનાં હતાં જ નહીં, કારણ કે તે સમયે આશ્રમમાં તેની ઉંમરની બીજી કોઈ છોકરી હતી નહીં.

અમે શ્રી શ્રીમાના આશીર્વાદ મેળવી.અમારા માટે રાખેલી રૂમમાં ગયાં. સામાન્ય રીતે આશ્રમમાં સ્ત્રીઓ માટે અને પુરુષો માટે રહેવાની અલગ-અલગ વ્યવસ્થા હોય છે, છતાં અમારા માટે એક જ રૂમમાં સાથે રહેવાની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સગવડ શ્રી શ્રીમાએ કરાવી હતી. અમે નાહી-ધોઈ પરવાર્યાં, રાતનું ભોજન કરી શ્રી શ્રીમાને પ્રણામ કર્યાં, અને સૂઈ ગયાં. સવારમાં હું વહેલો ઊઠીને પહેરેલે કપડે જ આશ્રમની નીચે ખીણમાં એક કુંડ હતો ત્યાં ગયો. તે જગ્યાએ જમીનમાં એક તરફથી પાણી નીકળી બીજી તરફ જઈ જમીનમાં અદૃશ્ય થઈ જતું હતું. આશ્રમમાંથી ઘણા બધા ભક્તો ત્યાં જઈ નહાતા-ધોતા. અહીં પાણી સ્વચ્છ અને પારદર્શક હતું. આજે પણ આ જગ્યા 'પાતાલદેવી' તરીકે જાણીતી છે. અહીં આવી મેં નાહી લીધા પછી શરીરે ટુવાલ વીંટીને કપડાં ધોઈને ત્યાં સૂકવી દીધાં. કપડાં સૂકાયા બાદ તે કપડાં પહેરીને પાછો આશ્રમમાં ઉપર અમારી રૂમમાં આવી ગયો. હું રોજ આ પ્રમાણે પાતાલદેવીના કુંડમાં નહાવા જતો.

અલ્મોરાના આ આશ્રમમાં આ સમયે અમને શ્રી શ્રીમાનાં દર્શન - સાન્નિધ્યનો ખૂબ સુંદર લ્હાવો મળ્યો. આશ્રમની ખુલ્લી જગ્યામાં શ્રી શ્રીમા આનંદપૂર્વક મુક્ત રીતે વિચારતાં અને ભક્તોની સાથે વાતચીત કરતાં. હિમાલયના હિમાચ્છાદિત શિખરોની હારમાળા ઉપર સૂર્યનો પ્રકાશ પડતો ત્યારે શિખરો ચમકી ઊઠતાં. સુંદર વાતાવરણ, હિમાલયનાં શિખરો અને શ્રી શ્રીમાની હાજરીથી એ સમયે અલૌકિક દૃશ્ય ઊભું થતું. કેટલેક ઠેકાણે ખૂબ ઊંચેથી પાણીના નાના-મોટા ધોધ પડતા જોવા મળતા. મન ધરાય નહીં તેવાં આ દૃશ્યો અમે સંતોષ અને આનંદપૂર્વક માણતા.

શ્રી શ્રીમાના અનન્ય ભક્ત સ્વ. શ્રી જ્યોતિષચંદ્ર રાય, જેમને આપણે સૌ પ્રેમથી "ભાઈજી" તરીકે ઓળખીએ છીએ, એમની સમાધિ અહીં અલ્મોરાના આશ્રમમાં જ છે. આ સમાધિ-સ્થાન ઉપર તે સમયે સતત ચોવીસ કલાક જપ ચાલતા હત, જેમાં વારાફરતી ભક્તો જોડાતા હતા. હિમાલયના આ વિશિષ્ટ પવિત્ર સ્થાનમાં શ્રી શ્રીમા પાસે અમે યાત્રાની તમામ અસુવિધાઓ ભૂલીને અતિ આનંદથી લગભગ દસેક દિવસ રહ્યાં. અહીંથી શ્રી શ્રીમાનો દેહરાદૂન જવાનો કાર્યક્રમ હતો.

શ્રી શ્રીમા મને રોજ સવારમાં પૂછતાં, "બક્સા આ ગયા ?" "કુછ સમાચાર આયા ?" હું નકારમાં જવાબ આપતો. હું રોજ પોસ્ટ ઓફિસમાં તપાસ કરાવતો પરંતુ ટ્રંકના કોઈ જ સમાચાર મળતા નહીં.

અમે પણ શ્રી શ્રીમાની સાથે જ અલ્મોરા છોડ્યું. બધાંએ પ્રથમ તો કાઠગોદામ જવાનું હતું. ત્યાં પૂ. ગુરુપ્રિયા દીદીએ શ્રી શ્રીમાને ભારપૂર્વક વિનંતિ કરી, "બોલિયે કિ બક્સા મિલ જાયેગા", પરંતુ શ્રી શ્રીમા એવું બોલ્યાં નહીં. આ પહેલાં પણ પૂ. દીદીએ મારી સમક્ષ શ્રી શ્રીમા પાસેથી આ શબ્દો કઢાવવા પ્રયત્ન કર્યો હતો અને તે તે સમયે પણ શ્રી શ્રીમા મૌન જ રહેતાં. મેં શ્રી શ્રીમાને આ સંબંધે કાંઈ જ કહ્યું નહોતું. શ્રી શ્રીમાને જે કરવું હોય તે કરે !

દેહરાદૂન જવા માટે શ્રી શ્રીમા અને મંડળીએ બરેલીથી ગાડી બદલવાની હતી. લગભગ મધ્યરાત્રિને સમયે અમારી ગાડી બરેલી સ્ટેશને પહોંચી. શ્રી શ્રીમા અને મંડળી ગાડીમાંથી નીચે ઊતરી ગયાં. અમે તે જ ગાડીમાં મથુરા સુધી જઈ વડોદરા પાછા ફરવાનાં હતાં. શ્રી શ્રીમાથી વિખૂટા પડતાં પહેલાં છેલ્લે છેલ્લે ફરીથી એકવાર દર્શન કરવા માટે હું શ્રી શ્રીમા પાસે પહોંચી ગયો. તે સમયે બરેલી સ્ટેશને પૂ. દીદીએ બહુ આગ્રહ કરી શ્રી શ્રીમાને વિનંતિપૂર્વક પૂછ્યું, "મા, નટવરભાઈ કા બક્સા મિલેગા કિ નહીં ?" શ્રી શ્રીમાએ મને કહ્યું, "તુમ બોલો, જો હુઆ હૈ, વહ ઠીક હુઆ હૈ." હું તરત જ હાથ જોડી તે પ્રમાણે બોલ્યો. શ્રી શ્રીમા આગળ બોલ્યાં, "વડોદરા પહુંચકર સ્ટેશન માસ્ટરકો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક ચિઠ્ઠિ લિખ દેના. દેખો ! ભગવાન ક્યા કરતા હૈ.'' શ્રી શ્રીમાના આશીર્વાદ લઈ હું મથુરા જતી અમારી ગાડીમાં ચઢી ગયો.

વડોદરા પહોંચી મેં ત્યાંના સ્ટેશન સુપ્રિન્ટેન્ડન્ટને લંબાણ પૂર્વક એક કાગળ લખ્યો. તેના જવાબમાં મને પત્ર મળ્યો કે મારે વિગતવાર ટ્રંકમાં કઈ કઈ ચીજો હતી અને કેટલી કિંમતી હતી તે જણાવવું. મેં તેનો જવાબ લખ્યો. ટ્રંકમાં લગભગ રૂા. ૬૦૦/- જેટલી કિંમતનો સામાન હશે એવું લખ્યું. એ પછી રેલ્વેના 'ક્લેઈમ ઈન્સ્પેક્ટર' મારી કોર્ટમાં આવ્યા. મેં તેમને જણાવ્યું કે મને જે રકમ આપશો તે લેવા હું તૈયાર છું. ફક્ત એક જ રૂપિયો આપશો તો તે પણ હું પ્રેમથી સ્વીકારીશ. મારે તો શ્રી શ્રીમાની સૂચના મુજબ એક કાગળ લખવનો હતો તે મેં લખ્યો હતો. ક્લેઈમ ઈન્સ્પેક્ટરને ફક્ત રૂા. ૪૦૦/- સુધીની રકમ મંજૂર કરવાનો અધિકાર હતો. મને તે બાબતમાં કોઈ વાંધો ન હતો. તેઓ ગયા, અને થોડા દિવસમાં મને વડોદરા સ્ટેશન તરફથી તેટલી રકમનો ચેક મળી ગયો. આમ અલ્મોરાની અમારી આ સૌ પ્રથમ યાત્રાનું પ્રકરણ શ્રી શ્રીમાની દિવ્ય લીલાકથાઓથી ભરપૂર છે.

OOO

મેં અને મારાં પત્નીએ પૂ. દીદીમા પાસેથી દીક્ષા લીધી છે. અમારા જીવનના તે મંગલમય અને પરમ પવિત્ર દિવસની તારીખ ૧૯મી ડીસેમ્બર ૧૯૫૪ અમને બંનેને સદાયે યાદ રહેશે. તે સમયે મારી નોકરી દહેગામમાં હતી. મુંબઈથી શ્રી મૂળજીભાઈનો પત્ર મારા ઉપર આવ્યો, જેમાં લખ્યું હતું કે તેમણે અને તેમનાં પત્ની શ્રી મણિબાએ પૂજ્ય દીદીમા પાસેથી દીક્ષા દીધી છે, અને અમને ઠીક લાગતું હોય તો અમારે પણ તેમ કરવું. ત્યાર બાદ થોડા સમય પછી શ્રી શ્રીમા, પૂજ્ય દીદીમા અને મંડળી અમદાવાદ આવ્યાં. અમદાવાદમાં તેમનો મુકામ શેઠ શ્રી કાન્તિલાલ મુન્શાના ''આનંદ'' બંગલામાં હતો. શેઠ શ્રી કાન્તિલાલ મુન્શા રામકૃષ્ણ મિલ, વિવેકાનંદ મિલ અને મહેશ્વરી મિલના માલિક હતા. શ્રી શ્રીમા માટે તેઓ અનન્ય ભક્તિભાવ ધરાવતા તથા શ્રી શ્રીમાની કોઈપણ આજ્ઞા પૂર્ણ કરવા સદાય તત્પર રહેતા. મારા ઉપર શ્રી શ્રીમાના નાતે તેઓ ખૂબ જ મિત્રભાવ રાખતા. શ્રી શ્રીમા જ્યારે જ્યારે અમદાવાદ પધારતાં ત્યારે હું અમદાવાદ જતો, અને મારા જેવા સામાન્ય માણસને પણ તેમના બંગલામાં રહેવા માટે એક ખાસ રૂમ આપતા. શ્રી શ્રીમા કોઈ સંસારી ગૃહસ્થના મકાનમાં પ્રવેશ કરતાં નહિ, તેથી એમને માટે બંગલાના કંપાઉન્ડમાં એક ખાસ તંબુ બાંધવામાં આવ્યો હતો. આ તંબુને અડીને બીજો એક નાનો તંબુ શ્રી શ્રીમાના મુલાકાતીઓ માટે હતો. આ બંન્ને તંબુઓમાં સુંદર સ્વચ્છ ગાલીચાઓ પાથર્યા હતા અને ઘણી સુવિધાઓ રાખી હતી. બીજી તરફ એક મોટો વિશાળ તંબુ સત્સંગ માટે રાખ્યો હતો.

આ વખતે પણ અમે અમદાવાદ આવ્યાં. અમારો મુકામ શ્રી કાંતિભાઈ મુન્શાના બંગલામાં જ હતો. મારા મનમાં શ્રી મૂળજીભાઈએ લખેલી દીક્ષાવાળી વાત ઘૂંટાયા કરતી હતી. અમદાવાદમાં આવ્યા બાદ પૂ. દીદીમાએ કોઈને દીક્ષા આપી ન હતી. આથી તે અંગે શી રીતે વાત ઉપાડવી તેની મને મૂંઝવણ થતી હતી. પછી એક સાંજે શ્રી શ્રીમા બંગલાના કંપાઉન્ડમાં ફરી રહ્યાં હતાં, ત્યારે થોડેક દૂર પૂ. સ્વામી પરમાનંદજી ઊભા હતા. મેં હિંમત કરીને પૂ. સ્વામી પરમાનંદજીને મારી ઉપર આવેલા શ્રી મુળજીભાઈના પત્રની વાત કરી. તેમણે તરત જ કહ્યું, ''તુમ ભી દીક્ષા લે લો !'' અને ઉમેર્યું કે ''माँ को पूछ लो.'' આ સાંભળી મારામાં હિંમત આવી ગઈ. હું તરત જ શ્રી શ્રીમા પાસે પહોંચી ગયો અને પ્રણામ કરીને ઊભો રહ્યો.

શ્રી શ્રીમાએ મને પૂછ્યું, ''ક્યા બાત હૈ ?'' મેં સીધું જ શ્રી શ્રીમા પાસે પરવાનગી માગતો હોઉં તેમ પૂછ્યું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"माँ, मैं दीक्षा ले सकता हूं ?" श्री श्रीमाએ કહ્યું, "લે લો. તુમ્હારી પત્ની ભી લે લે. દીદીમા સે બાત કરના." હું આનંદમાં આવીને સીધો જ પૂ. દીદીમા પાસે પહોંચી ગયો. બધી વાત કરી પૂ. દીદીમાએ મને કહ્યું, "કલ સબેરે ૯ બજે તુમ્હારી દીક્ષા હોગી." ત્યારબાદ તેમણે પૂ. સ્વામી ભાગવતાનંદજી (પૂર્વાશ્રમનું નામ : કાંતિભાઈ વ્યાસ)ને બોલાવીને દીક્ષા માટે જરૂરી વસ્તુઓ લાવવાનું લિસ્ટ બનાવી મને આપવા જણાવ્યું. હું તે લિસ્ટ લઈ બજારમાં ગયો. અને બધી ચીજો લઈ આવ્યો. આવતી કાલે દીક્ષા લેવાની છે તેથી મારાં પત્નીના આનંદનો પણ પાર ન હતો. રાત્રે અમે અમારા ઓરડામાં વાતો કરતાં હતાં તે સમયે મારાં પત્નીને યાદ આવ્યું કે હું જ્યારે બહુ નાનો - એટલે કે પાંચેક વર્ષનો - હોઈશ ત્યારે મારાં પૂ. માતુશ્રી મને વૈષ્ણવ સંપ્રદાયની હવેલીમાં લઈ ગયાં હતાં. ત્યાંના પુષ્ટિમાર્ગીય મહારાજશ્રી પાસે બ્રહ્મસબંધ (દીક્ષા) લેવડાવ્યા હતા. આ વાત મારાં પૂ. માતુશ્રીના મુખે તેમણે સાંભળી હતી.

હવે જો એક વખત દીક્ષા લીધી હોય અને કોઈને એક વખત ગુરુ તરીકે સ્વીકાર્યા હોય તો ફરીથી દીક્ષા લેવાય નહીં: બીજા ગુરુ પણ કરી શકાય નહીં. બીજા ગુરુ કરવાથી મોટો દોષ લાગે. આપણાં શાસ્ત્રોમાં પણ બીજા ગુરુ કરવાની મનાઈ છે. ગુરુ એક જ હોય. ગુરુ કાંઈ સાધારણ માનવી નથી. ગુરુ તો સાક્ષાત્ પરબ્રહ્મ છે.

હું એ પણ જાણતો હતો કે જેણે એકવાર ગુરુ કર્યા છે તેને શ્રી શ્રીમા દ્વારા ફરીથી દીક્ષા અપાતી નથી. શ્રી શ્રીમાના એક ઉંમરલાયક ભક્ત જે રાજપીપળાના હતા તેમણે એક વખત પુષ્ટિમાર્ગીય મહારાજ પાસેથી દીક્ષા લીધી હતી. અનેક વખત વિનંતિ કરવા છતાં શ્રી શ્રીમા દ્વારા તેમને દીક્ષા આપવામાં આવી ન હતી. એ કારણે તેઓ થોડા નારાજ થયા હતા. આ વાત તેમણે સ્વમુખે મને કહી હોવાથી મારાથી પણ હવે પૂ. દીદીમા પાસેથી દીક્ષા નહીં લઈ શકાય, આમ વિચારતો દુઃખી હૃદયે હું સૂઈ ગયો.

સવારમાં વહેલો ઊઠી મારી દીક્ષાની મૂંઝવણનો ઉકેલ શ્રી શ્રીમા પાસેથી મેળવવા માટે સીધો શ્રી શ્રીમાના તંબુની બહાર જઈ બેઠો. શ્રી શ્રીમા તંબુમાં હતાં, પરંતુ વહેલી સવાર હોવાથી તે સમયે કોઈ દર્શન-મુલાકાત માટે જઈ નહોતું શકતું. મારી દીક્ષાનું શું થશે એ મૂંઝવણથી હું શ્રી શ્રીમાની મુલાકાત માટે અધીરો થઈ રહ્યો હતો. બરાબર એ જ સમયે શ્રી ગુરુપ્રિયા દીદી, જે શ્રી શ્રીમાની સેવામાં હતાં તે, કોઈ કારણસર બહાર આવ્યાં. મેં એમને કહ્યું, "મારે નવ વાગે દીક્ષા લેવાની છે જે અંગે મારે શ્રી શ્રીમા સાથે વાત કરવી છે." શ્રી દીદી તંબુમાં ગયાં અને થોડી જ ક્ષણોમાં બહાર આવી, મને શ્રી શ્રીમા પાસે અંદર જવા પરવાનગી આપી. મેં શ્રી શ્રીમા પાસે જઈ પ્રણામ કરી મારી નાની ઉંમરમાં થયેલી વૈષ્ણવ સંપ્રદાયની દીક્ષાની વાત કરી. આ સાંભળી શ્રી શ્રીમાએ મને બહાર બેસવા જણાવ્યું અને કોઈને પૂ. દીદીમાને બોલાવવા કહ્યું. પૂ. દીદીમા અને શ્રી શ્રીમાંએ થોડો સમય કંઈક વાતચીત કરી અને પછી મને અંદર બોલાવ્યો. હું અંદર જઈ શ્રી શ્રીમા તથા પૂ. દીદીમાને પ્રણામ કરી બેઠો. શ્રી શ્રીમાએ મને પૂછ્યું, "વૈષ્ણવ મહારાજને તુમકો ક્યા દિયા થા ? ઉન્હોંને તુમકો મંત્ર દિયા થા ?" મેં કહ્યું, "મને યાદ નથી, પણ બધા જ વૈષ્ણવો કહે છે કે તેમને "શ્રી કૃષ્ણઃ શરણં મમ" મંત્ર આપવામાં આવે છે. માટે એ જ મંત્ર મને પણ આપવામાં આવ્યો હશે. પરંતુ મને એ કશું યાદ નથી." માએ પૂછ્યું, "તુમને વો મંત્ર જપા હૈ ?" મેં ના પાડી. એટલે શ્રી શ્રીમાએ મને ફરીથી બહાર બેસવા કહ્યું. શ્રી શ્રીમા અને પૂ. દીદીમાએ આ અંગે વાતચીત કરી અને મને દીક્ષા આપવાનું નક્કી કર્યું. મને અંદર બોલાવવામાં આવ્યો. શ્રી શ્રીમાએ મને કહ્યું, "તુમ્હારી અંદર જો કુછ હુઆ હૈ વો દીક્ષા નહીં હૈ, ઈસલિએ દીદીમા ઉસકો સાફ કર દેગી ઔર તુમકો દીક્ષા દેગી." મેં અતિ રોમાંચપૂર્વક ગળગળે હૃદયે શ્રી શ્રીમા અને પૂ. દીદીમાનાં ચરણોમાં પ્રણામ કર્યા. રૂમ ઉપર પાછા આવીને જ્યારે મારાં પત્નીને મેં આ શુભ સમાચાર જણાવ્યા ત્યારે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેમને ખૂબ જ આનંદ થયો. શ્રી શ્રીમાને સાચી હકીકત જણાવી દેવાઈ તેથી અમને બંન્નેને ખૂબ જ સંતોષ સાથે શરણાગતિની લાગણી થઈ.

દીક્ષાનો સમય થતાં અમે બંન્ને સ્નાન કરી, શુદ્ધ વસ્ત્રો પહેરી અને દીક્ષા માટે તૈયાર રાખેલી સામગ્રી લઈને પૂ. દીદીમા પાસે પહોંચી ગયાં. પૂ. દીદીમાએ અમને શ્રી શ્રીમાના તંબુની બહાર બેસવા કહ્યું. અમે થોડો સમય ત્યાં બેઠાં. પૂ. દીદીમા આવીને અમને બંન્નેને શ્રી શ્રીમાના તંબુમાં લઈ ગયાં. એક ખૂણામાં જગ્યા હતી ત્યાં અમને બેસાડ્યાં. સૌ પ્રથમ અમે ઊઠીને શ્રી શ્રીમાને અને પૂ. દીદીમાને હાર પહેરાવ્યા. ત્યારબાદ દીક્ષા-વિધિ શરૂ થઈ. પૂ. દીદીમાએ ખૂબ જ સુંદર રીતે વિધિપૂર્વક અમારી પાસે પૂજા કરવી અને બંન્નેના કાનમાં મંત્ર કહ્યો. આ બધી વિધિ દરમ્યાન શ્રી શ્રીમા અમારી સામે જ ઊભાં રહ્યાં હતાં અને વિધિનું નિરીક્ષણ કરતાં હતાં. વિધિ સમાપ્ત થતાં અમે બંન્નેએ ફરીથી પૂ. દીદીમા અને શ્રી શ્રીમાને પ્રણામ કર્યા. પૂ. દીદીમાએ જણાવ્યું કે હવેથી દિવસમાં ત્રણ વખત આ પ્રમાણે સંધ્યા કરવી.

પૂ. દીદીમા ઘણે ભાગે બંગાળી ભાષામાં અને તે પણ બહુ ધીમા અવાજથી બોલતાં. દીક્ષા-વિધિ તથા મંત્ર સાંભળવા-સમજવાની અમે કદાચ ભૂલ કરી હોય તે દૂર કરવા માટે તેમણે પૂ. સ્વામી શ્રી ભાગવતાનંદજીને બોલાવ્યા. આગળ જણાવ્યા મુજબ પૂ. સ્વામીશ્રી ભાગવતાનંદજી ગુજરાતી હતા. પૂ. દીદીમાની સૂચનાથી સ્વામીજીએ દીક્ષા-વિધિ વિગતવાર લખી આપી. તે દરમ્યાનમાં મેં શ્રી શ્રીમાને વિનંતિ કરી, ''આ વિધિ બરાબર સમજીને પછી, આપની પરવાનગી હોય તો તે પ્રમાણે વિધિપૂર્વક સંધ્યા આપની સમક્ષ કરી બતાવું ?'' શ્રી શ્રીમાએ હસીને પરવાનગી આપી.

પૂ. સ્વામીશ્રી ભાગવતાનંદજીએ લખી આપેલી વિગતો બરાબર સમજીને એકવાર મારી જાતે સંધ્યા કરી લીધા પછી શ્રી શ્રીમા સમક્ષ તે પ્રમાણે સંધ્યા કરવા માંડી. તેમ કરતાં કરતાં જેવો હું ઈષ્ટમંત્ર બોલ્યો કે શ્રી શ્રીમાએ ''જોરસે મત બોલના'' એવું કહ્યું.

મેં કહ્યું, ''માઁ, જીસકો પાને કે લિયે યે સબ વિધિ કરકે મંત્ર લિયા હૈ, ઉન્હીં કે સામને ભી નહીં બોલના ?''

શ્રી શ્રીમા હસ્યાં અને કહ્યું ''મત બોલના.'' પછી ''યહ સબ ઉનકે સમક્ષ કર દિખલાઓ.'' કહી પૂ. દીદીમા તરફ ઈશારો કર્યો. મેં તે પ્રમાણે બધું વિધિપૂર્વક પૂ. દીદીમા સમક્ષ કરી બતાવ્યું. પૂ. દીદીમાએ કહ્યું ''ઠીક હૈ.'' આ પ્રમાણે દીક્ષા લઈને હું તથા મારાં પત્ની ધન્ય થઈ ગયાં.

આ બધી વિગતવાર માહિતિ લખવાનું કારણ આપણને સૌને ખાત્રી થાય કે શ્રી શ્રીમા આપણી કેટલી બધી કાળજી લે છે, આપણી હકીકત ખૂબ શાંતિથી સાંભળે છે અને દરેક વાતનો સંતોષપૂર્વક ઉકેલ લાવે છે. શ્રી શ્રીમાની આવી લીલા-કથાઓનો અંત આવે તેમ નથી.

ooo

શ્રી શ્રીમા એકવાર મુંબઈમાં શ્રી મુળજીભાઈ (મારા કાકા-સસરા)ને નિવાસ-સ્થાને પધાર્યાં હતાં ત્યારનો પ્રસંગ અહીં વર્ણવું છું. તેમના મકાનની પાછળના ભાગમાં સત્સંગ માટે તંબુ બાંધ્યો હતો. આગળના ભાગમાં જાજમો બાંધી અંદર પાટ ગોઠવીને તેની ઉપર ગાદી-તકિયો રાખવામાં આવેલાં. સત્સંગ-દર્શન બાદ શ્રી શ્રીમા તંબુમાંથી નીકળીને આગળના ભાગના તંબુમાં આવીને ગાદી-તકિયા ઉપર બેઠાં. હું તેમની તદ્દન નજીકમાં ઉભો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતો. મારી તરફ જોઈને ની શ્રીમાએ કહ્યું, "અબ મૈં જા સકતી હૂં ?" શ્રી મુળજીભાઈ થોડે દૂર ઉભા હતા તેથી મેં જરા ઊંચે અવાજે તેમને કહ્યું, "શ્રી શ્રીમા જાય છે." જેથી તેઓ શ્રી શ્રીમાને વિદાય-પ્રણામ કરી શકે. એટલામાં શ્રી શ્રીમાએ ઉઠીને નજીક ઉભેલી મોટર તરફ જવા માંડ્યું. તે જ સમયે કોઈએ શ્રી શ્રીમા સમક્ષ એક શ્રીફળ ધર્યું. શ્રી શ્રીમાએ તે શ્રીફળ હાથમાં લઈ લીધું. મેં શ્રી શ્રીમાને નીચા નમી પ્રણામ કર્યાં. તે સાથે જ "મૈં તુમ્હારે સાથ હૂં" બોલીને માએ પેલું શ્રીફળ મારા હાથમાં આપી દીધું. તરત જ કોઈએ બીજું શ્રીફળ ધર્યું. જે લઈને માએ શ્રી મુળજીભાઈના હાથમાં મુકી દીધું અને ફરીથી બોલ્યાં, "મૈં તુમ્હારે સાથ હૂં." અમે બંન્નેએ શ્રીફળનો માથે ચઢાવી સ્વીકાર કર્યો. ત્યારથી એ પવિત્ર શ્રીફળ મારી પૂજામાં છે. સ્વર્ગસ્થ શ્રી મુળજીભાઈ પણ તેમનું શ્રીફળ તેમની પૂજામાં રાખતા.

ooo

શ્રી શ્રીમા તે દિવસોમાં લાકડાની પાદુકાઓ પહેરતાં. કોઈ ભક્ત શ્રી શ્રીમા માટે નવી પાદુકા લાવ્યા. શ્રી શ્રીમાની પહેરેલી પાદુકાઓ ઉતારી આ નવી પાદુકાઓ લઈ લીધી. મને તે પાદુકાઓ લેવાની ખૂબ જ ઇચ્છા થઈ. એટલે પૂ. દીદીએ શ્રી શ્રીમાની પરવાનગી લઈ મને તે જ પાદુકાઓ આપી.

અમારા પૂજા-સ્થાનમાં આજે પણ શ્રી શ્રીમાનો પેલો અમૂલ્ય ફોટો, જે ફ્રેમ બનાવનારની દુકાનમાં પ્રગટ થયો હતો તે, પવિત્ર શ્રીફળ અને શ્રી શ્રીમાની આ અમૂલ્ય પાદૂકાઓ બિરાજે છે. હું અને મારાં પત્ની તેની નિત્ય સવાર-સાંજ પૂજા કરીએ છીએ. તેનાં દર્શન કરતાં આજે પણ મારા મનમાં "મૈં તુમ્હારે સાથ હી હૂँ" એ શબ્દો રણકી ઊઠે છે.

ooo

સ્વ. શ્રી મુળજીભાઈનાં દીકરી અને મારાં સાળી શ્રીમતી રમાબહેનના મુંબઈના જુહૂ વિસ્તાર સ્થિત બંગલાની શિલારોપણ-વિધિ શ્રી શ્રીમાના વરદ હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે હું અને મારાં પત્ની મુંબઈ ગયાં હતાં. ૧૯૭૪નું વર્ષ હશે. અમે શ્રી મુળજીભાઈને ત્યાં સાયનમાં હતાં. શ્રી શ્રીમા વિલેપાર્લેમાં શ્રી બી. કે. શાહને ત્યાં હતાં. એવામાં એક ભક્તે આવીને સમાચાર આપ્યાં કે "શ્રી શ્રીમા તમારી શોધખોળ કરે છે." આ સાંભળી મને આનંદ-મિશ્રિત આશ્ચર્ય થયું. શ્રી શ્રીમાએ કોઈ વખત કોઈપણ પ્રસંગે મને ખાસ શોધ્યો હોય એવું બન્યું ન હતું. પેલા ભાઈએ આગળ એમ પણ ઉમેર્યું કે, "કમળાબેન (મારાં પત્ની) ને પણ સાથે લઈ જશો કારણ શ્રી શ્રીમા તેમને પણ યાદ કરતાં હતાં." આ સાંભળી અમે બંન્ને આનંદ, આશ્ચર્ય અને કુતૂહલ સાથે શ્રી શ્રીમાનાં દર્શને જવા માટે જલ્દી તૈયાર થઈ વિલેપાર્લે ઊપડ્યાં.

સ્વર્ગસ્થ શ્રી બી. કે. શાહ શ્રી શ્રીમાના એક અનન્ય અને અગ્રગણ્ય ભક્ત હતા. તેઓશ્રીએ તેમના બંગલાના કંપાઉન્ડમાં પાછળના ભાગમાં સુંદર બગીચા વચ્ચે એક ખાસ કુટીર શ્રી શ્રીમા માટે બનાવી છે. અમે ત્યાં જઈ પહોંચ્યાં અને અંદર શ્રી શ્રીમાને ખબર પહોંચાડી. થોડી જ વારમાં શ્રી શ્રીમાએ અમને અંદર બોલાવ્યાં. અમે શ્રી શ્રીમાને ભાવપૂર્વક દંડવત્ પ્રણામ કર્યા. શ્રી શ્રીમાના કરકમળમાં એક પુસ્તક હતું. તે પુસ્તક અમારા બંન્નેના હાથમાં મૂકતાં શ્રી શ્રીમાએ કહ્યું, "યહ શ્રીમદ્ ભાગવત હૈ. ઉસકો હરરોજ પઢના." અમે શ્રીમદ્ ભાગવતને માથે ચઢાવી સ્વીકાર કર્યો. મેં તે પુસ્તકનાં પાનાં ખોલી જોયું તો તે સંસ્કૃત ભાષામાં હતું. મેં શ્રી શ્રીમાને કહ્યું, અમારા બંન્નેમાંથી કોઈને સંસ્કૃત ભાષા આવડતી નથી."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રીમાએ કહ્યું, "તુમ જાનતે નહીં હો ફિર ભી હરરોજ પઢના. ઔર અગર સમય ના મિલે તો કેવલ દો લાઈન ભી પઢના." શ્રી શ્રીમાની આ આજ્ઞા અમે પ્રેમથી સ્વીકારી લીધી. શ્રી શ્રીમાએ પોતે ખાસ "ખ્યાલ" કરીને અમને આપેલ આ પવિત્ર ભાગવતજી હજી પણ અમારી પાસે છે, અને હું તથા મારાં પત્ની દરરોજ નિયમિત રીતે તેનો પાઠ કરીએ છીએ. ત્યારથી તે આજ સુધીમાં કેટલી વખત આખુંય પુસ્તક વંચાઈ ગયું છે તે યાદ નથી. સંસ્કૃત ભાષા જાણતાં અને સમજતાં ન હોવાથી અમો હિન્દી ભાષમાં વ્યાખ્યા કરેલું ગીતા પ્રેસ, ગોરખપુરનું બીજું એક ભાગવતનું પુસ્તક રાખ્યું છે. સંસ્કૃતમાં જે વાંચીએ તેને અનુરૂપ વ્યાખ્યા અમે હિન્દી ભાગવતમાં વાંચી સમજવા પ્રયત્ન કરીએ છીએ. વધુ તો શું લખુંડ પણ શ્રીમદ્ ભાગવતજી એક એવો અગાધ સાગર છે કે જેમાં જ્યારે જ્યારે ડુબકી મારીએ ત્યારે નવાં નવાં રત્નો હાથમાં આવે છે. આપણા સનતાન ધર્મમાં શ્રીમદ્ ભાગવતને ભગવાનનું વાંઙ્મય-સ્વરૂપ કહ્યું છે તેમાં જરાય અતિશયોક્તિ નથી. દરરોજ સવારમાં જ્યારે હું ભાગવત-પાઠ કરવા બેસું છું, ત્યારે શ્રી શ્રીમાની અમારા ઉપરની અસીમ કૃપાને યાદ કરતાં ધન્યતા અનુભવું છું.

OOO

શ્રી શ્રીમા જીવનલીલા-કાળ દરમ્યાન અનેકવાર મૌનમાં રહેતાં. આ સ્થિતિ ઘણા ભક્તોએ જોઈ હશે. મને શ્રી શ્રીમાની આ મૌનની લીલા ખૂબ જ અદ્ભુત લાગી છે. આવું મૌન મેં કોઈનું થતાં જોયું નથી. અહીં એ લખવું જરૂરી છે કે શ્રી શ્રીમા મૌન રાખતાં નહીં, પણ એમને મૌન થઈ જતું. મેં એવું જોયું છે કે શ્રી શ્રીમાની મૌનની લીલા શરૂ થતાં પ્રથમ તો તેઓશ્રીનું બોલવાનું ધીમું પડતું જતું અને ધીમે ધીમે એવું ધીમું પડી જતું કે તેઓશ્રી બોલવાનો પ્રયત્ન કરે તો પણ તેઓ બોલી ન શકતાં. આમ બોલવાનું આપોઆપ બંધ થઈ જતું. આ જ રીતે બોલવાનું શરૂ થવાનું હોય ત્યારે પણ બનતું. ધીમું ધીમું ભાંગ્યુ-તૂટ્યું બોલવાનું શરૂ થાય અને એમ કરતાં કરતાં પૂર્ણ રીતે અવાજ નીકળતો થઈ જતો. શ્રી શ્રીમાનું મૌન અતિશય પ્રખર રહેતું. તેઓશ્રી કોઈ પ્રકારની નિશાનીઓ કે ઈશારા કરતાં નહીં. સંપૂર્ણ કાષ્ઠમૌનની લીલા. તેમની સાથે સતત રહીને સેવા કરનારાં શ્રી દીદી તથા અન્ય અંગત ભક્તો શી રીતે શ્રી શ્રીમાની સગવડ સાચવી શકતાં હશે તે સમજવું કઠિન છે. આ મૌન કેટલું લાબું ચાલશે તે પણ કોઈને ખબર પડતી નહીં. વડોદરામાં સ્ટેશન પાસે આવેલી બાદશાહની ધર્મશાળામાં એક વખત આવું મૌન શ્રી શ્રીમાને થયું હતું. તે સમયે હું ત્યાં હાજર હતો. શ્રી શ્રીમાની મૌનલીલાનો આ અલૌકિક પ્રસંગ જેણે શ્રી શ્રીમાને સ્થૂળ શરીરમાં જોયાં નથી તેમની જાણ માટે અહીં લખું છું.

શ્રી શ્રીમાની આ દિવ્ય લીલાકથા આપની સમક્ષ રજૂ કરવા મેં અહીં પ્રયત્ન કર્યો છે, જે નાના મોઢે મોટી વાત કરવા જેવું છે. અત્યારે શ્રી શ્રીમા આપણી સમક્ષ હાજર નથી. ઉપરાંત આ બધા જ પ્રસંગો બહુ જૂના છે, અને મારી ઉંમર પણ ૮૫ વર્ષ ઉપર થઈ છે. આથી જૂના પ્રસંગો યાદ કરી લખવામાં ભૂલો થવાનો સંભવ છે. આ બધા પ્રસંગોએ મારાં પત્ની મારી સાથે જ હતાં અને તેમણે જ્યાં જ્યાં મારી ભૂલ થતી ત્યાં યાદ કરાવીને તે સુધારવામાં મદદ કરી છે. આમ છતાં આ લખાણમાં જે કાંઈ ત્રુટિ રહી ગઈ હોય તેને મારી અપૂર્ણતા સમજી વાચકો ક્ષમા કરે એવી હું વિનંતિ કરું છું. શ્રી શ્રીમાએ મારી અનેક ક્ષતિઓ અવગણીને મને અપનાવ્યો. તેઓશ્રીની અમારા ઉપરની કરુણાનો વિચાર કરતાં હૃદય ભરાઈ આવે છે. એક ઘૂવડ જેમ સૂર્યના પ્રકાશનું વર્ણન કરે તેમ શ્રી શ્રીમા વિષેનો મારો આ પ્રલાપ મેં મારી અલ્પ સમજ અને અલ્પ શક્તિ પ્રમાણે કર્યો છે, અને તેને શ્રી શ્રીમાના ચરણોમાં અર્પણ કરું છું.

શ્રી શ્રીમા સર્વશક્તિમાન્ અને સર્વવ્યાપક છે. તેઓશ્રીની અહૈતુકી કૃપા આપણા બધા ઉપર સતત વરસે જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. તેઓશ્રીએ આ યુગમાં આપણા સૌના કલ્યાણ માટે જ શરીર ધારણ કર્યું હતું. શ્રી શ્રીમાનો પૂર્વજન્મ હતો નહિ અને પુનર્જન્મ પણ થવાનો નથી. આપણે તો હવે ફક્ત તેઓશ્રીના મહિમાનાં ગુણગાન ગાતાં અને લીલાકથા પ્રસંગોનું સ્મરણ કરતાં કરતાં આપણા હૃદય કમળમાં તેઓશ્રીનાં દર્શન કરવાનાં છે.

ઘણા ભક્તો એમ કહેતા હોય છે કે 'શ્રી શ્રીમા ક્યાંય ગયા જ નથી. શ્રી શ્રીમા આપણી સાથે જ છે.' આ પ્રમાણેની વાતો તાત્ત્વિક દૃષ્ટિએ સાચી હોવા છતાં આપણા ભક્ત હૃદયમાં તે ઉતારવી કઠિન છે. આપણે શ્રી શ્રીમાને જોતાં, એમની મધુર વાણીમાં કીર્તન સાંભળતાં, અને આપણે જઈએ ત્યારે પ્રેમપૂર્વક ''આ ગયે ? સબ લોગ ઠીક હૈ ?'' તેવું પણ સાંભળતાં. હવે શ્રી શ્રીમાનું તે પ્રત્યક્ષ સ્વરૂપ આપણી વચ્ચે નથી, માટે આપણે તો હવે જેવી શક્તિ અને ભક્તિ હોય તેટલાં એમને અંતરમાં જ અનુભવવાનાં છે. શ્રી શ્રીમાને ચરણે પ્રાર્થના કરીએ કે આપણે સૌ નિરંતર તેઓશ્રીની લીલાકથાઓનું ચિંતન, મનન અને સ્મરણ કરતાં રહી એમની હાજરી સતત અનુભવતાં એમને જ પામીએ.

''જય મા જયમા જય મા જય મા આનંદમયી.''

ooo

પ્રશ્ન : મારું મન પૂજા, જપ ઇત્યાદિ કશાથી દ્રવીભૂત નથી થતું.

મા : જુઓ ને, ખજૂરના ઝાડમાંથી પહેલવહેલું કાપવાથી જ શો રસ બહાર નીકળે છે ! એ રસથી પછી કેવા સકત પદાર્થો બનાવવામાં આવે છે. તે જ રીતે ભક્તિ - શ્રધ્ધા સાથે નામ - જપ કરવાથી જ મન ધીમે ધીમે દ્રવીભૂત થશે. નમે નિયમાનુસાર જપ આદિ કરતા જાઓ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રીમાની અમરવાણી

(બ્રહ્મજ્ઞાન-પ્રાપ્તિ પછી સંસાર કરવો કે બ્રહ્મજ્ઞાન-પ્રાપ્તિ પછી સાક્ષીભાવે રહેવું - આ બેમાંથી કયું ગ્રાહ્ય છે એવો પ્રશ્ન ગયા અંકમાં આપ્યો હતો. એના ઉત્તરમાં મા ચૂડાલા-શિખિધ્વજના ઉપાખ્યાનનું વર્ણન કરવાનું કહે છે; ચૂંડાલા-શિખિધ્વજ-ઉપાખ્યાન 'યોગવાસિષ્ઠ રામાયણ'માં આવે છે, જેનો સંક્ષિપ્ત સાર ગયા અંકમાં આવી ગયો છે).

મા : ચૂડાલા-શિખિધ્વજના ઉપાખ્યાનનું વર્ણન કરો, હું સાંભળું. જ્ઞાન પછી ઘર-ગૃહસ્થી કરવાની વાત કરો છો કે ?

એક વ્યક્તિ : ના, અહીં પણ અજ્ઞાનાભાસ છે. આ એક અવસ્થામાત્ર છે, હજી સુધી ચૂડાલા જ્ઞાની નથી થઈ.

મા : જ્ઞાન થયા પછી સંદેહ સંસાર નથી રહેતો, શરીર પણ નથી રહેતું. જ્યાં સંસાર નથી રહેતો, ત્યાં આગળ શરીર પણ નથી રહેતું.

પ્રશ્ન : શરીર તો રહે છે ?

મા : કોણ કહે છે કે શરીર રહે છે ? નામ-રૂપનો જ કોઈ પ્રશ્ન નથી ઊભો થતો. એમને દૃષ્ટિ છે કે નહીં એનો પણ પ્રશ્ન નથી. ''દો, દો'' (આપો, આપો) એનું રટણ પછી કોની પાસે છે? ''દો, દો'' એવો અભાવ જ તો દેહ છે. સંસાર નથી, દેહ નથી, એટલે એ કર્મ પણ નથી. અર્થાત્ દેહ, સંસાર ને કર્મનો પ્રશ્ન જ નથી. એકદમ ધોયા-પોંછા (ચોખ્ખું ચટ) - ''નથી'' એ પણ નથી. બોલવું જે છે, ન બોલવું પણ તે જ છે; ચુપ રહીને જ્યાં સ્થિતિ છે, ચુપ ન રહીને પણ ત્યાં જ સ્થિતિ છે; જે છે તે જ છે. બોલવા ન બોલવાનો પ્રશ્ન જ નથી. હવે સમજી જાઓ. ઘર-ગૃહસ્થી કરવાને અનુરૂપ જે જુઓ છો એ શું છે ? હા, ગીતામાં તો બધી સાચી વાતો છે. અહીં પણ એવી જ વાત છે. આ શરીરને જ્યાંથી જે ધારામાં વાત પૂછશો ત્યાં એ પણ તે જ ભાવમાં. એટલા માટે આ શરીરની શી વાત છે ને શી નથી. કોઈ (પણ) ધારા (માર્ગ પદ્ધતિ) રહે તો ધરા પણ રહે છે.

(ધરા - અર્થાત્ બંગલામાં પકડવું અથવા ગ્રહણ કરવું)

જ્યાં ધરા છે ત્યાં એનાથી અતીત અધરા પણ છે. અહીંયાં ધરા અને અધરાનો પ્રશ્ન નથી, એ જ. જ્યાંથી જેવું વગાડી દો (આ વાજિંત્રને), એવું જ સંભળાશે. આ શરીર પાસે આ મત, એ મત એનો પ્રશ્ન જ નથી.

પ્રશ્ન : તો મા પણ વાગે છે શું ? (હાસ્ય)

મા : જ્યાં કાન છે; વ્યર્થ કામમાં વાગે છે કે સાચા કામમાં વાગે છે એ તમે જાણો. અહીં વાગવા-ન વાગવાનો કોઈ પ્રશ્ન નથી. તમારી મા વ્યર્થની છે કે કામની છે તે તમે જાણો; કારણ કે મા તમારી છે, પુત્રી પણ તમારી છે. વ્યર્થ છે કે કામની છે એ બાળ જાણે છે. (હાસ્ય)

પ્રશ્ન : જો પિતા જાણી લે તો પછી ખેર નથી (કુશળ રહેશે)?

મા : આ તો વાતની વાત છે (વાતમાંથી નીકળેલી બીજી વાત છે) અર્થાત્ આનુષંગિક વાત છે - એ વાત પણ બરાબર નથી. ''નથી'' પણ નથી - હવે ક્યાં જશો ? ''ક્યાં'' પણ ક્યાં છે ?

OOO

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વ્યાખ્યા

મા કહે છે કે જ્ઞાન થાય પછી સંશય-સંસાર નથી રહેતો, શરીર પણ નથી રહેતું. સંસાર નથી ને શરીર રહે એવું ન બને. સંશય એ જ સંસાર. જ્યાં સુધી હૃદયગ્રંથિ-ભેદ ન થાય ત્યાં સુધી સંશય નથી છૂટતો, એટલે કર્મક્ષય થયો છે એમ ન કહેવાય. એક જ અવસ્થાની આ ત્રણ જુદી જુદી દિશાઓ છે-ગ્રંથિભેદ, સંશય-નિવૃત્તિ અને સર્વકર્મક્ષય.

પરમ તત્ત્વનો સાક્ષાત્કાર થાય તો ઉપર કહેલી અવસ્થા આવે છે. ત્યારે પછી સંસાર અને શરીર તો નથી જ રહેતાં, પરંતુ ''નથી રહેતાં'' એવો જે બોધ છે, તે પણ નથી રહેતો. આ જ્ઞાન પામ્યા પછીનું છે. પહેલાં જ્યારે અજ્ઞાન હતું ત્યારે એ અજ્ઞાનની દૃષ્ટિ હોવાથી એમાં શરીર રહેવાનો કે ન રહેવાનો પ્રશ્ન હતો. હવે સ્વરૂપ-દૃષ્ટિમાં બધું માત્ર એ એક છે. તેથી ''નથી'' એવો ભાવ પણ નથી રહેતો.

મા પોતાની અનુપમ ભાષામાં સમજાવે છે-બંગાળીમાં 'આપો'ને 'દેઓ' કહેવાય છે, હિંદીમાં 'દો'. બંગલા ભાષાના 'દેઓ'નો ઉચ્ચાર 'દેહ'ને મળતો છે. એટલે મા કહે છે 'દેઓ, દેઓ' એ અભાવ જ દેહ છે. પરમ સ્થિતિમાં તો અભાવ જ નથી. ગીતામાં છે-

''यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः''

અર્થાત્ જેને પામ્યા પછી એનાથી વધારે કંઈ પામવાનું નથી. બીજા લાભને (પ્રાપ્તિને) ''એની'' પ્રાપ્તિથી અધિક નથી માનતો એવો બ્રહ્મજ્ઞ સંશયહીન, સંસારરહિત છે. મા એને ''ધોયા-પોંછા'' કહે છે. સાફ કરીને ધોઈ લૂછીને ચોખ્ખું ચટ કર્યું હોય એવી એ સ્થિતિ છે. ત્યાં ''છે'' કે ''નથી'' એવો દ્વૈતભાવ નથી. પ્રપંચ-નિવૃત્તિ ને પ્રપંચ-મિથ્યા-ભાવ તો જોઈએ, પરંતુ જ્યાં નિવૃત્તિની પણ નિવૃત્તિ થઈ જાય છે તેમ જ મિથ્યા પણ મિથ્યા થઈ જાય છે, ત્યાં પછી કંઈ કહેવાપણું રહેતું જ નથી. ''નથી''નું કોઈ અસ્તિત્વ જ નથી. પહેલાં 'નેગેશન'-નકારાત્મકતા અર્થાત્ ત્યાગ તથા અસ્વીકાર, જેનાથી સાધનામાર્ગમાં સહાયતા મળે તેનો જ કેવળ સ્વીકાર. પછીથી એનો પણ અસ્વીકાર ને ત્યાગ. છેવટે ત્યાગભાવનો પણ ત્યાગ જ્યારે એકમાત્ર ''એ'' જ રહે છે.

સર્વનો સાર એ કે, જે તત્ત્વ મન-વાણી-કર્મથી અગોચર છે, તેને મનુષ્યની ભાષામાં આનાથી અધિક સ્પષ્ટ રીતે વર્ણવવું અશક્ય છે. શિખિધ્વજે જ્ઞાન પ્રાપ્તિ બાદ રાજ્ય કર્યું એ જે કહેવાય છે તે કેવળ સાંસારિક કે લૌકિક દૃષ્ટિએ. સ્વરૂપ-દૃષ્ટિએ તો આ જાતની વાત ઊભી જ થતી થતી.

માના શબ્દો- ધારા, ધરા, અધારા.

મા કહે છે, ''ધારા રહે તો ધરા છે, અને ધરા રહેતો જ અધરા પણ છે.'' ધારા એટલે મતવિશેષ કે માર્ગ. ધરા એટલે ગ્રહણ કરવું કે પકડવું. જો પકડવું હોય તો કોઈને કોઈ માર્ગ કે પદ્ધતિ કે મતનું અવલંબન કરવું પડશે. એક માર્ગ પકડીને (ધારાને ધરીને) ચાલ્યા જ કરવાનું છે, તો જ કોઈ ને કોઈ ક્ષણે ભગવાનની કૃપાનો ઉદય થશે. એ ક્ષણે ભગવાન એકાએક સ્વયમ્‌ને 'ધરા' (પકડાવી) દેશે. કોણે કેટલો સમય ચાલવાનું છે તે દરેક સાધક માટે ભિન્ન-ભિન્ન છે, બધાનો અધિકાર એક સરખો નથી હોતો. 'અધરા' એટલે એકમાત્ર તેઓ સર્વાતીતરૂપે વિરાજે છે. સાધક પ્રશ્ન કરે છે ત્યારે કોઈને કોઈ ધારા (મત) નો આધાર લઈને જ કરે છે. કોઈ પણ મતને ખોટો સાબિત ન કરાય, કારણ કે પ્રત્યેક મનુષ્યનો એક દૃષ્ટિકોણ હોય છે. મા ઘણીવાર કહે છે, ''જે જ્યાં ઊભું છે ત્યાંથી એને એટલું જ દેખાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એને માટે એ જ સત્ય છે." એક મકાનમાં દાદર ચઢવાનું શરૂ કર્યા પછી જે માળ પર ઊભા રહીને જેટલું દેખાય તેટલું જ સત્ય છે. જેમ જેમ ઉપર ચઢાય છે તેમ તેમ દેખાવાનું વિસ્તૃત થતું જાય છે, અને જ્યારે છેક ટોચ પર પહોંચી જવાય ત્યારે પૂર્વે પૂર્વે જોયેલું બધું જ તેમ જ બીજું નવું - એમ સમગ્રનાં દર્શન થાય છે. જેને જેટલું દેખાય છે તેટલું તેને માટે સત્ય છે. તેથી કોઈ પણ મતનો અસ્વીકાર ન કરવો. જ્યારે લક્ષ્યપ્રાપ્તિ થાય છે, ગીતામાં જેને બ્રાહ્મી સ્થિતિ કહી છે, ત્યારે મત-મતાંતરનો પ્રશ્ન જ નથી ઊભો થતો. જે છે તે જ રહે છે - અશેષ.

OOO

પ્રશ્ન : એકાંશ ધ્યાનમાંથી સર્વાંશ કેવી રીતે થાય ? ધ્યાન તો કેવળ એકાંશમાં જ થઈ શકે. એમ કહે છે કે ધ્યાનથી મન ક્રમશઃ બૃહત્તર વસ્તુને ધારણ કરે છે. પછીથી જ્યારે અધિક ધારણ કરવું મનની શક્તિની બહાર થઈ જાય છે, ત્યારે મનનો આપોઆપ લય થઈ જાય છે. ત્યાર પછી ધ્યાન નથી રહેતું, ત્યારે એ જ્ઞાન થાય છે. આવો કોઈ કોઈને મત છે. કેવી રીતે મનનું આવું સર્વવ્યાપિત્વ થઈ શકે એ સમજવાને હું સમર્થ નથી.

મા : ધ્યાન પ્રાપ્ત થાય તો ધ્યાન થાય છે. ધ્યાન તો 'થવું' જોઈએ. વારુ, મનનો જે લય થઈ જાય છે કહો છો, મન ઉત્પન્ન ક્યાંથી થાય છે ?

પ્રશ્નકર્તા : આત્મામાંથી, શ્રુતિમાં કહ્યું છે કે એ છાયાની જેમ આત્મામાંથી ઉત્પન્ન થયું છે.

મા : જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં નષ્ટ પણ - એ કેવી વાત ? તો પછી ફરીથી ઉત્પન્ન પણ થશે ? એમ કહો છો કે મન સર્વવ્યાપી છે, એ વાત સમજી નથી શકતા. સમજવાની વસ્તુ જ નથી, તેથી સમજી નથી શકતા. એ સમજવા યોગ્ય નથી, વસ્તુ પણ નથી. સંસારના વિષય-ભોગોનો અનુભવ કરો છો, અને જ્યારે આ ધ્યાનમાં ક્ષણિક એક સુખ કે આનંદનો અનુભવ કરો છો, એ પણ અનુભવ જ તો છે ? પરંતુ પૂર્વોક્ત અનુભવ કરતાં એમાં થોડુંક અંતર છે.

આ જે તમે કહ્યું - સમાધિમાંથી ઊતરીને કહેવું. અહીં ઊતરવાનું-ચઢવાનું રહે છે. જો ન રહેત તો કહેત કેમ ? પાછું જ્યાં ઊતરવા-ચઢવાનો પ્રશ્ન નથી, એવી પણ વળી એક સ્થિતિ છે. જો કહો કે સમાધિમાં મન રહે છે, જો ન રહે તો વ્યુત્થાન-દશામાં સમાધિના અનુભવો-ઓછાવત્તા જેટલા પણ હોય-સાધક કહી શકે છે, કહેશે કેવી રીતે ? એ ભલે ને ગમે તે મન હોય, જેમ કે શુદ્ધ મન. હું તમારી જગ્યાએથી જ કહી રહી છું. અનુભવ તો રસ્તાની વાત છે. જો કે પૂર્વોક્ત બે પ્રકારના અનુભવોમાં તારતમ્ય છે, તો પણ મનનાં વિભિન્ન સ્થાનોની વાત જ તો છે. સમાધિ યે કહો છો. વારું, બીજા એક સ્થાનની પણ વાત છે, જ્યાં ઊતરવા-ચઢવાનો પ્રશ્ન જ નથી. એટલે જ એ સ્થાનમાં શરીરનો પણ પ્રશ્ન નથી. આ શરીર, કર્મ અને પ્રશ્નનું ઉત્થાપન જો થાય તો એ સ્થિતિ નથી. મનનો જે લય થાય છે એમ કહો છો, તો લય ક્યાં થાય છે ?

પ્રશ્નકર્તા : આત્મામાં જ લય થાય છે.

મા : જેમ મીઠાનો ઓગળીને લય થાય છે, તેમ જ મનનો આત્મામાં લય થાય છે, એમ ને. કહે છે કોઈ દૃષ્ટિએ એવું પણ છે તો. ત્યાં આગળ લયની વાત છે, વળી જો સિદ્ધ યોગીઓ હોય તો તેઓ જુદું કરીને કાઢી લાવી શકે છે.

પ્રશ્નકર્તા : આત્યંતિક નાશની વાત થઈ રહી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : શું નાશ એ લય છે ? 'ના - સ' (નાશ) અર્થાત્ એ નહીં, સ્વ નહીં, એને જ તો નાશ કહો છો ? જ્યા આગળ નાશ થઈ જાય છે. મનોનાશને શું લય કહો છો ?

(બંગલા ભાષામાં 'સ'નો ઉચ્ચાર 'શ' થાય છે. તેથી 'શ'નો અહીં 'સ' સમજવો ન + સઃ)

OOO

(પં. ગોપીનાથ કવિરાજની વ્યાખ્યાને આધારે)

મા કહે છે કે ચિત્ત પોતાની મેળે ધ્યાનોન્મુખ થાય તો ધ્યાન 'થાય' છે, અર્થાત્ બળજબરીથી કરવું નથી પડતું, આપોઆપ થઈ જાય છે. સ્વાભાવિક રીતે. ઊંઘ ન આવતી હોય તો પ્રયત્નપૂર્વક નથી ઊંઘાતું એમ નથી, પ્રયત્ન કરવાથી ઊંઘ આવે છે; અને એ રીતે ચેષ્ટા કરતાં કરતાં, અભ્યાસ થતાં થતાં પોતાની મેળે પ્રયાસ વિના ઊંઘ આવવા માંડે છે. તે જ રીતે કૃત્રિમ ઉપાયોથી શરૂઆતમાં ધ્યાન કરવાની ચેષ્ટા કરવી પડે છે, ધીરે ધીરે અભ્યાસ થતાં ધ્યાન આપોઆપ થઈ જાય છે, કરવું નથી પડતું.

'યોગસૂત્ર'ના રચનાકાર પતંજલિ ઋષિએ યોગના બે વિભાગ કર્યા છે-સમાધિયોગ અને ક્રિયાયોગ. જે સાધકનું ચિત્ત વ્યુત્થિત અર્થાત્ બહિર્મુખી હોય એણે ક્રિયાયોગ કરવો જોઈએ. જેનું ચિત્ત અંતર્મુખી હોય એ સહજ રીતે સમાધિ પ્રત્યે ઝૂકી જશે. ક્રિયાયોગ દ્વારા ચિત્તની એકાગ્રતા સધાશે જેથી ચિત્તની ચંચળતા જતી રહેશે ને આત્મસમર્પણ થઈ શકશે. ધ્યાન કરતાં કરતાં ચિત્તના મળ ને વિક્ષેપનો નાશ થાય છે. યથાર્થ ધ્યાન થયા પછી કૃત્રિમતા સહેજ પણ નથી રહેતી. એ 'સ્વભાવ'નો ખેલ છે. ત્યાંથી પૂર્વ-અવસ્થાની પ્રાપ્તિ અર્થાત્ પ્રકૃત સ્થળમાં પતન નથી થતું.

મનનો લય કે ચિત્તલય તે કેવળ એક સ્થિતિ જેવું ભાસે છે. ખરી રીતે જો મનનો લય માનો તો લય એટલે વિનાશ છે તો વ્યત્થાન એટલે પુનઃઉત્પત્તિ હોવી જ જોઈએ, કારણ જે ઉત્પન્ન થાય છે. તે નાશ પામે છે, અને જે નાશ પામે છે તે જ ઉત્પન્ન થાય છે. ભગવાનના પરમધામમાંથી તો પાછું ફરવાનું છે જ નહિ. ગીતામાં પણ ભગવાન કહે છે કે ''જ્યાં પહોંચ્યા પછી પાછો નથી ફરતો તે મારું પરમ ધામ છે.'' (અધ્યાય-૧૫). તેથી જ્ઞાનના ઉદયથી મન સળગી ગયેલા વસ્ત્ર જેવું થઈ જાય છે. એ વખતે એ રહેવા છતાં નથી રહેતું. મનને વિક્ષેપ વગરનું રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. વિક્ષેપ વગરનું, લય વગરનું, ચંચળતા વગરનું. સમાધિમાં મન છે છતાં નથી - એમાંથી શુભ-અશુભ ફળ નથી ઉત્પન્ન હતું. તત્ત્વજ્ઞાનની ભાષામાં એ 'ક્રિયાચિત્ત' કહેવાય છે.

OOO

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સત્પ્રસંગો

- પરિવ્રાજક

સંઘર્ષથી મોટી શક્તિ ક્યાં ?

ગુરુ દ્રોણાચાર્ય કૌરવોની સેનાના સેનાપતિ નિયુક્ત થયા. પ્રથમ દિવસે વીરતાપૂર્વક લડવા છતાં વિજયશ્રી અર્જુનના હાથમાં ગઈ.

આ જોઈને દુર્યોધનને ઘણી નિરાશા થઈ; બોલ્યો, ''ગુરુદેવ ! અર્જુન તો આપનો માત્ર શિષ્ય છે. આપ એને ક્ષણમાત્રમાં પરાજિત કરી શકો છો, તો વિલંબ શાને ?

દ્રોણાચાર્ય ગંભીર થઈ ગયા; બોલ્યા, ''તું સાચું કહે છે. અર્જુન તારો શિષ્ય છે. એની બધી વિદ્યાથી હું પરિચિત છું, પરંતુ એનું જીવન વિપત્તિઓમાં અને સંઘર્ષ કરવામાં ગયું છે; જ્યારે મારું જીવન સરળતાથી, સુખ-સગવડમાં દિવસો પસાર કરવામાં ગયું છે. વિપત્તિએ અર્જુનને મારાથી ઘણો વધારે બળવાન બનાવી દીધો છે.'' વિપત્તિ મનુષ્યની શક્તિ અને સામર્થ્યના વિકાસમાં સહાયક થાય છે, જો એનાથી એ ભય ન પામે તો. જરૂરિયાત દૃષ્ટિકોણ બદલવાની છે.

OOO

યોગ્ય ગૌરવ

એક હરિજન સ્ત્રી શૌચાલય સ્વચ્છ કરીને જતી હતી. એક ભલા માણસે કુતૂહલવશ એને પૂછ્યું, ''આવું કામ કરતાં તને ઘૃણા નથી આવતી ? આવી દુર્ગંધ કેવી રીતે સહન કરી લે છે ?'' એ સ્ત્રીએ ધીમેથી જવાબ આપ્યો, ''અમારા વડીલોએ કહ્યું છે કે સૃષ્ટિકર્તાએ અમને મનુષ્યમાત્રની માતા થવાનું પદ આપ્યું છે. પોતાના બાળકોનાં મળ-મૂત્ર સાફ કરવામાં માતાને કોઈ દિવસ દુર્ગંધ કે ઘૃણા આવી છે ?''

OOO

જેવું ખાય અન્ન, તેવું બને મન

એક વાર એક મોટા ત્યાગી મહાત્મા ધર્મોપદેશ આપવા કોઈ જગાએ ગયા. ત્યાંથી સોનાનો હાર ચોરી ગયા. બીજે જ દિવસે એમને પોતાના દુષ્કૃત્ય પર લજ્જા આવી. ખૂબ દુઃખી મનથી પાછા એ જ સ્થળે જઈને હાર પાછો આપ્યો, ને ક્ષમા માગી. ગૃહસ્થને બહુ આશ્ચર્ય થયું કે આટલા મોટા ત્યાગી ને વિદ્વાન હોવા છતાં એમણે શા માટે હાર ચોર્યો, અને ચોર્યો તો બુદ્ધિશાળી હોવા છતાં હાર પાછો લાવીને પોતાનું કૃત્ય કેમ છતું કર્યું ?

મહાત્માએ કહ્યું, ''એ દિવસે અહીં આવતાં પહેલાં જે વ્યક્તિને ત્યાંથી મેં ભિક્ષા લીધી હતી એ પોતે ચોર હતો. એન્નું અન્ન ચોરીની કમાણીમાંથી આવેલું હોવાથી દૂષિત હતું. એ ખાવાથી મારી બુદ્ધિમાં ચોરીના સંસ્કાર પેદા થયા. ત્યાર પછી પેટમાંથી જ્યારે વિષ્ઠારૂપે એ સંસ્કાર બહાર નીકળી ગયા, ત્યારે મને સુબુદ્ધિ થઈ. આ હાર તેથી પાછો લાવ્યો છું.''

અન્નથી મન બને છે, માટે કુધાન્યથી સદા બચવું જોઈએ.

OOO

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બે દીપકો

મહાન ચિંતક ને મનીષી જીલાની રાત્રિના પ્રથમ પ્રહરમાં રાજ્યના આદેશાનુસાર એક પુસ્તક લખતા હતા, અને રાત્રિના ચોથા પ્રહરમાં પોતાની પૂજા-આરાધનામાં જાગતા હતા. આ બે કાર્યો રાત્રે કરતા અને દિવસે બીજાં કાર્યો પતાવતાં. એમની પાસે બે દીપકો હતા. તેઓ જ્યારે પુસ્તક લખવા બેસતા, ત્યારે એક દીપક પ્રગટાવતા, અને પૂજાના સમયમાં બીજો પ્રગટાવતા.

એક મિત્રએ આમ કરવાનું કારણ પૂછ્યું. જીલાની બોલ્યા, "રાજ્ય માટે પુસ્તક લખાય છે ત્યારે દીપકમાં તેલ રાજ્યનું વપરાય છે. પૂજા મારી વ્યક્તિગત છે એટલે મારું પોતાનું તેલ વાપરું છું. ત્યારે બીજો દીપક સળગાવું છું."

સત્કર્મ ત્યારે જ સફળ થાય છે કે જ્યારે એ સાચા મન અને ધર્મથી ઉપાર્જિત સાધનો વડે સમ્પન્ન થાય.

OOO

સંતવાણી

લોકો કેવા બને ? કેમ બદલાય ? આનો પ્રયોગ સૌ પ્રથમ પોતાના ઉપર જ કરવો જોઈએ, અને કરી બતાવવું જોઈએ કે કાર્ય આપણે સમજીએ છીએ એટલું મુશ્કેલ નથી.

OOO

બ્રાહ્મણ એ છે કે જે સમાજ પાસેથી ઓછામાં ઓછું લઈ, સમાજને વધારેમાં વધારે આપે.

- પરિવ્રાજક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃ-સત્સંગ

- સ્વામી ભાગવતાનન્દ ગિરિ

સ્થાન : પ્રયાગ, ત્રિવેણી-તટ, અર્ધકુંભ મેળો, પોષ સુદ ૮. સંવત્ ૨૦૦૪, ૧૬મી જાન્યુઆરી-૧૯૪૮.

પ્રશ્ન : મા, જો મારે વિદેશ જવાનું થાય તો મારાથી માંસ-માછલી ન ખવાય ? જરૂર પડે તો પણ ન ખાવી જોઈએ ?

મા : જો તમે એમ સમજો કે એ ખાવાથી તમારી ભગવત્પ્રાપ્તિમાં સહાયતા મળશે, તો ખાઈ શકો છો.

પ્રશ્નકર્તા : આપની વાત મારી બુદ્ધિમાં નથી આવતી.

મા : જે ચીજનો તમે જેવો ઉપયોગ કરશો એવું ફળ મળશે. જો તમને માંસ-માછલી ખાવાની ટેવ ન હોય તો ન ખાતા વિદેશી લોકો જો માંસાહાર કરતા હોય તો કરવા દો. એ દેશના હવા-પાણીમાં માંસાહાર એ લોકોને અનુકૂળ આવે છે, વિદેશી લોકો એ દેશમાં જન્મ્યા છે, એટલે તેઓ ખાય તો ભલે ખાય. એમને એમાં વાંધો નથી. તમારો જે નિયમ છે એનું તમે પાલન કરો. આ દેશમાંયે માંસ-માછલી ખાઈને પણ શું મહાપુરુષો નથી થયા ? જે ખાવાથી, જે પીવાથી ભગવત્પ્રાતિ થાય એવું કરો. તમારે વિદેશ જવાથી આ બધું ખાવું જ પડશે એવો કોઈ નિયમ નથી. જે ભગવાનના ભક્તો વિદેશ જાય છે, તે ત્યાં પણ ભગવાનને ભોગ ધરાવીને જ ખાય છે. ત્યાં જઈને જે લોકો માછલી, માંસ ખાવાના અભ્યાસી થઈ જાય છે તેઓ તો લાલચથી જીભના સ્વાદ માટે ખાય છે.

માનો આવો સત્સંગ ચાલતો હતો એટલામાં પૂજ્ય સ્વામી શરણાનંદજી મહારાજ માતૃ-સત્સંગમાં આવી પહોંચ્યા. એમને ખૂબ આદરપૂર્વક આસન પર બેસાડવામાં આવ્યા.

પ્રશ્ન : હરતાં-ફરતાં શું એવો ખ્યાલ રાખવો જરૂરી નથી કે મારા પગ નીચે કોઈ જીવજંતુ કીડી વગેરે દબાઈને કચરાઈ ન જાય ?

મા : જો આવો ખ્યાલ રહેતો ઘણી સારી વાત છે. પણ એનાથી પણ વધારે સારો ખ્યાલ એ છે કે કીડી, જીવજંતુ આદિ પણ બધાં ભગવાનનાં જ સ્વરૂપો છે. જો પગ નીચે દબાઈ જાય તો ભગવત્-બુદ્ધિથી એમને નમસ્કાર કરો.

ત્યારબાદ પૂ. સ્વામી શરણાનંદજીની મા સાથે થોડી વાતો થઈ.

મા : (સ્વામી શરણાનંદજીને) પિતાજી, હવે તમે જણાવો.

સ્વામી શરણાનંદજી : (વાત્સલ્યપૂર્ણ સ્વરથી) માઁ, માઁ, માઁ.

મા : પિતાજી ! નાની બાળકીનું નમો નારાયણ ! નમો નારાયણ ! નમો નારાયણ !

સ્વામી શરણાનંદજી : જે વ્યક્તિઓ માંસાહાર નથી કરતી તેમને તમે શાકાહારી કહો છો. મૂળ વાત એમના ભાવમાં છે. એક વ્યક્તિ માંસ તો ન ખાય, પણ એક મનુષ્યને જ ખાઈ જાય તો ! મોટા મોટા રાજનીતિક માણસો વિશ્વયુદ્ધ કરાવે છે એમાં શું હિંસા નથી ? એક બાજુ ફળ તોડવામાં પણ હિંસા થઈ જાય છે. બીજી બાજુ એ જ માણસો 'લોકસભા' કે 'રાજ્ય વિધાનસભા'માં જઈને એવો કાયદો ઘડે છે કે જેનાથી લાખો લોકો નાશ પામે છે. આ કેવી જાતની અહિંસા ? હિત શેને કહેશો ? ધર્મયુદ્ધમાં તમે સેનાપતિ છો અને લાખો મનુષ્યોને મારો તો એમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાપ નહીં લાગે. પરંતુ સ્વાર્થની દૃષ્ટિથી કે પોતાના મોજશોખ માટે એક કાડી પણ જો મારશો તો એમાં હિંસા છે. જે માણસ નોકરી કરીને ખાય છે. એ હિંસા કરે છે, અને જે માણસ ભિક્ષા માગીને ખાય છે તે અહિંસા કરે છે. હિંસા દ્વારા વ્યક્તિ ધીમે ધીમે અહિંસા બાજુ જાય છે. પૂર્ણ અહિંસા આવે તો માણસમાં અભિમાન નથી રહેતું. ભોજન માટે માંસથી સારાં તો શાકભાજી જ છે. ધ્રુવ-પ્રદેશમાં જ્યાં હંમેશ બરફ રહે છે, ત્યાંના લોકો જો માછલી ખાય તો એમની વાત જુદી છે, કારણ ત્યાં તો એકમાત્ર એ જ અન્ન છે.

પ્રશ્ન : દૂધ પણ રક્તનું એક રૂપ છે ને ?

મા : ગાયની સેવા કરીને ગૌમાતાનું દૂધ લેવું જોઈએ. ગાયના ઋણી બનીને દૂધ ન લેવું જોઈએ. દૂધ પીવામાં હિંસા નથી.

પ્રશ્ન : હિંસા તો મહાપાપી સાથે રાખવી જોઈએ.

મા : મહાપાપી તો એ લોકો છે નાશવાન્ શરીરને પોતાનો આત્મા માની બેઠા છે. પિતાજી (સ્વામી શરણાનંદજી) એ બરોબર જ કહ્યું છે કે વ્યક્તિ પોતાનું અહિત ખુદ કરે છે.

OOO

સ્વામી શરણાનંદજીએ પ્રશ્નકર્તાને સમજાવવાનો પ્રયત્ન કર્યા પછી કહ્યું : મા જો હિંસા કરવાની ના પાડે તો ન કરો. પણ મનમાં જો કોઈને મારવાનો ખ્યાલ રહે તો સારું નહીં. "જો મા કહે તો હું હિંસા કરું" એ ભાવ પણ તમારો બરોબર નથી.

ડૉ. પન્નાલાલ : મા પાસે તો માંદા માણસો જ આવે છે.

સ્વા. શ. : મનુષ્ય થયા પછી પણ મા પાસે આવે છે.

મા : આ વાત સારી છે. શરીર તો તમારું નાનું બાળક છે એટલે પ્યારથી 'મા' કહીને બોલાવો છો.

સ્વા. શ. : જે લોકો સારા નથી તેઓ તો સંત-મહાત્માઓથી વિમુખ રહે છે. એ લોકો જ્યારે સત્સંગ કરે છે તો પછી સારા જ છે, નહીં તો અહીં આવત જ શા માટે ?

મા : જો કોઈનામાં ભૂલ રહી જાય તો એમને ભય લાગે છે. એવું થવું જોઈએ કે ભૂલનો મૂળમાંથી નાશ થવો જોઈએ.

જ્યારે ભૂલ-ભ્રાંતિનો સંપૂર્ણ નાશ થશે ત્યારે સત્ય પ્રકાશિત થશે.

ડૉ. પન્નાલાલ : અમે લોકો ભૂલને ભૂલ થોડી જ માનીએ છીએ ? જો એક વાર ભૂલથી મા પાસે આવી ગયો તો ફરીથી પણ ભૂલથી મા પાસે આવી જાય છે.

સ્વા. શ. : ફુદું (પાંખવાળું જીવડું) દીપક પાસે જઈને એની અંદર બળીને મરી જાય છે, છતાં પણ દીપકને જોતાં વેંત એની સામે દોડે છે.

મા : પિતાજી બધું જાણે છે. આ શરીર તો નાની બાળકી છે - શું જાણે ?

ડૉ. પન્નાલાલ : મા, આપણને બધાંને ભુલામણીમાં નાખવા માગે છે.

--

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પછી "અવગુણ ચિત ન ધરો" ભજન કોઈએ ગાયું. ભજન સાંભળી લીધા પછી સ્વામી શરણાનંદજી મહારાજે કહ્યું; "ભગવાન આગળ નિરાધાર થઈ જાઓ તો ભગવાન તમારા અવગુણો ચિત્તમાં નહીં ધરે, પણ મનુષ્ય તો પોતાનો ન્યાય પોતાને હાથ કરવા માગે છે."

પ્રશ્ન : અમે લોકો ભૂખ્યા છીએ.

મા : સારી વાત છે. બાળક જ્યારે રમત-ગમતમાં મસ્ત રહે છે ત્યારે મા એને બોલાવે છે. થપ્પડ પણ મારે છે. જો બાળક ગંદું હોય તો સાફ કરીને ખોળામં લે છે. માને થાય છે કે જો બાળક ગંદું રહેશે તો રોગ થઈ જશે.

પ્રશ્ન : મા ગંદકી સાફ કરી દે છે.

મા : મા ચોક્કસ ગંદકી બાળકની દૂર કરી દે છે. બાળકને તો ગંદામાં રમવાનું ગમે છે પણ મા જ ગંદામાંથી ઊંચકીને સાફ કરી લે છે.

પ્રશ્ન : અમારાથી તો સંસારે છૂટતો નથી ને ભગવાનમાં પણ પ્રેમ નથી, તો શું થશે ?

મા : જંગલમાં બેસીને જંગલ સાફ કરવું જોઈએ. એમાં જ સાફ કરીને બેસો. થોડીક આગ લગાડવાથી જંગલ સાફ થઈ જશે. ગુરુ પાસે બધું જ હોય છે. સાધક ધૈર્યવાન અને સ્ફૂર્તિવાન હોય તો બધું જ શક્ય થઈ શકે.

પ્રશ્ન : કોઈ કોઈવાર મા એવું પણ કરે કે બાળકને છોડી દે, અને ક્યારેક પ્રેમથી રમાડે.

મા : એ જ તો ભગવાનની રમત છે. આ જે કંઈ દશ્યમાન્ દૃષ્ટિગોચર થાય છે તે બધી ભગવાનની જ તો રમત છે. પોતાની બાજુ જરા દૃષ્ટિ કરો. તમે કોણ છો ? હું એક પણ છું ને અનેક પણ છું. પોતાની સાથે જ પોતે રમે છે.

પ્રશ્નકર્તા : અમને બધાને ફસાવવા માટે જ ભગવાને આવી રમત કરી છે એવું લાગે છે.

મા : સર્વત્ર એકમાત્ર ભગવાનની જ રમત રમાઈ રહી છે એવી દૃષ્ટિ રાખવી જોઈએ. ખુદ તમે જ એક પણ છો અને અનંત પણ છો. તમે તમારા સ્વરૂપને ઓળખવાની કોશિશ કરો. બીજી દૃષ્ટિએ – 'હે ભગવાન ! તમે પૂર્ણ છો અને હું અંશ છું. તમે પ્રભુ છો અને હું તારો દાસ છું.' પોતાની જાતને ઓળખવાની કોશિશ કરો. 'હું કોણ છું, ક્યાં છું ?' અંશને પહેલાં ઓળખો તો પછીથી પરમ અંશ પરમાત્માને પણ ઓળખી શકશો. પોતાને ઓળખ્યા વગર ભગવાનને કેવી રીતે ઓળખશો ? એક ક્ષણ પછી શું થવાનું છે ને શું નથી થવાનું એની ખબર પડે કે ન પડે એ ભગવાનની ઇચ્છા પર આધાર રાખે છે. તમે સત્ સંકલ્પ કરો. જો સંકલ્પ સત્ હોય તો કોઈ કોઈવાર ફલિત થઈ જાય છે. હરિકથા જ એકામત્ર સત્ કથા છે, બીજું બધું વ્યથા ને વૃથા છે. જ્યાં રામ ત્યાં આરામ અને જ્યાં નહીં રામ ત્યાં વ્યારામ. (મા ખૂબ ખૂબ એમના ભાવમાં જ હસી રહ્યાં છે અને બધાંને હસાવી રહ્યાં છે.) એક વાર પાપે ભગવાનને પૂછ્યું કે "હે પ્રભુ ! તમે બધાંનું સ્થાન ગોઠવી આપ્યું. હવે મારું રહેવાનું સ્થાન ક્યાં છે એ ગોઠવી આપો. ભગવાને કહ્યું, "જેના મોંમાં રામનું નામ નથી એની ઉપર બેસજે."

પ્રશ્ન : ચોવીસે કલાક ભગવાનનું સ્મરણ કેવી રીતે રહે ?

મા : અભ્યાસ ! અભ્યાસ કરતાં કરતાં બધું જ થઈ શકે. જે લોકો ધ્યાન કરે છે, એ લોકો મન એકાગ્ર થાય કે ન થાય તો પણ ધ્યાનનો અભ્યાસ કરે છે. જપ કરવા ગમે કે ન ગમે, તો પણ જપનો અભ્યાસ કરવાની કોશિશ કરો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મનને હંમેશ ભગવન્નામથી પરિપૂર્ણ રાખવાની કોશિશ કરો. ભલે ઘરમાં હો કે બહાર હો, ખ્યાલ રાખવો જોઈએ કે એકમાત્ર ભગવાન સિવાય બીજું કંઈ નથી. દ્વિધા-ભાવમાં જ દુઃખ છે. હું તો ખાલી ભગવાનના હાથનું એકમાત્ર યંત્ર છું-ભગવાન જેમ ચલાવે તેમ ચાલવાનું જ શ્રેષ્ઠ છે. ભગવાન જ સમસ્ત સંસારનું મેનેજરપણું કરે છે.

પ્રશ્ન : ભગવન્નામ-સ્મરણ કરવામાં કેમ ભૂલ થઈ જાય છે ?

મા : ભગવન્નામ-સ્મરણને ભૂલી જાઓ છો એટલે જ તો ભગવત્પ્રાપ્તિ પણ નથી થતી. સર્વદા ખ્યાલ રાખો કે આ જગતમાં જે પણ કંઈ થઈ રહ્યું છે બધું એમની ઇચ્છાથી જ થઈ રહ્યું છે. બધું જ ભગવાનનું જ છે. જ્યારે જાગ્રત અવસ્થામાં હો ત્યારે એમનું સ્મરણ કરો. શુભ કર્મ કરો. પ્રાર્થના કરો. જપ, તપ, પ્રાર્થના જ કરવાં જોઈએ. રાત્રે જ્યારે સૂવા જાઓ ત્યારે સૂતાં પહેલાં, આખા દિવસમાં તમે જે સારાં-ખોટાં કામો કર્યાં છે, એ સ્મરણ કરો. પ્રાર્થનાપૂર્વક બધાં કર્મોને ભગવાનનાં શ્રીચરણકમળોમાં અર્પણ કરી દો. અર્પણ બુદ્ધિ આવવા માટે ભગવાન પાસે હંમેશ પ્રાર્થના કરો. એવો વિચાર ન કરવો જોઈએ કે કંઈ વાંધો નહીં, ખરાબ કામ કરી લો, પછીથી ભગવાન પાસે ક્ષમા માગી લઈશું. સારામાં સારાં કર્મો કરવાની ચેષ્ટા કરવી જોઈએ. ખરાબ કામો તરફ દૃષ્ટિપાત પણ ન કરો. પ્રાર્થના કરો, પોતાની જાતને ભગવાનનાં શ્રીચરણકમળોમાં સંપૂર્ણ રીતે સમર્પિત થઈ જવા દો.

પ્રશ્ન : ઑફિસનું કામકાજ, વેપાર-ધંધા વગેરે કામોને પણ શું ભગવાનનાં શ્રીચરણકમળોમાં અર્પણ કરવાં જોઈએ ?

મા : બધાં કર્મો અર્પણ-બુદ્ધિથી કરવાની કોશિશ કરો. અર્પણ કરવું ને અર્પણ થવું-આ બંન્ને વાતોમાં ખાસ્સું અંતર છે. જેમ કે જપ કરવા અને જપ આપોઆપ થવા જુદી વાત છે. ભગવાનને સમર્પણ કરતાં કરતાં પછી સમર્પણ થઈ જશે.

પ્રશ્ન : સંન્યાસી થયા પછી પણ મન ચંચળ કેમ રહેતું હશે ?

મા : વૈરાગ્ય કાચો છે એટલે જેટલી શક્તિ તમારી અંદર છે બધી શક્તિ ખર્ચીને ભગવત્પ્રાપ્તિમાં વાપરો. ભગવાન જે કરી રહ્યા છે બધું બરાબર જ કરી રહ્યા છે. યોગ તો હંમેશ થઈ રહ્યો છે. જો એમ ન હોત તો લોકો યોગ કેમ કરત ? મનુષ્ય-શરીર મળ્યું છે. એ શરીરને ભગવત્પ્રાપ્તિમાં વાપરો. ખૂબ ખૂબ કોશિશ કરો. આમ કરતાં કરતાં અવશ્ય ભગવત્પ્રાપ્તિ થઈ જશે. ઘણા લોકોને ચાલતાં ચાલતાં પાછળ જોવાની ટેવ હોય છે. તમે લોકો વારંવાર પાછળ દૃષ્ટિ ન નાખો, કારણ એનાથી ગતિ અટકી જશે. કર્મ કરતાં રહો-ફળ તરફ પણ વારંવાર દૃષ્ટિ ન કરો. જે તમે કરી રહ્યા છો એમનું પણ ફળ અવશ્ય તમને મળશે. એકાગ્ર ચિત્તે જો ધ્યાન કરશો તો ભગવત્પ્રકાશ અવશ્ય મળશે. તમારા મનની અને અહંની જે શક્તિ છે એને સાધનામાં વાપરો. જલ્દી જલ્દી સાધના કરો, પ્રકાશ અવશ્ય મળશે. વારંવાર ફળ તરફ પણ દૃષ્ટિ ન નાખો, જેમ કે દાળ બનાવતી વખતે જો તમે દાળને વારંવાર હલાવશો તો દાળ બગડી જશે. દાળને રંધાવા માટે સમય આપો. વિવેક ને વૈરાગ્યથી વાસનાઓ બાળી નાખો અથવા ભક્તિ વડે ઓગાળી દો. કંઈક તો કરો.

પ્રશ્ન : આ બેમાંથી કયું સારું ?

મા : જેને જે અનુકૂળ આવે તે કરવું જોઈએ. વિવેક વૈરાગ્યથી જે બળી જશે તે જ ભક્તિ દ્વારા ઓગળી જશે.

પ્રશ્ન : આ ભાઈ તો પોતેન બળવા કે ઓગાળવા નથી માગતા, શું કરવું જોઈએ ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : જે મનુષ્ય ઇચ્છા જ નથી કરતો એ જ ખરેખર ઇચ્છા કરે છે. જીવનો સ્વભાવ છે ઇચ્છા કરવાનો. બંધનમાં કેમ પડો છો ? બંધનથી અભાવ ખલાસ નહીં થાય.

પ્રશ્નકર્તા : જેનાથી ભગવાનને આનંદ થાય તે જ કરવું જોઈએ.

મા : સારી વાત છે. તમે લોકો ભગવાન પાસે કંઈક માગો છો તો કંઈક મળે છે. કંઈક મળવાથી કંઈ નથી થતું. ભગવાન પરિપૂર્ણ, અખંડ છે. જો ભગવાન પાસે યાચના કરવી હોય તો અખંડની પ્રાપ્તિ માટે યાચના કરો, અખંડની પ્રાપ્તિ માટે અખંડ પ્રયત્ન કરો. પ્રકાશ શી ચીજ છે ? પ્રકાશ-ભગવાનનો જ સાચો પ્રકાશ છે. જો ભગવાનનાં દર્શન ન મળ્યાં તો પછી દુ:ખ જ દુ:ખ છે.

OOO

પ્રયાગ, ત્રિવેણી-તટ, અર્ધકુંભ મેળો. ૨૦મી જાન્યુઆરી, ૧૯૪૮. પોષ સુદ ૯, સંવત ૨૦૦૪.

માતૃ-સત્સંગ ઘણા મોટા પાયે રોજ થાય છે. ભક્તો માના આગમનની આતુરતાથી પ્રતીક્ષા કરી રહ્યા છે. માનું આગમન થયું ત્યારે બધાંએ ખૂબ આદરપૂર્વક સ્વાગત-સત્કાર કર્યો. મા એમના આસન પર બેઠાં, પછી ભક્તોએ પ્રશ્નોનો આરંભ કર્યો.

પ્રશ્ન : મોક્ષ થાય તો શું થાય ? જેવી રીતે પાણીનું ટીપું સમુદ્રથી જુદું પડ્યું હતું, અને ફરી સમુદ્રમાં મળી ગયું-શું એ જ મોક્ષનું સ્વરૂપ છે ?

મા : સાધન કરતાં કરતાં મોક્ષ પ્રાપ્ત થાય છે. સાધન કરો અને ફળ પ્રાપ્ત કરો. સાધન કરતાં કરતાં અખંડ પ્રકાશની પ્રાપ્તિ થશે.

પ્રશ્ન : મહાપ્રલય વખતે અમે લોકો શું કર્મબંધનમાંથી છૂટી જઈશું ?

મા : અરે ! જો બીજ નહીં રહે તો સૃષ્ટિ ક્યાંથી થશે ? કારણમાંથી જ કાર્ય પ્રકાશિત થાય છે. પોતાના આત્મ-સ્વરૂપનો પ્રકાશ થવો (પ્રગટ થવું) તે જ મોક્ષ છે.

પ્રશ્ન : મા, મેં એવો નિયમ કર્યો છે કે રાત્રે મૌન રાખું છું. સવારે પણ મૌન રાખું છું. મૌન પત્યા પછી હું સરખી રીતે બોલી નથી શકતો. મૌન કેવી રીતે રાખવું જોઈએ ?

મા : એકવાર કોઈ એક ભાઈએ મૌન લઈ લીધું હતું. મૌન લીધા પછી બોલવાની ઇચ્છા થાય તો પણ બોલી નહોતા શકતા. એ વખતે આ શરીરનું પણ મૌન ચાલતું હતું. એ મૌનનો અત્યારે બરાબર ખ્યાલ નથી. એક હોય છે મૌન રાખવું અને એક હોય છે મૌન આપોઆપ થઈ જવું. જ્યાં મૌન આપોઆપ થઈ જાય છે ત્યાં લક્ષ્ય પૂરું થઈ જાય છે. કોઈએ કોઈ પર ક્રોધ કરીને બોલવાનું છોડી દીધું છે, એ મૌન નથી. એ સંયમ પણ નથી. ક્રોધ કર્યા બાદ જ્યારે મૌન પત્યા પછી વાત શરૂ કરશે ત્યારે ''ફાયર'' થઈ જશે. (મા ખૂબ હસે છે) પિતાજી, કેમ સાચી વાત છે ને ? આહા ! કેવો ચમત્કાર ! બધામાં અનંત તત્ત્વ છે, અનંત રસ્તાઓ છે.

પ્રશ્ન : વાક્ સંયમને શું માનૈ કહેવાય ?

મા : વાક્સંયમ પણ બરોબર જ છે. વાક્સંયમથી લાભ છે-મિથ્યા ભાષણ ઓછું થઈ જાય છે. વાણી ખુલ્લી રહે તો ક્યારેક અસત્ય પણ બોલાય છે. વાક સંયમથી અસત્ય બોલવાનું ઓછું થઈ જાય છે. વાક્સંયમ રાખીને જો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લખવા જાઓ તો પણ સાવધાન રહેવું પડે છે. એનાથી પણ ભાવ શુદ્ધ થાય છે. એવું પણ બને-કોઈ કોઈ થોડું બોલીને ભગવાનનું નામ લઈ લે છે. એવા પણ કોઈ કોઈ લોકો છે જે ભગવાનનું નામ લેવાનું પસંદ નથી કરતા, પણ વાક્ સંયમ કરે છે. એ લોકો બહુ ઈશારા પણ કરે છે. વારંવાર પોતાનો વિચાર લખી બતાવે છે. ભગવાન તરફ મન રાખીને જે વાક્સંયમ કરે છે એનાથી ખાસ વધારે લાભ નથી થતો. વાક્ સંયમનો અભ્યાસ કર્યા પછી મૌન પણ લઈ શકે. એવા પણ કેટલાક માણસો છે, જેઓ કહે છે કે જ્યારે ભગવાને મુખ આપ્યું છે તો પછી મૌન કેમ કરવાનું ? અરે ! જો સાંભળવું જ છે તો ફક્ત ભગવાનની જ વાતો સાંભળો. જો બોલવું છે તો ફક્ત ભગવાનની જ વાતો બોલો. જો સ્પર્શ કરવો છે તો ભગવાનનો જ સ્પર્શ કરો.

પ્રશ્ન : ગુરુપ્રાપ્તિ થયા પછી સાધન કરવું જોઈએ કે સાધન શરૂ કરીને ગુરુ શોધવા જોઈએ ?

મા : તમારી ગુરુ વગર ભગવાન-પ્રાપ્તિ કરવાની શક્તિ ક્યાં છે ? પહેલાં જમીન તૈયાર કરો-પછી બીજ વાવી શકાય. એ માટે સત્સંગની બહુ મોટી જરૂર છે. સત્સંગથી બધું જ સારું થઈ જશે. સત્સંગથી જીવનનો રંગ બદલાઈ જાય છે. ગુરુ જે આદેશ આપે એનું અવિચારથી (વગર વિચારે) પાલન કરો. ગુરુ પાસેથી દીક્ષા લેતાં પહેલાં ગુરુ સાથે સત્સંગ કરો. તમે ગુરુની બરોબર પરીક્ષા કરીને જોઈ લો. તે પછી જો હૃદયમાં ગુરુ કરવાની તીવ્ર ઉત્કંઠા હોય તો ગુરુરૂપે એમનો સ્વીકાર કરો. એક વાર ગુરુરૂપે સ્વીકાર કર્યા પછી ગુરુના આદેશોનું અવિચારથી પાલન કરો. કોઈ કહેશે-વિદ્યાર્થી પ્રોફેસરની કેવી રીતે પરીક્ષા કરે ? પોતાનામાં જેટલી શક્તિ હોય તે દ્વારા ગુરુની પહેલાં પરીક્ષા કરીને ગુરુ બનાવો.

OOO

માતૃવાણી

દૈવી તત્ત્વોથી અદ્‌ભુત આનંદમાં રમણ કરવું તે જ મનુષ્યનું કર્તવ્ય છે. ઈશ્વર સિવાય બીજી વસ્તુઓનું ચિંતન કરવું એ દુઃખ છે. ભલે જપ હોય, ધ્યાન હોય, પૂજન હોય, ધાર્મિક ગ્રંથોનું મનન હોય, સામાન્ય ઈશ્વરાનુભૂતિ અથવા તદનુકૂલ અન્ય કાર્યો, કીર્તન કે ભજન - આ બધી પરમાત્મા પ્રત્યે વિભિન્ન પ્રકારની અર્ચના છે. મનુષ્યએ આમાંના એકમાં અનુરક્ત રહેવું જોઈએ.

સર્વેશ્વર પરમાત્મા જ આનંદ છે. આ જ કારણ છે કે બધાં સમજુ પ્રાણીઓના જીવનનું લક્ષ્ય આનંદ છે. આપણે સદા આનંદનું આદાન-પ્રદાન કરવું જોઈએ, આનન્દપ્રદ વસ્તુઓને સાંભળવી ને જોવી જોઈએ. આ જ રીતે આપણે આનંદથી જીવન વ્યતીત કરી શકીએ. દુઃખ મૃત્યુનું પ્રતીક છે. દુનિયામાં એને કોઈ નથી ઈચ્છતું. જો આપણા જીવનમાં નિરાશા આવી જાય તો એને બળપૂર્વક કાઢી દેવી જોઈએ. ત્યારે આપણે આપણા મનમાં કહેવું જોઈએ, "પરમાત્મ સત્તા સચ્ચિદાનંદનો અંશ હું શા માટે નિરાશા અને દુઃખનો અનુભવ કરું ?"

- શ્રી શ્રીમા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કઠોપનિષદ્

(શાંકરભાષ્ય આધારિત)

- ઉત્તરા ચિનુભાઈ

(ગતાંકથી ચાલુ)

બધા વેદો જે પદનું વર્ણન કરે છે, સમસ્ત તપો જેની પ્રાપ્તિનાં સાધનો છે, જેને પામવાની ઈચ્છાથી તપસ્વી બ્રહ્મચર્ય પાળે છે-એ પરમ પદને હું સક્ષેપમાં કહું છું-એ પદ તે ઓમ્કાર છે. ૐ એ જ તે પદ છે.

આટલું રહસ્યોદ્‌ઘાટન કર્યા પછી યમદેવ એ પરમ પદ - આત્મા - બ્રહ્મ - ૐ વિષે આગળના કેટલાક મંત્રોમાં કહે છે.

એ પદ તે ૐ છે, એટલા માટે -

एतद्धयेनाक्षरं ब्रह्म एतद्धयेवाक्षरं परम् ।

एतद्धयेवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ।।१६।।

આ અક્ષર જ બ્રહ્મ છે, આ અક્ષર જ પર છે, આ અક્ષરને જ જાણીને જે જેને ઇચ્છે છે તે જ એનું થઈ જાય છે. (૧૬)

આ અક્ષર જ બ્રહ્મ - અપર તથા પર - છે. એ બંન્નેનું પ્રતીક છે. આ અક્ષરને જ ''આ જ ઉપાસ્ય બ્રહ્મ છે'' એમ જાણીને જે પર અથવા અપર જે બ્રહ્મની ઈચ્છા કરે છે એને તે મળી જ જાય છે. જો એના ઉપાસ્ય પરબ્રહ્મ હોય તો એ કેવળ જાણી શકાય છે, અને જો અપરબ્રહ્મ હોય તો એને પામી શકાય છે.

આ પ્રમાણે હોવાથી -

एतदालम्बनं श्रेष्ठमेतदालम्बनं परम् ।

एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ।।१७।।

આ જ શ્રેષ્ઠ આલંબન છે, આ જ પર આલંબન છે. આ આલંબનને જાણીને પુરુષ બ્રહ્મલોકમાં મહિમાન્વિત થાય છે.(૧૭)

આ (ઓમ્કારરૂપ) આલંબન બ્રહ્મપ્રાપ્તિનાં (ગાયત્રી ઈત્યાદિ) સર્વ આલંબનોમાં શ્રેષ્ઠ, સર્વાધિક પ્રશંસનીય છે. પર તથા અપર બ્રહ્મ-વિષયક હોવાને લીધે આ આલંબન પર-અપરરૂપ છે. ટૂંકમાં, આ આલંબનને જ જાણીને સાધક બ્રહ્મલોકમાં અર્થાત્ પરબ્રહ્મમાં સ્થિર થવારૂપ મહિમાને પામે છે, તેમ જ અપર બ્રહ્મમાં બ્રહ્મત્વને પામીને બ્રહ્મ સમાન જ ઉપાસનીય એ બને છે.

ઉપરોક્ત (શ્લોક ૧૪માં) ''અન્યત્ર ધર્માત્'' ઈત્યાદિ દ્વારા નચિકેતાએ પૂછેલા સર્વશેષવિશેષ-રહિત આત્માના પ્રતીકરૂપે ઓમ્કાર, તથા મંદ અને મધ્યમ ઉપાસકો માટે અપર બ્રહ્મના પ્રતીક તથા આલંબનરૂપે ઓમ્કારનો નિર્દેશ કર્યો છે. હવે પછી જે આત્માનું આલંબન ઓમ્કાર છે એ આત્માના સ્વરૂપનું સાક્ષાત્ નિર્ધારણ કરવાની ઈચ્છાથી કહે છે-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

न जायते म्रियते वा विपश्चि-
न्नायं कुतश्चिन्न बभूव कश्चित् ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ।।१८।।

આ વિપશ્ચિત (મેધાવી) આત્મા ન તો ઉત્પન્ન થાય છે કે ન તો મરે છે. એ ન તો કોઈ અન્ય કારણમાંથી ઉત્પન્ન થયો છે કે ન તો સ્વતઃ (આપમેળે જ અર્થાંતરરૂપે) બન્યો છે. આ અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે, તથા શરીરના મરવાં છતાં પોતે નથી મરતો.(૧૮)

(જુઓ શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય-૨, શ્લોક-૨૦)

આ આત્મા ઉત્પન્ન નથી થતો તેથી ''અજ'' છે. મરતો નથી તેથી અમર છે. જન્મ-મૃત્યુરહિત અર્થાત્ આદિ-અંતરહિત હોવાથી એ ''શાશ્વત'' છે, સર્વદા રહ્યો છે ને સર્વદા રહેશે તેથી ''નિત્ય'' છે. જે વસ્તુ ઉત્પન્ન થાય છે તે અનિત્ય હોવાથી એમાં અનેક વિકારો થાય છે. આત્મા નિર્વિકાર છે. જન્મતો નથી તેથી મૃત્યુ પણ નથી, જ્યારે દરેક જન્મેલાનું મૃત્યુ તો નિર્વારિત હોય છે. આત્મા ''વિપશ્ચિત'' છે - કદી લુપ્ત ન થનારા ચૈતન્યરૂપ સ્વભાવવાળો છે.

વળી, આત્મા કશેથી એટલે કે બીજા કોઈ કારણમાંથી પણ નથી ઉત્પન્ન થયો. એ શાશ્વત છે તેથી ''પુરાણ'' છે, અર્થાત્ પ્રાચીન હોવા છતાં નવીન છે, કારણ એ કે જે વસ્તુમાં અવયવોનો ઉપચય (વૃદ્ધિ) હોય તેને માટે જ એમ કહી શકાય કે 'આ નવો છે,' જેમ કે માટીનો ઘડો વિગેરે. પરંતુ આત્મા વૃદ્ધિરહિત છે, તેથી ''પુરાણ'' શબ્દ છે.

એની હિંસા નથી થતી. શરીરના મરવા છતાં પણ આત્મા વિદ્યમાન્ રહે છે. એ આકાશની જેમ નિર્લિપ્ત છે.

हन्ता चेन्मन्यते हन्तुं हतश्चेन्मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ।।१९।।

જો મારનાર (વ્યક્તિ) એને મારવાનો વિચાર કરે અને મરનાર જો એને મરેલો સમજે, તો એ બંન્ને જ એને નથી જાણતા; કારણ કે એ ન તો મારે છે કે ન મરે છે.(૧૯)

જે પુરુષ કેવળ દેહને આત્મા માને છે, તે એમ માને કે 'હું આને મારીશ' અને મરનાર એને મરેલો માને તો એ ખોટું છે. એ બંન્ને પોતાના આત્માને નથી ઓળખતા. આત્મા તો અવિકારી છે. તેથી ધર્મ-અધર્મરૂપી સંસારનો સંબંધ અનાત્મજ્ઞાન સાથે છે, બ્રહ્મજ્ઞ સાથે નહીં. શ્રુતિ-પ્રમાણ (વેદો) તેમજ યુક્તિ (તર્ક-કુતર્ક)થી પણ બ્રહ્મજ્ઞાની દ્વારા ધર્મ-અધર્મ નથી થતાં.

તો પછી મુમુક્ષ પુરુષ આત્માને કયા રૂપે જાણે છે ?

अणोरणीयान्महतो महीया-
नात्मास्य जन्तोर्निहितो गुहायाम् ।
तमक्रतुः पश्यति वीतशोको
धातुप्रसादान्महिमानमात्मनः ।।२०।।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ અણુથી પણ અણુ છે, મહાનથી પણ મહાન છે (મહત્તર છે), જીવની હૃદયરૂપી ગુફામાં સ્થિત છે. નિષ્કામ પુરુષ પોતાની ઇંદ્રિયોના પ્રસાદથી આત્માની એ મહિમાને જુએ છે (અને) શોકરહિત થાય છે. (૨૦)

કઠોપનિષદ્‌નો આ મંત્ર સુપ્રસિદ્ધ છે.

સંસારની અણુ વસ્તુ કે અણુ સ્વયમ્ પ્રણ આત્મામાંથી જ ઉત્પન્ન થાય છે, સત્તાયુક્ત થાય છે તેમ જ મહત્પરિમાણવાળા પદાર્થો પણ આત્મામાંથી જ આત્મવાન્ થાય છે. નામ-રૂપવાળી બધી જ વસ્તુઓ આત્માની ઉપાધિ છે. એ આત્મા જ બ્રહ્માથી માંડીને સ્તમ્બપર્યંત આ સંપૂર્ણ પ્રાણીસમુદાયની ગુહામાં (હૃદયમાં) રહે છે - અંતરાત્મારૂપે.

આત્માનાં લિંગો છે જોવું, સાંભળવું, મનન કરવું અને જાણવું. એવા આત્માને નિષ્કામ પુરુષ (અક્રતુ), કે જેની બુદ્ધિ દૃષ્ટ અને અદૃષ્ટ બાહ્ય વિષયોમાંથી ઉપરત થઈ ગઈ છે, ધાતુઓના પ્રસાદથી આત્માની મહિમાને જુએ છે.

ધાતુપ્રસાદ : આવી સ્થિતિમાં મન અને ઇંદ્રિયો પ્રસન્ન હોય છે. શરીરને ધારણ કરે છે તેથી 'ધાતુ'.

આત્માની મહિમા : કર્મનિમિત્તક વૃદ્ધિ ને ક્ષય વિનાની મહિમા એ આત્માની મહિમા છે.

આત્માની મહિમાને જુએ છે અર્થાત્ 'આ આત્મા હું છું' એ વાતને સાક્ષાત્ જાણે છે અને શોકરહિત થાય છે.

અન્યથા સકામ પ્રાકૃત પુરુષો માટે આત્મા દુર્વિજ્ઞેય છે, જાણવો અઘરો છે, એનું કારણ -

आसीनो दूरं व्रजति शयानो याति सर्वतः ।
कस्तं मदामदं देवं मदन्यो ज्ञातुमर्हति ।।२१।।

એ સ્થિત હોવા છતાં દૂર સુધી જાય છે, શયન કરવા છતાં સર્વત્ર જાય છે. મદ (હર્ષ)થી યુક્ત અને મદ (હર્ષ)થી રહિત (એ) દેવને મારા સિવાય બીજું કોણ જાણી શકે ? (૨૧)

(જુઓ ઈશોપનિષદ્‌નો મંત્ર ૪ અને ૫.)

આત્માનાં લક્ષણો પરસ્પર-વિરોધી ભાસે છે, તેથી સામાન્ય માણસ એને જાણી નથી શકતો. સ્થિતિ-ગતિ, નિત્ય-અનિત્ય આદિ અનેક વિરુદ્ધ ધર્મરૂપ ઉપાધિવાળો છે, ચિંતામણિની જેમ વિશ્વરૂપ જેવો ભાસે છે. બીજું કોણ એને જાણી શકે-વાક્ય દ્વારા એનું દુર્વિજ્ઞેયત્વ બતાવે છે.

ઇન્દ્રિયોનું શાંત થઈ જવું તે શયન છે. શયન કરી રહેલા માણસનું ઇન્દ્રિયજનિત એકદેશસંબંધી વિજ્ઞાન શાંત થઈ જાય છે. જ્યારે આવી અવસ્થા હોય છે ત્યારે કેવળ સામાન્ય વિજ્ઞાન હોવાથી એ જાણે બધે જતો હોય એવો લાગે છે; સ્વરૂપથી અવિચળ હોવા છતાં મન ઈત્યાદિ ઉપાધિઓવાળો હોવાથી એ મન ઈત્યાદિની ગતિઓમાં જતો હોય એવો લાગે છે. ખરી રીતે તો એ અહીં જ રહ્યો હોય છે.

હવે દર્શાવે છે કે એના જ્ઞાનથી શોકનો અંત થઈ જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अशरीरं शरीरेष्वनवस्थेष्ववस्थितम् ।
महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ।।२२।।

જે શરીરમાં શરીરરહિત છે, અનિત્યોમાં નિત્યસ્વરૂપ છે (એવા) મહાન (અને) સર્વવ્યાપક આત્માને જાણીને (ઓળખીને) બુદ્ધિમાન્ પુરુષ શોક નથી કરતો.(૨૨)

આત્મા સ્વરૂપે આકાશ સમાન છે, તેથી દેવો, પિતૃઓ અને મનુષ્યાદિ શરીરોમાં અશરીર છે. અનિત્ય પદાર્થોમાં, નાશ થનાર પદાર્થોમાં નિત્ય (અનવસ્થિત) અર્થાત્ અવિકારી છે, મહાન છે. કોનાથી મહાન છે એમ પ્રશ્ન થાય તેથી ઈતર (બીજા)ના કરતાં વધારે એવી શંકા થાય, એટલે આગળ કહે છે કે એ વિભુ છે - સર્વવ્યાપક છે; અહીં 'આત્મા' શબ્દની બ્રહ્મ સાથે અભિન્નતા દર્શાવવામાં માટે બ્રહ્મને દર્શાવતા શબ્દો સાથે 'આત્મા' શબ્દ મૂક્યો છે. 'એ આત્મા તે જ હું છું' એમ ધીર પુરુષ - બુદ્ધિશાળી (જ્ઞાની) પુરુષ-જાણી લે છે. આત્મવેત્તા, બ્રહ્મજ્ઞ થયા પછી એનાથી ભિન્ન કોઈ વસ્તુ છે જ નહીં એટલે એને શોક (કે મોહ) થતો નથી.

આવો એ આત્મા જાણવો મુશ્કેલ છે - દુર્વિજ્ઞેય છે - તેમ છતાં ઉપાય કરવાથી સુજ્ઞેય છે, આત્મકૃપાસાધ્ય છે. યથા-

नायमात्मा प्रवचनेन लभ्यो
न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्य-
स्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम् ।।२३।।

આ આત્મા વેદાધ્યયન દ્વારા પ્રાપ્ય નથી, ન મેધા (બુદ્ધિની ધારણાશક્તિ) થી, કે ન અધિક શ્રવણથી. આ (આત્મા) જેનું વરણ કરે છે તેના વડે જ એ લભ્ય છે, એના પ્રત્યે આ આત્મા પોતાનું સ્વરૂપ પ્રગટ કરી દે છે.(૨૩)

આ મંત્ર બહુ પ્રસિદ્ધ છે, ખાસ કરીને ''યમૈવેષ વૃણુતે તેન લભ્યઃ'' વિદ્વાનોમાં બહુચર્ચિત છે.

'પ્રવચન' એટલે અહીં એનો અર્થ છે ઋષિ કે ગુરુ દ્વારા પ્રવચનરૂપે જે વેદાધ્યયન પ્રદાન કરવામાં આવતું તે. 'મા' પણ કહે છે કે 'એ' કોઈ સાધન દ્વારા પ્રાપ્ત નથી થતા, સાધનથી કેવળ આવરણ ખસે, છે, તેઓ તો સ્વયંપ્રકાશ છે; સૂર્ય જેમ સ્વયંપ્રકાશ છે અને વાદળોના ખસી જવાથી સ્પષ્ટ પ્રકાશિત થાય છે તેમ. અહીં વેદોની નિરર્થકતા નથી કહી, પરંતુ વેદો વડે આત્મા વિષે જાણીને આગળ ચાલવાની વાત છે. આગળ વધતાં વધતાં આખરે કોઈ ક્ષણે એ પોતે પ્રગટ થઈ જશે. ગ્રંથોનો અર્થ મેધાથી સમજી શકાય છે, ધારણ નામક બુદ્ધિની શક્તિથી સમજી શકાય છે. વારંવાર શ્રવણ કરવાથી કે મેધાથી કે પ્રવચનથી એ લભ્ય નથી. છતાં આ બધું જ કેવળ સહાયક છે, જેને પરિણામે તેઓ પોતે આવીને વરણ કરશે (પસંદ કરશે) કે જેથી એમને એ વરણ કરેલો પુરુષ ઓળખી શકે અથવા કેવળ આત્મલાભ માટે જ પ્રાર્થના કરનાર નિષ્કામ પુરુષ આત્માને આત્મા દ્વારા જ પામી શકે.

કેવી રીતે પામી શકે ? તો કહે છે કે એ આત્મકામી પ્રત્યે એ આત્મા પોતાનું પારમાર્થિક સ્વરૂપ પ્રકાશિત કરી દે છે.

આ સિવાય બીજી વાત એ છે કે આત્મજ્ઞાન મેળવવા માટે અનધિકારી હોય તે એને પ્રાપ્ત નથી કરી શકતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનધિકારી ક્યારે કહેવાય તે જણાવે છે-

नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहित : ।

नाशान्तमानसो वापि प्रज्ञानेनैनमाप्नुयात् ।।२४।।

જે પાપકર્મોમાંથી નિવૃત્ત નથી થયો, જેની ઈન્દ્રિયો શાંત નથી, જે અસમાહિત છે અને જેનું ચિત્ત શાંત નથી તે આ (આત્મા)ને આત્મજ્ઞાન દ્વારા પ્રાપ્ત નથી કરી શકતો. (૨૪)

પ્રતિષેધ કરેલું કર્મ, જે કર્મ શ્રુતિ-સ્મૃતિએ નિષેધ કરેલું હોવાથી પાપકર્મ છે તે દુશ્ચરિત કહેવાય છે. જે પુરુષ દુશ્ચરિતથી વિરત નથી થયો, જેની ઈન્દ્રિયો ચંચળતાને લીધે અશાંત છે, જેનું ચિત્ત એકાગ્ર નથી (અસમાહિત છે), વિક્ષિપ્ત ચિત્તવાળો છે તે પ્રજ્ઞાનથી આત્માને પ્રાપ્ત નથી કરી શકતો. બ્રહ્મજ્ઞાન તે જ પ્રજ્ઞા છે. આનાથી વિરુદ્ધ અર્થાત્ જે પાપકર્મોથી દૂર છે, જેની ઈન્દ્રિયો શાંત ને અચંચળ છે, જે સમાહિત અર્થાત્ એકાગ્રચિત્ત છે તે જ પ્રજ્ઞાન દ્વારા આત્માને પામી શકે છે.

પરંતુ જે સાધક આવો નથી તેને વિષે કહે છે-

यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः ।

मृत्युर्यस्योपसेचनं क इत्था वेद यत्र सः ।।२५।।

જે આત્માના બ્રાહ્મણ અને ક્ષત્રિય એ બે ઓદન (ભાત) છે, મૃત્યુ જેનું ઉપસેચન (શાક ઈત્યાદિ) છે, એ જ્યાં છે એને કોણ (અજ્ઞાની) આ રીતે જાણી શકે ? (૨૫)

સંપૂર્ણ ધર્મોને ધારણ કરનાર અને સર્વના રક્ષક હોવા છતાં બ્રાહ્મણ અને ક્ષત્રિય - આ બંન્ને વર્ણો જે આત્માનું ઓદન છે - ભોજન છે, તેમ જ સર્વ હરણ કરનાર હોવા છતાં મૃત્યુ જેના ભાત માટેનું ઉપસેચન (શાક, દાળ વગેરે) સમાન છે (અર્થાત્ ભોજન માટે પણ પર્યાપ્ત નથી) એવા આત્માને-એ આત્મા જ્યાં છે ત્યાં-કયો અનધિકારી અજ્ઞાની પુરુષ જાણવા યોગ્ય છે ?

અહીં કઠોપનિષદ્‌ના પ્રથમ અધ્યાયમાં દ્વિતીયા વલ્લી સમાપ્ત થાય છે.

(ક્રમશઃ)

OOO

જગત અને એના કારણસ્વરૂપ પરમાત્માને-પરમ પુરુષને-જાણી લીધા પછી જીવાત્માના હૃદયની બધી ગાંઠો ખુલી જાય છે, સર્વ સંશયોનો છેદ થઈ જાય છે, અને સમસ્ત શુભાશુભ કર્મોનો નાશ થાય છે.

- મુંડકોપનિષદ્-૨-૮.

યુવાને સાધુચરિત, ખૂબ અભ્યાસી, આશાવાન્, દૃઢનિશ્ચયી અને બળવાન થયું જોઈએ. આવા યુવકને માટે આ આખી પૃથ્વી વિત્તપૂર્ણ થઈ જાય છે. (અર્થાત્ ઉત્સાહસંપન્ન, સન્માર્ગગામી, અધ્યયનશીલ અને કર્તવ્યનિષ્ઠ યુવક જે ઇચ્છે તે મેળવી શકે છે.)

- તૈત્તિરીયોપનિષદ્-૨-૮.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શોક સમાચાર

શ્રી નિતાઈદા

ઈ.સ. ૧૯૬૧ માં સૌ પ્રથમ નિતાઈદાના કનખલના મકાનમાં શ્રી શ્રી મા પધાર્યાં. નિતાઈદાએ એમનું મકાન તથા જમીન શ્રી શ્રી મા નાં શ્રીચરણોમાં અર્પણ કર્યાં. અત્યારે ત્યાં પૂ. દીદીમાનું મદિર તથા શિવમંદિર છે. કનખલ-આશ્રમનો પ્રારંભ અહીંથી થયો. નિતાઈદા વૈરાગી, ત્યાગી, બાલસુલભ ભાવસંપન્ન ભક્ત હતા. એમણે માતૃચરણોમાં જ એમનું જીવન પસાર કર્યું. કનખલ-આશ્રમના પ્રતિષ્ઠાતા નિતાઈદા માતૃભક્તોના હૃદયોમાં ચિરકાળ સુધી અમર રહેશે.

શ્રી અજિતભાઈ પટેલ

અમદાવાદના જૂના ભક્તોમાંના એક હતા. શ્રી શ્રી માને પોતાને ઘેર લાવી સ્વહસ્તે સેવા કરવાનો મોંઘેરો લાભ એમને તથા એમનાં પત્નીને સાંપડ્યો હતો.

શ્રી જયંતિભાઈ પટેલ

સન્ ૪૦ ના દાયકામાં શ્રી શ્રી માને શરણે આવ્યા હતા. સમર્થેશ્વર મહાદેવના મંદિરમાં માતૃદર્શનનો લાભ મેળવ્યો હતો.

શ્રી મધુકર મુન્શા

અમદાવાદમાં માને પોતાના નિવાસસ્થાનના બગીચામાં આદરપૂર્વક રાખનાર શ્રી કાન્તિભાઈ મુન્શાના પુત્ર મધુકરભાઈને કારણે અનેક ઉત્સવોમાં તથા અનેકવાર શ્રી શ્રી માના દર્શનનો લાભ હજારો લોકોએ લીધો. મૃત્યુના બરોબર એક મહીના પહેલા મધુકરભાઈ એકાએક ભીમપુરામાં પૂ. સ્વામી શ્રી ભાસ્કરાનંદજી પાસે જઈ માતૃસત્સંગ કરવા બેઠા, તેમ જ આશ્રમમાં લાયબ્રેરી બનાવવાની ઈચ્છા એમણે પ્રગટ કરી. અમદાવાદમાં એમનું ઘર માતૃભક્તો માટે આશ્રમ-સમાન હતું. તેઓ માતૃકૃપા-પ્રાપ્ત સરળહૃદયી ભક્ત હતા.

લીલાવતીબહેન શાહ

મુંબઈના શ્રી બી. કે. શાહનાં પત્ની માનાં જૂના ભક્ત હતાં. એમને કારણે મુંબઈના ભક્તોને માતૃદર્શનનો મહાન લ્હાવો સાંપડ્યો હતો. હજી સુધી એમના નિવાસે બગીચામાં માતૃકુટીરમાં ભક્તો માટે દર્શન, તેમજ બેસીને ધ્યાન આદિ કરવાની સઘળી વ્યવસ્થા યથાવત્ ચાલુ છે.

મદ્રાસના રાજ્યપાલ ડૉ. ચેન્ના રેડ્ડી

આશ્રમવાસી સ્વામી ચિન્મયાનન્દ ગિરિજી.

આશ્રમવાસી શ્રી શોભન મહારાજના શ્રીકૃષ્ણને શ્રી શ્રી માએ ખોળામાં બેસાડીને દૂધ પીવડાવ્યું હતું. એ ચિત્રથી બધા પરિચિત છે. એમનું બીજું નામ શ્રી કૃષ્ણાનંદ બ્રહ્મચારીજી.

માતૃચરણલીન આ સર્વ આત્માઓને માતૃભક્તોની હાર્દિક શ્રધ્ધાંજલિ.

॥ જય મા ॥

ooo

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રમ-સમાચાર

પૂજ્ય સ્વામી શ્રી ભાસ્કરાન્દજીની ઉપસ્થિતિમાં કેટલાક કાર્યક્રમો સમ્પન્ન થયા તેમ જ થશે.

(ભીમપુરા)

તા. ૧૧-૨-૯૭ : શ્રી શ્રી માતૃમંદિર ઉપર નૂતન ધ્વજ-રોપણ

તા. ૧૨-૨-૯૭ : માતૃભક્ત શ્રી રેવતીરમણ ચતુર્વેદી તથા શ્રીમતી ચતુર્વેદીના સહકારથી વસંતપંચમીને દિવસે શ્રી શ્રી સરસ્વતી-પૂજન

તા. ૧૩-૨-૯૭ : શ્રી શ્રી નર્મદાજી - જયંતી ઉપલક્ષ્યમાં શ્રી શ્રી નર્મદાજી-પૂજન

તા. ૭-૩-૯૭ : મહાશિવરાત્રિ - પૂજન

(વારાણસી)

તા. ૧૪-૧-૯૭ : શ્રી શ્રી અનંત પદ્મનાભજીની અભિષેક સહિત મહાપૂજા

શ્રી શ્રી ગાયત્રી - પૂજન, અગ્નિસ્થાપન દિન, અમેરિકામાં સ્થાયી થયેલા માતૃભક્ત ડૉ. બિપિન ભટ્ટના ચિરંજીવીના યજ્ઞોપવીત - સંસ્કાર. બ્રહ્મચારી શાંતિવ્રતજીનો સંન્યાસ : નિર્ગુણાનંદ નામકરણ. કનખલ - આશ્રમમાં તથા અન્ય આશ્રમોમાં પણ નિયમાનુસાર વિવિધ પૂજન -ઉત્સવો થયા

॥ ૐ મા ॥

ooo

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

❄ Branch Ashrams ❄

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 6840365)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, Maharashtra.

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 5362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram,
Main Road, P.O. Ranchi-834001, Bihar (Tel : 312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth,
Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193, U.P.

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 310054+311794)

23. VINDHYACHAL: Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, U.P.

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel : 442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

श्री श्री आनन्दमयी संघ

ॐ माँ

मातृ शरणं

मुद्रक—रत्ना प्रिंटिंग वर्क्स, कमच्छा, वाराणसी फोन : 322820

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માઁ આનંદમયી

અમૃત વાર્તા

VOL. 1 JULY, 1997 No. 3

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

SHREE SHREE ANANDAMAYEE SANGHA

❄ Branch Ashrams ❄

1. AGARPARA : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Kamarhaiti, Calcutta-700058 (Tel : 5531208)
2. AGARTALA : Shree Shree Ma Anandamayee Ashram, Palace Compound, P.O. Agartala-799001. West Tripura
3. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram, Patal Devi, P.O. Almora-263602, U.P. (Tel : 23313)
4. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Dhaul-China, Almora-263881, U.P.
5. BHIMPURA : Shree Shree Ma Anandamayee Ashram, Bhimpura, P.O. Chandod, Baroda-391105, Gujarat
6. BHOPAL : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Bairagarh, Bhopal-462030, M.P. (Tel : 521227)
7. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kishenpur, P.O. Rajpur, Dehradun-248009 U.P. (Phone: 684271)
8. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kalyanvan, 176, Rajpur Road, P.O. Rajpur, Dehradun-248009, U.P.
9. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Raipur Ordnance Factory, Dehradun-248010
10. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, 47/A Jakhan, P.O. Rajpur, Dehradun, U.P.
11. JAMSHEDPUR : Shree Shree Ma Anandamayee Ashram, Near Bhatia Park, Kadma, Jamshedpur-831005, Bihar
12. KANKHAL : Shree Shree Ma Anandamayee Ashram, P.O.Kankhal, Hardwar-249408, U.P. (Tel:426575)
13. KEDARNATH : Shree Shree Ma Anandamayee Ashram, Near Himlok, P.O. Kedarnath, Chamoli-246445, U.P.
14. NAIMISHARANYA : Shree Shree Ma Anandamayee Ashram, Puran Mandir, P.O. Naimisharanya, Sitapur-261402, U.P.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

શ્રી શ્રી મા આનન્દમયીના દિવ્ય જીવન
તથા
દિવ્ય વાણીવિષયક ત્રૈમાસિક પત્રિકા

વર્ષ - ૧ | જુલાઈ, ૧૯૯૭ | સં. - ૩

-: સંપાદક સમિતિ :-
સ્વામીશ્રી ભાસ્કરાનંદજી
ઉત્તરા ચિનુભાઈ
બ્રહ્મચારિણી વસુમતીબહેન
નિરંજન મહેતા

-: મેનેજીંગ સંપાદક :-
શ્રી પાનુ બ્રહ્મચારી

-: વાર્ષિક લવાજમ :-

ભારતમાં	રૂા. ૬૦/-
વિદેશમાં	યુ. એસ. ડૉલર ૧૨/-
એક અંકની છૂટક કિંમત	રૂા. ૨૦/-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥

૧. માતૃવાણી ૧

૨. માતૃલીલા કથા ૩

૩. શ્રી શ્રી માનાં દિવ્ય સંસ્મરણો ૬

૪. વિંધ્યાચલની બે ઘટનાઓ ૮

૫. મા વિષે .... મહામહોપાધ્યાય પં. ગોપીનાથ કવિરાજ ... ૧૨

૬. 'સત્ય' અને 'શિવ' .... સ્વામી અધ્યાત્માનંદજી ૧૩

૭. શ્રી શ્રી મા વિષે .... ભાઈજીની દ્વાદશ વાણી ૧૫

૮. શ્રી શ્રી માના પુનિત સાન્નિધ્યમાં મહાત્મા ગાંધી ૧૭

૯. મા વિષે મહાત્માઓનો મત .... દંડીસ્વામી શ્રી દત્તયોગેશ્વર દેવ તીર્થ ૨૩

૧૦. મા મા મા .... સ્વામી અધ્યાત્માનંદજી ૨૫

૧૧. પૂર્ણ બ્રહ્મ નારાયણી
શ્રી શ્રી આનન્દમયી મા .... ઉત્તરા ચિનુભાઈ ૩૮

૧૨. કઠોપનિષદ્ .... ઉત્તરા ચિનુભાઈ ૪૪

૧૩. આશ્રમ-સમાચાર ૪૭

OOO

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃત વાર્તા

સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે, - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી મા આનન્દમયી મા વિષેના લેખો છપાશે. તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રી મા વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોનાં જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમજ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફુલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮- સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

"અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

સ્વામી શ્રી શ્રી આનન્દમયી સંઘ તરફથી મુદ્રકથી મુદ્રક તથા પ્રકાશક શ્રી પાનુ બ્રહ્મચારી દ્વારા શ્રી શ્રી આનન્દમયી, સંઘ, ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧ (ઉ. પ્ર.) થી પ્રકાશિત તથા રત્ના પ્રિંટિંગ વર્ક્સ, બી. ૨૧/૪૨ કમચ્છા વારાણસી - ૧૦ (ઉ. પ્ર.) માં મુદ્રિત. સંપાદક - શ્રી પાનુ બ્રહ્મચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જેઓ આત્મા છે, પ્રાણોના પ્રાણ, એમની વાતો, એમના ગુણ, વર્ણન એમનું રૂપ બધામાં જોવાની ચેષ્ટા કરો. એકલા ? એકલા ક્યાં ? બંધુને છોડીને (તેઓ) છે ?

O

"મને" ખસેડી શકો તો "તમને" પામી શકાય છે. સાધન-ભજનનું લક્ષ્ય જ અહંકારના ચૂરેચૂરા કરી દેવાનું છે.

O

પ્રશ્ન : મારું મન પૂજા, જપ વગેરે કશાથી દ્રવીભૂત નથી થતું.

મા : જેઓને, ખજૂરના ઝાડમાંથી પહેલવહેલું જ કાપવાથી શો રસ બહાર નીકળે છે ! એ રસમાંથી પછી કેવા સખત પદાર્થો બનાવાય છે. એ જ રીતે ભક્તિ શ્રદ્ધા સહિત નામ-જપ કરવાથી જ મન ધીમે ધીમે દ્રવીભૂત થાય છે. તમે નિયમાનુસાર જપ ઇત્યાદિ કરતા જાઓ.

O

વિના વિચારે ગુરુ-આદેશ પાલન કરવો (તે)જ ગુરુની સૌથી મોટી સેવા.

O

જે જાગ્રત અવસ્થામાં ઇન્દ્રિયાતીત દૂર-દૂરના વિષયોને (વિચાર દ્વારા) ગ્રહણ કરે છે, અને જે સુષુપ્તિકાળમાં પોતાના પ્રકાશક માલિક આત્મદેવમાં વિલીન થઈ જાય છે, એ દૂરગામી અને પ્રકાશકોનું પણ પ્રકાશક મારું મન શુભ સંકલ્પવાળું થાઓ. (અર્થાત્ મન પવિત્ર અંને સંયત હોવું તે જ પરમ કલ્યાણકારી છે.)

- યજુર્વેદ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃલીલા કથા

(ગતાંકથી ચાલુ)

૧૯૫૨

૨૦ ઑક્ટોબર, જગન્નાથપુરી : શ્રી હરિબાબા તથા શ્રી અવધૂતજી સાથે માની દક્ષિણ-યાત્રા. વાલ્ટેયર, ગુંટુર, કુંભકોણમ્, તાંજોર, ત્રિચિનોપલ્લી, રામેશ્વરમ્, મદુરાઈ, ત્રિચુર, કન્યાકુમારી, કોઈમ્બટુર, મૈસુર, બૅંગલોર, પંઢરપુર, પૂના, મુંબઈ, અમદાવાદ, જૂનાગઢ, પ્રભાસ, પોરબંદર, દ્વારકા, રાજકોટ, મોરબી, ભાવનગર, મહેમદાવાદ, ભીમપુરા, ચાંદોદ, વડોદરા, પેટલાદ ઇત્યાદિ સ્થળોએ માનું આગમન. મદ્રાસમાં માની વિશેષ અભ્યર્થના. પોંડિચેરીના શ્રી અરવિંદ-આશ્રમમાં મધર સાથે મિલન. તિરુવન્નમલાઈમાં શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં માના આગમનથી ત્યાંના આશ્રમવાસીઓનો અત્યંત આનંદ. રામેશ્વરમ્‌માં એક સૂક્ષ્મદેહી સાધકનું મા પાસે આવવું, તથા ત્યાંથી છેક દ્વારકા સુધી સૂક્ષ્મ શરીરે મા સાથે રહેવું. એ સૂક્ષ્મદેહીની ઇચ્છા હતી કે મા સાથે રામેશ્વરનાં દર્શન કરવાં. મદુરા, ત્રિવેન્દ્રમ્ ઇત્યાદિ સ્થળોએ પણ માનું વિશેષ રૂપે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. બૅંગલોરમાં સાર્વજનિક સભામાં નાગરિકોએ સામૂહિક રૂપે માને અભિનંદન-પત્ર આવ્યો.

૧૯૫૩

૩૦ જાન્યુઆરીથી, ૭ ફેબ્રુઆરી, વિંધ્યાચલ : લગભગ ત્રણ મહિના બાદ દ્વિતીય સંયમ-સપ્તાહ નિમિત્તે મા વિંધ્યાચલ પધાર્યાં. સંઘ દ્વારા અનુષ્ઠિત દ્વિતીય સંયમ-મહાવ્રતમાં માની ઉપસ્થિતિ.

૨૬ ફેબ્રુઆરી, વૃંદાવન : આશ્રમની ત્રણ નવનિર્મિત કુટીરોમાં પૂ. હરિબાબાજી, પૂ. કૃષ્ણાનંદ અવધૂતજી, પૂ. સનાતનદેવજી ઇત્યાદિ મહાત્માઓ સહિત માનો પ્રવેશ. બાજુમાં જ પૂ. સ્વામી શરણાનંદજીના નવનિર્મિત આશ્રમ 'માનવ-સેવા-સંઘનું ઉદ્‌ઘાટન પણ મા તથા મહાત્માઓની ઉપસ્થિતિમાં થયું.

૨૮ ફેબ્રુઆરી : હોળીને દિવસે પ્રાતઃકાળે શિવ-મંદિરમાં નવાં બે લિંગોની પ્રતિષ્ઠા થઈ. માએ ભક્તો પર રંગ નાખ્યો. પૂ. હરિબાબાજી, પૂ. અખંડાનંદજી, પૂ. કઠિયાબાબાજી આશ્રમના ધનંજયદાસજીના આશ્રમમાં પધરામણી. માએ મહાત્માઓને પિચકારીથી રંગતાં રંગતાં સંન્યાસીઓ પ્રત્યે કહ્યું, "પિતાજી, સંન્યાસી (હો), ઠીક હૈ. યદિ પહાડ-પર્વત પર ચલે જાતે તો દૂસરી બાત થી, વૃંદાવનમેં જબ હો તબ રંગ લગેગા હી."

૭ માર્ચ, વારાણસી : પહાડી સાધિકા રુમાદેવીનું મહાપ્રયાણ.

૨૨ થી ૨૫ માર્ચ, વારાણસી : વાસંતી-પૂજા તથા ત્યાર બાદ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૬ થી ૩૦ માર્ચ, વારાણસી	:	શ્રી ગોપાલ ઠાકુર દ્વારા ગીતા-જયંતી ઊજવવામાં આવી.
૧૫ થી ૧૯ એપ્રિલ, કલકત્તા	:	શ્રી આપતાપ મિત્રના આવાહનથી મા એમના નવા બનેલા મકાને પધાર્યાં.
૨ મે થી ૩૧ મે, હરિદ્વાર	:	માનો ૫૮મો જન્મોત્સવ અવધૂતજી દ્વારા આયોજીત સહસ્રચંડી-પાઠનું આયોજન, કુમારી-ભોજન, સાધુ-ભોજન ઈત્યાદિ. તા. ૨૦ મી મેને દિવસે ૫૫૦ સાધુઓ તથા મહામંડલેશ્વરોનો વસ્ત્રાદિ તથા ભોજન દ્વારા સંસ્કાર કરવામાં આવ્યો.
૧૨ થી ૧૯ જૂન, દહેરાદૂન	:	કિશનપુર આશ્રમમાં ભાગવત-સપ્તાહ.
૨૦ જૂનથી ૩ જુલાઈ, અલમોડા	:	આશ્રમમાંના વૃક્ષનો સ્પર્શ કરીને માએ જણાવ્યું કે એ કોઈ પવિત્ર આત્માનો નિવાસ હતો.
૩ જુલાઈથી ૧૩ જુલાઈ, પુરી	:	મા રથયાત્રામાં.
૨ ઑક્ટોબર, દેહરાદૂન	:	દુર્ગાપૂજાનો વિશેષ ઉત્સવ.
૧૪ નવેમ્બરથી ૨૮ નવેમ્બર, કલકત્તા	:	માની ઉપસ્થિતિમાં ત્રીજું સંયમ-સપ્તાહ.
૨૪ થી ૨૯ ડિસેમ્બર, જમશેદપુર	:	સત્યનારાયણ મંદિરમાં (કલકત્તાના સંયમવ્રતમાં હાજર ન રહી શકેલા) ભક્તો દ્વારા એક આખો દિવસ માની ઉપસ્થિતિમાં સંયમ-વ્રતનું પાલન.

૧૯૫૪

૩ ફેબ્રુઆરી, પ્રયાગ	:	પૂર્ણ કુંભનું મુખ્ય સ્નાન. હજારો લોકો માનવ-મહેરામણમાં દબાઈ ગયા તે માની દિવ્યદૃષ્ટિમાં સ્પષ્ટ પ્રતિભાસિત. દીદીનો સંપૂર્ણ વિશ્વાસ કે માના આશ્રમમાં સ્નાન માટે જે લોકો આવ્યા છે તેઓ સંપૂર્ણ સુરક્ષિત છે. માએ કહ્યું, "જેઓ જીવિત હતા તેઓ પણ દેખાયા. જેમણે આંખો મીંચી એમને પણ જોયા. જ્યાં ઘટના ઘટી (ત્યાં) એવું થયું જાણે કે આ શરીર જ દબાઈ ગયું અને આ શરીરનો જ શ્વાસ બંધ થઈ આવ્યો." "કુંભ-યોગ, ત્રિવેણી-ક્ષેત્ર, સાધુઓનું વાયુમંડળ, મહાત્માઓની એકમુખી ગતિ. આ સમયે આ મુહૂર્તમાં (જેનું) મૃત્યુ, તેથી એક વિશેષ ગતિ અવશ્ય જ."
૫ માર્ચ, વૃંદાવન	:	સંત હરિબાબાજી, કૃષ્ણાનંદ અવધૂતથી ઈત્યાદિની હાજરીમાં માનો નવા આશ્રમમાં પ્રવેશ.
૩૦ માર્ચ, જલંધર	:	સાવિત્રીદેવીના આશ્રમમાં માનું ભવ્ય સ્વાગત, શીખ ભક્તોનો મા પ્રત્યે અગાધ પ્રેમ.
૧૬ એપ્રિલ, અલમોડા	:	ભાઈજીની સમાધિ ઉપર શિવ-પ્રતિષ્ઠા. માનો જન્મોત્સવ. અજાણ્યા પહાડી બાળક દ્વારા મા પાસે એક લોટો દૂધ લઈને આવવું. મા દ્વારા એને આવકાર. દીદીને ઈલાજ માટે અહીંયાંથી જ કલકત્તા મોકલવામાં આવ્યાં. તા. ૨૧ મીએ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

		તિથિ-પૂજા બાદ ભાગવત-સપ્તાહ. કેટલાક બ્રહ્મચારીઓનાં નામકરણ.
૩ જુલાઈ, બરેલી	:	પાંચ દિવસ નિવાસ.
જુલાઈ, મુરાદાબાદ	:	રામગંગા નદીને કિનારે મુરાદાબાદમાં 'ઋષિકુલ વિદ્યાચલ''માં મા.
જુલાઈ, દહેરાદૂન	:	ગૌ-સત્યાગ્રહ વખતે પ્રભુદત્ત બ્રહ્મચારી મા પાસે.
૭ ઑગસ્ટ, વારાણસી	:	ગોપાલજીના વિગ્રહનું આશ્રમમાં આગમન.
૧૯ ઑગસ્ટ, ચુનાર	:	ભાઈજીને 'ચુનાર ફોર્ટ' પાસે જ્યાંથી જાસૂદના ફૂલની માળા પડેલી મળી હતી (જુઓ, દીદીની ડાયરી), ત્યાં ડૉ. પન્નાલાલજીના આગ્રહથી સરકારી વનવિભાગ તરફથી પંચવટી (પાંચ વિશેષ વૃક્ષો) રોપણ માની હાજરીમાં કરાયું.
૨૬ ઑગસ્ટ, દિલ્હી	:	કાલકાજીવાળા નવા આશ્રમનું ઉદ્‌ઘાટન. પાકિસ્તાનના હાઈ કમિશ્નર ગજફ્ફરઅલીખાં માનાં દર્શનોથી અભિભૂત.
૨૨ સપ્ટેમ્બર, રાંચી	:	ભક્તોના આગ્રહને કારણે રાંચીમાં દુર્ગાપૂજા.
૧૩ ઑક્ટોબર, ખન્ના (પંજાબ)	:	અવધૂતજીના આગ્રહથી મા ખન્નામાં પધાર્યાં. પાકિસ્તાનના ડેપ્યુટી હાઈ કમિશ્નર મા પાસે આવ્યા.
૧૮ થી ૨૪ નવેમ્બર, મુંબઈ	:	ચોથું સંયમ-સપ્તાહ મુંબઈમાં યોજવાનું નક્કી થયું. શ્રી સોપોરીના આગ્રહથી 'ન્યૂ ઈન્ડિયા ઍશ્યોરન્સ' કમ્પનીના શ્રી બી. કે. શાહ દ્વારા સુનિપુણ વ્યવસ્થા.
૧૦ ડિસેમ્બર, અમદાવાદ	:	શ્રી કાંતિભાઈ મુન્શાના વિશાળ બગીચામાં શ્રીમદ્ ભાગવત-સપ્તાહ.
૨૨ ડિસેમ્બર, ભોપાલ	:	આઈ. જી. પી. શ્રી સુંદરલાલ આગાના આમંત્રણ પર મા પધાર્યાં. રાજ્યના બધા ઉચ્ચ પદાધિકારીઓને માનાં દર્શન.

૧૯૫૫

૫ જાન્યુઆરી, રાજગીર(બિહાર)	:	રાજગીરના નવીન આશ્રમનું ઉદ્‌ઘાટન માની હાજરીમાં.
૮ માર્ચ, વૃંદાવન	:	નિતાઈ-ગૌરના મંદિરની પ્રતિષ્ઠા. સંત-મહાત્માઓની ઉપસ્થિતિ.
૩૧ માર્ચ, વૃંદાવન	:	માનાં શ્રીચરણોમાં વાગવાથી સ્થાનીય હૉસ્પિટલમાં એક્સ-રે દિલ્હી, મુંબઈ, કલકત્તા-સર્વત્ર ભક્તોની વ્યવસ્થા.
૨૪ એપ્રિલ થી ૧૧ જુલાઈ, સોલન (શિમલા)	:	૩ જી મે થી અહીં માનો જન્મોત્સવ પ્રારંભ. સાધુ-સંતોનો સમાગમ. હિમાચલના રાજ્યપાલ, મુખ્ય સચિવ, વિભિન્ન રાજ્યોના રાજપરિવારો મા પાસે. સ્વામી ચેતનદેવજીનો મા પાસે વાર્તાલાપ. કેટલાક બ્રહ્મચારીઓનાં નામકરણ.

(ક્રમશઃ)

ooo

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રી માનાં દિવ્ય સંસ્મરણો

- મ.મ.શ્રી ૧૦૦૮ સ્વામી બ્રહ્માનંદ ગિરિ મહારાજ
સંન્યાસ આશ્રમ, મુંબઈ.

बालार्कारुणतेजसां त्रिनयनां रक्ताम्बरोल्लासिनीम्।
नानालङ्कृतिराजमानवपुषं बालोडुराड् शेखराम्॥
हस्तैरिक्षुधनुः सृणी सुमकरां पाशं मुदा विभ्रतीम्।
श्रीचक्रस्थितसुन्दरीं त्रिजगतामाधारभूतां स्मरेत्॥

બ્રહ્મલીન પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી સ્વામી મહેશ્વરાનંદગિરિજી મહારાજ સાથે શ્રી શ્રી માનો ખૂબ સ્નેહ હતો. શ્રી શ્રી માએ મારી સાથે પણ એવો જ પ્રેમ રાખ્યો, જેનો હું હાર્દિક આભારી છું.

યોગ-સિદ્ધિસમ્પન્ન કરુણામયી મા શરણાગત ભક્તોનું કલ્યાણ કરનારાં હતાં.

(૧) એક સમયની વાત છે કે શ્રી શ્રી મા પાસે એક તાંત્રિક એમના ઘણા બધા ભક્તો સાથે આવ્યા. એમના ભક્તોએ શ્રી માને કહ્યું કે અમારા મહારાજજી ચમત્કારિક રીતે સાકર, લવિંગ, એલચી જે માગો તે પોતાની સિદ્ધિથી કાઢી આપે છે. આવું કહ્યું પછી માએ કહ્યું, ''અચ્છા બાબા ! બહુત અચ્છા બાબા !! નિકાલો બાબા !'' પછી એ તાંત્રિકે પોતાની તંત્રવિદ્યાનો ભરપૂર પ્રયોગ કર્યો, પરંતુ શ્રી શ્રી માની દિવ્ય શક્તિ આગળ એની તંત્રવિદ્યા કામ ન કરી શકી. એ ખૂબ જ ક્રોધિત થઈ ગયો, અને નીચે ઊતરીને કહેવા લાગ્યો, ''હું જોઈ લઈશ ! આમણે અમારી સિદ્ધિને અમારા ભક્તોની વચ્ચે બાંધી દીધી છે.''

(૨) પંડિત ગોપીનાથ કવિરાજજી કાશીના મૂર્ધન્ય આગમવિદ્ તથા શ્રી શ્રી માના અનન્ય ભક્ત હતા. એક વાર કવિરાજજીના સંપર્કમાં (કેદાર નામનો) એક દિવ્ય પ્રતિભાસંપન્ન છોકરો આવ્યો, જેને પૂર્વજન્મની સ્મૃતિ હતી. તથા લોક-લોકાંતરોમાં ભ્રમણ કરવાની શક્તિ હતી. શ્રી શ્રીમાના યોગવૈભવનું પણ એને અનુમાન હતું. એમણે શ્રી માને કહ્યું ''મા, રાત્રે હું ઘણીવાર લોકાંતરોમાં ભ્રમણ કરવા જાઉં છું. મા, આજે રાત્રે આપ પણ ચાલો.''શ્રી શ્રી માએ ઉત્તર આપ્યો કે ''તું લોકાંતરોમાં જજે, તું આ શરીરને ગમે તે જગ્યાએ યાદ કરીશ, હું ત્યાં જ મળીશ. આ શરીરને આવવું-જવું નથી પડતું.'' રાત્રે જ્યારે આ છોકરો સૂક્ષ્મ શરીરમાં રહીને લોકાંતરોમાં ભ્રમણ કરતો હતો ત્યારે જ્યાં જ્યાં એણે શ્રી શ્રી માનું સ્મરણ કર્યું, ત્યાં ત્યાં એને શ્રી શ્રી માનાં દર્શન થયાં. પછી અનેક સ્મૃતિઓને આધારે એણે શ્રી શ્રીમાની 'વ્યાપકતા'ની પુષ્ટિ કરી. આ જાણીને શ્રી કવિરાજજીને અત્યંત હર્ષનો અનુભવ થયો. આવા તો કેટલાયે પ્રસંગો છે, જેનાથી શ્રી શ્રી માની સર્વવ્યાપિની શક્તિ તથા યોગ-જ્ઞાનનો પરિચય મળે છે.

(૩) ગુજરાતમાં ગંગનાથની સમીપે નર્મદા તટ પર ભીમપુરામાં માનો એક બહુ જ સુરમ્ય આશ્રમ છે. શ્રી શ્રી મા બદ્રિકાશ્રમ સંયમ-સપ્તાહ પછી સંતો ને ભક્તો સાથે એ આશ્રમે ગયાં. શ્રી શ્રી માના બધા જ આશ્રમોના અધ્યક્ષ શ્રી બી. કે. શાહ સપત્ની એમની સાથે હતા. એક સપ્તાહ પછી શ્રી શ્રી મા એકાએક ખૂબ અસ્વસ્થ જેવાં થઈ ગયાં, અને એમણે બધા જ ભક્તો જોડે બોલવું-ચાલવું તથા ભોજન આદિનો પણ ત્યાગ કરી દીધો. બધા આશ્રમવાસીઓ ચિંતિત રહેવા લાગ્યા. દૈવવશાત્ હું બદ્રિકાશ્રમ જઈ પહોંચ્યો. મને ખબર પડી કે શ્રી શ્રી મા ભીમપુરા આશ્રમમાં પધાર્યાં છે. મારો વિચાર ચાલતો હતો કે શ્રી શ્રી માનાં દર્શનાર્થે જવું, ત્યાં જ મા તરફથી એક-બે સંતો બદ્રિકાશ્રમ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવ્યા, અને બોલ્યા કે શ્રી માએ આપને યાદ કર્યા છે. હું માનાં દર્શનાર્થે જ્યારે ભીમપુરા પહોંચ્યો ત્યારે પણ શ્રી શ્રી મા અસ્વસ્થતાની જ લીલામાં હતાં. પરંતુ મારાં પહોંચતાં વેંત જ શ્રી શ્રી માએ મને આનન્દમયી રૂપમાં દર્શન આપ્યાં. મેં પૂછ્યું, ''મા, આપનું આ શરીર સ્વસ્થ-પ્રસન્ન છે ને ?''

તે જ વખતે શ્રી શ્રી મા ''આનન્દમયી ભાવે' પ્રસન્નચિત્તે તથા મધુર સ્મિત વિખેરતાં બોલ્યાં, ''બાબા સબ ઠીક હૈ.'' આ જ રીતે શ્રી શ્રી મા જોડે મારો વધારે વાર્તાલાપ થતો રહ્યો. તે વખતે બી. કે. શાહ કહેવા લાગ્યા કે, ''મહારાજજી, આપને મળ્યા પછી જ શ્રી શ્રી મા અમને આટલી પ્રસન્ન મુદ્રામાં દર્શન આપી રહ્યાં છે. અમે બધાં ખૂબ પ્રસન્ન થયાં છીએ.'' આવા અનેક પ્રસંગોની પ્રતીતિ દ્વારા શ્રી શ્રી માના દિવ્ય મહિમાનું સ્મરણ તેમ જ એમની ચિન્મયી લીલાનું ચિંતન કરતાં કરતાં એમના પ્રત્યે મારી અસીમ શ્રદ્ધાંજલી અર્પિત કરીને પોતાને ધન્ય માનું છું.

ooo

કોણ કોનું (છે), પિતાજી ? આપણે ધર્મશાળામાં છીએ. સમય થાય ત્યારે કોઈ કોઈને માટે બેસી નહીં રહે. વિદેશમાં રહેવાથી જ દુઃખ. પોતાના ઘરમાં પોતાના લોકો પાસે રહેવાથી જ આનંદ. એટલા માટે જ પોતાનું ઘર, પોતાના જનને શોધો. વિદેશમાં કેટલા દિવસ કષ્ટ પામશો ? 'એમની' બાજુ લક્ષ્ય રાખો.

- શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિંધ્યાચલની બે ઘટનાઓ

- સોમેશચંદ્ર બેનર્જી

શ્રી શ્રી માતા આનંદમયીનો એક નાનો સરખો આશ્રમ વિંધ્યાચલ (જિલ્લો મિર્ઝાપુર) પાસે વિંધ્ય પર્વત પર પ્રસિદ્ધ અષ્ટભુજા મંદિરથી થોડેક દૂર સ્થિત છે. આ સ્થાન બહુ જ નિર્જન, નિઃસ્તબ્ધ અને પવિત્ર છે. અહીંથી પતિતપાવની ગંગાના વિશાળ વક્ષઃસ્થળનું દર્શન અપૂર્વ છે. અહીં આવ્યા પછી મનની ચંચળતા સ્વાભાવિક રૂપે સ્થિર થઈ જાય છે, અને દિવ્ય આનંદનો અનુભવ થાય છે.

શ્રી શ્રી માનાં એકાંત નિવાસસ્થાનોમાં આ સ્થાન વિશેષ મહત્ત્વપૂર્ણ તથા આકર્ષક છે. અહીં મા આવે ત્યારે દર્શન છૂટથી, કોઈ જાતની રોકટોક વગર થતાં. તેથી માના વિંધ્યાચલ પધારવાની સૂચના મળતાં જ ઘણાંના મનમાં અહીં આવવાની ઇચ્છા પ્રબળ થઈ જતી. પરંતુ આશ્રમનો એક પાકો કૂવો છે, જ્યાંથી ઊંચકીઊંચકીને જળ ઉપર પહોંચાડવામાં આવતું. માના આગમનથી જળની આવશ્યકતા વધી જવાને કારણે ખાસ આ કામ કરવા માટે વધારાના ઘણા માણસો રાખવા પડતા. એ લોકો આખો દિવસ નીચેથી જળ ભરીને ઉપર લાવતા રહેતા. માને એમના શ્રમ ને કષ્ટનો ખ્યાલ હતો. આશ્રમમાં ઊતરેલા પુરુષભક્તો સ્નાનાદિ કાર્ય માટે કાં તો ગંગાજી સુધી જઈ આવતા કે પછી આશ્રમના ભક્તો કૂવા પર જ નાહી લેતા, પરંતુ સ્ત્રીઓ કૂવામાંથી આણેલા સીમિત જળથી જ ગમે તેમ કરીને કામ ચલાવી લેતી. વધારે લોકો આવી જાય તો પાણીની અછતને લીધે રસોઈ રાંધવામાં પણ અડચણ પડતી. કોઈ કોઈ વાર એવી સૂચના અપાતી કે મા બોલાવે તો જ બહારના ભક્તોએ આવવું. છતાં પણ શ્રી શ્રી માનું આકર્ષણ એવું તીવ્ર છે કે અડચણો જાણીને પણ ભક્તો માનું સાન્નિધ્ય પામવા માટે ત્યાં પહોંચી જતા અને આનન્દભાવથી રહેતા.

શ્રી શ્રી માના નિવાસભવનમાં માનો કક્ષ બીજે માળે છે. સાંકડા વરંડા વડે આ કક્ષ ચારે બાજુથી ઘેરાયેલો છે. ગંગાજી બાજુના વરંડાના એક ખૂણામાં મા નેતરના મૂઢા ઉપર બેસી જતાં. પુરુષભક્તો એક વરંડામાં તથા સ્ત્રીઓ બીજા વરંડામાં લાંબી કતારોમાં શેતરંજી પર બેસી જતાં. દિગંતવિસ્તૃત ગંગાવક્ષની પટભૂમિમાં માના ઉજ્જ્વળ મનોહર રૂપનાં દર્શન કરતાં સહુ આનંદવિભોર થતાં. બધાની દૃષ્ટિ મા પર બંધાયેલી રહેતી. મા ક્યારેક આ સ્થાન વિષે કેટલીક વાતો કરતાં. આ સ્થળે પહેલાં વાઘ વગેરે પ્રાણીઓ આવતાં, તેથી નીચલા માળના વરંડાને લોખંડના સળિયાઓથી ઘેરી લીધો હતો. અહીં સાપ પણ બહુ હતા. કોઈ વાર પાસેનાં જંગલોમાં પોતાના ભાવમાં મા કેવી રીતે ફરીને આવતાં એ વિષે પણ વાર્તાલાપ થતો. આમ, આસપાસનાં સ્થળો પણ માના પાદસ્પર્શથી પવિત્ર થયાં છે.

શ્રી શ્રી મા પાસેથી જ સાંભળ્યું હતું કે આ જ આશ્રમ-સ્થળ ઉપર મા વિંધ્યાવાસિનીનું આદિ મંદિર હતું. આશ્રમ-ભવન પાસે મંદિરના કેટલાક ભગ્નાવશેષો મળ્યા હતા, જે હજી પણ અહીંયા દેખાય છે. માના નિર્દેશ અનુસાર આશ્રમના પરિસરમાં ખોદકામ કરવાથી ત્યાંથી મૂર્તિઓ નીકળી હતી, જે હાલમાં પુરાતત્ત્વવિભાગમાં છે. માએ કહ્યું કે પ્રાચીન મંદિરની પાસે એક કૂવો પણ હતો, જેમાંથી જળ લઈને સાધુ-સંતોને આશ્રમ-ભવનની સામેથી પસાર થતાં માએ સૂક્ષ્મમાં જોયા હતા. આ જાણકારીથી ઘણાનાં મનમાં એ જાણવાની ઉત્સુકતા થઈ કે એ કૂવો ક્યાં આવ્યો છે, અને જો એ કૂવાનો પત્તો મળે તો આશ્રમમાં પાણીની અડચણ સમાપ્ત થઈ જાય. પરંતુ એ વિષયમાં મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દ્વારા અધિક જાણકારી ન અપાતાં કૂવાનો પત્તો ન મળી શક્યો.

કદાચ સન્ ૧૯૮૦ની વાત છે. શ્રી શ્રી મા વિંધ્યાચલ આશ્રમમાં આવ્યાં એ અવસરે ઘણા બધા ભક્તોનું પણ આગમન થયું. તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી પણ આવીને માનાં દર્શન કરી ગયાં. ઘણા લોકો હોવાને લીધે જળની પણ સમુચિત વ્યવસ્થા કરવી પડી.

એ દિવસોમાં ઉનાળામાં દુકાળ પડવાને કારણે મિર્જાપુર જિલ્લાના પર્વતીય ક્ષેત્રમાં ઈન્ડિયા માર્ક-૨ હેન્ડપમ્પ લગાડવાનું કાર્ય ચાલી રહ્યું હતું. પથરાળ જમીનોમાં ધરતીની નીચે ક્યાંકથી જળ ઉપલબ્ધ કરી શકાય એની યંત્રો દ્વારા શોધખોળ કરવા માટે પુનાના વિશેષજ્ઞ 'જીઓહાઈડ્રોલૉજિસ્ટ' ડૉક્ટર ઘરેને મિર્જાપુર બોલાવવામાં આવ્યા. સંજોગવશ ડૉક્ટર ઘરે સાથે મારી મુલાકાત થઈ ગઈ. મેં એમને વિંધ્યાચલ આશ્રમમાં પ્રાચીન કૂવાની શોધ કરવા માટે વિનંતી કરી. વ્યસ્ત હોવાને લીધે એમણે બે દિવસ પછી આવવાનું વચન આપ્યું.

આશ્રમે પાછા આવીને જોયું તો શ્રી શ્રી માના પ્રસ્થાનની તૈયારી થઈ ગઈ હતી. મા નીચેના કક્ષમાં વિશ્રામ કરી રહ્યાં હતાં. આશ્રમના નૈષ્ઠિક બ્રહ્મચારી નિર્વાણાનંદને મેં પૂછ્યું કે પ્રાચીન કૂપની શોધ માટે આ વિશાળ પહાડી ક્ષેત્રમાં કયાં કયાં સ્થળો પર યંત્ર વડે સર્વેક્ષણ કરવું જોઈએ. નિર્વાણાનંદજીએ વિચાર કર્યો કે આવો સુઅવસર નિષ્ફળ ન જવો જોઈએ, તેથી ગમે તેમ કરીને મા પાસેથી પ્રાચીન કૂવાની સ્થિતિની જાણકારી લેવાના ઉદ્દેશ્યથી મને સાથે લઈને માના ઓરડામાં ઘૂસ્યા, તે તત્કાળ શ્રી શ્રી મા ઊઠીને બીજે બારણેથી બહારની બાજુ નીકળી ગયાં. મને લાગ્યું કે મા અમારા બન્નેના મનોભાવ સમજીને જ બહાર ચાલી ગયાં, કારણ કે સામાન્ય રીતે મા આ પ્રકારના પ્રશ્નોનો ઉત્તરો આપવાનું ટાળી દેતાં. કક્ષમાંથી બહાર આવતાં જ દર્શનાર્થીઓ માની સામે દોડી આવ્યા, અને આ સંબંધી કંઈ વાત ન થઈ શકી.

શ્રી શ્રી માના પ્રસ્થાનનો સમય થવા આવ્યો. પાછલા વરંડામાંથી બહાર નીકળવાના બારણા પાસે માને બેસવા માટે ખુરશી અને એની ઉપર આસન પાથરવામાં આવ્યું. ગાડી પણ છેક પાસે લાવવામાં આવી, જેથી માએ વધારે ચાલવું ન પડે. નિર્વાણાનંદજીથી ના રહેવાયું. એ બોલી ઊઠ્યા, ''આશ્રમમાં આટલી બધી પાણીની મુશ્કેલી છે, મા જો પેલા પ્રાચીન કૂવાની સ્થિતિનો પત્તો બતાવી દે તો યંત્રની સહાયતાથી એને શોધી કઢાય. પરંતુ મા મૌન રહ્યાં અને નિર્વિકારભાવે બેસી રહ્યાં. માની બાજુમાં થાંભલા પાછળ હું બહાર ઊભો હતો. મનમાં સંકોચ હતો કે માની સામે દબાણ કરીને કૂવાની સ્થિતિ જાણવાનો પ્રયાસ યોગ્ય ન હતો અને એટલે જ મને મારી અંદર અપરાધ-બોધ લાગતો હતો.

માએ એકાએક સહેજ નમીને થાંભલાની પાછળ સંતાયેલા મારી સામે જોઈને પૂછ્યું કે અહીં કોણ ઊભું છે ? હું થાંભલા પાછળથી બહાર નીકળ્યો અપરાધીની જેમ. મને હાથના ઈશારાથી મહેશ ભટ્ટાચાર્યના મકાન બાજુ આશ્રમના કોટની દિશા તરફ દેખાડતાં મા બોલ્યાં કે એની જમણી બાજુ નહીં, ડાબી બાજુ પેલો કૂવો હતો. મેં કહ્યું, ''એ દિશા તો અનંત છે, કોઈ નિશ્ચિત ચિહ્ન તો બતાવો.'' માએ પ્રાંગણમાંના ભવન 'તરુ કુટી'ની સામે ઊગેલા ઝાડ બાજુ ધ્યાન આકર્ષિત કરતાં કહ્યું, ''પેલું જે વૃક્ષ જોઈ રહ્યા છો એની આ જ બાજુ અને ગૅરેજની જોડે આવેલા આશ્રમના કોટને પેલે પારની ભૂમિમાં એ કૂવો જોયો હતો-જાઓ બતાવી દીધું,'' આમ કહીને મા ઊભાં થયાં અને સીધાં ગાડીમાં જઈને બેસી ગયાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૂવાનું સ્થાન મા દ્વારા પ્રકાશિત થવાથી બધા આનંદિત થઈ ગયા. નિર્વાણાનંદજી અને હું એ સ્થાન તરફ દોડી ગયા. ત્યાં જઈને જોયું કે આશ્રમના કોટની બહાર અને પહાડનો ઢાળ જ્યાંથી શરૂ થતો હતો એની વચ્ચે થોડીક પહોળી એક પથરાળ ભૂમિ છે. પૂર્વે કોઈવાર ત્યાં કોઈ કૂવો હોવાનું એક્કે ચિહ્ન કે સંભાવના દેખાઈ નહીં. ત્યાર પછી અમે બધાં માને ટ્રેનમાં બેસાડવા મિર્જાપુર સ્ટેશને આવ્યાં અને મા ચાલી ગયાં. આશ્રમમાં એક બ્રહ્મચારીજી રહી ગયા.

બે દિવસ પછી ડૉક્ટર ઘરે એમનાં યંત્રો સાથે આશ્રમમાં આવ્યા. એમને મા વડે નિર્દિષ્ટ કૂવાનું સ્થાન ન બતાવ્યું. એ વિભિન્ન સ્થાનોમાં યંત્ર મૂકીને આખરે પેલા પ્રાચીન કૂવાનું સ્થાન નક્કી કરવામાં સફળ થયા, અને તે સ્થાન માએ બતાવેલી ભૂમિમાં જ મળ્યું. ડૉક્ટર ઘરેએ જણાવ્યું કે પેલો પ્રાચીન કૂવો લગભગ મરી ચૂક્યો છે, તેથી એનો જો પુનરુદ્ધાર કરવામાં આવે તો પણ ઉનાળામાં જળ મળી શકશે કે નહીં એમાં સંદેહ છે.

પ્રાચીન કૂપનું સ્થાન મળવાના સમાચાર ફેલાઈ ગયા. થોડા દિવસ પછી મા બનારસ પધાર્યાં. સાંજે આશ્રમે ગયો તો મા હસીને બોલ્યાં, "શું કૂવો મળી ગયો ?" માનાં અનન્ય સેવિકા ઉદાસજી નજીક જ ઊભાં હતાં. એમણે માને વિશેષ વિનંતિ કરી કે એ કૂવાનો પુનરુદ્ધાર કરવો જ પડશે. માએ હસીને સમજાવ્યું કે એ કૂવાને ખૂબ ઊંડે સુધી ખોદવો પડશે, અને એ કાર્ય માટે ઘણાં ધનની જરૂર પડશે. તે ઉપરાંત કોઈ વાસણ ધોઈને એને જો કૂવાની ધાર પર મૂકતી વખતે એમાં પડી જાય તો એ વાસણ પાછું નહીં મળે.

મને એમ લાગ્યું કે એ કૂપના પુનરુદ્ધાર પ્રત્યે માનો કોઈ 'ખ્યાલ' નથી. થોડી વાર પછી જ્યારે વિંધ્યાચલ આશ્રમમાં જળની વ્યવસ્થા વાત ઊઠી ત્યારે મા બોલ્યાં, "અત્યારે તો કંઈ થવાનું નથી, જોઈએ પછી શું થાય છે."

શ્રી શ્રી માની સશરીર ઉપસ્થિતિમાં જ અષ્ટભુજા તથા કાલીખોહ મંદિર તેમ જ આસપાસના આબાદીવાળા ઈલાકાઓમાં પાઈપ દ્વારા પેય જળની વ્યવસ્થા માટે એક સરકારી યોજનાની પ્રસ્તાવના મુકાઈ. આ યોજનાનું કાર્ય પૂર્ણ થતાં વર્ષ ૧૯૯૧માં વિંધ્યાચલ આશ્રમમાં પાઈપ વડે જળ પહોંચાડવાની વ્યવસ્થા થઈ ગઈ. આ રીતે માએ જે આશ્વાસન આપ્યું હતું કે "દેખો, બાદ મેં કયા હોતા હૈ" તદ્નુસાર આપોઆપ આશ્રમમાં જળની સ્થાયી વ્યવસ્થા થઈ ગઈ.

વિંધ્યાચલની બીજી ઘટના

શ્રી શ્રી માના વિંધ્યાચલ આશ્રમ નિવાસ દરમિયાન એક વાર એક અંગ્રેજ સાહેબ અને મેમસાહેબ માનાં દર્શન કરવા આવ્યાં. તેઓ આશ્રમભવનની સામે પથ્થરના મોટા ઓટલા પર બેસી ગયાં. એમની દૃષ્ટિ આકાશ બાજુ હતી. મેં જોયું કે એકાએક મા બીજા માળના પોતાના કક્ષમાંથી બહાર નીકળીને ઉપરના વરંડામાં આવીને ઊભાં રહ્યાં. રેલિંગની પાસે ઊભાં ઊભાં સાહેબ ને મેમસાહેબને જોઈએ પાછાં ચાલી ગયાં.

પછીથી જ્યારે તેઓ બન્ને માના ઓરડામાં દર્શન કરવા આવ્યાં, ત્યારે માને કંઈ પૂછવા માટેની અનુમતિ લઈને એમણે કહ્યું કે નીચે પથ્થરના ઓટલા પર બેઠાં પછી મેમસાહેબને એક દિવ્ય દર્શન થયાં. એમને આકાશમાં એક ત્રિકોણ દેખાયો. જમીન પર આંગળીથી એનું ચિત્ર દોરીને એ સાહેબે બતાવ્યું.

માએ સાંભળીને કહ્યું, "આમને કહી દો કે ત્રિકોણના કેન્દ્રમાં એક બિંદુ પણ હતું" જ્યાં મેમસાહેબે કદાચ ધ્યાન નહોતું આપ્યું. એ ત્રિકોણના ત્રણ ખૂણામાં અષ્ટભુજા, વિંધ્યાવાસિની અને કાલીખોહ મંદિર-સ્થળ છે. અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્રિકોણના કેન્દ્રમાં જે બિંદુ હતું તે આ આશ્રમસ્થળ છે.'' માએ એમ પણ કહ્યું કે મેમસાહેબને જે ભાવમાં બેઠેલાં જોયાં હતાં, તે વખતે માને 'ખ્યાલ' થયો કે એમને કંઈ દર્શન થઈ જવાં જોઈએ; અને એ જ વખતે એમને પેલા દિવ્ય દર્શનનો અનુભવ થયો હતો. માને એમના દર્શન વિષેની પૂર્ણ જાણ પહેલે જ હતી, કારણ કે માએ પણ સાથોસાથ એ જોયું હતું. એ રીતે પ્રાચીન કાળથી આ આશ્રમ-સ્થળ આધ્યાત્મિક દૃષ્ટિકોણથી એક વિશેષ મહત્ત્વપૂર્ણ શક્તિપીઠ છે, એ માની વાતોથી સ્પષ્ટ જણાયું.

ООО

આ જગતમાં જેટલા ચરાચર પદાર્થો છે, તે બધા ઈશ દ્વારા આવાસિત છે. એટલે ઈશ્વરને અર્પણ કરીને એનો ભોગ કર, બીજાના ધનને ન લે. (અથવા દુનિયામાં ધન કોનું છે ? તેથી પોતાનું સમજ્યા વિના, તને એમણે આપેલા ભોગો એમને અર્પણ કરીને, 'સ્વ' ભાવ કે અહંકારરહિત રહીને ભોગવ.'

ઈશોપનિષદ્ - ૧

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા વિષે

- મહામહોપાધ્યાય ગોપીનાથ કવિરાજ

વર્ષો પહેલાં ગુરુપ્રિયાદેવીના 'મા' વિષેના પુસ્તકની ભૂમિકા લખતી વખતે મેં અનુભવેલું કે એ મારા સામર્થ્યની બહાર હતું કે મા વિષે સત્ય શબ્દોમાં કહેવું, કે જે મા સ્વયમ્ સ્વયમ્‌માં રહ્યાં છે, એટલું જ નહિ પણ જે રીતે મા પ્રગટ થયાં છે મારી પાસે. અત્યારે પણ મને એ જ મુશ્કેલી લાગે છે, કદાચ પહેલાંથી પણ વિશેષ કારણ કે (મા વિષેની રહસ્યાત્મકતા વધારે ગૂઢ બની છે) માના પ્રભાવના હું જેટલા નિકટ સાન્નિધ્યમાં આવું છું તેટલી જ.

તેથી જ મને એ લોકો પ્રત્યે સહાનુભૂતિ છે જેઓ માટે મા એક રહસ્ય છે. મા સર્વસાધારણથી પણ જુદાં છે, ને આપણે ઓળખીએ છીએ એવી અસાધારણ વ્યક્તિઓથી પણ એટલાં જુદાં છે કે એમને વિષે થોડી પણ ચોકસાઈ અને વિશ્વાસપૂર્વક કાંઈપણ નિશ્ચિત વાક્ય કહેવું અતિશય અઘરું છે.... દાખલા તરીકે શ્રીકૃષ્ણની ફરિયાદ હતી કે એમનું સાચું સ્વરૂપ ન જાણનારા મોટા ભાગના લોકો-કેટલાક દેવો સુધ્ધાં-એમને સામાન્ય મનુષ્ય માનતા હતા. ત્યાર પછીના યુગમાં ગૌતમ બુદ્ધે પણ એ જ પ્રમાણે કહ્યું કે ઘણા ઓછા લોકો એમને સાચી રીતે સમજી શક્યા હતા.

એમાં કંઈ આશ્ચર્ય નથી કે માની જીવનલીલા પ્રારંભિક કાળની લીલા પણ - અસ્વાભાવિક પ્રસંગોથી ભરેલી છે; આવા પ્રસંગો સાચા સંતો, સિદ્ધો ને યોગીઓના જીવનમાં બને છે તેનાથી આપણે ટેવાયેલાં છીએ.

જાણીતું છે કે સિદ્ધો ને સંતોના જ્ઞાન-પ્રકાશને મોક્ષ પહેલાંની એક પૂર્વાવસ્થા મનાય છે, જેમાં અજ્ઞાન અને બંધન છે, ત્યાર બાદનો સમય છે સાધનાકાળનો, વ્યક્તિગત પ્રયત્નનો ને તપસ્યાનો. આ સ્થિતિ બનતાં સુધી વર્તમાન જીવનમાં જ દેખાય છે, અથવા કેટલાક ખાસ દાખલાઓમાં આ જીવનની પૂર્વ અવસ્થામાં. પરંતુ માની વાતમાં આપણે સાંભળ્યું છે કે આ પ્રકારની અજ્ઞાનતાની સ્થિતિ કદી પણ હતી નહીં. આ સિવાય બીજી અસ્તિત્વની સ્થિતિની કોઈ સંભાવના નથી, કારણ કે માએ નિશ્ચયપૂર્વક સમજાવ્યું છે કે એમનું જીવન પ્રકૃતિના નિયમોમાં બંધાયેલું નથી, તેમ જ એમનો આ આવિર્ભાવ પહેલાં કોઈ પૂર્વ જન્મ નહોતો. અને જે એમનાં લગ્ન પહેલાં ને પછી સાધકના માર્ગ જેવું લાગતું હતું તે હવે આપણે જોઈશું કે કેવળ લીલા કરવા માટેના પોતે જ રચેલા નિયમોથી વધારે કાંઈ ન હતું, ને જેમાં લીલામાત્ર માટે એમણે ભાગ લીધો હતો. એમના જીવનમાં ત્યાર પછી એનો કાંઈ ઉપયોગ નહોતો.

વિશ્વના પ્રખ્યાત સાધુસંતોમાં આપણને ભાગ્યે જ જોવા મળે છે કે એમનામાં જ્ઞાનનો પ્રકાશ થતાં પહેલાં ગ્લાનિ, નિરાશા ને વ્યક્તિગત તપસ્યાનાં દુ:ખો ન હોય. માએ એમના જીવનમાં લીલા કરવા સિવાય આત્મા કે અધ્યાત્મને લગતો કોઈ અંધકાર નથી અનુભવ્યો, કે નથી એમને પ્રકાશ પ્રાપ્ત થવાનો કોઈ અનુભવ થયો. કહેવાય છે કે જન્મસમયથી જ તેઓ હંમેશ કોણ હતાં અને હંમેશ કોણ રહેશે તે વિષે સભાન હતાં, અને એમનાં સ્વરૂપથી ક્ષણવાર માટે પણ વિચલિત થવાની કોઈ સંભાવના નહોતી.

આપણને ખાત્રી છે કે એમના સ્વરૂપની બહારના કોઈ તત્ત્વના પ્રભાવથી એમનું સ્વરૂપજ્ઞાન નહોતું પ્રગટ થયું-એ તો સદાકાળ એમની સાથે હતું, એમના સ્વરૂપની સ્થિતિ હતી. એની સંપૂર્ણતામાં એ પહેલેથી હતું જ, એને એમના તરફથી કોઈ પ્રયત્નની આવશ્યકતા નહોતી, એને વધારે પૂર્ણ થવાની કે (ઈશ્વરકૃપાની આવશ્યકતા નહોતી).

OOO

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સત્ય

(શિવાનંદ- આશ્રમ)

- પ્રવક્તા પૂ. સ્વામી અધ્યાત્મનંદજી

શ્રીમદ્ ભગવદ્ગીતા સત્યને ઈશ્વરના રૂપમાં ઓળખાવે છે. ગીતા કહે છે જ્યાં સત્ય છે ત્યાં જય છે. ફરી કહ્યું, જ્યાં શ્રીકૃષ્ણ છે ત્યાં જય છે અને એક એવું સંવિધાન પણ છે કે સત્યમેવ જયતે નાડઅનૃતમ્ - સત્યનો જ જય; અસત્યનો કદીયે નહીં.

આ સત્ય એ ઈશ્વરનું હૃદય છે. સત્ય એટલે જ ઈશ્વર. સત્ય એ વિશ્વનો મધ્ય સ્વર અર્થાત્ વૈશ્વિક સત્તાનો નિયમ છે. સુખની સાચી ચાવી સત્ય-પરાયણતા જ છે. સત્યનું નહીં હોવું અર્થાત્ અસત્ય એટલે અંધકાર, દુઃખ અને મૃત્યુ છે. જ્યાં સત્ય છે, ત્યાં ન્યાય, નીતિ, પવિત્રતા, ઐશ્વર્ય અને શાશ્વત શાંતિ છે. સત્ય એ શ્રેષ્ઠ સદ્ગુણ છે. સત્ય એ દૈવી ગુણ છે.

સમતા, સંયમ, નિયમ, કરુણા, ભલાઈ, ત્યાગ, ધ્યાન, ભવ્યતા, ગંભીરતા અને ધૈર્ય, ભૂત માત્ર પ્રત્યે દયા અને પરપીડાથી પૃથક્કતા એ સત્યનાં વિવિધ સ્વરૂપો છે. ધર્મનું સાચું લક્ષણ જ સત્ય છે. જીવનનો પ્રકાશમય માર્ગ જ સત્ય છે. જેવી રીતે ઝાડના મૂળમાં પાણી રેડીએ તો એ સમગ્ર વૃક્ષ, ડાળી, પાંદડાં, બધાંનું પોષણ કરે છે, તેવી જ રીતે સત્યનું પાલન કે આચરણ કરે છે, તે જીવનમાં બધા જ સદ્ગુણોનો સર્વાંગી વિકાસ કરે છે.

શાસ્ત્રોએ કહ્યું છે કે હાથના દેવતા ઈન્દ્ર અને મનના દેવતા ચંદ્ર તથા આંખોના દેવતા સૂર્ય છે. તેવી જ રીતે વાણી કે જીભના દેવતા સરસ્વતી છે. જીભ સરસ્વતીનું આસન છે. અસત્ય અને અશ્લીલ સંભાષણ જીભને અપવિત્ર કરે છે. જીભથી બોલાયેલું શુભ, અશુભ, સત્ય કે અસત્ય સત્ય પુરવાર થતું હોય છે; અને તેમાંથી ઊપજતાં લાભ કે હાનિ ઈતરજનોને સુખ કે દુઃખ આપે તેથી વધુ આપણાં નિજી-જીવનને આતંક અને આંતરવેદના આપતાં હોય છે, માટે કોઈ પણ સંજોગોમાં સત્ય સંભાષણ જ કરવાનું વ્રત લેવું જોઈએ. અયોગ્ય, અઘટિત હોય તો મૌન રાખવું, પણ અસત્ય તો ન જ બોલીએ; તો સત્ય બોલવું એ શ્રેષ્ઠ તપ પુરવાર થઈ શકે, અને જે સત્ય ભાષણનું તપ કરે તે શ્રેષ્ઠ તપસ્વી છે, સત્યવાદી મનુષ્ય ચિંતા અને ઉપાધિઓથી તદ્દન મુક્ત હોય છે. સત્યવાદીનું મન સ્થિર અને શાંત હોય છે.

સંસાર-વ્યવહારમાં સાધારણ રીતે સત્યના માર્ગે બરાબર ચાલવું કઠિન લાગતું હોય તો પણ સત્યનો આધાર અને સત્યનું પાલન છોડવું નહીં. આરંભમાં એ દુષ્કર લાગશે; પરંતુ અંતતોગત્વા સત્ય જ તમારી રક્ષા કરશે. જે સત્યનું પાલન કરે, સત્ય તેનું પાલન કરે જ છે.

સત્ય એ બ્રહ્મ છે, સત્ય એ સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ છે, સત્ય એ જ્ઞાન છે, સત્ય એ એકમાત્ર અખંડ સત્તા છે, અદ્વિતીય પરમોચ્ચ તત્ત્વ છે, સત્ય વડે જ સંસાર ટકી રહ્યો છે. જેણે સત્યને લાધ્યું છે; તેનાં જીવનમાં શુદ્ધિ અને સિદ્ધિ બન્ને ઉપલબ્ધ થાય છે.

શિવ

શિવ એટલે સુંદર. શિવ એટલે સત્ય. સત્યમ્ શિવમ્ અને સુંદરમ્માં શિવ એટલે સત્ય અને સુંદરની પરાકાષ્ટા. શિવ એટલે શુભ્ર. શિવ એટલે પવિત્ર. શિવનો અર્થ દિવ્ય, ભવ્ય, દેદીપ્યમાન, આનંદ, ચૈતન્ય, બ્રહ્મ અને પરબ્રહ્મ અથવા ઈશ્વર. તુલસીદાસજીએ માનસના આરંભમાં શિવજીની વંદના કરી છે; અને કહ્યું છે; હે શિવ આપ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિશ્વાસ છો. શ્રદ્ધાના નાથ છો. શિવ એ ત્યાગ અને વૈરાગ્યની પ્રતિમૂર્તિ છે. શિવ-સંબંધી શ્રુતિ વર્ણન કરે છે "શાંતમ્' શિવ શાંત છે, શાંત એટલે આત્મા. "અયમ્ આત્મા શાંત" શિવ એટલે પરમાત્મા.

જ્યારે દેવ અને દાનવોએ સમુદ્રમંથન કર્યું; ત્યારે મંથનમાંથી પ્રાપ્ત હળાહળ કાલકૂટ મહાવિષનું પાન પણ શિવજીએ કર્યું. અમૃતની આશા શિવને નથી. શિવ વિષપાન કરી શકે છે; અને એટલે જ તેઓ મહાદેવ છે. શિવ સત્ય, રજ અને તમના ત્રિગુણત્વધારી બિલ્વપત્રના ભોગી છે. આપણા જીવનને સગુણ-નિર્ગુણનાં બંધનોથી મુક્ત, નિત્ય, સત્ય, શુદ્ધ અને બુદ્ધના પુરસ્કર્તા છે શિવ. માટે જ આપણે તેમને ભગવાન કહીએ છીએ. ભગ એટલે જ્ઞાન, પ્રકાશ અને વિકાસ. ભગ એટલે ઐશ્વર્ય, ભગવાન એટલે સર્વગુણસમ્પન્ન, સર્વાધિકારી, સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વાન્તર્યામી. હે પ્રભો શિવ, આપને નમસ્કાર.

શિવ ભસ્માનુરાગી છે. એનો અર્થ એ થયો કે આ જીવનમાં શરીર લોકોપયોગી - સમાજકલ્યાણના અર્થે વાપરવું, કારણ અંતે તો એ ભસ્મ જ થવાનું છે. શિવ સર્પભૂષણ છે. અને તેનાથી સમજાવે છે કે તેઓ કાલાતીત છે. આભૂષણને ભૂષણ બનાવવા અલંકારોમાં આસક્તિ કે મોહ ન રાખવો. શિવનું આ ભસ્મવિલેપન અને સર્વભૂષણત્વ સંસારની નશ્વરતાનો બોધ આપે છે. શિવ ત્રિશૂળ ધારણ કરીને કહે છે કે કામ, ક્રોધ અને લોભનાં ત્રિવિધ શૂળ ઉપર કાબૂ-નિયંત્રણ રાખવું જોઈએ; "त्रिविधं नरकस्य द्वारं नाशनमात्मनः" આ ત્રણેય આત્માની હાનિ કરનારાં નરકનાં દ્વાર છે. શિવને નંદી એટલે ધર્મની સવારી છે. જે ધર્મ અર્થાત્ કર્તવ્યનું પાલન કરે છે; તે જ શિવત્વને - પરમ તત્ત્વને પ્રાપ્ત કરે છે.

શિવ માન-અપમાનથી પર છે. "તુલ્યપ્રિયાપ્રિયો ધીરસ્તુલ્ય નિંદાત્મસંસ્તુતિઃ" શિવને આપણે કર્પૂરગૌરં કરુણાવતારં કહીએ છીએ. તેઓ સ્વચ્છ સ્ફટિક સમાન કર્પૂર જેવા ગૌરવર્ણધારી છે. અર્થાત્ નિષ્કપટ છે. સરળ છે, નિખાલસ છે. તેમજ કરુણાના કરનારા તો છે જ. તેઓ સાધનાની પરમોચ્ચ અવસ્થામાં સાધકે પોતાનું ત્રીજું નેત્ર ખોલીને સ્વકીય કામને બાળવો જ જોઈએ તેની સભાનતા બક્ષે છે. તો કામને પ્રજાળીને તેની અર્ધાંગના રતિ એટલે મતિ ને પરમતત્ત્વના અનુસંધાન, અને રતિના કામને પુર્નજીવન બક્ષવાનું વરદાન પણ આપી શકે છે. હે ઈશ્વર ! હે. શિવ ! કાયા, વાચા, મન, ઇન્દ્રિય, જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિમાં અમો જે કંઈ પણ કરીએ, સઘળું શુભ્ર થાઓ, કલ્યાણ અને માંગલ્યને અર્પનારું હો, આપને અર્પણ હો ! ૐ નમઃ શિવાય !

OOO

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રી મા વિષે

ભાઈજીની દ્વાદશ વાણી

(દરેક માતૃભક્તે સતત યાદ રાખવી.)

(પૂર્ણ બ્રહ્મ નારાયણી માને ઓળખી શકીને "આનન્દમયી" નામ આપનાર, માના અત્યંત કૃપાપાત્ર એકનિષ્ઠ ભાઈજી, જેઓ શરીર છૂટ્યા પછી ત્રણ વાર મા પાસે આવ્યા એ વાત માએ સ્વમુખે કરી હતી. અંતિમ વાર આવીને તેઓ માના સ્વરૂપમાં સમાઈ ગયા. માના ભક્તોમાંથી કેવળ ભાઈજીની જ સ્થળ-સમાધિ છે અલ્મોડા આશ્રમમાં. એ ભાઈજીએ મા વિષે કહેલી બાર વાણીઓ અહીં આપી છે.)

૧) ભગવાન કે ઈશ્વર કહેવાથી આપણી ધારણામાં જે સમ્મુખ આવે છે એ જ માનો મૂર્ત પ્રકાશ છે. એમનું શરીર અને ક્રીડા-કૌતુક બધું જ અપ્રાકૃતિક અને અસાધારણ છે-એવી બુદ્ધિથી પ્રતિષ્ઠિત થઈને બધાં કર્મો, ધ્યાન અને જ્ઞાનમાં એમને ઉપાસ્ય દેવી માનીને એમનાં ચરણ-કમળોને હૃદયમાં સ્થાપિત કરી શકવાથી પરમાર્થ પથમાં અન્ય કોઈ આશ્રયની આવશ્યકતા નહીં રહે.

૨) દેહધારીથી ઊંચાં ન માની શકાય તો એમની ઉદારતા, કર્તવ્યપરાયણતા, પ્રસન્નતા, સૌમ્યતા, સમભાવ વગેરે કોઈ એક ગુણને આદર્શ માનીને ચાલો.

૩) એમના હાવભાવ, વાતો, હસી-મજાક, હરવું-ફરવું, ખાવું-પહેરવું વગેરે સાથે જો સદ્‌ભાગ્યવશ કોઈનો સંયોગ થાય તો સાધારણ બુદ્ધિથી પોતાની જાતનેં ખોઈ બેસવી ન જોઈએ, પરંતુ ધૈર્ય-સહિત એમના પ્રત્યેક કાર્ય-કલાપના વિશેષત્વ તથા માધુર્યની હૃદયમાં ઉપલબ્ધિ કરવી જોઈએ.

૪) તેઓ સ્વાધીન છે. ઈચ્છા ને અનિચ્છા બદ્ધ જીવનો ધર્મ છે. તેઓ ઈચ્છાથી કાંઈ કહેતાં કે બોલતાં નથી. આપણાં બધાંનું જેવું પ્રયોજન હોય તે પ્રમાણે એમનામાં મહતી ઈચ્છાનું સ્ફુરણ થાય છે.

૫) એમના દ્વારા અથવા એમની દૃષ્ટિ દ્વારા આપણી બુદ્ધિ-વિવેચનાને અનુકૂળ કે પ્રતિકૂળ જે કાંઈ ઘટે એમાં કંઈક નિગૂઢ રહસ્ય છુપાયું છે એવો દૃઢ વિશ્વાસ રાખીને પ્રતિવાદ કર્યા વગર શાંત મને બધું ગ્રહણ કરવું જોઈએ.

૬) કોઈનાં સત્કર્મોને પરિણામે જો મા એને આદેશ આપે તો કંઈ પણ વિચાર્યા વિના, દ્વિધા વગર એનું પ્રતિપાલન કરવું જોઈએ. કોઈ ભૂલથી પણ માની ઈચ્છાને અને આપણી પોતાની ઈચ્છાને મિલાવી દેવાની ચેષ્ટા ન કરો.

૭) એમને એમના જ ભાવોમાં (આપણને છો ગમે કે ન ગમે) જેટલાં રાખી શકો એમાં જ જગતનું મંગળ છે. કદીયે આથી વિપરીત ન થાય તેનું ધ્યાન રાખો. એમના કોઈ પણ કામમાં, એટલે સુધી કે શરીર-રક્ષા સંબંધી સગવડોમાં પણ આપણી બુદ્ધિ-વિવેચના વ્યર્થ છે, એમનો સંકેત પામતાં જ એનું પ્રતિપાલન કરો, નહીં તો પછી ચુપચાપ જોતાં-સાંભળતાં રહેવું એ જ બરોબર છે.

૮) ભગવાનની ચિંતા (ચિંતન) કરોં, આ જ ભિક્ષા એ બધાં પાસે માંગે છે. એમની સેવા આદિ કરવાને બદલે સાધન-ભજન કરીને એમની કૃપા પ્રાપ્ત કરવી સહેલી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૯) એમની પાસે આવીને ચરણ-સ્પર્શ કરવાની ઈચ્છા જાગે તો એ વખતે ચિત્ત દર્પણ જેવું સ્વચ્છ હોવું આવશ્યક છે. જે જેટલું ભૂખ્યું, તરસ્યું, શ્રદ્ધાશીલ તથા શરણાગત થઈ શકશે, એટલું જ એ એમના અમૃત-સ્પર્શ વડે તૃપ્તિ પામી શકશે.

૧૦) એમની નિકટ કશો ભેદભાવ નથી. આપણો ભાવ જ એમના આકર્ષણ કે વિકર્ષણનું સૂત્ર છે. જેવી જેની ભાવના એવી એની સિદ્ધિ. એમની પાસે જે જેટલું શૂન્ય મન અને શરીર લઈને જશે એ એટલું જ પૂર્ણતા બાજુ અગ્રસર થશે.

૧૧) એમના શ્રીમુખની કોઈ પણ વાત વ્યર્થ નથી હોતી, તેમ જ એમની સ્મૃતિ કાળના બંધનથી પર છે, આ યાદ રાખવું જરૂરી છે.

૧૨) પ્રારબ્ધને ભૂસવા માટે ઉત્કટ તપસ્યાની જરૂર છે. શોક-દુઃખ આદિ આપણા પ્રારબ્ધનાં અવશ્યમ્ભાવી ફળો છે-આવો મનમાં નિશ્ચય કરીને હંમેશાં સુખ-દુઃખમાં એમની કૃપાદષ્ટિ પર વિશ્વાસ રાખીને ચાલવું જોઈએ.

OOO

"માસ્તર કે પ્રોફેસર વગર જેમ વિશ્વવિદ્યાલયી વિદ્યાનું જ્ઞાન નથી થતું, એ જ પ્રકારે ગુરુ વિના બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ નથી થતી. આધ્યાત્મિક ઉન્નતિ, મુક્તિ કે બીજું કંઈ, બધું, આ જ સમસ્યા છે."

- શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રી માના પુનિત સાન્નિધ્યમાં મહાત્મા ગાંધી

("શ્રી શ્રી મા આનન્દમયી" (દશમ ભાગ)

- લે. શ્રી ગુરુપ્રિયાદેવી)

સેવાગ્રામ આશ્રમમાં માનું આગમન

૮, ફાગણ, શુક્રવાર.....

મહાત્માજી જે ઓરડામાં લોકો સાથે બેઠા હતા, એ ઓરડાના વરંડા પર ચઢતાં જ મહાત્માજીએ અંદરથી કહ્યું, "આવો માતાજી, આવો."

મા પણ "પિતાજી-પિતાજી" કહેતાં ઓરડામાં ગયાં. મહાત્માજીએ હાથ લંબાવીને તદ્દન ખોળા પાસે બેસાડીને, એમના મસ્તકને છાતી સાથે લગાડી દીધું. મા પણ નાની બાળકીની માફક મહાત્માજીના હૃદય ઉપર હાથ મૂકીને બેસી ગયાં. આ બન્નેનું મિલન-દશ્ય જોઈને હાજર રહેલા લોકો આનંદ પ્રગટ કરવા લાગ્યા.

મહાત્માજી પહેલવહેલા બોલ્યા, "જમનાલાલને તમારી પાસે કોણે મોકલ્યા હતા, એ તો જાણો છો ને ? મેં મોકલેલા. તમને અહીં બોલાવવા માટે જ મોકલ્યા હતા. જમનાલાલે નિઃસંકોચભાવે એમ કહ્યું હતું કે મારી પાસેથી એને એ શાંતિ ન મળી, હું એને એ શાંતિ ન આપી શક્યો, જે તમારી પાસેથી એને મળી. એ તમને મેળવીને કેવો ગાંડો થઈ ગયો હતો, એ તો તમે જાણો જ છો."

સ્વીકારોક્તિમાં માએ માત્ર માત્રું હલાવ્યું. મહાત્માજીએ આગળ કહેવાનું શરૂ કર્યું, "મને તમારે વિષે સૌથી પહેલાં કોણે કહ્યું, જાણો છો ? કમલા નહેરુએ. એણે મને ખાસ વિનંતી કરી હતી કે હું તમને અવશ્ય મળું."

ઉપસ્થિત રહેલા લોકો સામે જોઈને મહાત્માજીએ કહ્યું, "કમલા એમને ગુરુની જેમ માનતી હતી."

મા તરત બોલ્યાં, "પિતાજી, હું કોઈની ગુરુ નથી. હું તો નાની બાળકી છું."

મહાત્માજી હસી પડ્યા, "સારું, સારું."

આવી જાતની વાતો થતી હતી. હાજર રહેલા લોકોમાં આનંદનો સ્રોત વહેતો હતો. મહાત્માજી હજી સુધી માને એ જ રીતે પકડીને બેઠા હતા. મા પણ નાની છોકરીની જેમ નિઃસંકોચભાવે એમની લગોલગ બેસી રહ્યાં. કમલનયન મા વિષે બધી વાતો કહેતા હતા.

માના જવાની વાત આવતાં મહાત્માજીએ માને કહ્યું, "જુઓ, અત્યારે તો તમે તમારા જવાની વાત તો બિલકુલ ના કરો. ઓછામાં ઓછા બે દિવસ અહીં વધારે રહી જાઓ. જમનાલાલ વિષે વધારે બે દિવસનું કામ બાકી છે. જો તમે અહીં રહી જશો તો આ લોકો(કમલનયન તથા જાનકીબાઈ બજાજ)ને શાંતિ મળશે."

મા હસતાં હસતાં બોલ્યાં, "પિતાજી, આ નાની છોકરીનું મગજ કંઈક બગડેલું છે. બધી વાતોનું પાલન બરોબર નથી કરી શકતી. આ માટે શું કરું, પિતાજી ? તમારી જ તો ટેવ આને મળી છે." માની વાતો સાંભળીને બધાં હસી પડ્યાં.

મહાત્માજીએ ઘણું સમજાવ્યા છતાં જ્યારે માએ કંઈ આશા ન આપી ત્યારે હાજર રહેલા લોકોને બતાવીને એ બોલ્યા, "આ લોકો હસશે. કહેશે કે કોણ જાણે ક્યાંથી એક ગાંડી છોકરીને લઈ આવ્યા છે, જેને પટાવી-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સમજાવીને રોકી ન શક્યા. તો પછી ચીન દેશના સેનાપતિને કેવી રીતે સમજાવશે ? બધા લોકો મારી મશ્કરી કરશે."

માએ હસતાં હસતાં કહ્યું, "સારી વાત છે, જો મારા પિતાજી જોડે કોઈ મજાક કરીને આનંદ મનાવવા ઈચ્છે તો મનાવે. મારા પિતાજી પર આ વાતોની અસર નથી થતી. આથી મારા પિતાજીનું કંઈ સુધરતું-બગડતું નથી."

મહાત્માજી, "હું તો અનેક લોકોનો પિતાજી છું. તમે પણ મને પિતાજી કહો છો, ઠીક છે. હું ભૂલમાં તમને પહેલાં 'માતાજી' કહી બેઠો."

આટલું કહીને એ પુષ્કળ હસવા લાગ્યા. પછી લોકો સામે જોઈને બોલ્યા, "જમનાલાલ જેલમાં સૂતર કાંતતા હતા. એ સૂતરમાંથી એક જોડી ધોતી (સાડી) માતાજી માટે બનાવીને મૂકી ગયા છે. માતાજીએ એમાંથી એક ટુકડો મારે માટે, એક ટુકડો વિનોબાજીને, એક ટુકડો જાનકીબાઈને આપીને પોતાને માટે એક ટુકડો રાખ્યો છે."

મા હસીને બોલ્યાં, "પિતાજી, એક વાર મેં પણ પોતે સૂતર કાંતીને એક જોડ ધોતી બનાવી હતી."

થોડીવારે ફરી બોલ્યાં, "એક વાર જ્યારે આપ ઢાકા ગયા હતા ત્યારે હું આપને જોવા ગઈ હતી. ત્યારે આપ ચરખા પર સૂતર કાંતતા હતા."

ત્યાર બાદ કોણ જાણે શી વાત પર મા કહેવા લાગ્યાં, "હું તો પિતાજીની જ ધોતી પહેરું છું."

આ વાત માએ એવી રીતે કહી કે મહાત્માજી બરોબર સમજી ન શક્યા, બોલ્યા, "હા, હા, જ્યાં-જ્યાં ખાદીની ધોતીઓ બને છે, બધાં મારાં જ કપડાં છે."

આટલું બોલીને મા સામે જોવા લાગ્યા, કારણ માના શરીર પર ખાદીની ચાદર હતી. લાંબો વખત વાતચીત થયા બાદ મા રહેવા માટે કેમે કરી રાજી ન થયાં ત્યારે મહાત્માજી હસતા હસતા બોલ્યા, "તમે બહુ દગાબાજ છોકરી છો. મને દગો આપીને બનાવી નહીં શકો."

મા હસતાં હસતાં બોલ્યાં, "દગાને દગો આપવો એ જ બરોબર છે. કહો પિતાજી, બરાબર કહું છું ને ?"

કમલનયને મહાત્માજીને કહ્યું, "બાપુજી, હું આપની પાસે માતાજીને મૂકી જઉં છું એટલે તેઓ સવારે અહીંથી રવાના નહીં થઈ શકે. આપ પરાણે રોકી રાખજો."

મહાત્માજી પણ બોલી ઊઠ્યા, "એ જ બરોબર છે. જાનકીબાઈ અને માતાજી બન્ને અહીં રહે. આ બન્નેના સૂવાનો પ્રબંધ હું મારી પાસે કરી દઈશ."

ગોપુરીમાં માને માટે દૂધ-સાબુદાણાની કાંજી બનાવી હતી. એક જણ જઈને ત્યાંથી લઈ આવશે એમ નક્કી થયું. એટલામાં હરિરામજીએ મહાત્માજીને કહ્યું કે ભાઈજી તથા અન્ય લોકોની ઇચ્છા હતી કે માતાજી જોડે સૌ લોકોની મુલાકાત થાય, અને એકાંતમાં થોડી વાતો થાય.

એ વિષે મા મહાત્માજી બાજુ જોઈને બોલ્યાં, "એની કંઈ જરૂર નથી. કહો પિતાજી ? આપને કંઈ કહેવું છે ?"

ગાંધીજીએ કહ્યું, "મારે એકાંતમાં કંઈ વાતો નથી કરવી. મારી વાતો સાફ અને બધાંની સામે થાય છે."

અભયે કહ્યું, "મારી ઇચ્છા હતી કે મા સાથે આપની વાતચીત આધ્યાત્મિક વિષય પર થાય. પરંતુ એવું કંઈ ન થયું. હવે મા સાથે ફરી આપની ક્યારે મુલાકાત થશે, કોણ જાણે ?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અભયની વાત પૂરી થતાં પહેલાં જ ગાંધીજી બોલી ઊઠ્યાં, "તમે લોકો તો સેવકો છો. તમે લોકો જો પ્રયત્ન કરશો તો ફરી મુલાકાત થઈ શકે છે." પછી મા સામે જોઈને એમણે કહ્યું, "આટલી વાતો થઈ રહી છે, પણ અસલી વાતો નથી કહી રહ્યાં. એનું શું થશે ?"

માએ કહ્યું, "એ બધું છોડી દો. પિતાજી સાથે વાતો તો થઈ ગઈ."

વળી પાછો જવાનો પ્રશ્ન ઊભો થયો. મા હસતાં હસતાં બોલ્યાં, "મારા પિતાજી મારી વાતો અવશ્ય માની લેશે. કાલે મને અવશ્ય છોડી દેશે."

મહાત્માજી-"હું એવો પિતાજી નથી, કે સહેજમાં જ પટાવીને અહીંથી જતી રહીશ. હું એટલો જલદી રાજી થવાનો નથી."

માએ હસતાં હસતાં કહ્યું, "પિતાજી, પોતાની નાની છોકરીની વાત જરૂર માનશે."

આખરે મહાત્માજી એ વાત સારી રીતે સમજી ગયા કે હવે માને રોકી નહીં શકાય, ત્યારે એમણે કમલનયનને પૂછ્યું, "જવા માટે શો પ્રબંધ કર્યો છે ?"

કમલનયનજી મહાત્માજીની વાતો સાંભળીને નિરાશ થઈ ગયા. બાપુજી પણ માને રોકી ન શક્યા. જતાં જતાં એમણે કહ્યું કે મા માટે એ પોતાની કાર મૂકતા જશે.

પરમાનંદ સ્વામીજી અને અભય માના ખાવા-પીવાનો સામાન તથા અમારા લોકો માટે પાથરણાં લેવા માટે ગોપુરી જતા રહ્યા. મા પાસે હું તથા હરિરામજી રહી ગયાં. એ દરમિયાન મહાત્માજીનું રક્તચાપ તપાસીને એમના સેવકોમાંથી કોઈએ કહ્યું કે દબાણ ઘણું વધી ગયું છે. પરિણામે બધા લોકો વ્યસ્ત થઈ ગયા. મહાત્માજી ઊઠીને હાથ-મોં ધોવા ચાલી ગયા.

......હરિરામજી એ કહ્યું કે માએ તાર કરીને એમને બનારસથી બોલાવ્યા છે. આ વાત સાંભળીને મહાત્માજીએ મા સામે જોઈને પૂછ્યું, "તમને એકલા આવતાં ડર લાગે છે ?"

માએ હસીને કહ્યું, "ડરની કંઈ વાત નથી. આણે કહ્યું હતું કે જો આ બાજુ આવું તો એની સૂચના અવશ્ય આપું, એટલે ખબર મોકલી હતી."

હું બોલી, "મામાં ભય લેશમાત્ર નથી. ઘણીવાર એ એકલાં રાત્રે બહાર નીકળી પડે છે. એક વાર તારાપીઠમાં એકલાં બહાર ચાલી ગયાં હતાં. અમને લોકોને ત્યાં જવા માટે એવી રીતે ના પાડી કે ફરી અમારી આગળ વધવાની હિમ્મત ન થઈ. મા એકલાં જ ફરી-ફરીને પાછાં આવી ગયાં."

મા સામે જોતાં જોતાં હસીને મહાત્માજીએ કહ્યું, "અચ્છા, તમે હુકમ પણ ચલાવો છો ?"

મહાત્માજી સાથે રાત્રિવાસ

આ જાતની બે-ચાર વાતો થઈ. ત્યાર બાદ વરંડામાં પાથરેલી પથારીમાં જઈને ગાંધીજી સૂઈ ગયા. એમની એક બાજુ જાનકીબાઈ અને બીજી બાજુ માને માટે શય્યા બિછાવી છે. મા મહાત્માજીની બાજુમાં જઈને નાની છોકરીની જેમ ચુપચાપ સૂઈ ગયાં. મહાત્માજીના પગ પાસે અને ચારે બાજુ બીજા કેટલાક લોકો આવીને સૂઈ ગયા. બે-ત્રણ જણ એમની સેવા કરવા લાગ્યા. કોઈ પગ દબાવતું તો કોઈ માથા પર ઘી લગાડતું હતું. હું, હરિરામજી વગેરે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્યાં જ બેસી રહ્યાં.

અચાનક મહાત્માજીનો હાથ માના શરીરને સ્પર્શ કરી ગયો. તરત મા બોલી ઊઠ્યાં, "પિતાજીનો હાથ છે શું ?"

ગાંધીજી તરત માના હાથને પોતાના હાથમાં લઈ સૂઈ ગયા. આ રીતે સૂતાં માને ક્યારેય જોયાં નથી. હું અવાક્ થઈને આ દૃશ્ય જોતી રહી, જાણે કે વૃદ્ધ પિતાની બાજુમાં એમની દીકરી સૂતી હોય. સંકોચ કે લજ્જા જરીકે નથી.

મહાત્માજીનો આ લોકત્યાગ-સંબંધી સૂક્ષ્મ નિર્દેશ

મા ચુપચાપ સૂતેલાં હતાં. મહાત્માજી એમની સેવિકાઓ સાથે બે-ચાર આવશ્યક વાતો કરતા રહ્યા. અચાનક મા એક સેવિકાને પોતાના ભાવમાં કહી ઊઠ્યાં, **"જો હું મારા પિતાજીને તમારી વચ્ચેથી ઉઠાવીને લઈ જાઉં તો ?** તમે લોકો શું કરી શકો છો ? ડંડાથી મારશો ?" તરત કેટલીક સેવિકાઓ બોલી ઊઠી, "અમે લોકો પણ પાછળ-પાછળ ચાલવા માંડીશું."

માએ એમની વાતો પર ધ્યાન આપ્યા વિના મહાત્માજીને કહ્યું, **"ઠીક સમય પર તમને લઈ જઈશ પિતાજી.** કેમ ઠીક છે ને ?"

મહાત્માજી આ વાતોનો અર્થ સહેજ સમજી શક્યા. બીજું કોઈ સમજી શક્યું કે નહીં, એ હું નથી કહી શકતી. મહાત્માજી ધીમેથી ગંભીર સ્વરમાં બોલ્યા, "હા".

તરત મા બોલ્યાં, **"પિતાજી સાથે બાળકીની આ વાત પાક્કી થઈ ગઈ."**

માને મુખેથી આ વાત સાંભળીને હરિરામજી અને હું એકબીજાનું મોં જોવા લાગ્યાં. માને મુખેથી અચાનક આવી વાત કેમ નીકળી ? શું મહાત્માજીનો સમય પૂરો થઈ ગયો છે ? હરિરામજી એ જ વખતે કંઈ બોલવા જતા હતા, પણ મેં એમને અટકાવી દીધા.

વરંડાની બત્તીઓ ઓલવાઈ ગઈ. અમે બધાં ચુપચાપ સૂઈ ગયાં. સેવિકાઓ ધીમે ધીમે જતી રહી. મેં માનાં ચરણો પાસે કામળો પાથરી દીધો. ગાંધીજી સિવાય બીજા કોઈ પુરુષને અહીં નથી સૂવા દેવામાં આવતા. મહાત્માજીની આજ્ઞા અનુસાર પરમાનંદ સ્વામી, અભય ને હરિરામ માટે બીજે સૂવાની વ્યવસ્થા કરવામાં આવી.

રાત્રે દસ વાગ્યા પછી પરમાનંદ સ્વામી અને અભય અમારો સામાન તથા માનું ખાવાનું લઈ આવ્યા. મા હળવેથી ઊઠીને આવ્યાં અને દૂધ-સાબુદાણા પીને ચુપચાપ મહાત્માજીની બાજુમાં સૂઈ ગયાં. અમે લોકો કોઈ જાતનો અવાજ ન કરીએ, એ વાતની ચેતવણી આપતાં ગયાં. હું પણ ચુપચાપ જઈને મારી પથારીમાં સૂઈ ગઈ.

૯ ફાગણ, શનિવાર

મળસ્કે ચાર વાગ્યાનો ઘંટ વાગતાં જ મહાત્માજી તથા બીજાં બધાં જાગી ગયાં. હું થોડી વહેલી ઊઠીને સામાન ગોઠવતી હતી. મહાત્માજી જેવા ઊઠ્યા કે તરત એક સેવિકા એમનું મોઢું ધોવાની બધી સામગ્રી લઈ આવી. મોઢું ધોતી વખતે મહાત્માજીએ માને પૂછ્યું, "ખૂબ આરામથી સૂતાં હતાં ?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આ પ્રશ્નનો જવાબ ન આપતાં બોલ્યાં, "જે થવાનું હતું એ જ થયું."

મા તો આપણા બધાંની જેમ નથી સૂતાં. એ જ કારણે આ વિષે કંઈ બીજો સવાલ ન થાય, એટલે આ વાતોને માએ સ્પષ્ટરૂપે દબાવી દીધી. અલબત્ત, મને એવું લાગ્યું.

માનો રવાના થવાનો સમય થઈ ગયો. જાનકીબાઈ ઝટ આવીને બોલ્યાં, "હવે બધાં ભેગ્રાં થઈને પ્રાર્થના કરશે, આવીને જોઈ લો."

મહાત્માજીએ તરત જવાબ આપ્યો, "પ્રાર્થનામાં સામેલ થશો તો ગાડી છોડી દેવી પડશે. જો ગાડી પકડવી હોય તો પ્રાર્થના છૂટી જશે."

મા ધીમેથી બોલ્યાં, "પિતાજીની વાતો કોણ જાણે કેટલા લોકો સાંભળે છે, અને આ પાગલ છોકરી, આટલું સમજાવ્યાં છતાં વાત નથી માનતી. આથી પિતાજી નારાજ તો નહીં થાઓ ?"

મહાત્માજીએ મૃદુ સ્મિત સાથે કહ્યું, "આ વાતની પરવા તમને જરીકે છે ?"

માએ હસીને કહ્યું, "જો ક્યાંય ખ્યાલ આવી જશે તો સ્વયમ્ જ આવીને પિતાજીના ઓરડામાં ઘૂસી જઈશ. કહો પિતાજી ? મગજ જરા એવું જ છે ?"

મહાત્માજીએ કહ્યું, "હા, ચોર-ડાકૂ એવું જ કરે છે. દેહરાદૂનથી એક એવો જ આવ્યો છે. શું કરું ?"

આનંદથી હસતાં હસતાં મા બોલ્યાં, "વાહ ? પિતાજીએ ચોર-ડાકૂ સુધ્ધાં બનાવી દીધી. સારું જ થયું. પિતાજી, આપનું બધું જ ચોરી લઈશ. ચોરી કરનારી એ તો સરસ નામ છે." આટલું કહીને હસવા લાગ્યાં.

"આવી ચોરી કરનારી મળે છે જ ક્યાં ?" મહાત્માજીના મોઢામાંથી ધીમે ધીમે આ વાત નીકળી.

ગઈરાતે કસ્તૂરબા આવીને એકવાર માને પ્રણામ કરી ગયાં હતાં. બોલ્યાં હતાં, "મારું મોટું સદ્ભાગ્ય છે કે આપનાં દર્શન કરી શકી. આપનાં દર્શન કરવાની મારી બહુ ઇચ્છા હતી."

સેવિકાઓ એમને ટેકો આપીને અંદર લઈ ગઈ. કસ્તૂરબા પણ આજકાલ અત્યંત અસ્વસ્થ છે.

સેવાગ્રામમાંથી વિદાય

રવાના થવાનો સમય થતાં મા મહાત્માજી તથા બીજા લોકોની વિદાય લઈને રવાના થયાં. સ્ટેશન જતાં થોડીવાર માટે માને મહિલાશ્રમમાં લઈ જવાયાં. શાંતાબહેન અહીં એક વખત આવવા માટે પ્રાર્થના કરી ગયાં હતાં.

સ્ટેશને આવ્યા પછી ખબર પડી કે ગાડી એક કલાક મોડી છે. મા સાથે જાનકીબાઈ, કમલનયન, શાંતાબહેન, મહાત્માજીના ભત્રીજા અને બીજા બે-ત્રણ જણ આવ્યા હતા. જાનકીબાઈએ માને જમનાલાલજી વિષે બહુ વાતો પૂછ્યા કરી.

મા કહી રહ્યાં છે, "આ શરીર જોડે એ બહુ ઓછા સમયમાં શિશુની જેમ હળી-મળી ગયો હતો. આ જાતની વાતો સાધારણ રીતે નથી હોતી."

જમનાલાલજીનો પુનર્જન્મ થશે કે નહીં, એ પ્રશ્નના ઉત્તરમાં મા કહેવા લાગ્યાં, "એ સંબંધમાં કંઈ નથી કહી રહી, પણ જો એનો જન્મ થશે તો પતન નહીં થાય. ઊર્ધ્વગતિ જ થશે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગાડી આવ્યા પછી જ્યારે મા ગાડીમાં બેસી ગયાં ત્યારે જાનકીબાઈને કહ્યું, "બાપુજીને કહેજો કે હવે તો પોતાને ઘેર જવાનો વખત થઈ ગયો છે. તૈયાર રહેવા માટે કહી દેજો.

કાલની એ જ વાતો ફરી માને મુખેથી સાંભળીને અમે અવાક્ થઈ ગયાં. જાનકીબાઈ પણ માની વાત સમજીને બોલ્યાં, "સાચેસાચ ?"

માએ ગાંધીજીને કહ્યું હતું કે, "પિતાજી, આપનું બધું જ ચોરી લઈશ."

ખરેખર, નારાયણ નામનો ચોર સમસ્ત પૃથ્વીમાં પ્રસિદ્ધ છે-

"नारायणो नाम नरो नराणां प्रसिद्ध चौरः प्रथितः पृथिव्याम्।"

અને વળી વ્રજમાં પણ પ્રસિદ્ધ છે નવનીતચોર-માખણચોર એ તો પાછો ગોપકન્યાઓનાં વસ્ત્રો ચોરે છે, નીલકમલની શ્યામલ કાંતિ ચોરે છે, રાધિકાનું હૃદય ચોરે છે, અનેક જન્મોનાં પાપો ચોરે છે અને શરણાગતનું તો સર્વસ્વ ચોરી લે છે-"બધું જ ચોરી લઈશ", હે મા, તારે શરણે આવેલાં આ અબુધ, મૂર્ખ, હઠીલા ને અધમમાં અધમ બાળકોનું સર્વસ્વ ચોરી લેજે, હે કરુણામયી મા." ચોરોમાં અગ્રગણ્ય એ પુરુષને હું નમન કરું છું.

"व्रजे प्रसिद्धं नवनीतचौरं
गोपाङ्गनानाञ्च दुकूलचौरम्।
नवाम्बुजश्यामलकान्तिचौरं
चौराग्रगण्यं पुरुषं नमामि॥

श्रीराधिकायाः हृदयस्य चौरं
अनेक जन्मार्जितपापचौरम् ।
शरणागतानाञ्च समस्तचौरं
चौराग्रगण्यं पुरुषं नमामि॥"

OOO

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા વિષે મહાત્માઓનો મત

દંડીસ્વામી શ્રીમદ્ દત્તયોગેશ્વર દેવતીર્થ મહારાજ
(શિષ્ય-સ્વામી શ્રીમદ્ જગદ્ગુરુ શંકરાચાર્ય, પૂર્વામ્નાય) લખે છે-

"કાશીના મહાવિદ્વાન, મહામહોપાધ્યાય, ડૉક્ટર શ્રી ગોપીનાથ કવિરાજ એકવાર મને તંત્રગ્રંથ 'યોગિની-હૃદયમ્' શીખવતી વેળાએ પ્રસંગોપાત્ત કહેવા લાગ્યા કે "માતા શ્રી આનન્દમયીને હું તો માનવદેહધારી 'જગદંબાસ્વરૂપા' માનું છું."

"એક વાર હું અન્ય માતૃભક્તો સાથે 'પંજાબ પ્રદેશ'ના 'હોશિયારપુર' નામે શહેરમાં આવેલાં 'સંતશ્રી હરિબાબા'ના આશ્રમમાં ગયો હતો. તે વખતે ત્યાંના ઉત્સવમાં શ્રી શ્રી મા, શ્રી હરિબાબા, અવધૂતજી વગેરે સંતો ઉપસ્થિત હતા. શ્રી શ્રી મા વિષે શ્રી હરિબાબાએ સ્વાનુભવનું કથન કર્યું કે, "આપણી આ માતાજી જીવકોટિની નથી. તે તો ઈશ્વરકોટિની છે, સાક્ષાત્ ભગવતી છે. મારું તો દૃઢ માનવું છે કે તેમણે આ માનવદેહ ધારણ કર્યો છે તે મનુષ્યમાત્રના કલ્યાણ માટે ધારણ કર્યો છે. તેમનો જન્મ અને તેમનાં કર્મો અલૌકિક છે."

"કાશીમાં જ્યારે શ્રી શ્રી માનો જન્મોત્સવ ભવ્યરૂપે ઊજવાયો હતો તે દરમિયાન સંત શ્રી કૃષ્ણાનંદજી અવધૂતને શ્રી શ્રી મા વિશ્વજનની સ્વરૂપે દેખાયાં હતાં. તેમણે અષ્ટધાતુનો મોટો સિંહ બનાવરાવ્યો હતો, અને શ્રી શ્રી માને વસ્ત્રાલંકારોથી શણગારીને તે સિંહ પર બેસાડી તેમનાં પવિત્ર ચરણોમાં મસ્તક મૂકીને સજળ નયને પ્રાર્થના કરી હતી. તે વખતે હું ત્યાં ઉપસ્થિત હતો. તે પ્રસંગે સંત શ્રી કૃષ્ણાનંદ અવધૂતજીએ શ્રી શ્રી મા વિષે સ્વાનુભવ કહ્યો હતો કે "શ્રી શ્રી મા આનન્દમયી પૂર્ણબ્રહ્મનારાયણી છે, પરમેશ્વરી છે. એમની કૃપા થાય તો જ આપણે એમના યથાર્થ સ્વરૂપને ઓળખી શકીએ, અન્યથા નહીં જ. મને તો પૂર્ણ વિશ્વાસ છે કે માતાજી તો જગદ્જનની છે, વિશ્વમાતા છે. ભલે અત્યારે આ સત્ય લોકો ન સમજતાં હોય, પણ જ્યારે તે સમજશે ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે."....

"દંડીસ્વામી શ્રી વિષ્ણુ આશ્રમ મહારાજ કાનપુર શહેરમાં ઊજવવામાં આવેલા સંયમ-સપ્તાહમાં આવ્યા હતા. તે વખતે એક દિવસ એમણે શ્રી શ્રી મા વિષે કહ્યું કે "શ્રી મા આનન્દમયી તો સત્-ચિત્-આનંદની મૂર્તિ છે. મનુષ્યના દેહમાં મહાદેવી છે. ત્રિભુવનજનની છે. એમની અનુકંપા જીવ પર થતાં તે જીવનાં પાપકર્મો ભસ્મ થઈ જાય છે અને જીવ જીવન્મુક્ત થઈ જાય છે."

"મહામંડલેશ્વર સ્વામી શ્રી મહેશ્વરાનંદ મહારાજ શ્રી શ્રી માના પુનાના ઉત્સવમાં ઉપસ્થિત રહેલા. એમણે પોતાના પ્રવચન દરમિયાન શ્રી શ્રી મા વિષે કહેલું કે, "ભલે માતાજી નિરક્ષર છે, તેમ છતાં એમને 'અક્ષરબ્રહ્મ પ્રાપ્ત છે. એ અત્યંત સરળ, નિષ્કપટ, રાગ-દ્વેષ-વિવર્જિત, અક્રોધી, કરુણાવરુણાલય, નિરહંકારી, વિનમ્ર, અનાસક્ત વગેરે સદ્ગુણોથી ભરેલાં છે. એ સદૈવ નિજ-આનંદમગ્ન રહેતાં હોવાથી 'આનન્દમયી' છે. માતાજી તો નારાયણીસ્વરૂપા છે, બ્રહ્મજ્ઞમયી છે, માતાજી તો બ્રહ્મમયી છે."

"કાશીના લલિતાઘાટ પરના મઠમાં એકાંત તપસ્યારત રહેનારા વિદ્વાન અને વિરક્ત સ્વામી શ્રી શંકરચૈતન્ય ભારતીજી મહારાજની સેવામાં હું શ્રી શ્રી માના આદેશથી કેટલાંક વર્ષો રહ્યો હતો. તેવા ઉચ્ચ કોટિના મહાત્મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દુર્લભ હોય છે. તેઓશ્રી શ્રી લલિતા-પરામ્બા ભગવતીના અનન્ય ઉપાસક હતા. તેમની સાથેના ધર્માલાપ દરમિયાન તેમણે મને કહ્યું હતું કે, "માતાજી શ્રી આનન્દમયી ઘણાં ઘણાં વર્ષો બાદ આ પૃથ્વી પર લોકકલ્યાણાર્થે જ અવતર્યાં છે. તે આ દેહમાં ચિન્મયી માતા છે, ભગવતી શ્રી લલિતાસ્વરૂપા છે. આ રહસ્ય અતિ અલ્પજનોને અવગત હશે. માતાજીમાં જ્ઞાન, યોગ અને ભક્તિનો અદ્ભુત ત્રિવેણી-સંગમ વિદ્યમાન છે. જે જીવ તે ત્રિવેણી-સંગમમાં અવગાહન કરવાની માતૃકૃપાથી ક્ષમતા ધરાવે છે, તેનું આવાગમન થતું નથી, તે જન્મ-મૃત્યુના ચક્રમાંથી સદા માટે મુક્ત થઈ જાય છે."

OOO

"ગુરુના આદેશનું પાલન, ગુરુની ઈચ્છાનું અનુવર્તન અથવા ગુરુની અનુકૂળતા અનુસાર આચરણ-સેવાનો આ ઉત્તમ પ્રકાર છે, પરંતુ આ બધામાં સાવધાની તથા વિચારની જરૂર છે. નિર્વિવાદરૂપે એમના શરીર, સ્વાસ્થ્ય, યશ તથા ધર્મ જો બાધિત ન થતાં હોય તો આ પ્રકારનું આચરણ સેવાનો શ્રેષ્ઠ પ્રકાર છે."

- પરિવ્રાજક

"ગુરુ ભગવાન, એમણે સ્થાન આપ્યું છે. એમના પર નિર્ભર રહો. એમની કૃપા અને આશીર્વાદ સર્વદા વરસી રહ્યાં છે. એમના તરફ ઉન્મુખ રહેવું જોઈએ. જેટલું જપ, ધ્યાન અને એમના સ્મરણમાં મનને લગાડી રાખશો, એટલું જ મન શાંતિ બાજુ જશે."

- શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા મા મા

- શ્રી અધ્યાત્માનંદજી મહારા (શ્રી શિવાનંદ આશ્રમ, ઋષિકેશ)

"શ્રી શિવાનંદ આશ્રમ"ના પૂ. સ્વામી શ્રી અધ્યાત્માનંદજીના વક્તવ્યમાંથી

"જય જય મા જય જય મા

જય જગજનની ભવભયભંજિની આનન્દમયી મા

શાંતિરૂપિણી હે રાજેશ્વરી, શાંતિરૂપિણી જય રાજેશ્વરી

અંતર્યામી મા હે માતેશ્વરી જય જય મા."

સુમધુર કીર્તન કરીને પૂ. સ્વામીજી કહે છે, "હે ભુવનમોહિની, હે જગદમ્બા રાજરાજેશ્વરી અખિલાંડકોટિનાયિકે હે જગજ્જનની પ્રણામ પ્રણામ પ્રણામ હો મા. હે મા, હે મા. આપનાં શ્રીચરણોમાં આપનાં કરોડો સંતાનોમાં જે સૌથી નિકૃષ્ટ છે, સંપૂર્ણ અબોધ અયોગ્ય-નાલાયક છે એવું એક બાળક મા આપનાં ચરણોમાં આપની વાત નિવેદિત કરી રહ્યો છે-એક ભાવપુષ્પ, શ્રદ્ધાનું પુષ્પ."

(આ સાંભળીને વિશ્વાસ બેઠો એ વાત પર કે જે જેટલું ઊંચું હોય તેટલું જ વધારે નીચે નમે છે. પૂ. સ્વામીજીના ગુરુમહારાજ પૂ. ચિદાનંદજી સ્વામીજી જેવી મહાન વિભૂતિ માનાં ચરણોમાં દંડવત્ પ્રણામ કરીને આપણને સહુને જાણે આ જ્ઞાન આપે છે કે "सर्वं खल्विदं ब्रह्म" "सोऽहमस्मि" "सोऽहमस्मि". પ્રખર વેદાન્તીમાં ભક્તિ ને શ્રદ્ધાનું કેવું સુંદર સામંજસ્ય ! પૂ. અધ્યાત્માનંદજી મહારાજ - નમ્રતાની મૂર્તિ જેવા - માનાં ચરણોમાં શ્રદ્ધાસુમન અર્પણ કરતાં કહે છે)-

"મા, આપ જનમનરંજિની છો, અખિલાંડકોટિનાયિકે, માતેશ્વરી કરુણામયી મા, આપની પ્રત્યક્ષ ઉપસ્થિતિનું દર્શન કરતાં કરતાં આપનાં શ્રીચરણોમાં દંડવત્ પ્રણામ-ઓમ્ નમો નારાયણ કહેતાં કહેતાં મા મા મા મા મા મા આ ભાવ આપનાં ચરણોમાં-

૧. આપનાં સૌથી પહેલાં દર્શન શ્રી ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના જન્મ-ઉત્સવ વખતે સપ્ટેમ્બર ૮, ૧૯૬૫ને દિવસે પ્રાતઃકાળે લગભગ ૧૦ વાગે મા ભાગીરથીના તટે હિમાલયની ઉપત્યકામાં પવિત્ર શિવાનંદ આશ્રમમાં થયાં. આપનું આગમન થયું હતું. આશ્રમના ભજનખંડમાં બે મૂર્તિઓ છે-સરસ્વતીની છે અને દુર્ગાની છે-ચંડિકાની છે. મા મહિષાસુરમર્દિની ચંડિકાનાં ચરણોમાં આશ્રમના પરમાધ્યક્ષ સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ, શ્રીકૃષ્ણાનંદજી મહારાજ અને આશ્રમના મંત્રી શ્રી સ્વામી પ્રેમાનંદજી મહારાજ. એમની મધ્યમાં આપને બેસાડ્યાં છે. સ્વામી ચિદાનંદજી મહારાજે સુંદર સ્વાગત-પ્રવચન કર્યું, આપની સ્તુતિને માટે ખૂબ કીર્તન પણ કર્યું, અને પછી આપને પ્રાર્થના કરી, "હવે મા, આપ કંઈ કહો." આપે મૃદુ હાસ્ય કરીને કહ્યું, "બાબાએ જે કંઈ કહ્યું એનું પાલન કરો." જય મા. બીજું કંઈ ન બોલ્યાં. આ પહેલા દર્શન હતાં.

૨. દિવસો પસાર થતા ગયા. શિવાનંદ આશ્રમમાં આવવા-જવાનું (મારે) બહુ થયું. ત્યાર બાદ આશ્રમમાં એક યતિના રૂપમાં સન્ ૧૯૭૨માં આવવાનું થયું, અને ૭૨માં આ શરીરના બ્રહ્મચર્યદીક્ષા અને પીત વસ્ત્ર ધારણ કરીને જે સંસ્કારો થયા, એના પછી સૌથી પહેલાં દર્શન હરિદ્વારના ખડખડીમાં 'બાઘાટ હાઉસ' છે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્મશાન પાસે-ત્યાં આપની દુર્ગાપૂજા થઈ હતી. એ સમયે ગુરુદેવ સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ આપના (આ) દાસને - બીજા પણ ત્રણ બ્રહ્મચારીઓ હતા-બ્ર.રામસ્વરૂપ ચૈતન્યજી, બ્ર. સાકેત ચૈતન્યજી, બ્ર. નારાયણ ચૈતન્યજી અને આ શરીર અધ્યાત્મ ચૈતન્ય - ચારે બ્રહ્મચારીઓને લઈને આપની પાસે આવ્યા હતા.

"મા, આ આપના બધા નૂતન બ્રહ્મચારીઓ છે. આશીર્વાદ આપો."-આવું ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજે કહ્યું.

"બાબા બાબા બાબા" ખૂબ પ્યારથી, એટલા સન્માન સાથે - ઓહ, આપનું દર્શન અદ્‌ભુત હતું, મા. માએ એમનો વાત્સલ્ય વરદ્ હસ્ત અમારા પર-બ્રહ્મચારીઓ પર મૂક્યો હતો. અમને ફૂલમાળાથી આપે આશીર્વાદ આપીને, અને પોતાના કરુણામય વરદ્ હસ્ત વડે લાભાન્વિત કર્યા હતા; અને ૪-૪ ફૂલો પણ આપ્યાં હતાં.

૩. આના બે દિવસ બાદ જ કોઈ કાર્યવશ શિવાનંદ - આશ્રમથી ફરી હરદ્વાર આવવાનું થયું. મેડમ સિમોનીતા કોલોના ડચેસ ધ સેસિલો - પૅરિસની એક ફેશન ડીઝાઈનર હતાં. એમની સાથે કોઈ કામ માટે જવાનું થયું. જ્યારે જતાં હતાં ત્યારે મેં ગુરુ મહારાજને કહ્યું, "માનાં દર્શન કરીને આવીએ ?"

"ગુરુમહારાજે કહ્યું, "હા જી, માનાં દર્શન કરવા જાઓ એ તો સારી વાત છે, પણ માને હેરાન ન કરતા. ત્યાં જો ભીડ હોય તો જઈને માને હેરાન નહીં કરતા.

"બરોબર છે સ્વામીજી. કંઈ વાંધો નહીં."

ગયા તો ત્યાં દુર્ગાપૂજા હતી, અને દુર્ગાપૂજાને લીધે બહુ જ ભીડ હતી; અને એ ભીડને કારણે અમે મા સાથે કંઈ વાત કરી શકીશું કે નહીં એ પણ ખબર નહોતી. આવી અવસ્થામાં જોયું કે માને શણગાર્યાં છે, મા બેઠાં છે. એક લાલ સાડી પરિધાન કરી છે. રેશમી વસ્ત્ર, મસ્તક પર મુગટ છે, ગળામાં લાલ કમળોની સુંદર માળા સુશોભિત છે. મા ભાવમાં છે. એકદમ શરીરમાં રહેવા છતાં સૂક્ષ્મ, કારણથી પર, પંચકોષોથી પર, કર્મેન્દ્રિય-જ્ઞાનેન્દ્રિયથી પર, ભાવાતીત. આવી અવસ્થામાં દૂરથી દર્શન કેવાં અદ્‌ભુત હતાં ! અમે લોકો માળા લઈને પણ ગયાં હતાં, પરંતુ ગુરુમહારાજનો આદેશ હતો-નિકટ નહીં જતાં, માને હેરાન નહીં કરતા.

સારું. હું ઊભો રહ્યો, અને ઊભા ઊભા જોયું કે હવે માની આંખો ખૂલશે, કંઈ થશે. ખૂબ દિવ્ય કીર્તન ચાલતું હતું. બે-ત્રણ હજારથી વધારે લોકો હતા. સુંદર મંડપ હતો. જોયું કે આકસ્મિક માએ આંખો ખોલી. ખોલીને મા ઊભાં થયાં. ઊભાં થઈને દુર્ગાપૂજાની પૂજાને માટે જે મંચ વિશેષ બનાવેલો એની આગળ - બહારના લોકો અંદર ન ચાલી જાય, અંદરના લોકો બહાર ન જાય, જો જાય તો કોઈ વિશેષ વાત હોય તો જ એક ખૂબ સુંદર બનાવેલું સ્થાન. ત્યાંથી મા બહાર આવી ગયાં. આવીને સીધા જ્યાં શ્રોતાઓ બેઠા છે, ભક્તો છે ત્યાં ચાલી ગયાં. આવીને સીધા માએ-જે સંન્યાસીઓ ધોતી ધારણ કરે છે ઉપર ઉત્તરીય-ઉત્તરીયને પકડી લીધું.

"બાબા, બાબા, બાબા, કેમ ઊભા છો ? બાબા કેમ ઊભા છો. આ શરીરના પગ દુઃખે છે, આવો."

આ શરીર - સંન્યાસીનું, એક નાના યુવાન બ્રહ્મચારીનું-ઊભું છે. મા કહે છે કે એમના પગ દુઃખે છે. જુઓ તાદાત્મ્ય-વિષયમ્ કેટલું છે! માનું પુત્ર પ્રત્યેનું વાત્સલ્ય! પુત્રનું કષ્ટ જોઈને માને કષ્ટ ! આ કેવી અવસ્થા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે ! એક ભાવાતીત અવસ્થા છે. જે શરીરમાં રહીને પણ શરીરમાં નથી, છતાં બીજાના શરીરની વ્યથાને અનુભવે છે! એક દિવ્યતા - ઉચ્ચતાની સ્થિતિ. અને મા અમારો પાલવ પકડીને પૂજાની વચ્ચે જવા લાગ્યાં તો ખબર છે તમને માની બ્રહ્મચારિણીઓ શું કહે છે ? "અરે, સંન્યાસી ભીતરે જાચ્છે છે ! ઓટા ગંગાજલ દાઓ." સંન્યાસી અંદર જાય છે, એને ગંગાજળ આપો!

પરંતુ દીદી હતાં. ગુરુપ્રિયા દીદી. એમણે કહ્યું, "જ્યારે ગંગા સ્વયં લઈને જઈ રહી છે, ત્યારે હવે ગંગાનું જળ બીજું નાખવાની શી જરૂર છે !"

હા, અને જુઓ હું જેટલો દૂર ઊભો હતો, એટલો જ નિકટ આવી ગયો. મા પોતે જઈને ફરી પોતાના આસન ઉપર બેસી ગયાં. મને એકદમ નિકટ બેસાડી દીધો. મારા મનમાં એક્કે આશા ન રહી, જેને હું પૂરી ન કરી શક્યો.

મા તો એક કલ્પતરુ છે. અરે, શી વાત છે ! અનંતકોટિબ્રહ્માંડની નાયિકા, રાજરાજેશ્વરી જગદ્ધાત્રી જગજ્જનની સાક્ષાત્ મા જ્યાં છે, તમને "यद् गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम" (જ્યાં જઈને કોઈ પાછું નથી ફરતું એ મારું પરમ ધામ છે.) મોક્ષથી યે ઉપર કોઈ સામ્રાજ્ય છે તો એ આપવામાં સર્વશક્તિમાન છે. એની પાસે આપણે ચૉકલેટ માગીને ખુશ થઈ જઈએ છીએ ?

માએ એમના ગળા પરથી ફૂલની માળા મને આપી, એક કમળ આપ્યું. ગુરુમહારાજ માટે ફળ આપ્યાં. ગુરુમહારાજના સમાચાર પૂછ્યા. બસ. જે ગુરુમહારાજ અમને ત્રણ દિવસ પહેલાં લઈને આવ્યા હતા કે, "મા, આપના બ્રહ્મચારીઓ છે. આપનાં સંતાનો છે. આપ આશીર્વાદ આપો."

માએ જે વાત્સલ્ય આપ્યું છે, હું ક્યારેય નહીં ભૂલું, ક્યારેય નહીં ભૂલું. પણ માની વાત્સલ્ય આપવાની રીત પણ અજબ-ગજબ છે. મા બધું જાણે છે.

૪. એકવાર ગુરુપૂર્ણિમા ઉત્સવ શિવાનંદ-આશ્રમમાં ઊજવાયો. એ વર્ષે શિવાનંદ-આશ્રમનો સાધના-સપ્તાહ કોઈ કારણવશ એપ્રિલ મહિનામાં થઈ ગયો હતો. અમારા આશ્રમના જે યોગ-વેદાંત ઍકેડમીના અધ્યક્ષ છે, એમને લઈને હું માના આશ્રમમાં ગયો. પહેલાં માની અનુમતિ લઈ લીધી હતી કે અમે લોકો આવીશું ગુરુપૂર્ણિમાને બીજે દિવસે. એક બ્રહ્મચારી હતા ગોકુલાનંદજી. બ્રહ્મચારી તે એવા જ હોય. एकः ब्रह्मचारी शतमर्कटाः એક બ્રહ્મચારી સો વાંદરાના સ્વભાવવાળો હોય છે. અમે આશ્રમથી પગપાળા જ ઋષિકેશ આવ્યા. ઋષિકેશથી ટ્રેન પકડી લીધી. હરદ્વાર આવ્યા. સવારે પાંચ વાગે રેલ્વે સ્ટેશને આવતાં જ એ કહેવા લાગ્યો, "હું સમોસા ખાઈશ-સમોસા ખાઈશ." મેં કહ્યું, "માનાં દર્શન કરી લો, પછી કંઈ ખાઓ, મા પાસે ઉચ્છિષ્ટ મોઢું લઈને જવું યોગ્ય નથી. બ્રહ્મચારી છો. પહેલાં ગંગામાં સ્નાન કરીશું. પહેલાં માનો પ્રસાદ. પહેલાં મા પાસે જઈએ છીએ."

ત્યાંથી પણ ચાલતા આવ્યા-રેલ્વે સ્ટેશનથી કનખલ. રસ્તામાં-મકાઈના "ભુટ્ટા" ની ઘણી લારીઓ ઊભી હતી. "હવે હું ભુટ્ટો ખાઈશ, હવે હું ભુટ્ટો ખાઈશ." એ બાળકની જેમ હઠ કરવા માંડ્યો.

માના આશ્રમમાં આવ્યા. અમે લોકોએ પ્રાર્થના કરી, કીર્તન કર્યું, શ્લોકો બોલ્યા. મા ખૂબ પ્રસન્ન હતાં. આજકાલ જ્યાં ચોપડીઓની દુકાન છે, એની બાજુમાં ડાબે હાથે જે ગલીમાં સામે એક મકાન છે. જ્યાં ઈંદિરાજી પણ આવીને મળતાં-બે વાર મળ્યાં હતાં - એની સામે મા બેઠાં હતાં. ખૂબ આનંદ-વિનોદ થયો,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્યારે માએ પોતાને હાથે બધાંને અક્કેક રૂમાલ આપ્યો. ગુરુમહારાજ માટે પ્રસાદ આપ્યો. પછી બધાંને ચાર ચાર પેંડા આપ્યા. સૌથી પહેલાં મને આપ્યો. સંન્યાસી તો અમે જ હતા. બાકી બધા સફેદ કપડાવાળા, પીળા કપડાવાળા સાધુ-બ્રહ્મચારીઓ હતા. અમને આસન પણ આપ્યું. જેવા ઊભા થઈને જવા લાગ્યા તો કહે, "રુકો, રુકો. ઉદાસ, પેલી પેટી લાવ." પેટી આવી. આશ્ચર્ય થઈ ગયું ! એમાં ભુટ્ટા હતા મકાઈના !! અને પહેલાં-સૌથી પહેલાં ગોકુલાનંદને આપતાં કહ્યું, આ લો, તમે ભુટ્ટો ખાશો. લો, આ તો. હમણાં જ ખાઓ બાબા, બાબા, બાબા. પહેલાં એને આપ્યો. પછી બધાંને આપીશ. બાબા, નારાયણ, નારાયણ.

ખૂબ ભાવથી કહ્યું. પછી બધાંને આપ્યા. જ્યારે અમે જવા માંડ્યા, તો એને કહે, "તમે પહેલાં ખાઓ." એક ખાઈ લીધો એટલે કહે, "અચ્છા, ઠીક હૈ બાબા, જો માંગા સો હી દિયા." આવું કહ્યું માએ !

"વો લાઓ, વો લાઓ" કહીને એક પેટી મંગાવી. આશ્ચર્ય છે !! એક સમોસું હોય છે તાજું, એક સમોસું હોય છે મશાલો ભરીને રાખી મૂકો એક મહિના સુધી ચાલે. એવા સમોસાનો મોટો ડબ્બો છે, એ પહેલાં બ્રહ્મચારીને આપ્યો, "આ પણ લો, આ પણ લો."

શું કહું ? માની લીલા છે. કોઈ નથી જાણી શકતું.

૫. મા ખૂબ વિનોદ પણ કરે છે. મા પાસે જ્યારે જ્યારે જવાનું થયું, બનતાં સુધી ગુરુમહારાજ સાથે જ. "લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય પ્રશાસન અકાદમી," મસૂરીમાં આ દાસ-માંના આ દીકરાને યોગ-પ્રશાસન માટે નિયુક્ત કરવામાં આવ્યો હતો. રાજ્ય તરફથી, આશ્રમ તરફથી અને સરકારના આમંત્રણથી. જ્યારે જતો ત્યારે સાથે કોઈ આઈ.એ.એસ. અધિકારીને લઈને કે કોઈ ઇન્ડિયન પોલીસ સર્વિસ કે ફોરેન સર્વિસના અધિકારીઓને લઈને જાય ત્યારે મા હંમેશાં કહેતાં, "અરે ઉદાસ, એક મોટું આસન આપ. એને બે આસન આપ. સરકારી ગુરુ છે એને બે ગાદી લગાવો." મા ખૂબ વિનોદ કરતાં. "બાબા, બાબા, એમને તમે શું ભણાવો છો ?" મેં કહ્યું, "મા, એમને હું આસન, પ્રાણાયામ."

"બાબા, થોડું મને પણ બતાવી દો, બાબા, થોડું મને પણ શીખવી દો, બાબા, શીખવો ને, બાબા, શીખવો ને થોડું."

મેં જોયું કે મા લીલા કરી રહ્યાં છે. હું પણ લીલાની મજા લઉં- આવો મા, આપનો આ ચેલો, આપનો આ દીકરો બહુ બદમાશ છે. હવે જુઓ મજા. મેં કહ્યું, "મા, હું શીખવાડી દઈશ. આપને પણ શીખવાડી દઈશ. જુઓ, સૌથી પહેલાં હું ભ્રમરી પ્રાણાયામ શીખવું છું."

મા બોલ્યાં, "એ શું હોય છે ?"

મેં કહ્યું, "જુઓ, ભમરાનું ગુંજન થાય છે."

"અચ્છા, ક્યાંથી કેવી રીતે થાય છે ?"

મેં કહ્યું, "જુઓ."

એ તો લીલામાં રહેનારાં છે-નિત્ય લીલામાં, જેની આસન-પ્રાણાયામની આ સ્થૂલ સ્થિતિ જ આપમેળે થઈ છે. સ્વયમ્ જે આસનની અધિષ્ઠાત્રી છે એને શું આસન શીખવાડવાનું હોય ? પ્રાણાયામ-જેનો અક્કેક શ્વાસ પ્રાણાયામ છે-સ્વયમ્ પ્રાણરૂપા છે-બ્રહ્મપ્રાણા-એમને હું પ્રાણાયામ શીખવનારો ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરંતુ જ્યારે મા કહે છે, તો શીખવાડો.

એ દિવસોમાં આ નવું ભવન નહોતું બન્યું. જે શિવમંદિરવાળું જૂનું મકાન છે, જ્યાં દીદીમાની સમાધિમૂર્તિ છે, ત્યાંના મકાનમાં ઉપર રહેતાં હતાં મા. જ્યાં આજકાલ નીચે પાનુદા રહે છે આવીને. તો ત્યાં મા પાસે અમે લોકો ગયા હતા.

"જુઓ, આ પ્રાણાયામ કરવાથી-ભ્રમરી પ્રાણાયામથી આવો ભમરા જેવો અવાજ થાય છે ગુંઉંઉંઉં.....તો આવો અવાજ થવાથી કમળમાંથી ભમરો ગુંજન કરીને જતો હોય ત્યારે માથા પર હાથ મૂકવાથી ખબર પડે છે કે નાભિમાંથી ઉપર આવતું રક્ત મસ્તક સુધી આવે છે. નાનું મગજ છે, મોટું મગજ છે-જેને સેરિબ્રમ કહે છે, સેરિબેલમ કહે છે-ગળામાં થાઈરોઈડ છે, પીટ્યુટરી, પીનીયલ-આ બધી ગ્લાન્ડોમાં (ગ્રંથિઓમાં) આર્ટીફીશિયલ મસાજ થાય છે તેથી આંખોની રોશની માટે સારું છે, કાનોને સાંભળવા માટે સારું છે, ગળામાં અવાજ માટે સારું છે."

"બાબા, થોડા હમકો સિખા દો."

મેં કહ્યું, "જુઓ, શીખવા માટે પહેલાં ખબર હોવી જોઈએ કે શું કરવું જોઈએ. મારા માથા પર હાથ મૂકો અને જુઓ કે માથામાં ક્રિયા થઈ રહી છે."

માએ બધાંને પૂછ્યું, "મૂકું ? મૂકું ? મૂકું ? બાબા કહે છે મૂકી દઉં ?"

"મૂકી દો."

માએ થોડોક આંગળીથી સ્પર્શ કર્યો. મેં કહ્યું, "મા, આવી રીતે નહીં. પૂરો હાથ-હથેળી-બન્ને હાથ માથા પર મૂકી દો."

હું માની પાસે જઈને બેસી ગયો. માએ બન્ને હાથ મારા માથા પર મૂકી દીધા. હું બેસી રહ્યો. માને જોતો રહ્યો, મા જોતાં રહ્યાં. હું હસતો રહ્યો, મા હસતાં રહ્યાં. એક મિનિટ, બે મિનિટ, ત્રણ મિનિટ થઈ ગઈ, માએ કહ્યું, "બાબા કંઈ નથી થઈ રહ્યું." મેં કહ્યું, "કારણ કે હું કંઈ નથી કરી રહ્યો. જો હું ભ્રમરી પ્રાણાયામ કરીશ તો તમે હાથ ઉઠાવી લેશો, એટલે હું કરતો જ નથી. જ્યાં સુધી ન કરું, ત્યાં સુધી રાખી મૂકો. આમ તો તમે મૂકશો નહીં."

આવો તો ખૂબ વિનોદ થતો. માના વિનોદનો ભાવ પોતાની રીતનો છે. કોઈ કોઈવાર મા પૂછે, "બાબાને નમો નારાયણ; નમો, નારાયણ કહેજો." બાબા એટલે મારા ગુરુદેવ સ્વામી ચિદાનંદજી મહારાજ. મેં કહ્યું, "જ્યારે આપ કહો છો કે બાબાને નમો નારાયણ કહેજો, ત્યારે બાબા તો 'બહામાઝ' ગયા છે."

"અચ્છા, બાબા બહામાઝ ગયા છે ? શું હજી યે બાબાને "આવવાનું-જવાનું" છે ? બાબાને "આવવાનું નથી" બાબાને "જવાનું નથી."

તો બરાબર છે. હવે આ "બાબાને આવવાનું નથી, જવાનું નથી"-આની વાત હું તમને કહું. કોઈએ માને પૂછ્યું, "તો મા, આપ મોટાં છો કે બાબા મોટા છે ?"

મા એક ક્ષણનો યે વિલમ્બ કર્યા વિના કહે છે, "મા-બાબા એક જ હોય છે. મા હોય છે એમ.એ. અને બાબા હોય છે ડબલ બી.એ. બન્ને એક જ હોય છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને માના વિનોદનું રૂપ પણ કેવું ! મા જો પૂછે તો હું કહું, "બાબા અમેરિકા ગયા છે, લંડન ગયા છે, બેરુત ગયા છે.....' તો મા કહે, "જુઓ આ શિવાનંદ-આશ્રમમાં એક તો સ્વામી કૃષ્ણાનંદ છે, એ તો જ્ઞાન લાઇનમાં, સ્વામી માધવાનંદ છે એ તો ભક્તિલાઇનમાં અને બાબા ચિદાનંદ એરલાઇન્સમાં."

માનો વિનોદ ! જુઓ, કહેવાય છે કે મા નિરક્ષર છે. શું મા નિરક્ષર છે કે ? મા તો સ્વયમ્ અક્ષરરૂપા છે. જે "ન ભૂતો ન ભવિષ્યતિ" હા, મા તો સ્વયમ્ જ એક દિવ્ય ૐકારરૂપિણી છે, શબ્દ બ્રહ્મસ્વરૂપિણી છે. એને આપણે શું અક્ષર શીખવાડીએ ?

તેઓ ન તો કદી વિદેશ ગયાં છે, ન તો એમણે અંગ્રેજીનો અભ્યાસ કર્યો છે. પરંતુ જ્યારે પણ અંગ્રેજોની ભીડંભીડ આશ્રમમાં થઈ જાય, અને એમને બેસવા માટે કહેવામાં આવે ને જો ન સમજે, તો મા કહેશે, "એ યુ સીટ ડાઉન".....અને વળી ખૂબ પ્રેમથી કહેશે, "કમ, કમ" ને પ્રસાદ પણ આપશે.

માની રીત છે. માની લીલા છે. માનો "ખ્યાલ" સમજવો એ આપણી બુદ્ધિથી પર છે.

એક વાર સ્વામી ભાસ્કરાનંદજી મહારાજ મને પૂછતા હતા, "એવું કેમ કે મા પૂનામાં હતાં, તો આપ પૂના ગયા. મા ભીમપુરા ગયાં તો આપ ભીમપુરા ગયા. પછી મા મોરબી ગયાં તો આપ મોરબી આવ્યા. અને પછી હમણાં મા કનખલ આવ્યાં તો આપ કનખલમાં ! આપ આપનો કાર્યક્રમ માના કાર્યક્રમ જેવો બનાવો છો કે મા એમનો કાર્યક્રમ આપના જેવો બનાવે છે ?"

મેં કહ્યું, "એ જ સારું કે આપણે માને જ પૂછીએ." ભાસ્કરાનંદસ્વામી માને આ વાત પૂછે છે, "મા, આપ આપના કાર્યક્રમ બાબા જૈસા બનાતી હૈં યા બાબા અપના કાર્યક્રમ આપકે જૈસા બનાતે હૈં ?"

"બાબા, બાબા, દોનોં કા કાર્યક્રમ એક હી બનાતા હૈ." જુઓ, માની વાત સમજનારા બહુ નથી.

એક વાર સ્વામી માધવાનંદજી મહારાજ સાથે માના આશ્રમમાં ભાગવત્-સપ્તાહ સમારોહમાં જવાનું થયું. જ્યારે જ્યારે જઈએ ત્યારે ટોપલો ભરીને ફળ લઈ જતાં. મા પોતાને હાથે વહેંચી શકે. માએ લઈલઈને ફેંકતાં ફેંકતાં બધાંને વહેંચ્યા. પછી મને કહ્યું, "તમે જે લાવ્યા હતાં, બધાંને આપ્યાં. બધાંને મળ્યાં, બધાં ખુશ છે."

માને વાત કરાવવી છે મારે એટલે મેં પૂછ્યું, "મા, કોણ લાવ્યું, કોણે વહેંચ્યાં, કોને મળ્યાં, કોણ ખુશ છે ?"

મા કહે, "તમે લાવ્યા, તમે વહેંચ્યાં, તમને મળ્યાં, તમે ખુશ છો."

"મા, આ તમે કોણ ને આપ કોણ ?"

મા કહે છે, "જે તમે એ જ આપ છો. બાબા બે નથી, એક જ છે."

આ શું છે ? જ્યાં સુધી આપણે શરીરની સ્થિતિમાં છીએ. બે છે.

"देहबुद्धया तु दासोऽहम्
जीवबुद्धया तदंशंक: ।
आत्मबुद्धया त्वमेवाहम्
इति मे निश्चिता मति: ॥"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શરીરબુદ્ધિ છે ત્યાં સુધી હું દાસ છું, જીવબુદ્ધિથી "એનો" અંશ છું, આત્મબુદ્ધિથી "તું એ જ હું." મા હંમેશાં આત્મભાવમાં રહ્યાં, શરીરભાવમાં નહીં, પરંતુ આપણે લોકો શરીરભાવમાં રહ્યા છીએ. એટલે જ વિનોદમાં કોઈ કોઈ વાર કહેતાં હતાં મા.

કોઈ વાર મચ્છરદાનીમાં બેઠાં હોય. બપોરે બે વાગ્યાનો સમય છે. અત્યારે જ્યાં યજ્ઞશાળા છે ત્યાં કુટિયામાં પણ મા રહ્યાં છે. તો અમે લોકો ગયા. પૂછીને ગયા હતા.

મા મને કહે, આ શરીર મચ્છરદાનીમાં બેઠું છે. બાબા બહુ મચ્છર છે. શું બાબાના આશ્રમમાં નથી ?

મેં કહ્યું "બાબાના આશ્રમમાં તો એક્કે નથી."

"તો પછી અહીંયાં કેમ ?"

મેં કહ્યું, "બધા શૈતાન બાળકો મા પાસે રહે છે, બાપ પાસે કોઈ નથી રહેતું."

મા ખૂબ હસે છે. કોઈ કોઈ વાર પૂછે કે બાબા, આશ્રમમાં શું ખાવાનું ખાઓ છો ? મેં કહ્યું, "સવારે ઉપમા મળે છે." "આ ઉપમા શું હોય છે ?" મેં કહ્યું, "મા અહીંયાં છે, ઉપમા ત્યાં છે."

૭. મા પાસે એક વાર વૃન્દાવન જવાનું થયું. ઈચ્છા હતી કે શિવાનંદ-આશ્રમમાં માનું આગમન થાય. કેટલાંયે વર્ષોથી હું જોતો કે નિર્વાણાનંદ મહારાજ માની પૂજા કરે, માને બેસાડે, પછી કંઈ મંત્ર બોલે, પછી સુંદર સાડી પહેરાવે, પછી માના મસ્તક પર ફૂલ મૂકે, પછી માના મુખમાં મિશ્રી આપે, પછી થોડું ગંગાજળ લઈ માનું મુખ લૂછે, પછી નાનકડી એલચી મુખમાં આપે, પછી મુખ લૂછે, પછી અત્તર લઈને માના હાથ પર લગાડે, અત્તર ચરણમાં લગાડે, પછી એક સુંદર માળા ગળામાં પહેરાવે, હવા નાખે, આરતી કરે. શી ખબર કેટલીયેવાર મનોમન મેં માની પૂજા કરી હશે ! એક જ ભાવ કે એક દિવસ માની પૂજા હું આવી જ રીતે જરૂર કરીશ. પણ માને તો અડકવાની જ મનાઈ છે, તો પૂજા કેમ કરાય ?

નિમંત્રણ આપવા ગયો વૃન્દાવન. સવારે આઠ વાગે પહોંચી ગયો. પરમાનંદ સ્વામીજીએ કહ્યું કે પહેલાં નાહી લો પછી દર્શન કરીશું. માનાં દર્શન માટે ગયો તો માએ કહ્યું, "બાબા કંઈ જલપાન (નાસ્તો) કર્યો ?" મેં કહ્યું, "મા, આજે એકાદશી છે, એટલે આજે નાસ્તો નથી કર્યો. મા પૂછે, કેમ બાબાના આશ્રમમાં એકાદશીએ શું કરો છો ? મેં કહ્યું, "બાબાના આશ્રમમાં એકાદશીએ ભાત નથી ખાતા. "બાબા, અહીં પણ ભાત નહીં ખાતા, નાસ્તો કરો."

એક દાસૂદા છે જે આજકાલ પુસ્તકોની દુકાનમાં બેસે છે. માની ગાડી પણ ચલાવતા, ઝંડો લઈને ખોલ (મૃદંગ) પણ વગાડતા. એમને કહ્યું, "બાબાને નાસ્તો આપો." "બાબા, થોડા "જલપાન" કર લો. બાબા, થોડા કર લો."

"અચ્છા, મા કહે છે તો કરી લઈશ."

એક મોટું કુલ્લડ (શકોરું) ભરીને મલાઈદાર દૂધ, બે પેંડા, બે કેરી અને બે મઠ્ઠી (મેદાની ખારી પૂરી), મઠ્ઠી જોઈ મેં કહ્યું, "મા, એકાદશી હૈ."

"બાબા ચાવલ નહીં હૈ, ખા લો."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જુઓ માનો વિનોદ. મા જાણે છે આ લાલચુ દીકરો છે. બધું દબાવીને ખાશે. પછી માએ કહ્યું, થોડા ગોવિંદજી જા કે આયેંગે ?

"નહીં, મા."

"જરા જમનાજી જવું છે ?"

"નહીં, મા."

"પહેલાં વૃન્દાવન જોયું છે ?"

"નહીં, મા."

"કશે ફરવા જશો ?"

"નહીં, મા."

"ક્યા કરોગે ?"

"મા અહીંયાં બેસશે. માને જોવા માટે અહીંયાં જ બેસીશ."

પછી સાડા અગિયાર વાગતામાં માએ કહ્યું, "બાબા, થોડું ભોજન કરી લો."

"મા, આજે તો એકાદશી છે."

"નહીં બાબા, ભાત નહીં આપીએ."

હવે જુઓ મજા. માને ખબર છે આ ઊઠીને જવાનો નથી. એટલે એમની સામે જ ભોજન અપાવ્યું. ઓહ, ગાયના ઘીમાં તળેલી મોટી મોટી સુંદર પૂરી, સેવનો દૂધપાક, માવાની મિઠાઈ અને જે બંગાળી શાક હોય છે, સૂક્ત, ચચડી, ઢોકોડાલના, મગની દાળ, મીઠું દહીં અને ઘણી વાનગીઓ આપ્યા બાદ મા જુએ છે અને હસી રહ્યાં છે.

આખો દિવસ ત્યાં બેસી રહ્યો. ચાર-સાડા ચાર વાગે મા અગાશીમાં આવ્યાં. થોડા માણસો હતા એમને દર્શન મળ્યાં. પાંચ વાગે બસમાં મારે જવાનું હતું. મેં કહ્યું, "મા, હવે આજ્ઞા આપો." મા કહે, "બાબા, રાત્રે શું ખાશો ?"

"મા, હજી પણ રસ્તામાં ખાવા માટે ભાત વગરનું કંઈ ખાવાનું મળશે કે ?"

"હાં, હાં મળશે." માએ મને કહ્યું, "ધોતીને જરા ફેલાવો." ધોતીના છેડામાં ખૂબ બધા કાજુ, બદામ, પિસ્તા, મિશ્રી, મખાણા બધું બાંધી આપ્યું. મારું લોભી મન કેટલું ખુશ થઈ ગયું ! બધું બાંધ્યા પછી કહે છે, "આ તમારા ગુરુને આપજો. આ બાબાને આપજો. તમારે માટે જુદું મળશે, ભાત વગરનું ખાવાનું." !!!

પછી મેં માને કહ્યું, "આ દુર્ગાપૂજાની અષ્ટમીને બીજે દિવસે શિવાનંદ-આશ્રમમાં કૉન્ફરસ થવાની છે. આપ એક દિવસ પહેલાં આશ્રમમાં પધારજો."

"બાબા, આ શરીર કોઈ વાત નથી આપી શકતું. વાત આપવાથી તો કરવું પડે છે.

પરમાનંદ સ્વામીજીએ કહ્યું, "તમે હરદ્વારમાં આવીને મળજો."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૮. મા આવ્યાં.

મા તો કૃપાસ્વરૂપા છે, કરુણાનિધિ છે મા. અંતર્યામિની. એ જાણે છે મારા ભાવને.

માનું આગમન થયું દુર્ગાપૂજાની અષ્ટમીને દિવસે. માની પૂજા નિર્વાણાનંદ મહારાજ જેવી કરતા, એવી જ મેં તૈયારી કરી હતી, ગુરુદેવસ્વામી શિવાનંદ મહારાજના સભામંડપમાં. મેં ત્રણ દિવસ ફક્ત ગંગાજળ પીને કેવળ જપ કરીને મનમાં સંકલ્પ કર્યો કે માની પૂજા કરવી છે.

સુંદર લાલ સાડી માને પહેરાવી, મસ્તક પર ફૂલ મૂક્યું, ગળામાં લાલ કમળોની માળા પહેરાવી, મુખમાં મિશ્રી આપી, પછી મુખ લૂછ્યું, ગંગાજળથી, પછી મુખમાં ઈલાયચી આપી, પછી મુખ લૂછ્યું, અત્તર લગાડ્યું, આરતી કરી. મારી જાતને ધન્ય માની. માના ગળામાં એક રુદ્રાક્ષની માળા પણ પહેરાવી, જે માએ પછીથી પાછી આપી. ખૂબ પ્રસન્નતા-જુઓ માનો જે વિનોદ છે, કાર્યક્ષમતાનું જીવન છે એ પોતે પોતાનામાં એક વિશિષ્ટ ક્ષમતા રાખે છે. એક વિશિષ્ટ વાત કે મા કેવું કરે છે-

૯. એક વાર દુર્ગાપૂજા ક્યાં થવાની છે તે કોઈને કહ્યું નહોતું. આશ્રમમાં પણ લોકો પૂછતા હતા કે ક્યાં થવાની છે, ત્યાં જઈએ, કારણ ખૂબ આનંદ આવે છે. પ્રત્યક્ષ ભગવતી રાજરાજેશ્વરીના સાન્નિધ્યમાં રહેવાનો આનંદ છે દુર્ગાપૂજામાં.

મા પાસે જઈએ ત્યારે મા પૂછે કે હરકી પૈડીમાં સ્નાન કરીને આવ્યા ? મા ખૂબ ખુશ થતાં જો કોઈ કહે કે હરકી પૈડીમાં સ્નાન કર્યું. મેં પણ આવો નિયમ કરી દીધો હતો કે જ્યારે જવું ત્યારે હરકી પૈડીમાં સ્નાન કરીને પછી આશ્રમ જવું. આશ્રમ સામે કે દક્ષમંદિર સામે જે ગુલાબની માળાઓ મળે છે એમાં પાણી વધારે છાંટેલું હોય છે. માને ભીની માળા પહેરાવવી મને નથી ગમતી. હરકી પૈડી પર સુભાષબ્રીજ પાસે જે માળા મળે છે એનાં ગુલાબ પણ મોટાં હોય છે, ને માળામાં પાણી પણ ઓછું છાંટેલું હોય છે. વિચાર કર્યો કે ત્યાંથી માને માટે માળા લઈ આવીશ. મા અધિકાંશ લોકો પાસેથી માળા પહેરતાં નથી, પરંતુ માનો આ દાસ જ્યારે જ્યારે માળા લઈને ગયો, તો માએ માળા સ્વીકારી, પહેરી પણ ખરી. ફળ પણ આપ્યાં. હંમેશાં જ ફળો આપ્યાં. શું કહું ? એ વાત વળી જુદી છે.

એક વાર આ પ્રમાણે ગંગાસ્નાન કરીને આવતાં રસ્તામાં જોયું કે કોઈ બેસીને ઘડા ઉપર ચિત્રકામ કરી રહ્યું છે.

"આ ઘડાઓ તમે કોને માટે બનાવો છો ?"

"આ ઘડા માના આશ્રમમાં જશે."

"માના આશ્રમમાં જશે ? ત્યાં શું છે ?"

"દુર્ગાપૂજા છે."

"માની દુર્ગાપૂજા અહીંયાં થવાની છે ?"

"ના, ના, નરેન્દ્રનગરમાં થવાની છે."

"માના આશ્રમમાં કોઈને ખબર નથી કે નરેન્દ્રનગરમાં થવાની છે ?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"તમે આશ્રમમાં પહોંચાડશો કે નરેન્દ્રનગરમાં ?"

"હું તો નરેન્દ્રનગરમાં પહોંચાડીશ."

ઠીક છે. આશ્રમમાં ગયો. ભાસ્કરાનંદ સ્વામીજીને જરા બાજુ પર લઈ જઈને પૂછ્યું, "શું માની દુર્ગાપૂજા નરેન્દ્રનગરમાં થવાની છે ?"

એકદમ એમણે મારું મોઢું દાબી દીધું. "શું થયું ? શું થયું ?"

"ચૂપ રહો. તમને કોણે કહ્યું ?"

"બજારમાં ઘડા ચીતરતો હતો એણે કહ્યું."

"આજે સવારે જ મા કહેતાં હતાં કે તમે કેટલીયે કોશિશ કરો, જ્યાં મધ ઢોળાઈ ગયું ત્યાં માખી આપોઆપ આવી જશે."

૧૦. એક વાર મા નરેન્દ્રનગરમાં હતાં ત્યારે બ્રિગેડિયર લક્ષ્મીનારાયણ સબ્રવાલ સાથે હું ગયો હતો. બ્રિગેડિયર સબ્રવાલ કહેવા લાગ્યા, "મા, અત્યાર સુધી હું દેહરાદૂનમાં રહેતો હતો. આપ દેહરાદૂનમાં હતાં, બાબા (શ્રી ચિદાનંદજી મહારાજ) ઋષિકેશમાં હતા, તો મને મા સાથે, બાબા સાથે સત્સંગ થતો હતો. પણ હવે મારી ટ્રાન્સફર થઈ ગઈ છે આસામ-ટાંગાવેલી-ખૂબ દુઃખ થાય છે કે આપનાં દર્શન નહીં થાય, સત્સંગ નહીં થાય, ગુરુ મહારાજનાં દર્શન નહીં થાય. શું કરવું જોઈએ ?"

માએ કહ્યું, "ગુરુએ જે મંત્ર આપ્યો છે એ જ ગુરુનું સ્વરૂપ છે. ગુરુ અને મંત્ર જુદો નથી. મંત્ર અને ઇષ્ટ બે જુદા નથી. ઈષ્ટ-ગુરુ-મંત્ર એક. મંત્રનો જપ કરો. જેટલા જપ અંદર જશે એટલું જ તમારી અંદર ગુરુનું સ્વરૂપ પ્રગટ થશે. ગુરુને "આવવાનું" નથી, ગુરુને "જવાનું" નથી. ગુરુ દેહ નથી. ગુરુ પ્રગટ નથી, ગુરુ અપ્રગટ નથી. ગુરુ છે તમારી અંદર - મંત્રની અંદર. અને આ મોટા મોટા જે ગુરુ છે, મોટા મોટા જે ગ્રંથો લખે છે એ ગ્રંથ ગુરુનો શબ્દદેહ છે. સવારે ઊઠીને ગુરુનો લખેલો જે ગ્રંથ છે એમાં ૨-૩-૪-પાનાં વાંચો, સમજો એ જ ગુરુ સાથે સત્સંગ. રાતે સૂતાં પહેલાં ફરી એ જ ગ્રંથ. - ગુરુ તમારી સાથે છે. ગુરુ સર્વત્ર છે. ગુરુ આકાશવત્ છે. "ભગવાન ભાષ્યકાર આદિ શંકરાચાર્યજી જે જ્ઞાન આપ્યું છે એ સઘળું જ્ઞાન માએ બ્રિગેડિયર સબ્રવાલને આપી દીધું ! "બ્રહ્માનંદ પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિ દ્વન્દ્વાતીતમ્....." આ જ જ્ઞાન આપી દીધું. માએ કહી દીધું. "અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્ તત્પદં દર્શિતં યેન" આ જ જ્ઞાન આપી દીધું પોતાની ભાષામાં.

"મા, ધ્યાનમાં થોડું કષ્ટ થાય છે." કેમ કષ્ટ થાય છે ? ચેષ્ટા કરો. કષ્ટ ક્યાં સુધી થશે ? "જ્યાં સુધી ધ્યાનની સ્થિતિમાં ન આવો ત્યાં સુધી કષ્ટ થશે. જેમ કે બદ્રીનારાયણ જાઓ છો, કેદારનાથ જાઓ છો.....રસ્તા ખૂલે છે, બંધ થાય છે.....જ્યાં સુધી બદ્રીનાથ નથી પહોંચી જતા."

માએ હંમેશાં એ જ કહ્યું કે ચલતે ચલે જાઓ બાબા, ચલતે ચલે જાઓ. જો ચલતા ચલા જાયેગા વહ જરૂર પહુંચ જાયેગા. મા કહે છે, "અગ્નિ છે સર્વત્ર. ઘર્ષણની જરૂર છે." ઘર્ષણ કરશે એ અગ્નિને મેળવશે. "ભગવાન છે સર્વત્ર. જે ભગવાનને શોધશે એ જરૂર મેળવશે. મા કહે છે, એક મિનિટ, બે મિનિટથી આરંભ કરો. સીધા બેસો. અભ્યાસ કરો - ત્રણ કલાક સુધી મસ્તક, ગરદન અને છાતી એક લાઈનમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાખવાના, અને સાધન કરો.'' માએ સાધન પર ખૂબ ભાર આપ્યો છે. પોતે સાધનમાં સ્વયંસિદ્ધા હતાં.

આજ બ્રિગેડિયર સબ્રવાલના ભાઈ સૂરજ સબ્રવાલ જામનગરમાં રહે છે, સીવીલ કોન્ટ્રાક્ટર છે આર્મી-નેવીના, એમને લઈ હું મોરબી ગયો. એમને ખૂબ કષ્ટદાયક સર્વાઇકલ સ્પૉન્ડિલોસિસ હતો. મેં કહ્યું, ''મા, આમને બહુ તકલીફ છે.'' માએ મધુર સ્મિત કર્યું, કરુણાની દૃષ્ટિ કરીને ધીમેથી ગળાને સ્પર્શ કરી દીધો. કેટલાયે દિવસો પસાર થઈ ગયા. કેટલાં વર્ષો ! એ મને હવે કોઈ જાતનો સર્વાઇકલ સ્પૉન્ડિલોસિસ નથી.

મા સ્વયં શક્તિરૂપા છે. સામર્થ્યશક્તિ છે. એક વાર વડોદરાની યુનિવર્સિટીના મેડીકલ કૉલેજના ઑર્થોપિડીક વિભાગના અધ્યક્ષ ડૉ. ગોપાલ વિ. મર્ચન્ટને લઈને ભીમપુરા ગયો. એમણે નવું મકાન બનાવ્યું હતું, નામ પાડ્યું 'અધ્યાત્મન્.' આ શરીર સાથે બહુ પ્રેમ હતો તેથી આ શરીરનું નામ રાખ્યું હતું. મને ઉદ્‌ઘાટન કરવાનું કહ્યું. મેં કહ્યું, ''ના, મા અધ્યાત્મસ્વરૂપા છે. મા કરશે. મા પાસે ચાલો.''

મેં માને કહ્યું, ''હાડકાંના ડૉક્ટર છે.''

''બાબા, બાબા, એક દિવસ આ શરીરે પણ હાડકું જોડી દીધું.'' પછી માએ વર્ણવ્યું કે એક વાર હરિબાબાના ''બાંધ'' જતી વખતે જીપ ઊથલી પડી. માના ચરણની નાની ટચલી આંગળીએ જોડીને લાકડી કેવી રીતે બાંધી, કપડું કેવી રીતે બાંધ્યું, જેમ ઑર્થોપિડીક ડૉક્ટર હાડકું તૂટવાથી ખેંચીને પ્લાસ્ટર કરે છે-આ બધાંનું માએ એવું આબેહૂબ વર્ણન કર્યું કે ડૉક્ટર આશ્ચર્ય પામી ગયા, જાણે કે સ્વયમ્ ઑર્થોપિડીક્સની અધિષ્ઠાત્રી સમજાવી રહી હોય ! આટલું જ નહીં-એક વાર જામનગરના કાન-નાક-ગળાના નિષ્ણાત ડૉ. અરવિંદ છાયાને લઈને ગયો. કહ્યું કે નાક-કાન-ગળાના ડૉક્ટર છે. માએ કહ્યું કે એક દિન યહ શરીર ભી ગલા ઠીક કર દિયા. ગળામાં આપણે શ્વાસ લઈએ છીએ એ શ્વાસનળી ક્યાંથી શરૂ થાય છે, નાકનાં આ બે છિદ્રો ઉપર જઈને એક થઈ જાય છે, નીચે જઈને અન્નનળી-શ્વાસનળી બન્ને એક છે. નીચે ગ્લોટિસ છે-જે ચોકીદાર છે. એ અન્નને શ્વાસનળીમાં પેસવા નથી દેતું. એમાં કંઈક તકલીફ થતાં માએ કેવી રીતે કોરી હળદર વાટીને ગ્લોટિસમાં લગાડીને બરોબર કરી દીધું. એ બધું કહીને સમજાવ્યું. ડૉક્ટરને લાગ્યું કે આ હું જે સાંભળું છું તે કોઈ સાધારણ નહીં પણ એક્સ્પર્ટ-નિષ્ણાત-જ સમજાવી રહ્યું છે.

૧૧. મા શું બેવડા ગામની અભણ નાની છોકરી છે ? ભીમપુરા આશ્રમની બહારની દીવાલ વડોદરાના મૉડર્ન કન્સ્ટ્રક્શનના પ્રભુદાસ પટેલે બનાવી. એમને પહેલાં બધું સમજાવ્યું, નકશો વિ. દેખાડ્યો. બીજી વાર એમની સાથે ગયો ત્યારે માએ કહ્યું, ''બાબા, હનુમાનજી આવ્યા હતા. બોલ્યા કે મને કેમ બહાર બેસાડ્યો ?'' ઝાડ નીચે હનુમાનજીનું મંદિર હતું.

માના ખ્યાલથી હનુમાનજીની પૂજા-ભોગ થતાં રહ્યાં. પછીથી એક મંદિર આશ્રમમાં અંદર પણ બની ગયું.

મા દેહમાં રહેવા છતાં દેહાતીત, શબ્દમાં રહેવા છતાં શબ્દથી પર, સ્થૂલ-સૂક્ષ્મથી પર, કર્મેન્દ્રિય-જ્ઞાનેન્દ્રિયથી પર, પંચકોષોથી પર, મા સ્વયમ્ એક આનન્દરૂપિણી, સત્યમ્ જ્ઞાનમ્ અનન્તમ્ બ્રહ્મ-દિવ્ય સ્થિતિમાં છે. હે મા, હું આપને વિષે શું કહું ? હું કંઈ જાણતો નથી, મા, કંઈ નથી જાણતો. હું કંઈક જાણું છું એ કહેવું પણ અજ્ઞાન છે. જે કાંઈ છે, તમારું જ છે. મા, મા, મા, તમારા હૃદયમાં જે પ્રેમવાત્સલ્ય છે એ કેમ ભુલાય ? જ્યારે જ્યારે આપનાં ચરણોમાં આવ્યો ત્યારે ચાર ફળો આપ્યાં, ભોજન કરાવીને મોકલ્યો. આપના તિરોધાનના સમાચાર મસૂરીમાં મળ્યા. સવારે ૧૧ વાગે નીચે આવ્યો. આખો આશ્રમ શાંત હતો. ઓરડો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ફૂલોથી ભરેલો હતો. રસ્તામાં ફૂલો વેરાયાં હતાં. એ ઓરડામાં જઈને મેં એકાદ કલાક ધ્યાન કર્યું. આશ્ચર્ય છે, બ્રહ્મચારી રામદાસે આવીને મારા ખોળામાં ૭ ફળો મૂકી દીધાં. કોણ કહે છે મા નથી ? જ્યારે પણ મા પાસે ગયો, માએ પ્રસાદ વગર, ભોજન કરાવ્યા વગર નથી જવા દીધો.

હવે માને જ્યાં ચાહો ત્યાં પામી શકો છો. જે રૂપમાં, જે ભાવમાં ઈચ્છો, પામી શકો છો. એક કલ્પતરુ. મોક્ષની આકાંક્ષા એમનાં શ્રીચરણોમાં રહે. માને આવવાનું નથી, માને જવાનું નથી. એટલે જ તો અંતિમ દિવસોમાં જ્યારે શંકરાચાર્યજી આવ્યાં; ત્યારે શંકરાચાર્યજીએ કહ્યું કે લોકો કહે છે આપ દવા નથી લેતાં.

માએ કહ્યું, ''અવ્યક્ત ખીંચ રહા.''

હવે શું દવા લેવી ? એ સ્વયમ્ સર્વેશ્વરા છે.

મા પાસે જતાં મને કોઈ કદીયે રોકતું નહીં, કારણ કે મા પોતે ચાહતાં હતાં આ દાસને. લગભગ ૪૮ કલાક પહેલાં એમનાં દર્શન માટે ગયો. માએ બહુવાર સુધી જોયા કર્યું. ધીમેથી પૂછ્યું, ''બાબા, મનમેં ક્યાં ભાવ ?''

''મા, એ જ ભાવ કે ગુરુદેવનું શરણ ન છૂટે, ચરણ ન છૂટે.''

માએ કહ્યું, ''શું હજીયે શંકા છે ?''

''ના, મા. શંકા નથી. મેં ગુરુનાં ચરણો પકડ્યાં છે, ગુરુ જો મારો હાથ પકડી લે તો નિશ્ચિંત થઈ જાઉં.''

એવું લાગતું હતું કે મા જાણે મારા હૃદયની આરપાર જોઈ રહ્યાં છે.'' એક્સરે મશીનની માફક.

''બાબા, તમારો તો ગુરુકૃપાથી બેડો પાર થઈ જશે.''

ક્યારેય નહીં ભૂલી શકું એ શબ્દો. ગુરુદેવ ચિદાનંદજી મહારાજ એ વખતે મલેશિયા હતા. પાછા આવ્યા ત્યારે મેં કહ્યું કે માએ આમ કહ્યું છે. ગુરુદેવે પણ એ જ કહ્યું,

''જો માએ કહ્યું છે તો જરૂર થઈ જશે.

''અને તમારો તો બેડો પાર કરવા માટે જ તો હું જીવી રહ્યો છું.''

આ છે મા. પૂછતાં કે ''ગુરુદેવ, કેમ ભોજન નથી કરતા. સ્વામી ચિદાનંદજી કેમ કંઈ ખાતા નથી ?''

માએ કહ્યું છે, ''બાબા ચિદાનંદજીને જેણે એક વાર તૃપ્તિથી ભોજન આપ્યું તો એક અશ્વમેધ યજ્ઞનું ફળ મળશે.''

મેં ગુરુદેવને કહી દીધું કે મા આવું કહેતાં હતાં.

''હા, હા. જો મા કહે છે તો જરૂર મળશે.''

મા પૂર્ણ બ્રહ્મસ્વરૂપિણી નારાયણ છે. બાબાને કહેતાં, ''પ્રત્યક્ષ નારાયણ કા દર્શન.''

૧૨. એક વાર શ્રીમદ્ ભાગવતકથાનું આયોજન થયું. નવું ભવન બન્યું હતું સત્સંગ-ભવન. અમે લોકો ગયા હતા. એ જ બ્રિગેડિયર સભ્રવાલ, સ્વામી ભૂમાનંદજી મહારાજ, ગુરુદેવ સ્વામી ચિદાનંદજી મહારાજ અને એમનો આ દાસ. એ જ જૂની કુટિયા શિવમંદિરવાળીમાં માએ પોતાને શ્રીમુખે સંભળાવ્યું કે એકવાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંયમ-સપ્તાહ નૈમિષારણ્યમાં થવાનો હતો. પુષ્કળ પૂર આવ્યું હતું. આખું નૈમિષ પાણીમાં ડૂબી ગયેલું, પરંતુ એક સ્થાન નહોતું ડૂબ્યું. ‘‘આ શરીર બધાંને પૂછતું હતું કે પુરાણ ભગવાનને ક્યાં બેસાડું, કોઈ નહોતું કહેતું. હવે ખબર પડી કે જે સ્થાન પર પાણી ન આવ્યું ત્યાં જ ભગવાનને બેસાડવા.’’

સ્વામી પરમાનંદજી, ઉત્તરપ્રદેશના ગવર્નર ડૉ. ચેન્ના રેડ્ડી-એમણે પણ કહ્યું, ‘‘માને કહો સંયમ આ વખતે નૈમિષારણ્યમાં નહીં થઈ શકે, લખનૌમાં કરીશું.’’ ઉદાસજી પાણી લઈને પસાર થતાં હતાં. માએ પાણી લઈને એવી રીતે પીધું કે ગોમતીનું પૂર બેસી ગયું. ‘‘બાબા, હો ગયા.’’ મા કહે.

અમે વિદાય લઈને નીકળ્યા. શિવાનંદ-આશ્રમમાં રાત્રિ-સત્સંગનો કોઈ વિશેષ કાર્યક્રમ હતો. સમયસર પહોંચવું જરૂરી હતું. આગળ જઈને જોયું તો હરિદ્વાર ને ઋષિકેશ વચ્ચે મોતીચૂર નદી પર એક પુલ છે ત્યાં પૂર આવ્યું હતું. એટલું બધું પૂર આવેલું કે ૧૦૦-૧૫૦ ગાડીઓ, ટ્રકો વિ. ઊભી હતી. અમારી ગાડી મિલિટરીની હતી, જે બ્રિગેડિયર સભ્રવાલ ચલાવી રહ્યા હતા. ગુરુદેવ સ્વામીજીએ કહ્યું, ‘‘ઓ જી, ચાલો જુઓ શું છે ?’’

કિનારેથી જોયું તો પાણી પુષ્કળ જોરમાં વહેતું હતું. પુલ દેખાતો નહોતો. રાતનો સમય હતો. અંધારું.

ગુરુદેવે કહ્યું, ‘‘મા પોતાના સંકલ્પથી ગોમતીનું પાણી પી શકે છે તો આ પાણી પણ ખસેડી શકે છે.....થોડું ચલાવીને જુઓ.’’

અને મહદ્ આશ્ચર્ય વચ્ચે કોઈ ભરોસો નહીં કરે-કે આની વચ્ચેથી અમે જઈ શકીએ કે નહીં, પણ બ્રિ. સભ્રવાલે ગાડી પાણી વચ્ચેથી એવી રીતે કાઢી કે જાણે સેતુબંધ પરથી અમે જઈ રહ્યા છીએ.

આશ્રમમાં આવી ગયા. કાર્યક્રમ થઈ ગયો. બીજે દિવસે સવારે ખબર પડી કે આખી રાત પાણી નહોતાં ઊતર્યાં ! લોકો એમના એમ ઊભા રહ્યા હતા !!!

અને છ દિવસ પછી ભાગવત્-સપ્તાહની પૂર્ણાહુતિમાં જ્યારે પાછા હરિદ્વાર ગયા, ત્યારે માએ સૌથી પહેલી વાત પૂછી,

‘‘બાબા, બાબા, પેલે દિવસે જવામાં રસ્તામાં કોઈ તકલીફ તો નહોતી થઈ ?’’

આ છે મા. જે પંચભૂતોમાં રહેવા છતાં પંચભૂતોથી પર છે. પંચભૂતો પર નિયંત્રણ કરી શકે છે. આ પૃથ્વી, આ જળ, આ વાયુ, આ તેજ, આ આકાશ શું છે ?

આજે મા પંચભૂતમાં નથી. પંચભૂતોથી ઉપર છે. પરંતુ આપણા સહુની મધ્યે છે-એમના ઉપદેશોથી એમની જીવનલીલાથી, એમના ખ્યાલથી.

મા, મા. આ તમે જ છો, જે બોલી રહ્યાં છો. તમે જ છો, જે સાંભળી રહ્યાં છો. તમે જ પોતાની લીલા પોતાને માટે કરી રહ્યાં છો. જેમ કે બ્રહ્મ બ્રહ્મને માટે નર્તન કરે છે. મા, મા, મા. ૐ મા. ૐ મા. ૐ મા.

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૦૦૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પૂર્ણ બ્રહ્મ નારાયણી શ્રી શ્રી આનન્દમયી મા

- ઉત્તરા ચિનુભાઈ

શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે -

"अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।

परं भावमजानन्तो ममाव्ययवमनुत्तमम् ॥"

અર્થાત્ હું જે અવ્યક્ત છું તેને વ્યક્તિ માને છે અબુદ્ધિવાળા જેનો, જે નથી જાણતા મારા પર ભાવને, મને અવ્યયને અને અનુત્તમને, સર્વોત્તમને.

શ્રી શ્રીમા વધૂવેશમાં હતાં તે દરમિયાન એક પ્રશ્ન કે આપ કોણ છો-ના ઉત્તરમાં માને મુખેથી નીકળ્યું,

"પૂર્ણ બ્રહ્મ નારાંયણ,

નારાયણી." કહો, સાકાર કહો કે નિરાકાર કહો. મા જે પ્રત્યક્ષ બ્રહ્મ છે, અવતાર એમણે પોતાનો પરિચય વખતોવખત યોગ્ય પાત્ર આગળ આપ્યો છે, કારણ શ્રીકૃષ્ણએ પણ પોતાના બ્રહ્મ હોવાનો પરિચય ગીતામાં એક વાર નહીં પણ અનેકાનેક વાર આપવો પડ્યો છે સ્વમુખે. એનું કારણ છે કે બદ્ધ જીવ કે જે નિમ્ન સ્તરમાં જ ચૈતન્યમાં રમે છે તે મનસા-વાચા ને સમસ્ત બુદ્ધિને ઇન્દ્રિયોથી અગોચર બ્રહ્મને ઓળખવાનો, કેવળ વિશુદ્ધ ચૈતન્યને અનુભવવાનો પ્રયાસ સુધ્ધાં સીમિત સાધનોથી કેમ કરી શકે ?

"મા"ના દિવ્ય શરીરમાં "નાભિ" ન હતી. નાભિ જીવાત્માની બદ્ધતાનો પુરાવો છે. આ સત્ય જાણનાર-જોનાર વ્યક્તિઓને હું ઓળખું છું.

આમ છતાં બ્રહ્મ નારાયણી શ્રી શ્રી આનન્દમયી માના કૃપાપાત્ર અસંખ્ય જીવોએ "એમની" કરુણા, વિભુત્વ ને અનંત શક્તિઓનો અનુભવ કર્યો છે, પરંતુ એ અક્ષય શક્તિપુંજની એક ચિનગારીનો પણ સૂક્ષ્મમાં સૂક્ષ્મ કણ પણ એને તો ન જ કહેવાય ! જીવનનાં વિવિધ પાસાંઓમાં માગીને ને અનેકવાર ન માગવા છતાં મળેલ "મા"ની કૃપાધારા ઝીલનારા અસંખ્ય ભક્તો આ દેશમાં ને વિદેશમાં હયાત છે. 'મા' તો અગણ્ય અનંત સૂર્યોનો પ્રખર તેજપુંજ છે, એની પાસે આવતાં, એને દૂરથી પણ જોતાં, અરે એને વિષે વિચારતાં કે સ્મરણ કરતાં વેંત જ એ આપણી પાસે પ્રકાશવા માંડે છે. મારી પાસે ભાષા નથી કે વધારે કહી શકું.

"यतो वाचो निवर्तन्ते अप्राप्य मंनसा सह"-

જેને ન પામીને મન સાથે વાણી પણ પાછી વળે છે.

આપણી દૃષ્ટિ સીમિત હોવાથી આપણને સાંપડેલી સાંસારિક કૃપાને જ કેવળ આપણે કૃપા માનીએ છીએ, પરંતુ સૂક્ષ્મ, આધ્યાત્મિક સ્તરે "મા" પોતાના સ્વરૂપનો અનુભવ કરાવે એ કૃપાને માટે શું નામ આપવું ? અરે ! સૌથી મોટી કૃપા આથી વધારે શું હોઈ શકે કે "મનુષ્યદેહધારી" ના સાન્નિધ્યમાં આપણે અનુભવીએ કે ઈશ્વર કે ભગવાન જેવું કંઈ છે તો તે આ જ છે-હું ઈશ્વરની સૌથી નજીક છું-મારું સમગ્ર "અસ્તિત્વ" પગથી માથા સુધી, અંદર-બહાર અણુએ અણુમાં અનુભવે કે આ એ જ છે ! એ જ છે ! એ જ છે ! યદ્ તદ્ ।

આશ્રમના પરમ આદરણીય સ્વામીજી દ્વારા પ્રાપ્ત થોડા પ્રસંગો જણાવું છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રી માનું સ્વરૂપ-પ્રકાશ

(૧) વૃન્દાવન આશ્રમમાં ઘણાં વર્ષો પહેલાં મા લીમડાના ઝાડ નીચે કે જ્યાં રાસમંડળ માટે મંચ બનાવેલો છે તેની સામે ફરતાં હતાં. પાસે બહુ થોડા ભક્તો અને એક સાધુ ઊભા હતા. મા એકાએક ઊભાં રહી ગયાં, અને એ સાધુ સામે કહેવા લાગ્યાં-સ્વયમ્ આંખમાં આંગળી નાખી ચાલતાં-ફરતાં આત્મપરિચય કરાવી- **"આ ભગવાન છે છતાં લોકો વિશ્વાસ કરતા નથી."**

અદ્‌ભુત ! આથી વધારે શું કહી શકે ? છતાં જીવના જન્મ-જન્માંતરના સંસ્કારોથી, અજ્ઞાનના આવરણથી જીવ પોતાની સામે પ્રત્યક્ષ છતાં ઓળખી શકતા નથી. જીવસ્વભાવ છે ને ! પરંતુ એક અભય આશ્વાસન છે- "જેના" સંગમાં રહ્યા, "તેઓ" અવશ્ય અવશ્ય અવશ્ય કલ્યાણ કરશે જ.

(૨) વૃન્દાવન આશ્રમમાં શ્રી શ્રી મા હાલની કુટિયા સામે એક સાંજે ફરતાં હતાં. સાથે આશ્રમના કેટલાક સાધુ-બ્રહ્મચારીઓ ને બ્રહ્મચારિણીઓ હતાં. ફરતાં ફરતાં મા એક પથ્થર સામે ઊભા રહી ગયાં, અને સાધારણ બીજા સાથે વાતો કરે તેમ પથ્થર સાથે વાત કરવા લાગ્યાં. બે એક મિનિટ પછી બ્રહ્મચારી દીનબંધુજીએ પૂછ્યું, "મા, આ કોણ પુરુષ હતા ?" માએ કહ્યું," તેં શું જોયું છે ?" પછી જણાવ્યું કે આ મહાપુરુષ હતા, એ મહાપુરુષનો ત્યાં આવાસ છે. શ્રીમદ્ ભાગવતમાં છે કે ભક્તો સિદ્ધ મહાત્માઓ વૃન્દાવનમાં લતા-ગુલ્મના રૂપમાં રહે છે. માએ પણ કહ્યું છે કે વૃન્દાવનમાં જેટલાં ઝાડ-છોડ છે, એ બધા મહાત્માઓ છે. ભગવાનની નિત્ય લીલાભૂમિમાં નિત્યલીલાનાં દર્શન કરવા વાસ કરે છે. આ પથ્થર પણ એ જ પ્રમાણે મહાપુરુષ હોવાથી, માએ દીનબંધુભાઈને એમનું જતન કરવા, સેવા કરવા કહ્યું. માની કુટિયા સામે એક નાની કુટિયા બાંધી એમાં સંગેમરમર લગાડી આ મહાન પથ્થરરૂપી સાધુ માટે કાયમી આવાસ બનાવ્યો. દીનબંધુભાઈ ઘણો વખત ત્યાં રહ્યા. હજી પણ વૃન્દાવન આશ્રમમાં આ પથ્થર દર્શનીય છે. દીનબંધુભાઈ હવે ઉત્તરકાશી પાસે જંગલમાં રહી એકાંત જીવન વ્યતીત કરે છે. ઉચ્ચ કક્ષાના મહાત્મા છે.

(૩) માના શ્રીમુખથી સ્વતઃ નિઃસૃત વાણી છે "પૂર્ણ બ્રહ્મ નારાયણ."

"આ શરીર તો તમારી પાસે સદાને માટે છે. તમે લોકો ભૂલી જાઓ છો. આ નાની બાળકીને ખસેડવાથી પણ ખસશે નહીં. આ બધું આત્માનું જ સ્વરૂપ છે."

અશરણ-શરણ વાત્સલ્યમયી માએ કહ્યું છે, "આ શરીર પર તમે લોકો વિશ્વાસ રાખો. તમારા લોકોનો અખંડ વિશ્વાસ જ તમારી આંખો ખોલી નાખશે."

"તમે લોકો દૂર સમજો છો. આ શરીર તો પાસે જ છે. છોડવાનો ઉપાય ક્યાં છે ? તમારી દૃષ્ટિએ નિકટ અને દૂર."

"સંતાનના વ્યાકુળ ક્રંદનથી મહાશક્તિ મહામાયાનું આસન હાલે છે."

"વારંવાર કરેલી પ્રાર્થના કોઈ પણ મુહૂર્તમાં ફળવતી રૂપ ધારણ કરે છે."

"મા એટલે આત્મા."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માના અવિર્ભાવનું ગૂઢ રહસ્ય

એક વખત સત્સંગમાં એક સિદ્ધ મહાત્મા દેવીગિરિજીને માતૃભક્ત હરિરામજી જોષીએ મા વિષે કંઈક બોલવાનો અનુરોધ કર્યો. અન્ય મહાત્માઓ પણ બોલ્યા હતા. આ મહાત્માએ હરિરામજીને કહ્યું કે તમારે સાંભળવું હોય તો પછીથી મારી પાસે આવજો. સત્સંગ બાદ હરિરામજી એમની પાસે જઈને બેઠા, ત્યારે સિદ્ધપુરુષે જે કહ્યું એનો સાર આ પ્રમાણે છે-

અવતાર એટલે જેનું અવતરણ, અર્થાત્ નીચે ઊતરવાનું થાય તે. આ અર્થમાં હું ને તમે-આપણે સર્વે અવતાર છીએ. પરંતુ મા તો સાક્ષાત્ ''એ'' જ છે.

ગુરુપ્રિયા દેવીની ડાયરીના દસમા ભાગમાં જે લખાણ છે તે અહીં આપ્યું છે-

''માનું બધું જ અસાધારણ છે. આપણે લોકો આપણા વિચારથી જે નિર્ણય મા વિષે કરવા જઈએ છીએ, એ કેટલી મોટી મૂર્ખતા છે, એ વાત ડગલે ને પગલે સમજું છું.

મારી ડાયરીમાં મા વિષે જે કાંઈ પ્રકાશિત થયું છે, એક દિવસ એમાંથી કેટલોક ભાગ માને સંભળાવતી હતી. એક જગાએ જોયું જ્યાં આ લખ્યું હતું-''નાનાજી એક વાર બહાર(ગામ) ચાલી ગયા હતા. જ્યારે તેઓ ઘેર પાછા આવ્યા ત્યારે માનું શરીર પ્રગટ થયું.'' આ વાત જેવી માએ સાંભળી કે તરત બોલ્યાં,-

''આ વાત પર સાધારણ રીતે બધા લોકો આમ વિચારી શકે કે સાધારણ જીવોની જેમ પિતા-માતાથી જ આ શરીરનો જન્મ થયો છે.''

આટલું કહીને સહસા ચૂપ થઈ ગયાં. ઘણી પૂછપરછ કરવા છતાં એમના મુખમાંથી કંઈ ન નીકળ્યું. માત્ર એક વાર હસતાં હસતાં બોલ્યાં,-

''હું ફક્ત આટલું જ કહેવા માગું છું કે લોકો આ જ વાત વિચારી શકે.''

માના આવિર્ભાવ પાછળ કોણ જાણે કયું નિગૂઢ રહસ્ય છુપાયું છે, એનાથી આપણે બધાં પૂર્ણ રૂપે અપરિચિત છીએ. મા જો કૃપા કરીને એ વાતો પ્રગટ ન કરવા માગે તો કદાચ એ તથ્ય હંમેશને માટે અજ્ઞાત રહી જશે.''

OOO

મહામહોપાધ્યાય પદ્મવિભૂષણ પંડિત ગોપીનાથ કવિરાજજીએ મા વિષે લખ્યું છે, એમાં સ્પષ્ટપણે આવી વાતો જણાવી છે કે માને કોઈ ''કોટિ'' માં કે ''સ્થિતિ'' માં ન મૂકી શકાય, જેમ કે જ્ઞાની, સિદ્ધ, શક્તિ, અવતાર વગેરે. આનું કારણ એ છે કે અજ્ઞાનમાંથી જ્ઞાનમાં જઈને જીવ જ્ઞાની બને છે; સાધકમાંથી સિદ્ધ બને છે. માનું એવું નથી. મા સ્વયંસિદ્ધા છે, નિરંતર જ્ઞાની છે. માને શક્તિ-ઉપાસકો દુર્ગા, કાલી ઇત્યાદિ રૂપે અનુભવે છે, વૈષ્ણવો શ્રીકૃષ્ણ રૂપે, શ્રીપદ્મનાભ રૂપે અને શૈવો શિવ રૂપે. તે ઉપરાંત પારસી, ખ્રિસ્તી, મુસલમાનને પોતાના ઈષ્ટનાં દર્શન મામાં થાય છે. મા-પૂર્ણ બ્રહ્મને સીમા શેની ?

માનો ''ખયાલ'' શબ્દ ભક્તો જાણે છે. વાસના એટલે જન્મજન્માંતરના સંસ્કારો કારણભૂત હોય તથા જે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંકલ્પ-વિકલ્પથી પ્રેરાતી હોય તે જીવની 'ઇચ્છા' કે 'વિચાર' છે. માનો "ખયાલ" તે આનાથી મુક્ત, ઈશ્વરીય ઇચ્છા છે જે સ્વયંભૂ, કારણરહિત છે, જો કારણ કહીએ તો જીવમાત્રનું કલ્યાણ એ જ એનું કારણ છે. એ દૈવી ઇશ્વરીય શક્તિ છે જે "ખયાલ" રૂપે પ્રગટ થાય છે. માએ એક વાર કહ્યું હતું કે ખયાલ થવાથી પુરુષરૂપે પણ શરીર લીધું હોત. માનું કહેવું વારંવાર હતું કે-

"આ ભાવમય શરીર છે. તમારી ભક્તિથી આ પુષ્ટ થાય છે."

જીવાત્માના શરીરની માફક નહોતી માને જરૂર અન્નજળની, આ વાત માએ કહી છે તેમ જ દીદીની ડાયરીમાં તથા પ્રત્યક્ષ રીતે આપણે ઘણીવાર આ જોયું છે.

ooo

મહાત્માઓ દ્વારા શ્રદ્ધાંજલિ એ પરમ પુનિત શ્રીચરણોમાં

વિવિધ પીઠાધિપતિ પૂ. શંકરાચાર્યજી મા પાસે ઘણીવાર આવતા ને આ આદ્યશક્તિને પરમ આદરથી અંજલિ અર્પણ કરતા. ૧૯૮૨ના ઑગસ્ટમાં શૃંગેરીના પૂ. શંકરાચાર્યજીએ આવીને માને પ્રાર્થના કરી હતી કિશનપુર આશ્રમમાં કે મા, વિશ્વને તમારી હજી ખૂબ જરૂર છે. શરીર પ્રત્યે માનો "ખયાલ" થાય એ એમની અંતરની ઇચ્છા હતી. વ્યક્તરૂપમાં રહે એવી એમણે હાર્દિક વિનંતિ કરી હતી.

બંગાળી સિદ્ધ મહાત્મા શ્રી સીતારામદાસ ઓંકારનાથજી પણ એ સમય દરમિયાન મા પાસે આવીને પ્રાર્થનાપૂર્ણ વિનંતિ કરી ગયા હતા.

માની વ્યક્તલીલામાં વૃન્દાવનના પ્રસિદ્ધ સિદ્ધ મહાત્મા શ્રી ઉડિયાબાબાજી પણ માને પરમ આદરની દૃષ્ટિથી જોતા. શ્રીમદ્ ભાગવત્-સમ્રાટ સ્વામી અખંડાનંદજી, પૂ. દંડીસ્વામી શ્રી વિષ્ણુ આશ્રમજી, પૂ. ખન્નાબાબા, પૂ. વિદ્યાનંદજી, પૂ. ગંગેશ્વરાનંદજી, પૂ. મહેશ્વરાનંદજી, પૂ. સ્વતંત્રાનંદજી, કાશીના પૂ. શંકર ચૈતન્ય ભારતીજી, પૂ. દેવી ગિરિજી, પૂ. ત્રિવેણીપુરીજી, પૂ. શરણાનંદજી, પૂ. બ્રહ્માનંદજી, પૂ. પ્રભુદત્ત બ્રહ્માચારીજી, પૂ. નીમકરોલી બાબાજી, મહર્ષિ મહેશ યોગી કેટકેટલા નામો ગણાવું ? શ્રી કૃષ્ણાનંદ અવધૂતજીએ પ્રખર વેદાંતી હોવા છતાં માનાં દર્શન સિંહવાહિની દુર્ગારૂપે કર્યાં હતાં, પૂર્ણજ્ઞાનમાં દ્વૈત નથી. પંજાબનાં બાંધના સંત પૂ. હરિબાબાજી તો માને જોઈને પરમ માતૃભાવમાં રહેતા. એમની અંતિમ ઇચ્છા હતી કે માની વ્યક્ત ઉપસ્થિતિમાં એ શરીર છોડે, અને એ જ પ્રમાણે એમના શરીરના શાંત થવાને સમયે મા પ્રત્યક્ષ હાજર રહ્યાં !

શ્રી શિવાનંદ - આશ્રમના પૂજ્ય સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજ વિષે કહેવાને મારી પાસે શબ્દો નથી. માતૃભક્તો એ મહાત્માના ચુંબકીય વ્યક્તિત્વ ને ઉચ્ચતમ આધ્યાત્મિક પ્રતિભા, તથા મા પ્રત્યેના એમના વિહ્વળ ભાવને ક્યાં નથી ઓળખતા ! એ મહત્વના ઉલ્લેખમાત્રથી મારું મસ્તક આદરથી નમી જાય છે.

હરિદ્વાર નિર્વાણી અખાડાના મહંત શ્રી ગિરિધર નારાયણ પુરીજીએ સ્વમુખે આ વાત મને કહી હતી-

અમુક વિશેષ દિવસોએ તથા પોતાની ઇચ્છાનુસાર ગમે ત્યારે તેઓ સહારનપુરમાં આવેલી સિદ્ધપીઠ શ્રી શાકમ્ભરીદેવીનાં દર્શન જતા. (શ્રી ચંડીપાઠમાં શાકંભરીદેવી વિષે છે. ગુજરાતનાં અંબાજી જેવું એમનું માહાત્મ્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે.) એક વાર ત્યાં જવાનાં હતાં તે પહેલાં મોડી રાત્રે એમને પ્રત્યક્ષ દર્શન થયાં કે એમના શયનકક્ષમાં એક પ્રકાશપુંજથી ઝળહળતી બાલિકા એમની સામે ઊભી છે, જોયું તો મુખ "માનું" છે ! પછીથી તપાસ કરતાં ખબર પડી કે આશ્રમનાં વિશાળકાય દ્વારો તો અંદરથી બંધ જ હતાં, ને બંધ જ રહેલાં. બીજે જ દિવસે વહેલી સવારે કનખલ આશ્રમમાં જ્યાં મા વિરાજમાન હતાં, આવીને એમણે ચાંદીનું છત્ર, જરીની તેમજ વિવિધ સામગ્રી સાથે માની પૂજા શાકંભરીદેવી તરીકે કરી.

એ દિવસે હું આશ્રમમાં હાજર હતી. આ સિવાય પૂ. મહંતજીએ મા મહાશક્તિ માની ઘણી વાતો કરી છે.

ચિન્મય મિશનના પૂ. સ્વામી ચિન્મયાનંદજીના મુખે પણ મા વિષે આ વાત સાંભળવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું છે-

સ્વામીજી એમના વિદ્યાગુરુ સિદ્ધ મહાત્મા શ્રી તપોવનજી મહારાજ પાસે ઉત્તરકાશીમાં રહી વેદાંતનું અધ્યયન કરતા હતા, તે દરમિયાન એમને એવો રોગ થયો કે સખત ભૂખ લાગે, ખૂબ ખાવા છતાં ભૂખનું શમન જ ન થાય. શરીર સુકાતું ચાલ્યું. કહે કે ગુરુના ઓરડામાંથી પ્રસાદ પણ ચોરીને ખાઈ લેતા. રોગાર્ત થઈને ગુરુને પ્રાર્થના કરી કે બચાવો.

ત્યારે ગુરુએ કહ્યું કે, આનન્દમયી મા પાસે જા. મા પાસે જઈ એમણે પોતાની વ્યથા-કથા કહી આર્ત હૃદયે કહ્યું, "મા, બચાવો, રોગમુક્ત કરો."

માએ મધુર સ્મિત સાથે માથા પર હાથ મૂક્યો, ને રોગ શરીરમાંથી નાસી ગયો.

પૂ. શ્રી હંસદેવજી મહારાજના શિષ્ય પૂ. કૃષ્ણદેવજીએ મને સ્વમુખે કહ્યું કે-

તેઓ હરિદ્વારના સપ્તસરોવરના એમના આશ્રમમાં બેઠા હતા. એકદમ જુએ છે કે સામે મા બેઠાં છે. મા વ્યક્તરૂપે ક્યાં વિરાજમાન હતાં તે ખબર નથી, પરંતુ મહારાજજીએ પોતાનાં ચક્ષુથી માને જોયાં. આગળ કહે કે માની બિલકુલ બાજુમાં જ માનું બીજું સ્વરૂપ-નવયૌવના સ્વરૂપ-વિરાજમાન છે, એવાં દર્શન થયાં.

માના વિંધ્યાચલ આશ્રમમાં ઉપેન બાબા નામે મહાત્મા રહેતા હતા. તેઓ એકવાર વહેલી સવારે શૌચ માટે જંગલમાં ગયા. સામે માને જોયાં. સંકોચવશાત્ તરત બાબા ઊઠી ગયા ને બીજે બેઠા, તો ત્યાં પણ માને જોયાં. ઊભા થઈને ચાલવા લાગ્યા તો સડક પર પણ માનાં દર્શન. આજુબાજુ જુએ તો ઝાડ-પાનમાં પણ મા દેખાય. ઉપર આકાશમાં પણ મા છે.

આશ્રમમાં આવી જોયું તો મા બેઠાં છે. માએ એમની સામે જોઈને મધુર હાસ્ય કર્યું.

અત્યારે ગીતાના આ શ્લોકો મનમાં સ્ફુરે છે-

"तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात्।"

(મૃત્યુરૂપી સંસારસાગરમાંથી એમનો ઉદ્ધાર હું કરું છું)

"अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।

तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥"

(જે લોકો મારું અનન્ય ચિંતન કરે છે, એવા નિત્યયોગયુક્તોનું યોગક્ષેમ હું વહન કરું છું.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ "વહન" કરે છે ! અખિલ વિશ્વબ્રહ્માંડનો સકલ ચરાચરનો અધિષ્ઠાતા "વહન" કરે છે, ભક્તોને માટે! કેવી અનહદ કરુણા ! અને

"सर्वधर्मान् परित्यिज्य मामेकं शरणं व्रज।"

(બધા ધર્મોને છોડીને મારા એકલાને શરણે આવ.) ભગવાન કહો, અલ્લાહ કહો, ઈસુ કહો એ જ એકલો છે, મા જ છે.

શ્રીકૃષ્ણ કહે છે, મને જે જેવી રીતે ભજે તેને તે જ રૂપમાં હું મળું છું-

"ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्।"

મા કહે છે - **"એમને જે રૂપમાં ચાહો છો એ જ રૂપમાં દર્શન દેશે."** એવી રીતે ચાહો, એવી રીતે પોકારો કે -

'ઉનસે આયે બિના રહા નહીં જાયેગા."

जय मा॥

OOO

"ગમે તે રીતે હોય ગુરુકૃપાની આવશ્યકતા છે. જ્યાં સુધી ગુરુ નથી મળતા ત્યાં સુધી મનુષ્યનું કર્તવ્ય છે-સર્વરૂપ એમનાં રૂપો, સર્વનામો એમનાં નામો, સર્વભાવો એમના ભાવો, આ જ રૂપમાં એમને મેળવવાની ચેષ્ટા કરજો."

"દીક્ષાની આવશ્યકતા હોય તો સમયસર થઈ જાય છે. ભગવત્-ચિંતામાં રહેવાની ચેષ્ટા કરો. જેની આવશ્યકતા છે, એ સમયાનુસાર તેઓ કરી દે છે, આ વિશ્વાસ રહેવો જોઈએ."

- શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કઠોપનિષદ્
(શાંકરભાષ્ય આધારિત)

(ગતાંકથી ચાલુ) - ઉત્તરા ચિનુભાઈ

તૃતિયા વલ્લી
પ્રાપ્ત અને પ્રાપ્તવ્ય ભેદે બે આત્મા

આ જે "ऋतं पिबन्तौ" ઇત્યાદિ તૃતિયા વલ્લીમાં છે, તેનો સંબંધ આ રીતે છે-

ઉપર વિદ્યાને તથા અવિદ્યાને જાતજાતના વિરુદ્ધ ધર્મોવાળી જણાવી છે, પરંતુ એ બન્નેનો ફળસહિત યથાવત્ નિર્ણય નથી કર્યો. એ નિર્ણય કરવા માટે જ (આ વલ્લીમાં) રથના રૂપની કલ્પના કરવામાં આવી છે. આમ કરવાથી એમને (અર્થાત્ વિદ્યા-અવિદ્યાને) સમજવી સહેલી થાય છે. એ જ પ્રમાણે પ્રાપ્ત કરનાર (વ્યક્તિ) અને પ્રાપ્તવ્ય વસ્તુ; તથા ગમન કરનાર તથા ગંતવ્ય લક્ષ્યનો વિવેક કરવા માટે બે આત્માઓને કલ્પવામાં આવ્યા છે.

ऋतं पिबन्तौ सुकृतस्य लोके

गुहां प्रविष्टौ परमे परार्धे ।

छायातपौ ब्रह्मविदो वदन्ति

पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः ॥१॥

બ્રહ્મવેત્તાઓ કહે છે કે શરીરમાં બુદ્ધિરૂપી ગુહાની અંદર પ્રકૃષ્ટ બ્રહ્મસ્થાનમાં પ્રવિષ્ટ થયેલા પોતાના કર્મફળને ભોગવનારા છાયા અને તડકાની જેમ પરસ્પર વિલક્ષણ બે (તત્ત્વો) છે. જેમણે ત્રણ વાર નાચિકેતાગ્નિનું ચયન કર્યું છે એવા પંચાગ્નિની ઉપાસકો પણ આ જ વાત કહે છે. (૧)

"ऋત" અર્થાત્ અવશ્યમ્ભાવી હોવાને લીધે સત્ય કર્મફળનું પાન કરનારા બે આત્માઓ,-જેમાંથી કેવળ એક કર્મફળનું પાન (ભોગ) કરે છે, છતાં પણ પાન કરનાર સાથે સંબંધ હોવાથી અહીંયાં બન્ને માટે દ્વિવચનનો પ્રયોગ થયો છે. "સુકૃત" અર્થાત્ પોતાના કરેલા કર્મના ફળને ભોગતાં. "લોક" એટલે આ શરીરમાં બુદ્ધિરૂપી ગુફામાં, હૃદયાકાશમાં પ્રવેશ કરીને રહ્યા છે.

એ બન્ને સંસારી અને અસંસારી હોવાને કારણે તડકા-છાંયડાની જેમ પરસ્પર વિલક્ષણ છે, આમ બ્રહ્મવેત્તાઓ વર્ણન કરે છે. કેવળ અકર્મીઓ જ આ પ્રમાણે નથી કહેતા, પરંતુ પંચાગ્નિના ઉપાસક ગૃહસ્થો પણ આમ જ કહે છે.

यतः सेतुरीजानानामक्षरं ब्रह्म यत्परम्।

अभयं तितीर्षतां पारं नाचिकेतंशकेमहि ॥ २॥

જે યજન કરનારાઓ માટે સેતુ સમાન છે, તે નાચિકેત અગ્નિને તથા જે ભયશૂન્ય છે અને સંસાર પાર કરવા ઇચ્છનારાઓના પરમ આશ્રય છે, એ અક્ષર બ્રહ્મને જાણવા અમે સમર્થ થઈએ. (૨)

નાચિકેત અગ્નિ યજમાન માટે (કર્મ કરનાર માટે) દુઃખને પાર કરવાનું સાધન હોવાને કારણે સેતુ સમાન છે. એવા એ અગ્નિને અમે જાણી શકવાને સમર્થ થઈએ. જે અવિનાશી આત્માનામક બ્રહ્મ છે તે બ્રહ્મવેત્તાઓના પરમ આશ્રય છે. બ્રહ્મવેત્તા એટલે કે ભયરહિત અને સંસારને તરી જવાની ઇચ્છાવાળા જે હતા તે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્થાત્ બ્રહ્મવેત્તાઓના આશ્રમ પરબ્રહ્મ તથા કર્મવેત્તાઓના આશ્રય અપર બ્રહ્મ-આ બન્ને જ્ઞાતવ્ય છે. આની પૂર્વેના મંત્રથી પણ બન્ને (બ્રહ્મ)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

હવે પછીના મંત્રમાં-જે સંસારી પુરુષ સંસાર પ્રત્યે ગમન કરવાનો ઈચ્છુક હોવાથી વિદ્યા અને અવિદ્યાનો અધિકારી છે તેમ જ મોક્ષનો પણ ઈચ્છુક છે, તેને માટે સાધનરૂપ એવા એના શરીરને માટે રથના રૂપની કલ્પના કરવામાં આવી છે.

શરીરાદિ સંબંધિત રથનું રૂપક.

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु।

बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥ ३ ॥

તું આત્માને રથી જાણ, શરીરને રથ જાણ, બુદ્ધિને સારથિ જાણ અને મનને લગામ.(૩).

સંસારી પુરુષ રથી અર્થાત્ પુરુષનો આત્મા રથનો સ્વામી છે. શરીરને તો રથ જ સમજ, કારણ કે શરીરરૂપી રથમાં ઈન્દ્રિયોરૂપી અશ્વો છે, જે રથને ખેંચે છે. આમ, ઈન્દ્રિયોરૂપી અશ્વોથી ખેંચાતા શરીરરૂપી રથને ચલાવનાર (ક્યાં લઈ જવો તે નિશ્ચય કરનાર) સારથિ બુદ્ધિ છે, કારણ કે દેહગત બધાં કાર્યોનો નેતા બુદ્ધિ છે, બધાં કાર્યો બુદ્ધિનાં કર્તવ્ય છે. સંકલ્પ-વિકલ્પ કરનાર મન લગામ છે, કારણ કે જેમ ઘોડાઓ લગામથી નિયંત્રિત થઈને ચાલે છે તે જ પ્રમાણે શ્રોત્રાદિ ઈન્દ્રિયો મન દ્વારા નિયંત્રિત થઈને જ વિષયોમાં પ્રવૃત્ત થાય છે.

ઉપરોક્ત મંત્ર તેમ જ હવે પછીનો મંત્ર એની સહજતા તેમજ ગહનતા માટે ઘણો પ્રસિદ્ધ છે.

इन्द्रियाणि हयानाहुर्विषयांस्तेषु गोचरान्।

आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥४॥

વિવેકી પુરુષો કહે છે કે ઈન્દ્રિયો અશ્વો છે, (તથા) વિષયો એમના માર્ગો છે, (તથા) શરીર, ઈન્દ્રિયો અને મનથી યુક્ત આત્માને ભોક્તા કહે છે. (૪)

ઈન્દ્રિયો પુરુષને ખેંચે છે તેથી રથના અશ્વો સમાન છે. ઈન્દ્રિયોના વિષયો, જેમ કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, ઈન્દ્રિયોરૂપી અશ્વોને ગમન કરવાનાં માર્ગો છે. આ રીતે શરીર, ઈન્દ્રિય અને મન સહિત અર્થાત્ આ બધાંથી યુક્ત આત્માને માટે વિવેકી પુરુષો (મનીષીઓ) કહે છે કે ''આ ભોક્તા (સંસારી) છે.

કેવળ (શુદ્ધ) આત્મા તો ભોક્તા છે નહીં; એનું ભોક્તૃત્વ તો બુદ્ધિ ઈત્યાદિ ઉપાધિઓને કારણે જ છે. તે જ રીતે બૃહદારણ્યક ઉપનિષદ્‌ની શ્રુતિ (૪-૪-૭) ''ध्यायतीव लेलायतीव'' અર્થાત્ ''ધ્યાને કરતો હોય એવો, ચેષ્ટા કરતો હોય એવો'' આ સર્વે કેવળ આત્માનું અભોક્તૃત્વ જ બતાવે છે. આત્મા અભોક્તા છે, પરંતુ ભોક્તા જેવો ભાસે છે. આમ હોવાથી જ રથની કલ્પના દ્વારા એ પરમ વૈષ્ણવપદની હવે પછી કહેલી આત્મભાવથી પ્રતિપત્તિ (પ્રાપ્તિ) થઈ શકે છે, બીજા કોઈ પ્રકારે નહીં, કેમ કે સ્વભાવ કદી બદલાતો નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અવિવેકીની વિવશતા

यस्त्वविज्ञानवान्भवयत्युक्तेन मनसा सदा।

तस्येन्द्रियाण्यवश्यानि दुष्टाश्वा इव सारथेः ॥५॥

પરંતુ જે (બુદ્ધિરૂપી સારથિ) સર્વદા અવિવેકી (તથા) અસંયત ચિત્તયુક્ત હોય છે, એને અધીન ઇન્દ્રિયો એવી રીતે નથી રહેતી જેવી રીતે સારથિને અધીન દુષ્ટ અશ્વો. (૫)

પરંતુ આમ હોવા છતાં જે બુદ્ધિરૂપી સારથિ અવિજ્ઞાનવાન્ અકુશળ અર્થાત્ રથસંચાલનમાં અકુશળ અન્ય સારથિની જેમ (ઇન્દ્રિયરૂપી અશ્વોની) પ્રવૃત્તિ-નિવૃત્તિના વિવેકથી રહિત છે, જે સર્વદા પ્રગ્રહ (લગામ) સ્થાનીય અયુક્ત-અગૃહીત અર્થાત્ વિક્ષિપ્ત ચિત્તવાળો છે એવા અનિપુણ બુદ્ધિરૂપી સારથિના ઇન્દ્રિયરૂપી અશ્વો અન્ય સારથિના બેકાબૂ, દુષ્ટ અશ્વો જેવા વશમાં ન આવનારા (અવશ્ય) બની જાય છે.

(ક્રમશઃ)

૦૦૦

"સેવાનો એક શ્રેષ્ઠ પ્રકાર છે-પોતાના જીવનમાં ગુરુના ઉપદેશોને યથાવત્ ઉતારવા તે. ગુરુની શારીરિક સેવાની અપેક્ષા ઘણી વધારે સેવા છે. ગુરુદેવથી દૂર રહીને પણ તમે એમની અત્યંત સમીપ છો અને એમના પરમ પ્રિય છો."

- પરિવ્રાજક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રમ - સમાચાર

તા. ૭-૩-૯૭, મહા વદ ચૌદશને દિવસે મહાશિવરાત્રિ ઉત્સવ થયો. ભીમપુરા આશ્રમમાં માતૃમંદિરની નીચેના વિશાળ ખંડમાં બેસીને ભક્તોએ રાત્રિના ચારે પ્રહરની પૂજા કરી. બ્રહ્મચારી શ્રી જ્યોતિર્મયાનંદજીએ અકથ પરિશ્રમ કરીને સમસ્ત પૂજાનું આયોજન કર્યું હતું. બ્ર. શ્રી સુબોધજીએ અસ્વસ્થ શરીર હોવા છતાં આયોજનમાં પરિશ્રમસહિત સહકાર આપ્યો. સ્વામી નિર્વાણાનંદજીએ પૂજા કરાવી હતી. પૂજ્ય સ્વામી શ્રી ભાસ્કરાનંદજીની હાજરીથી શ્રી શ્રી માના સાન્નિધ્યનો અનુભવ થતો હતો. પૂ. સ્વામીજીએ બે પ્રહરો વચ્ચે કીર્તન કરાવ્યું હતું. આખો ખંડ ભરાઈ ગયો હતો. હૉલની બહાર પણ લીંપણ કરીને, ઉપર મંડપ બાંધીને કેટલાક ભક્તો, જે અંદર નહોતા બેસી શક્યા, તેમને માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.

બીજે દિવસે તા. ૮ મીએ આખા ભીમપુરા ગામને ભોજન કરાવવામાં આવ્યું હતું.

તા. ૨૨ એપ્રિલે શ્રી હનુમાન જયંતીની પૂજા તથા શ્રી હનુમાન ચાલીસા પાઠ તેમજ પ્રસાદ-ભોજનમાં ભક્તોએ ભાગ લીધો.

તા. ૨ જી મે થી ૨૬ મે સુધી શ્રી શ્રી માનો ૧૦૧ મો જન્મોત્સવ ઊજવવામાં આવશે.

પૂ. સ્વામી ભાસ્કરાનંદજી એપ્રિલના પહેલા અઠવાડિયામાં દિલ્હી આશ્રમે થઈ દેહરાદૂન આશ્રમમાં જશે. શ્રી શ્રી માના જન્મોત્સવ માટે કનખલ પહોંચી, જન્મોત્સવ પછી અલમોડા આશ્રમે જશે. જુલાઈમાં તા. ૨૦ની ગુરુપૂર્ણિમા માટે કનખલ જશે. ત્યાંથી ચાતુર્માસ નિમિત્તે એકાંતવાસમાં પધારશે.

હરિયાણાથી શ્રી સંસ્કૃતાનંદ હરિ નામના વેદોના પ્રકાંડ પંડિત ભીમપુરા આવ્યા હતા. તેઓ ૨૦ ભાષાઓ જાણે છે. સંસ્કૃતમાં સહજ રીતે વાર્તાલાપ કરે છે. ભીમપુરા આશ્રમમાં એમણે ઋગ્વેદના ૧ મંડળનો પાઠ કર્યો હતો. સુંદર અનુષ્ઠાન થયું હતું.

OOO

શોક-સમાચાર

ગુજરાતના પ્રખ્યાત વૈદ્ય શ્રી દત્તુભાઈ હર્ડીકરનું દુઃખદ અવસાન થયું છે. તેઓ શ્રી શ્રી માના અનન્ય ભક્ત હતા, તથા આશ્રમ - સમિતિના સભ્ય તરીકે તેમણે ઘણા સમય સુધી સેવા આપી હતી. આશ્રમના કાર્યમાં પણ સહાય કરી હતી. એમના આત્માને માતૃચરણોમાં ચિર શાંતિ પ્રાપ્ત થાઓ.

॥ જય મા ॥

OOO

(કુંતી શ્રીકૃષ્ણને કહે છે-) જન્મ, ઐશ્વર્ય, જ્ઞાન અને ધનને લીધે જેનો મદ વધી ગયો છે એવો મનુષ્ય તમારું નામ લેવાને પણ યોગ્ય નથી. હે પ્રભો, તમે તો અકિંચનોને જ સુલભ છો.

- શ્રીમદ્ભાગવત -૧-૮-૨૬

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

❄ Branch Ashrams ❄

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 6840365)
16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, Maharashtra.
17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.
18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 5362)
19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram,
Main Road, P.O. Ranchi-834001, Bihar (Tel : 312082)
20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth,
Birbhum-731233, W.B.
21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193, U.P.
22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 310054+311794)
23. VINDHYACHAL: Shree Shree Ma Anandamayee Ashram, Ashtạbhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, U.P.
24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel : 442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)
2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

मुद्रक–रत्ना प्रिंटिंग वर्क्स, कमच्छा, वाराणसी फोन : 322820

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE

અમૃત વાર્તા

VOL. 1 OCTOBER, 1997 No. 4

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

SHREE SHREE ANANDAMAYEE SANGHA

❄ Branch Ashrams ❄

1. AGARPARA : Shree Shree Ma Anandamayee Ashram,
P. O. Kamarhaiti, Calcutta-700058 (Tel : 5531208)
2. AGARTALA : Shree Shree Ma Anandamayee Ashram,
Palace Compound, P.O. Agartala-799001. West Tripura
3. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram,
Patal Devi, P.O. Almora-263602, U.P. (Tel : 23313)
4. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Dhaul-China, Almora-263881, U.P.
5. BHIMPURA : Shree Shree Ma Anandamayee Ashram,
Bhimpura, P.O. Chandod, Baroda-391105, Gujarat
6. BHOPAL : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Bairagarh, Bhopal-462030, M.P. (Tel : 521227)
7. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
Kishenpur, P.O. Rajpur, Dehradun-248009
U.P. (Phone: 684271)
8. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
Kalyanvan, 176, Rajpur Road,
P.O. Rajpur, Dehradun-248009, U.P.
9. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Raipur Ordnance Factory, Dehradun-248010
10. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram,
47/A Jakhan, P.O. Rajpur, Dehradun, U.P.
11. JAMSHEDPUR : Shree Shree Ma Anandamayee Ashram,
Near Bhatia Park, Kadma, Jamshedpur-831005, Bihar
12. KANKHAL : Shree Shree Ma Anandamayee Ashram,
P.O.Kankhal, Hardwar-249408, U.P. (Tel:426575)
13. KEDARNATH : Shree Shree Ma Anandamayee Ashram, Near Himlok,
P.O. Kedarnath, Chamoli-246445, U.P.
14. NAIMISHARANYA : Shree Shree Ma Anandamayee Ashram, Puran Mandir,
P.O. Naimisharanya, Sitapur-261402, U.P.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

શ્રી શ્રી મા આનન્દમયીના દિવ્ય જીવન
તથા
દિવ્ય વાણીવિષયક ત્રિમાસિક પત્રિકા

વર્ષ - ૧ ઑક્ટોબર, ૧૯૯૭ સં. - ૪

-: સંપાદક સમિતિ :-
સ્વામીશ્રી ભાસ્કરાનંદજી
ઉત્તરા ચિનુભાઈ
બ્રહ્મચારિણી વસુમતીબહેન
નિરંજન મહેતા

-: મેનેજીંગ સંપાદક :-
શ્રી પાનુ બ્રહ્મચારી

-: વાર્ષિક લવાજમ :-

ભારતમાં	રૂા. ૬૦/-
વિદેશમાં	યુ. એસ. ડોલર ૧૨/-
એક અંકની છૂટક કિંમત	રૂા. ૨૦/-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃત વાર્તા

સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે, - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી મા આનન્દમયી મા વિષેના લેખો છપાશે. તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રી મા વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોનાં જીવનમાંના અનુભવો, પ્રસંગો તેમજ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફુલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮- સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

"અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

સ્વામી શ્રી શ્રી આનન્દમયી સંઘ તરફથી મુદ્રકથી મુદ્રક તથા પ્રકાશક શ્રી પાનુ બ્રહ્મચારી દ્વારા શ્રી શ્રી આનન્દમયી, સંઘ, ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧ (ઉ. પ્ર.) થી પ્રકાશિત તથા રત્ના પ્રિંટિંગ વર્ક્સ, બી. ૨૧/૪૨ કમચ્છા વારાણસી - ૧૦ (ઉ. પ્ર.) માં મુદ્રિત. સંપાદક - શ્રી પાનુ બ્રહ્મચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥

૧. માતૃવાણી ૧
૨. માતૃલીલા-કથા ૪
૩. મા વિષે .... પં. ગોપીનાથ કવિરાજ ૮
૪. જે છે તે જ ૯
૫. સ્થિપ્રજ્ઞનાં લક્ષણો - માતૃલીલા .... પરિવ્રાજક ૧૧
૬. ઋગ્વેદની સ્ત્રી ઋષિઓ .... યશોધર મહેતા ૧૩
૭. એક અદ્ભુત સિદ્ધ ૧૬
૮. ભજન .... અનામી ૧૯
૯. શ્રી મા - પૂર્ણ બ્રહ્મ નારાયણ .... બી. કે. શાહ ૨૨
૧૦. જીવન સાફલ્ય .... સ્વામી શિવાનંદજી ૨૫
૧૧. કઠોપનિષદ્ .... ઉત્તરા ચિનુભાઈ ૨૭
૧૨. એક રશિયન ભક્તનો પત્ર ૩૧
૧૩. કૈલાસના પ્રથમ દર્શન .... સ્વામી રામાનંદ બ્રહ્મચારી ૩૩

ooo

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃવાણી

તમને બધાંને છોડીને આ શરીર જુદું ક્યાં ? આ શરીર અને આ દોસ્તમાં શો પ્રભેદ ? બંન્ને જ ઓતપ્રોત થઈને એક થઈને છે-આ વાત યાદ રાખજો. જો તમે લોકો કંઈ ખરાબ ખાઓ છો તો જાણજો આ શરીરને કોઈ એ ખાવા માટે આપી રહ્યા છો. પૂછી રહ્યા છો તમારા બધાની ભાવના શું આ શરીર સુધી પહોંચે છે ?

હા, હા, હા.

O

બીજા પ્રાણીઓથી મનુષ્યનું પાર્થક્ય એ જ છે કે મનુષ્યમાં એક વિશેષ પ્રકારની શક્તિ છે જેના દ્વારા એ પૂર્ણતા પ્રાપ્ત કરી શકે છે. મનુષ્ય માટે શરીર કહે છે કે જેને મનનો હોશ થયો છે તે જ "માનુષ". જેને મનનો હોશ નથી, વિષય-વાસનામાં તન્મય રહે છે એને શું મનુષ્ય કહી શકાય ?

O

દુર્લભ મનુષ્ય જન્મ મળ્યો છે. એક મુહૂર્ત વૃથા ન જાય; વૃક્ષ-લતા, પશુ-પક્ષી પણ થોડા દિવસ સંસારમાં રહીને ફરી નવાં વૃક્ષ-લતા, પશુ-પક્ષીની સૃષ્ટિ કરીને સંસારમાંથી વિદાય લે છે. તમે લોકો પણ જો એ જ કરો તો બીજો પ્રભેદ શો થયો ? જેથી 'રિટર્ન ટિકિટ' ન કાપવી પડે, એની કોશિશ કરજો.

O

જન્મ-જન્માંતરનાં સેંકડો કર્મો મનુષ્ય અજ્ઞાત અગ . મનુષ્ય જન્મ ભાગ્યના જન્મની સફળતા છે. એમની કૃપાથી જ મનુષ્ય જન્મ, સુકૃતિના ફળથી જ આ જન્મ. મનુષ્ય જન્મ દુર્લભ છે. એટલે જ મનુષ્ય-જન્મમાં મનુષ્યત્વ જાગૃતિની દિશા ગ્રહણ કરવી જોઈએ.

O

ચોવીસ કલાક છે સાધન-ભજન માટે. ભગવાનને પામવાની ઈચ્છા જ વિશેષ ભા રહે એ જ કર્તવ્ય છે. મનુષ્યમાત્રને જ મનુષ્યત્વ-લાભની ઈચ્છા પ્રમુખરૂપે રાખવી જોઈએ. જેટલો સંસારની સેવામાં આપવામાં આવે છે, બીજો બાકીનો સમય ભગવત્-ચિંતામાં આપવો કર્તવ્ય છે. જપ ધ્યાન, સદ્ગ્રંથાદિ પાઠ, પૂજા, પ્રાર્થના, આત્મનિવેદન એટલા માટે જ (કે) એમને ચાહવા અને રડવું.

O

(પરમાર્થ પથના યાત્રીઓ માટે)

સત્યલાભના યાત્રીઓ માટે થોડાક નિયમો અને આદર્શ જીવનનું હોવું પ્રયોજનીય છે. કોઈ જો પોતાનાં વસ્ત્રો, અર્થ ઈત્યાદિનું દાન કરવાનું ઈચ્છુક હોય તો એને જણાવી દેજો કે આપણે માટે આ પ્રકારે ગ્રહણ કરવું નિષિદ્ધ છે; ભગવાનના પ્રસાદની પ્રાપ્તિ (એ) જ જીવનનું લક્ષ્ય હોવું જોઈએ.

O

જ્યારે જે રીતે રહો, એમાં જ યથાશક્તિ ભગવાનનું સ્મરણ કરજો, ભગવાનની કૃપા માટે પ્રાર્થના કરજો. ખરેખર જ ભગવત્-પ્રાપ્તિ જેનું લક્ષ્ય છે એની તો યાત્રાનો પ્રારંભ છે. યથાશક્તિ નિત્યકર્મ કરજો.

O

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યથાર્થમાં જે આલોક ઈચ્છે છે, ભગવાન એને આપ્યા વગર રહી નથી શકતા. પોતાનં ક્રિયા યથાશક્તિ નિત્ય કરજો. જપ, ધ્યાન, એમનું સ્મરણ, સદ્ગ્રંથ-પાઠ, જેટલો દીર્ઘ સમય અ એમને લઈને રહેવાય, એટલો આલોક મેળવવાની યાત્રા. ગીતા નિત્ય વાંચજો અને વારંવાર સમજવાની કોશિશ કરજો.

O

સંસારની વિચિત્ર વિફળતા જે બ જ વહેતી જાય છે, તે પણ અનંત છે. એની (સંસારની) અંદર પોતાની જાતને વહાવી દેવાથી, ફસાવી દેવાથી જીવનનું અશાંત, કલાંત, વિફળરૂપી ફળ મળવું (એ) જ સ્વાભાવિક છે; પરંતુ ત્યાં મન રાખશો નહીં. મનની ગતિ ઉચ્ચ આદર્શમાં પોતાના પૂર્ણ લક્ષ્યમાં રાખજો, લોકાલોકના અગોચરમાં; કોણ જાણે છે (કે) એમનો પોકાર કોની અંદરથી આવે છે ! હબકી નહીં જતા. તમે સત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, શાશ્વત છો. આ બાજુ સ્વયમ્ અગ્રસર થવા માટે નવી ભાવવધારાની ગતિમાં સ્વમ્ ચાલવું (તે) જ કર્તવ્ય છે. વિદ્યા અને સુબુદ્ધિરૂપમાં ભગવાન જ તો અંદર છે. એટલે જ આ અવસરે સ્વરૂપ-પ્રકાશના યાત્રી બાજુ યાત્રા કરવી કર્તવ્ય છે. સમય તો ચાલી જઈ રહ્યો છે. પરમ પિતા, પરમ માતા, પરમ બંધુ, સખા, સ્વામી એકાધારે તેઓ જ બધું છે. એમનાં ચરણો જ સ્મરણીય છે.

O

ગુરુનું તત્ત્વ બહુ ગંભીર છે. ગુરુ પર ઈશ્વર-બુદ્ધિ રાખવી જોઈએ. ગુરુનો ત્યાગ કદી પણ નથી થતો. જ્યાં ગુરુનો ત્યાગ થાય છે, ત્યાં સમજવું કે ગુરુકરણ થયું જ નથી. ગુરુ દ્વારા કદી પણ અશોભન કાર્ય થતું જ નથી. જ્યાં જન્મ-જન્માંતરના ગુરુ કહેવાય છે, ત્યાં ગુરુશક્તિ, ગુરુભક્તિ શિથિલ નથી થતી. સત્યાનુસંધાનમાં જેઓ સત્ય સ્વરૂપ છે, ભગવાન તેમના લક્ષ્યની પૂર્તિની વ્યવસ્થા કરે છે.

O

વારાણસી આશ્રમની કન્યાપીઠની કન્યાઓ માટે શ્રી શ્રીમાની વાણી - સન્ ૧૯૭૭, ગોપાલ મંદિર :

સત્યકથા, સદ્વ્યવહાર, સત્ચરિત્ર, શુદ્ધ પવિત્ર જીવનધારાની ગતિમાં સર્વક્ષણ ચાલજો. વડીલોના આદેશનું અક્ષરે અક્ષરમાં પાલન કરજો. ભગવાન પાસે પ્રાર્થના - હું સત્ શુદ્ધ સત્તામાં નિત્યવ્રતી રહી શકું, આપને આત્મસમર્પણ કરી શકું, એ શક્તિ-જાગરણ માટે પ્રાર્થના. ધાર્મિક નીતિવિધિનું અક્ષરે અક્ષરમાં પાલન કરવાથી એ શક્તિ જાગરણ થાય છે જેનાથી જગત્માં આદર્શ કુમારી થવું. આ યાદ રાખીને ચાલવાની ગતિ ધારામાં વ્રતી રહેવામાં યાદ રાખજો. જન્મ સફળ થવો મનુષ્યનું મનુષ્યત્વ. પોતાનું આત્મતત્ત્વ પ્રકાશ થવું એ જ લક્ષ્યમાં જ રહેજો. જે શિશુકાળથી આ ધારામાં ચાલી રહ્યા છે એમની નસેનસમાં જે શુદ્ધ શક્તિ છે એમની તો આપોઆપ જ શક્તિ વૃત્તિ જાગ્રત થવા માટે બાધ્ય. વચ્ચે વચ્ચે વિઘ્ન આવવા છતાં પછીથી એ જ ધારાથી યુક્ત થઈને ચાલવાની ચેષ્ટા. હાલ્યા વિના, જેટલો દીર્ઘ સમય, એ ઈષ્ટ ચિંતાના ધ્યાનમાં મગ્ન રહેજો. બધાં સાથે એકતા મિત્રભાવ રાખજો.

O

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ સત્‌શિક્ષા શ્રી શ્રીમાએ સન્ ૧૯૬૨માં કન્યાપીઠની કન્યાઓ માટે લખાવી હતી :

૧. અમે લોકો સાચી વાત કહેવાની વિશેષ ચેષ્ટા કરીશું.

૨. અમે લોકો અમારી બધી સમસ્યાઓ દીદીજી (ગુરુપ્રિયા દેવી)ને કહીશું.

૩. કોઈને પણ અપમાનસૂચક વાતો ન કહેતા.

૪. ગુરુજનો (વડીલો)નું મ્માન રાખીને નમ્ર અને સભ્ય ભાષામાં વાત કરજો. ગુરુજનો સામે હસમુખા રહેજો. સામો જવાબ ન આપતા. જો સાચું કે ખોટું સમજાય તો શાંત ભાવે એકલા જઈને વડીલોને કહેજો.

૫. નિંદિત વાતો કહેવી અર્થાત્ અપ્રિય અશ્લીલ ભાષા વ્યવહાર ન કરતા.

૬. ગુરુજનોની સમાલોચના (ટીકા) કદી પણ ન કરતા.

૭. કોઈના પણ વિષે મશ્કરીના બહાને પણ નંદાસૂચક ચર્ચા ન થાય, એ બાજુ ચેષ્ટા અને વિશેષ લક્ષ્ય રાખજો.

૮. આંખોના ઈશારા, હાથ હલાવીને કે ઈશારા ઈંગિત વડે પણ કોઈની સાથે આવો વ્યવહાર ન કરતા.

૯. બાળકો માટે સ્નેહભાવ રાખીને, શાં ગંભીર ભાવથી શાસન કરજો બાળકોના કલ્યાણ માટે ઉંમરમાં નાના હોય કે મોટા હોય કોઈના મનમાં વાગે એવી વાતો ન કરતા. કોઈ કોઈના વ્યવહારથી મનમાં દ્વન્દ્વ ઉત્પન્ન થાય તો પૂછીને સમાધાન કરી લેજો.

૧૦. થોડી છોકરીઓને લઈને જુદી મંડળી કદી પણ ન થાય. સત્ય, સરળતા, અને સમતાથી ચરિત્ર સુંદર બનાવજો.

૧૧. શરીર રક્ષા અસ્વસ્થતામાં વિશેષ પ્રયોજન સિવાય કોઈ કોઈને ન અડકે.

OOO

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃલીલા કથા

(ગતાંકથી ચાલુ)

૧૯૫૫

૨૪, એપ્રિલથી ૧૧, જુલાઈ	:	સોલન (સિમલા) : બેંગલોરના ''સર્વધર્મસમન્વય સમ્મેલન''માં શ્રી શ્રીમાની વાણી, ''હે અમર આત્મા, મૃત્યુપથમાંથી અમરપથના યાત્રી થાઓ. અમર આત્મા અમરપંથી સ્વયમ્ પોતાનામાં પોતે.'' વૃંદાવન-આશ્રમમાં પત્થરરૂપી મહાત્માએ માનાં ચરણોમાં વંદન કર્યાં તે પ્રસંગની ચર્ચા. મા પાસે પ્રતિદિન મોતી નામના કૂતરાનું આવવું. એ કૂતરો કોણ હતો ? મા, ''જ્યારે આ શરીરમાં સાધનાના ખેલ થઈ રહ્યા હતા, તે વખતે ભોલાનાથજીએ ટૉમ નામનો એક કૂતરો રાખ્યો હતો. કદાચ આ એ જ ટૉમ છે જે પાછો આવ્યો છે.''
૧૪ થી ૧૭, ઑગસ્ટ, ગ્વાલિયર	:	મહારાણી વિજયારાજે સિંધિયાના આમંત્રણથી મા ચાર દિવસ માટે ગ્વાલિયર પધાર્યાં.
૧૯, ઑક્ટોબર, કલકત્તા	:	લેક રોડમાં દુર્ગાપૂજા. દિનાજપુરના મહારાજ શ્રી જગદીશનાથ રાય માનાં દર્શને.
૧૩, નવેમ્બર, રાંચી	:	દીપાવલિમાં કાલીપૂજા અને શ્રી કાલી વિગ્રહ પ્રતિષ્ઠા.
૨૨ થી ૨૮, નવેમ્બર, દિલ્હી	:	પાંચમો સંયમ-મહાવ્રત-સપ્તાહ બિરલા મંદિર પાસેની કાલીવાડીમાં અનુષ્ઠિત.
૭, ડિસેમ્બર, દિલ્હી	:	ડૉ. રાધાકૃષ્ણન્નું માને આમંત્રણ એમના ગૃહ-પ્રાંગણમાં મા પધાર્યાં.
૧૮, ડિસેમ્બર	:	અસ્વસ્થ હરિબાબાજીને મા અમૃતસરથી વિમાનમાં દિલ્હી લાવ્યાં.

૧૯૫૬

૧૩, ફેબ્રુઆરી, વારાણસી	:	સ્વિટ્ઝરલેન્ડના અધ્યાપક ડૉ. બૉસ, પ્રસિદ્ધ ગાયક અને ભાષાવિદ્ ડૉ. આરનોલ્ડ બેક, ફ્રેન્ચ લેંબક જીન હર્બર્ટ વગેરે વિદેશીઓ મા પાસે કુ. વાયોલેટ સિડનીને દર્શન આપવા માટે વિંધ્યાચલથી પાછા ફરતી વખતે મા ક્લાર્ક હોટેલ પધાર્યાં.
૧૦, માર્ચ, વૃંદાવન	:	નવનિર્મિત શિવમંદિરમાં મહાશિવરાત્રિને દિવસે પંચશિવ-પ્રતિષ્ઠા.
૧૩, એપ્રિલ, વારાણસી	:	ભક્તોનો આગ્રહ કે પૂ. દીદીમાનો જન્મદિવસ ઊજવવામાં આવે, પરંતુ સંન્યાસીઓનો 'જન્મદિવસ' ન હોય, તેથી પૂ. દીદીમાનો સંન્યાસોત્સવ પ્રથમવાર ઊજવવામાં આવ્યો જે તે દિવસથી આજ સુધી પ્રતિ વર્ષ ઊજવાય છે.
૧૮, એપ્રિલ, વારાણસી	:	ચૈત્રી નવરાત્રિની મહાષ્ટમીએ નવા હૉલની સ્થાપના માટે માનાં શ્રીચરણોનો સ્પર્શ કરાવીને ઈંટ તૈયાર રાખી. ''શ્રી આનન્દમયી કરુણા'' તથા શિશુકલ્યાણ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કેન્દ્રનું ઉદ્બોધન. હરિજનોને આસન પાથરીને આદરપૂર્વક ભોજન કરાવવામાં આવ્યું.

૧૯, એપ્રિલ, વારાણસી : ચૈત્રી નવરાત્રિની મહાનવમી તિથિએ માના સ્વહસ્તે ભક્તોને ખિચડીનો મહાપ્રસાદ.

૨ મે થી ૨૪ મે, વારાણસી : માની ષષ્ઠિપૂર્તિના ઉપલક્ષ્યમાં હીરક જયંતિ-ઉત્સવ. સમગ્ર ભારતમાંથી વિભિન્ન સાધુ-મહાત્માઓનું આગમન, દેશના ખૂણેખૂણામાંથી સર્વ ધર્મના લોકોનો સમાગમ. ઉચ્ચસ્તરીય સાંસ્કૃતિક કાર્યક્રમ. માનું અવિસ્મરણીય તુલાદાન. શ્રી કૃષ્ણાનંદ અવધૂતજીના આગ્રહથી અષ્ટધાતુના વિશાળ સિંહવાળા આસનનું નિર્માણ કરવામાં આવ્યું. સિંહની લંબાઈ ૬ ફુટ, ઉંચાઈ ૩ ફુટ અને વજન ૨૮ મણ. અવધૂતજીએ માને સિંહાસન પર બેસાડીને પૂજા કરાવી. અવિસ્મરણીય તુલાદાન. બધાના મતાનુસાર આ જયંતી-ઉત્સવ રાજસૂય-યજ્ઞ જેવો હતો.

૨૨, જુન, ઋષિકેશ : પરમાર્થ-નિકેતનના સ્વામી સદાનંદજીના આમંત્રણથી માનું ઋષિકેશ-આગમન. પરમાર્થ-નિકેતનના પ્રતિષ્ઠાતા સ્વામી શુકદેવાનંદજી તથા ૩૦૦ આશ્રમવાસીઓ સહિત હરિબાબાજી તથા અવધૂતજી કીર્તન કરતાં કરતાં માનું સ્વાગત કરીને આશ્રમમાં લઈ આવ્યા.

શિવાનંદ - આશ્રમમાં માનું આગમન. સ્વામી શિવાનંદજી મહારાજ દ્વારા કીર્તન.

જુન, આનંદકાશી : હિમાલયના પદપ્રાંતમાં ગંગા કિનારે નિર્જન, એકાંત વનરાજ્ય આનંદકાશી (ટિહરી ગઢવાલ)નાં રાજમાતા દ્વારા નિર્મિત નિવાસોપયોગી કુટીરમાં માનો નિવાસ.

૧, ઑક્ટોબર, ગયા : કલકત્તા જતાં રસ્તામાં ગયામાં મા ઊતર્યાં. બોધગયામાં સુગંધરૂપે બુદ્ધદેવની ઉપસ્થિતિ પ્રકાશિત. ગયાના વિષ્ણુપાદ મંદિરમાં મધ્યરાત્રિએ શ્રૃંગાર-આરતી સમયે માની ઉપસ્થિતિ.

૨, ઑક્ટોબર, કલકત્તા : પૂર્વ સૂચના વિના એક ભક્તને ઘેર એમની અનુપસ્થિતિમાં માનું આગમન. દુર્ગાપૂજા વખતે આકસ્મિક રૂપે ભક્ત વિનયબાબુને ઘેર રહેવું.

૧૨ થી ૧૮, નવેમ્બર, હરિદ્વાર : સપ્તર્ષિ-આશ્રમમાં છઠ્ઠો સંયમ-સપ્તાહ.

૧૯૫૭

૧૫, ફેબ્રુઆરી, જયપુર : જયપુરમાં સ્વામી લચ્છીરામના આશ્રમમાં. ભક્તો મા પ્રત્યે મંત્રમુગ્ધ કૂચામનના રાજા પ્રતાપસિંહના આહ્વાનથી મા કૂચામન પધાર્યાં. તોપધ્વનિ સાથે રાજસી પદ્ધતિથી સ્વાગત.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૭, ફેબ્રુઆરી, વૃંદાવન :	ચારખારીનાં રાજમાતા તથા નેપાલના રાજ-પરિવાર દ્વારા પ્રતિષ્ઠિત મહારાજ અરિમર્દનસિંહની પુણ્ય સ્મૃતિમાં ગીતા-ભવન તથા નેપાલના ભૂતપૂર્વ રાજદૂત રાજા વિજય શમશેર બહાદુરની સ્મૃતિમાં શ્રીમદ્‌ભાગવત-ભવનનું નિર્માણ, જેનું ઉદ્‌ઘાટન માની ઉપસ્થિતિમાં શિવરાત્રિને દિવસે.
૩ થી ૧૦ માર્ચ, મોદીનગર (ઉ.પ્ર.) :	શ્રીમદ્‌ ભાગવતનો મૂળ પાઠ, અને હિંદી તેમ જ બંગાળીમાં જુદી-જુદી વ્યાખ્યા.
૧૫, માર્ચ, મોદીનગર :	હોળી નિમિત્તે ૫૫ આશ્રમવાસીઓ દ્વારા ગીતાના ૧૦૮ પાઠ.
૧૭, માર્ચ, મોદીનગર :	રાયબહાદુર ગૂજરમલ મોદીના આમંત્રણથી હરિબાબાજી તથા અવધૂતજી સાથે માનું આગમન. સપ્તાહવ્યાપી નામયજ્ઞ (અર્થાત્‌ અખંડ કીર્તન.)
૨, મેથી ૧૦ મે, અમદાવાદ :	મુકુંદભાઈ ઠાકોરના આમંત્રણથી જન્મોત્સવનું આયોજન. પ્રશ્ન : આપના જન્મોત્સવનો શો અર્થ છે ? મા : આ પ્રકારના ઉત્સવોથી સદ્‌ભાવ વધે છે. એ લોકો સત્સંગનું આયોજન કરે છે, એટલે એમના કાર્યોમાં બાધા નથી આપતી. તેઓ જેમ આનંદ લે છે, હું પણ એમ જ આનંદ લઉં છું.
૨, ઑગષ્ટ, દેહરાદૂન :	મા કહે છે, જ્યારે તમને લોકોને પાસે આવવાથી નથી ખસેડતી, (તો) પછી રોગને કેમ ખસેડું ? એ પણ તો 'એમનું' જ રૂપ છે." મા પાસે અશરીરી મહાત્માઓનું આવવું તથા એમના દ્વારા માની પ્રદક્ષિણા. અમારી દૃષ્ટિએ વિશ્વના ભક્તોએ માના શરીર-સ્વાસ્થ્ય માટે જે પ્રાર્થના કરી તેમાં યોગદાન અર્થે એ આત્માઓનું આગમન.
૧ થી ૮ સપ્ટેમ્બર, વારાણસી :	માની ઉપસ્થિતિમાં મુંબઈના એક ભક્ત દ્વારા વારાણસીમાં ભાગવત-જયંતી વખતે ભાગવત-સપ્તાહનું આયોજન.
૩૦, ઑક્ટોબરથી ૩, નવેમ્બર, વારાણસી :	શારદીયા નવરાત્રિ વૃદ્ધા ભક્તની પ્રાર્થનાથી માની ઉપસ્થિતિમાં (સ્વ. નિર્મલ ચૅટર્જીનાં પત્ની અને ગુરુપ્રિયા દીદીનાં મોટાં (બહેન) દ્વારા એ પૂજાનું વિરાટ આયોજન તેમ જ ભક્ત-સમાગમ હીરક જયંતીની યાદ આપતું હતું.
૨૦, નવેમ્બર, દિલ્હી :	સાતમો સંયમ-સપ્તાહ (મહાવ્રત). દિલ્હીના કાલકાજી-સ્થિત નવનિર્મિત આશ્રમમાં યોજાયો.
૩૦, નવેમ્બર, દિલ્હી :	'બ્રહ્મ-મંદિર' નામક નવનિર્મિત હૉલમાં પ્રથમ વાર નામ-યજ્ઞ.
૧૯૫૮	
૪, જાન્યુઆરી, આનંદકાશી :	આ એકાંત સ્થળે પક્ષીઓનો કલરવ, ગંગાનો કલકલ નાદ, જ્યાં માની પુણ્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

		ઉપસ્થિતિ.
૨૪, જાન્યુઆરી, અલ્હાબાદ	:	શ્રી ગોપાલસ્વરૂપ પાઠક (જે ભવિષ્યમાં ભારતના ઉપરાષ્ટ્રપ્રમુખ થયા, તથા જેમની બે પુત્રીઓ સંન્યાસિનીરૂપે આશ્રમમાં રહે છે : ધ્યાનાનંદ અને પૂર્ણાનંદ.) ને ઘેર સરસ્વતી-પૂજામાં મા.
૧૧, એપ્રિલ, આગરપાડા આશ્રમ (કલકત્તા)	:	દીદીમાના સંન્યાસોત્સવમાં નવનિર્મિત આશ્રમનું ઉદ્ઘાટન.
૨૨, મેથી ૭, મે, આગરપાડા	:	શ્રી શ્રીમાનો જન્મોત્સવ. મા દ્વારા હરિબાબાજીને પનિહાટી તથા વરાહનગર મંદિર દેખાડવું.
૧૨, જુન, ચંડીગઢ	:	પંજાબના રાજ્યપાલ મા પાસે.
૧૩, જુન, સોલન (સિમલા)	:	લગભગ એક મહીના સુધી માનો નિવાસ સોલનમાં.
૧૮, જુનથી ૨૫, જુન, સોલન	:	દે -ભાગવતનો પાઠ તથા પ્રવચન માની ઉપસ્થિતિમાં.
૧, જુલાઈ, સોલન	:	ગુરુપૂર્ણિમાએ માતૃવાણી, "અમર પથના પથિક બનવાની કોશિશ કરો."
૨૧, જુલાઈ, વારાણસી	:	મુંબઈના ભક્ત કણિયાભાઈ દ્વારા માની ઉપસ્થિતિમાં વિષ્ણુયાગ, રુદ્રાભિષેક તથા શ્રીમદ્ ભાગવત-સપ્તાહ. એક વૃદ્ધ પંડિતની આ ત્રણ અનુષ્ઠાનો કરાવવાની ઈચ્છા હતી. મા પાસે આ અનુષ્ઠાનો થઈ ગયા બાદ એ વૃદ્ધનું અવસાન.
૧૨, સપ્ટેમ્બર, વિંધ્યાચલ (વારાણસી)	:	માની ઉપસ્થિતિમાં તરુ-કુટીરમાં કાલીપૂજા.
૧૪, સપ્ટેમ્બર, વારાણસી	:	ડૉ. ગોપાલ દાસગુપ્ત દ્વારા બાલગોપાલ-ઉત્સવ એ પ્રસંગે બાળકો તથા દરિદ્રોને વસ્ત્રો ને મિઠાઈ વહેંચવામાં આવી, તેમ જ બધાંને બાળકૃષ્ણની નાની પીત્તળની મૂર્તિઓ આપવામાં આવી. માના શ્રીહસ્તો દ્વારા બાળકોને અપાતા આ દાનનું દૃશ્ય અપૂર્વ હતું.

OOO

સત્સંગમાં ભગવાનની મહિમા, ગુણ, લીલા વગેરેનાં વર્ણનો વાંચવાની જરૂર છે. આ બધાથી તેમ જ ભગવદ્-ભક્તોનાં ચરિત્રો વાંચ ાથી ભગવાનમાં પ્રેમ જાગૃત થાય છે.

\- પરિવ્રાજક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા વિષે

- મંહામહોપાધ્યાય ગોપીનાથ કવિરાજ

.......વર્ષો પહેલાં ગુરુપ્રિયાદેવીના 'મા' વિષેના પુસ્તકની ભૂમિકા લખતી વખતે મેં અનુભવેલું કે એ મારા સામર્થ્યની બહાર હતું કે મા વિષે સત્ય શબ્દોમાં કહેવું, કે જે મા સ્વયમ્ સ્વયમ્‌માં રહ્યાં છે એટલું જ નહિ પણ જે રીતે મા પ્રગટ થયાં છે મારી પાસે. અત્યારે પણ મને એ જ મુશ્કેલી લાગે છે, કદાચ પહેલાંથી પણ વિશેષ કારણ કે માના ભાવના હું જેટલા નિકટ સાન્નિધ્યમાં આવું છું તેટલી જ મા વિષેની રહસ્યાત્મકતા વધારે ગૂઢ બની છે.

તેથી જ મને એ લોકો પ્રત્યે સહાનુભૂતિ છે જેઓ માટે મા એક રહસ્ય છે. મા સર્વસાધારણથી પણ જુદાં છે, ને આપણે ઓળખીએ છીએ એવી અસાધારણ વ્યક્તિઓથી પણ એટલાં જુદાં છે કે એમને વિષે થોડી પણ ચોક્સાઈના વિશ્વાસપૂર્વક કાંઈપણ નિશ્ચિત વાક્ય કહેવું અતિશય અઘરું છે..... દાખલા તરીકે શ્રીકૃષ્ણની ફરિયાદ હતી કે એમનું સાચું સ્વરૂપ ન જાણનારા મોટા ભાગના લોકો - કેટલાક દેવો સુદ્ધાં - એમને સામાન્ય મનુષ્ય માનતા હતા. ત્યાર પછીના યુગમાં ગૌતમ બુદ્ધે પણ એ જ પ્રમાણે કહ્યું કે ઘણા ઓછા લોકો એમને સાચી રીતે સમજી શક્યા હતા.

એમાં કંઈ આશ્ચર્ય નથી કે માની જીવનલીલા - પ્રારંભિક કાળ લીલા પણ - અસ્વાભાવિક પ્રસંગોથી ભરેલી છે; આવા પ્રસંગો સાચા સંતો, સિદ્ધોને યોગીઓના જીવનમાં બને છે તેનાથી આપણે ટેવાયેલાં છીએ.

જાણીતું છે કે સિદ્ધો ને સંતોના જ્ઞાન-પ્રકાશને મોક્ષ પહેલાંની એક પૂર્વાવસ્થા મનાય છે જેમાં અજ્ઞાન અને બંધન છે, ત્યાર બાદનો સમય છે સાધનાકાળકાળનો, વ્યક્તિગત પ્રયત્નનો ને તપસ્યાનો. આ સ્થિતિ બનતાં સુધી વર્તમાન જીવનમાં જ દેખાય છે, અથવા કેટલાક ખાસ દાખલાઓમાં આ જીવનની પૂર્વ અવસ્થામાં પરંતુ માની વાતમાં આપણે સાંભળ્યું છે કે આ પ્રકારની અજ્ઞાનતાની સ્થિતિ કદી પણ હતી નહીં. આ સિવાય બીજી અસ્તિત્વની સ્થિતિની કોઈ સંભાવના નથી, કારણ કે માએ નિશ્ચયપૂર્વક સમજાવ્યું છે કે એમનું જીવન પ્રકૃતિના નિયમોમાં બંધાયેલું નથી, તેમ જ એમનો આ આવિર્ભાવ પહેલાયં કોઈ પૂર્વ જન્મ નહોતો. અને જે એમના લગ્ન પહેલાં ને પછી સાધકના માર્ગ જેવું લાગતું હતું તે હવે આપણે જોઈશું કે કેવળ લીલા કરવા માટેના પોતે જ રચેલા નિયમોથી વધારે કાંઈ ન હતું. જેમાં લીલામાત્ર માટે એમણે ભાગ લીધો હતો. એમના જીવનમાં ત્યાર પછી એનો કાંઈ ઉપયોગ નહોતો.

વિશ્વના પ્રખ્યાત સાધુસંતોમાં આપણને ભાગ્યેજ જોવા મળે છે કે એમનામાં જ્ઞાનનો પ્રકાશ થતાં પહેલાં ગ્લાનિ, નિરાશા ને વ્યક્તિગત તપસ્યાનાં દુઃખો ન હોય. માએ એમના જીવનમાં લીલા કરવા સિવાય આત્મા કે અધ્યાત્મને લગતો કોઈ અંધકાર નથી અનુભવ્યો, કે એમને પ્રકાશ પ્રાપ્ત થવાનો કોઈ અનુભવ થયો. કહેવાય છે કે જન્મ સમયથી જ તેઓ હંમેશ કોણ હતાં અને હંમેશ કોણ રહેશે તે વિષે સભાન હતાં, અને એમનાં સ્વરૂપથી ક્ષણવાર માટે પણ વિચલિત થવાની કોઈ સંભાવના નહોતી.

આપણને ખાત્રી છે કે એમના સ્વરૂપની બહારના કોઈ તત્ત્વના પ્રભાવથી એમનું સ્વરૂપજ્ઞાન નહોતું પ્રગટ થયું, એ તો સદાકાળ એમની સાથે હતું, એમના સ્વરૂપની સ્થિતિ હતી. એની સંપૂર્ણતામાં એ પહેલેથી હતું જ, એને એમના તરફથી કોઈ પ્રયત્નની આવશ્યકતા નહોતી, એને વધારે પૂર્ણ થવાની કે ઈશ્વરકૃપાની આવશ્યકતા નહોતી.

OOO

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે છે તે જ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પુરુષોત્તમયોગનું વર્ણન છે, જે ક્ષર અને અક્ષરથી પર છે, વ્યક્તમાં ચિન્મયલીલા અને જ્ઞાનસ્વરૂપ છે, એનો જ ઉપદેશ - પરમારાધ્યા અખંડભાવઘન શ્રી શ્રીમાનું વ્યાવહારિક જીવન જે એક ખેલમાત્ર છે. એમાં તત્ત્વસ્વરૂપે પુરુષોત્તમયોગની ઝાંખી આપણને મળે છે. શ્રી શ્રીમાને શ્રીમુખેથી નિઃસૃત વાણી, ગંભીર અતલ મહાસાગરના મોતીરૂપે આપણી બુદ્ધિમાં યત્ કિંચિત્ આવે છે.

માની વાણી વેદવાણી છે, કેમ કે એ સ્વયં-સ્ફુરિત છે. એવું જ માનું સૂત્ર -"જો હૈ વહી હૈ." શબ્દો કેટલા વિશિષ્ટ અને વિસ્તૃત છે ! વ્યક્ત-અવ્યક્ત, વિશ્વ-વિશ્વાતીત, આનન્દ-નિરાનન્દ, એકમાં અનંત-અંનતમાં એક, બધામાં બધું, સાકાર (સ્વઆકાર) -નિરાકાર, સવિશેષ-નિર્વિશેષ, 'છે' માં પણ - 'નથી'માં પણ, અને સર્વમાં છે.

માને કોઈએ કહ્યું, "ભગવાન નથી." માએ હસીને કહ્યું, બાબા, બરાબર કહો છો કે ભગવાન નથી, પણ આ શરીર સદા કહે છે 'જે છે તે જ છે.' (જો હૈ વહી હૈ) - એના સિવાય કાંઈ છે જ નહિ. એને જે કંઈ પણ કહો, તે જ છે.

દેવ્યથર્વશીર્ષમાં આવે છે : હું બ્રહ્મસ્વરૂપિણી છું. મારામાંથી પ્રકૃતિપુરુષાત્મક જગત્ , શૂન્ય-અશૂન્ય, આનંદ-અનાનંદ. હું વિજ્ઞાન-અવિજ્ઞાન, મને બ્રહ્મ-અબ્રહ્મ જાણવી. હું પાંચ ભૂતો છું-પાંચ ભૂતો નથી (પણ). હું અખિલ જગત્. હું વેદ-અવેદ. હું વિદ્યા-અવિદ્યા. હું અજા-અનજા.

એ જ વાત ગીતાના ૧૫ મા અધ્યાયના શ્લોક ૧૭-૧૮માં છે :

ઉત્તમ : પુરુષસ્ત્વન્ય : પરમાત્મેત્યુદાહૃત :
યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વર : ॥૧૭॥
યસ્માત્ક્ષરમતીતોઽહમક્ષરાદપિ ચોત્તમઃ ।
અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥૧૮॥

માને કોઈકે પૂછ્યું, "આપનું સ્વરૂપ શું છે ?" માનો ઉત્તર હતો, "તમે લોકો જે કહો તે જ. ઘટમાં, પટમાં સર્વમાં વિરાજિત છે. જડ-ચેતન, શાંત-અશાંત, જ્ઞાન-અજ્ઞાન, ખંડ-અખંડ, બંન્ને યુગપત્, નિંદ્વદ્વ, અવ્યય, અક્ષર."

પરમારાધ્યા શ્રી શ્રીમા ચિરમુક્ત છે. મા સહુની સાથે છે. એમનું હરવું-ફરવું બધું સરખું છે. મા કહે છે, "આ શરીર કશે જતું નથી, આવતું નથી, કોઈની સામે જોતું નથી, કોઈનું ખાતું નથી, પીતું નથી. તમે લોકો જે બોલો (કહો), જે સમજો, બધું હું જ છું. જે છે તે જ છે. આ શરીરનો જન્મ પ્રારબ્ધભોગને માટે નથી. મા પાસે સહુ સમાન છે. સહુની સાથે આત્મિક સંબંધ છે, પ્રાણનો યોગ. આ શરીરનું નિજસ્વ કહેવાથી વિશ્વ-વિશ્વાતીત બધું જ નિજસ્વ. જુદું કાંઈ જ નહિ. એક એ જ તો છે."

માને સંકલ્પ-વિકલ્પ જેવું કશું જ નથી. શરીરના આવિર્ભાવનો કોઈ ઉદ્દેશ્ય નથી, જેમ કે અવતારનો હોય છે. માનું બધું સ્વસ્ફુરિત છે. જૂનું-નવું આપણી દૃષ્ટિએ છે-પાત્રાનુસાર. માનું તો "જો હો જાય." અસલી વાત તો માને ઓળખવાની છે, માને પામવાની છે, અને સ્વયમ્ "એ" બની જવાનું છે. ભક્તિની પરમ અવસ્થા અને જ્ઞાનની ચરમ અવસ્થા "એ જ તો છે," અંતર ક્યાં છે ? પરિવર્તન લાવવું, કંઈ કરવું, કશું જ નહિ. "જો હૈ વહી હૈ"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"જે છે તે જ છે." જે થવાનું છે તે પૂર્વનિશ્ચિત છે. કરવું ને કરાવવું તે ક્રિયા છે, પણ "વહી તો હૈ" "એ જ તો છે" તે ક્રિયારહિત ક્રિયા છે.

માને મન નથી. બધી વાતો, વ્યવહાર કેવી રીતે ? માનો આ પ્રકાશ, આવિર્ભાવ તે ચૈતન્ય અખંડ સત્તા, શુદ્ધ ચૈતન્યનો વિલાસમાત્ર. ત્યાં મન-બુદ્ધિનો ખંડ ભાવ ક્યાંથી હોય ? માની વાત જ જુદી છે. ત્યાં અનંતતા સાથે સંપૂર્ણ એકાત્મકતા, સર્વાત્મકતા. વ્યવહાર અનુરૂપ જે કંઈ પ્રકાશમાં આવે છે તે અનંતનું જ સ્પંદન ને સ્ફુરણ છે. તે જ ક્ષણે સ્ફુરીને પ્રકાશિત થાય છે, છતાં માના સર્વ ક્રિયા-કલાપો કલ્યાણકારી છે. છતાં ઈચ્છા-અનિચ્છાનું દ્વંદ્વ ત્યાં નથી. આપણી દૃષ્ટિએ વ્યાવહારિક કે લૌકિક લાગવા છતાં પણ. એ તો સંપૂર્ણ છે. પૂર્ણમાં તો દ્વંદ્વ પણ આવી જાય છે, સમાહિત થઈ જાય છે. માને કોઈએ પૂછ્યું, "આપને સંકલ્પો થાય છે ?" માએ કહ્યું, "જ્યાં સંકલ્પ હોય ત્યાં વિકલ્પ થાય છે. યહાં તો સબ ધોયા-પોંછા હૈ." (અર્થાત્ ધોઈને લૂછી નાખ્યા પછી કંઈ નિશાનિઓ રહેતી જ નથી. બધું ધોવાઈ ગયા પછી શું ?) ઈતિ.

આના અનુસંધાનમાં કેટલાંક સ્મરણો નીચે આપ્યાં છે :

રાયપુર આશ્રમ : એક સજ્જને માને પ્રશ્ન પૂછયો, "પૂર્વ જન્મમાં આપ ક્યાં હતાં ?" માએ કહ્યું, "જ્યાં છું ત્યાં જ." પ્રશ્નકર્તાએ ફરી પૂછ્યું. "આ વાત આત્માની દૃષ્ટિએ નથી. આપ જેમ અહીં બેઠાં છો, તેમ પૂર્વજન્મમાં ક્યાં હતાં ?" માનો પૂર્વોક્ત એ જ ઉત્તર, "જ્યાં છું ત્યાં જ."

ભુવનેશ્વર : કોઈએ પ્રશ્ન પૂછયો, "મા, તમે પોતાના દેહમાં જે રીતે અત્યારે સ્વરૂપબોધ કરો છો, તે જ રીતે અન્ય દેહમાં સ્વરૂપબોધ કરો છો કે ?" માએ કહ્યું, "આમાં ને એમાં જરીકે પાર્થક્ય નથી." કેવી ગહન વાત !

જગન્નાથપુરી : પ્રશ્ન : મા, આપની અંદર કંઈ સંશયો નથી ઊભા થતા ? કે પછી કંઈ ચિંતા વગેરેથી વિક્ષેપો નથી થતા ? માએ ઉત્તર આપ્યો, "કોઈ ગોલમાલ નહીં. ચિંતા-ભાવના કા લેશમાત્ર ભી નહીં." (ગોલમાલ એટલે ગોટાળો, ગડબડ, ગૂંચવણ.)

એક વાર મા ચુપચાપ બેઠાં હતાં. માને કોઈએ પૂછ્યું, "આપ શું વિચારો છો ?" માએ કહ્યું, "કાંઈ નહિ."

ફરીથી પૂછ્યું, "શું આપ કદીયે કંઈ જ નથી વિચારતાં ?" માએ કહ્યું, "કુછ નહીં. સબ ધુલા-પુંછા હૈ. અનંતકા અનંત સ્ફુરણ, જો અપના નિજસ્વ, જો ધારા હો વહ ક્યા સાધારણ ધારા હો સકતી હૈ ?"

OOO

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો - માતૃલીલા

- પરિવ્રાજક

શ્રી શ્રીમા પૂર્વ બંગાળમાંથી ઉત્તર પ્રદેશમાં પ્રથમ વાર દેહરાદૂન પાસે રાયપુરના પ્રાચીન શિવ મંદિરમાં પધાર્યાં. મા સ્વયમ્ બ્રહ્મસ્વરૂપા છે તે સત્યની આધ્યાત્મિક જગતમાં તથા સંતો-મહાત્માઓમાં જાણકારી કરાવવામાં બ્રહ્મલીન સંત પૂજ્ય શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીજીનું સ્થાન અગ્રગણ્ય છે. ઘણાં વર્ષો પૂર્વે દેહરાદૂનમાં સહસ્ત્રધારામાં બ્રહ્મલીન હરિબાબાજી, અવધૂતજી વગેરે શ્રીમદ્ ભાગવત-સપ્તાહ અંગે પધાર્યા હતા. તે વખતે પ્રભુદત્તજી મહારાજે હરિબાબાજીને મા વિષે કહ્યું, અને હરિબાબાજીએ પ્રભુદત્તજી મહારાજને કહ્યું કે શ્રી શ્રીમાને સપ્તાહ દરમ્યાન સહસ્ત્રધારામાં આગમન કરવા કહેવું. બ્રહ્મચારીજીએ શ્રી શ્રીમાને અનુરોધ કર્યો અને શ્રી શ્રીમાએ સંમતિ આપી.

આ વખત સુધીમાં સ્વામી પરમાનંદજી મા પાસે આવીને રહેવા લાગ્યા હતા, તેથી તેઓ પણ મા સાથે હરિબાબા પાસે ગયા. પ્રથમ દર્શને જ હરિબાબાજી, કે જેઓ એક સિદ્ધ કોટિના સંત હતા, માથી અપૂર્વરૂપે પ્રભાવિત થઈ ગયા. પરંતુ શ્રી કૃષ્ણાનંદ અવધૂતજીએ પરમાનંદજીને ટકોર કરી કે તમે ઉત્તરકાશીમાં વેદાન્તનું ગહન અધ્યયન કર્યું છે અને "માઈ" લોક પાસે ક્યાંથી આવી ગયા ? સ્વામીજીએ વળતો ઉત્તર આપ્યો, "વેદાન્તનું અધ્યયન કર્યું છે, પણ વેદાન્તનું પ્રત્યક્ષ પ્રમાણ શ્રી શ્રીમાનાં દર્શન કર્યા પછી અનુભવ્યું, જે મા પાસેથી પ્રાપ્ત થયું તે હજી સુધી બીજે કશેથી નથી મળ્યું."

પછીથી એક વાર મા રાયપુર આશ્રમમાં પધાર્યાં, ત્યારે અવધૂતજી પણ આવી ચઢ્યા - કદાચ ઉત્સુક્તાવશ ? ઘટનાચક્ર એવું ફર્યું કે થોડા દિવસ બાદ વહેલી સવારમાં એક સાધુ આશ્રમમાં આવી પહોંચ્યા, અને માને બોલાવ્યાં. ગમે તેવી અસભ્ય ભાષામાં એણે બોલવાનું ચાલુ કર્યું. તત્ક્ષણ અવધૂતજી ક્રોધે ભરાયા, સાધુને ખૂબ કડક ભાષામાં ધમકાવ્યો. પરંતુ માએ શાંતિથી અવધૂતજીને કહ્યું, "પિતાજી, આજ સુબહ, સુબહ ભગવાન ઈસ રૂપમેં દર્શન દેને આયે હૈં" અને માએ સાધુને હાથ જોડ્યા. સાધુજી તરત જ નરમ પડી ગયા. અવધૂતજી માને પ્રણામ કરીને કહેવા લાગ્યા, "ખરેખર, પરમાનંદજી કહેતા હતા તે સત્ય છે. આજે સ્થિતપ્રજ્ઞનાં પ્રત્યક્ષ દર્શન અને લક્ષણ શ્રી શ્રીમામાં જોયાં."

ત્યાર બાદ અંતકાળ સુધી અવધૂતજી માના અનન્ય ભક્ત બની રહ્યા. એક વાર શ્રી શ્રીમાનાં દર્શન એમને સિંહવાહિની દુર્ગારૂપમાં થયાં હતાં, જેને લીધે એમણે જન્મોત્સવમાં અષ્ટધાતુનો સિંહ બનાવી, તેના પર માને બિરાજમાન કરીને પૂજા કરી.

સુવિચાર

જ્યારે તમે ભગવાનને પ્રેમ કરો છો, સ્થિતિ સર્વથા જુદી થઈ જાય છે. અહીં પ્રેમાસ્પદનું શુદ્ધ સ્વરૂપ છે. તમારો પ્રેમ તમને તે શક્તિ-કેન્દ્ર સાથે સંબંધિત કરી દે છે, જ્યાંથી અનંત પાવનતાનો પ્રવાહ તમારી તરફ ઉભરાઈ જાય છે. તમારો પ્રયત્ન જો અલ્પ હોય તો પણ તે પ્રેમાસ્પદના પ્રભાવથી અનંત થઈ જાય છે, અને તમારી શુદ્ધિમાં વિલંબ નથી થતો.

પ્રેમ કોને કરવો જોઈએ ? પ્રેમ સ્વયમ્ શુદ્ધ છે, નિર્મળ છે, પ્રકાશસ્વરૂપ છે. નિયમ તો એવો છે કે સંબંધ સદા સમગુણ વસ્તુઓમાં જ થાય છે. સદા વિરોધી ધર્મવાળી વસ્તુમાં સંબંધ નથી થતો. શરીર અનિત્ય છે, વિકારી છે, જડ છે, તમોગુણપ્રધાન છે. એવા અપવિત્ર, જડ, નશ્વર શરીરથી શુદ્ધ, અવિનાશી, પ્રકાશસ્વરૂપ પ્રેમનો સંબંધ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કેવી રીતે થઈ શકે ?

આત્મશુદ્ધિ

હવે તો વૈજ્ઞાનિકો કહે છે કે અમારા નિયમો, નિર્ધારણો, અમારી ભવિષ્યવાણીઓ ત્યાં સુધી બરોબર છે જ્યાં સુધી એક મોટી સંખ્યા અરબો પરમાણુઓને લઈને કાર્ય કરતી રહે. આ સંખ્યા જેટલી ઓછી થતી જશે, પરીક્ષણ તેથી અનિશ્ચિત થતું જશે. આમાં મૂળ વાત એ છે કે એક પરમાણુમાં સ્થિત કણોનું ચોક્કસ અધ્યયન કરવાનો કોઈ ઉપાય નથી, તેથી કોઈ દિવસ જાણી શકાય નહિ. અમારા નિયમો તો માત્ર સાંયોગિક નિયમો છે.

સેવા અને પ્રેમ

આ સેવા અને પ્રેમ બે જુદાં નથી, બંન્ને એક જ છે, કારણ કે પ્રેમ કદી નિષ્ક્રિય નથી હોતો. સેવા પ્રેમ વગર સાચી નથી, પણ ખોટી હોય છે. સેવામાં થોડુંક સાવધાન રહેવાની જરૂર છે. જ્યારે સેવામાં કોઈ ઈચ્છાનો ઉદય થાય છે, જેમ કે સેવા કરવાથી મને આ મળશે, અર્થાત્ કોઈ ફળ માગીએ, ત્યારે સેવામાં વિકાર આવે છે, સેવા વિફળ થઈ જાય છે.

મેં અમુક સેવા કરી છે, અને અમુક - અમુક સેવા હું કરું છું, અને ભવિષ્યમાં પણ એવી સેવા કરીશ, આ પ્રકારનું અભિમાન પણ ન થવું જોઈએ. અભિમાનનો સંપર્ક થતાં જ સેવા દુકાનદારી બની જાય છે, અર્થાત્ ફળનો સંબંધ જોડાતાં જ સેવા વિકૃત બની જાય છે, સડી જાય છે. એટલા માટે, સેવામાં ઉપર કહ્યા મુજબ, હું સેવક છું એ અભિમાન ન આવવું જોઈએ. પોતે કરેલી સેવા કદાપિ મોટી ન લાગવી જોઈએ. સેવાના બદલામાં કોઈ ચાહ ન રાખો.

સેવા એ પ્રેમનું સાકાર રૂપ છે. એમ પણ કહી શકાય કે સેવાનું બીજ પ્રેમ છે. પ્રેમ એટલે તૃપ્તિ. પ્રેમ એટલે તરસ. જો તૃપ્તિ ન મળે તો તરસમાં પુરુષાર્થ થઈ શકે નહિ.

સેવા સાધન જ સ્વયમ્ ફળ છે.

OOO

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઋગ્વેદની સ્ત્રી-ઋષિઓ

- યશોધર મહેતા

વેદકાળમાં જે ઋષિઓ થયા તે બધા કંઈ પુરુષો જ નહોતા પરંતુ સ્ત્રી-ઋષિઓ પણ સારા પ્રમાણમાં થઈ હતી. એ સ્ત્રી-ઋષિઓની ઘણી રસિક વાતો આપણને ઋગ્વેદમાંથી મળી આવે છે. આજે હું તેમાંની કેટલીક બ્રહ્મવાદિની સ્ત્રીઓ વિષે બે શબ્દો લખીશ.

ઋગ્વેદનો યુગ કેવો હતો તે કહેવાને આપણી પાસે ઋગ્વેદની ઋચાઅ સિવાય બીજાં કોઈ સાધનો નથી. પરંતુ ઋચાઓ ઉપરથી એટલું તો જરૂર લાગે છે કે એ યુગ જીવનના શોખ અને તરવરાટવાળો હતો. જીવન એ ફક્ત નિષેધ અને વૈરાગ્ય અર્થે નહિ પણ ઈશ્વરની સાથે કુદરત દ્વારા એકતાન થવા સારું મળેલી એક બક્ષિસ છે, એવું એ યુગનું માનવું હતું. બેશક, ઋગ્વેદના સમયનો વિસ્તાર એટલો બધો છે કે એને એક સળંગ યુગ કહી શકાય નહિ. લગભગ દોઢ હજાર વર્ષના વિસ્તારવાળા યુગને એક નહિ પણ પાંચ દસ યુગોનો સમુદાય કહી શકાય. પરંતુ એ સમુદાયમાં પણ એક વાત તો ઉપર તરી આવે છે કે એ યુગના લોકો જીવનને તરછોડતા નહોતા અને તેને મિથ્યા, માયિક કે અસાર કશું જ માનતા નહોતા. જીવનને એ લોકો પરમાત્માનો પ્રસાદ ગણતા હતા, અને શક્તિ અને સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરતા હતા. ઋગ્વેદના મંત્રો શક્તિ અને સ્વાસ્થ્ય અર્થે છે, અને પુરુષ તથા સ્ત્રી-ઋષિઓ સંસારનો ઉપભોગ પરમ આનંદથી અને તંદુરસ્ત મનથી કરતા હતા.

ઘોષા આવી એક સ્ત્રી-ઋષિ હતી. ઋગ્વેદના દસમાં મંડળમાં તેના મંત્રો છે. તે હતી કક્ષિવાન્ ઋષિની પુત્રી અને પિતાની લાડકી પણ હતી. દુર્ભાગ્યે એને કોઢ થયો અને પરિણામે લગ્નનો વિચાર માંડી વાળવો પડ્યો. પિતાની પાસે રહેતી આ વિદૂષી અસાધારણ પ્રતિભાવાળી હતી. તેનામાં પ્રબળ ઈચ્છાશક્તિ હતી અને યૌવનના સાગરમાં ઉછળતી હોવા છતાં કોઢના દોષથી પતિ મળવાની મુશ્કેલી ચાલુ રહી. ઘોષા હિંમત હારે તેવી કાચી માટીની નહોતી. એનામાં શ્રદ્ધાનું બળ હતું અને તેણે અશ્વિનોની ઉપાસના આદરી. ઋગ્વેદના ઋષિઓ ઉપાસના દ્વારા શક્તિ મેળવતા, અને બ્રહ્મશક્તિ પાસે ધારેલી ઈચ્છા પૂર્ણ કરાવી શકતા. ઘોષાની ઉગ્ર ઉપાસનાથી અશ્વિનો પ્રસન્ન થયા, અને યુવાવસ્થા, તંદુરસ્તી અને સુખસમૃદ્ધિ, એ ત્રણે વરદાનો તેમણે ઘોષાને આપ્યાં. ઘોષાએ તે વરદાનોના ફળરૂપે પતિની કામના કરી અને એક લાયક પતિ પણ મેળવ્યો. આ શક્તિસંપન્ન સ્ત્રીને સુહસ્તિ નામનો પુત્ર પણ થયો. ઘોષાએ પોતાના હૃદયમાંથી ઉચ્ચારેલા શબ્દો મંત્રરૂપે જળવાયા છે અને એવું મનાય છે કે ઉત્કટ ભાવના હોય તો એ મંત્રો ફળે છે.

ઘોષાએ ઉચ્ચારેલા મંત્રો ધ્યાન ખેંચે તેવા છે. અશ્વિનોને એ કહે છે કે, હે અશ્વિનો, તમે પ્રાચીનકાળમાં તમારી ઉપાસના કરનાર ચ્યવન ઋષિને યૌવન આપ્યું હતું, અને તે જ રીતે અનેકોને યૌવન તથા તંદુરસ્તી આપ્યાં હતાં. પ્રાચીનકાળમાં યુદ્ધમાં જેનો હાથ કપાઈ ગયો હતો તેવી વધ્રીમતી નામની વીરાંગનાને તમે હાથ પણ આપ્યો હતો. તેવી જ રીતે તમે પ્રાચીનકાળની વિશ્પલા નામની વીરાંગના કે જેની જંઘા યુદ્ધમાં કપાઈ ગઈ હતી તેને જંઘા પણ આપી હતી. તમે કલિ ઋષિને તથા વંદન ઋષિને યુવાવસ્થા અને આરોગ્ય આપ્યાં હતાં, અને તેવી જ રીતે તમે રેભ નામના ઋષિને પણ યુવાવસ્થાનું પ્રદાન કરીને અનેક ભોગ ભોગવવાને શક્તિમાન કર્યા હતા.

ઘોષાના અને બીજી સ્ત્રી ઋષિઓના મંત્રો ઉપરથી એટલું તો જરૂર લાગે છે કે તે યુગમાં સ્ત્રીઓ પિતાને ત્યાં મોટી ઉંમર સુધી રહેતી હતી, અને પતિ પણ તેમની સાથે સસરાને ત્યાં રહેવામાં નાનમ નહોતો માનતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વધ્રીમતી અને વિષ્પલા નામની વીરાંગનાઓના ઉલ્લેખથી સમજાય છે કે સ્ત્રીઓ યુદ્ધમાં ભાગ લેતી હતી. ઘોષાના શબ્દો પ્રબળ અને પ્રાણવાન્ છે.

ઋગ્વેદ કાળની એક બીજી સ્ત્રી-ઋષિ હતી અપાલા. તેને ઉલ્લેખ આઠમા મંડળમાં આવે છે. તેને યુવાવસ્થામાં ચામડીનું દર્દ થયું. પરિણામે તેના શરીર ઉપર વાળ બિલકુલ રહ્યા નહિ. પોતાનું સૌંદર્ય આ રીતે ખંડિત થયું તેથી તે શોકાતુર બની. એના પિતા પણ સમર્થ ઋષિ હતા અને તેમનું નામ અત્રિ હતું. પિતાને તે ઘણી વહાલી હતી અને સદા તેમની પાસે રહેતી હતી. પોતાની ચામડીનું દર્દ દૂર થાય અને તંદુરસ્તી તથા યૌવન સદા રહ્યા કરે તે માટે તેણે ઈન્દ્રની ઉગ્ર ઉપાસના શરૂ કરી. એના મંત્રોમાં સોમમંત્રો પણ છે. ઈન્દ્રે પ્રસન્ન થઈ તેને દર્શન દીધું. એમના વરદાનથી અપાલાની ચામડી તપ્તકાંચનવર્ણી બની ગઈ, અને સૌંદર્યના મંડન જેવા સોહામણા વાળ ફરીથી ઊગ્યા. અપાલાએ ઈન્દ્ર પાસે પોતાના પિતાની સમૃદ્ધિ તથા તંદુરસ્તી પણ માગ્યાં, અને એની શ્રદ્ધાભક્તિયુક્ત ઉપાસનાથી પ્રસન્ન થયેલા ઈન્દ્રદેવે તે પ્રમાણે તેની સકળ કામનાઓ પૂર્ણ કરી. અપાલાને સ્ફુરેલા મંત્રોનું શ્રદ્ધાથી રટણ કરનારને તે ફળે છે એવી માન્યતા છે.

અંગિરસ્ ઋષિની પુત્રી શશ્વતી પણ બ્રહ્મવાદિની હતી. તેનો પતિ અસંગ એક મોટો રાજા હતો. પતિ અને પત્ની વચ્ચે બહુ પ્રેમ હતો. દુર્ભાગ્યે અસંગે પોતાનું પુરુષત્વ ગુમાવ્યું. શશ્વતી મક્કમ મનની તેજસ્વી સ્ત્રી હતી. એણે ઈન્દ્રદેવની આરાધના શરૂ કરી. ઉગ્ર ઉપાસનાને અંતે ઈન્દ્ર તેના પર પ્રસન્ન થયા અને તેના પતિને પૂર્ણ પુરુષત્વ ફરીથી પ્રાપ્ત થયું. આજનો જમાનો હોત તો સ્ત્રીએ ઉગ્ર ઉપાસનાને બદલે છૂટાછેડા લીધા હોત ! પણ આજે શ્રદ્ધાભક્તિયુક્ત શશ્વતીઓ પણ ક્યાં છે ? શશ્વતીના ઉચ્ચારેલા મંત્રોથી સ્ત્રીને અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થાય છે એવી માન્યતા છે.

કશ્યપ ઋષિની કન્યા શિખંડિની પણ મોટી ઋષિ હતી. તેણે સોમની સ્તુતિના મંત્રો રચ્યા છે. એ મંત્રોથી ધન, સંપત્તિ અને યૌવન પ્રાપ્ત થાય છે એવી માન્યતા છે. શિખંડિનીના શબ્દો પણ બહુ પ્રભાવશાળી છે. કશ્યપ ઋષિની પુત્રી એટલે પછી પૂછવું જ શું ? શિખંડિની અવિવાહિત રહી હતી અને સંસારનાં બંધનોથી મુક્ત વિચરતી હતી. તેના મુક્ત આચાર-વિચારને કારણે કદાચ તેને 'અપ્સરા' કહેવામાં આવી હશે એવું મારું અનુમાન છે. કશ્યપ ઋષિને તો તે ઘણી વહાલી હતી.

વિશ્વવારા પણ સમર્થ સ્ત્રી-ઋષિ હતી. તે હતી અગ્નિની ઉપાસક અને પ્રાણોપાસના પણ કરતી હતી. એને અગ્નિની સિદ્ધિ થઈ હતી, જેને પરિણામે તેને સંપૂર્ણ યૌવન તથા સૌભાગ્ય પ્રાપ્ત થયાં હતાં. વિશ્વવારાએ રચેલા મંત્રો ઋગ્વેદના પાંચમા મંડળમાં છે.

અંભૃણ ઋષિની પ્રિય પુત્રી વાક્ પણ અત્યંત તેજસ્વી ઋષિ હતી. તેનું રચેલું વાક્સૂક્ત વિખ્યાત છે. આ બ્રહ્મવાદિની સ્ત્રી આત્માનું અહોરાત્ર ચિંતન કરતી સમાધિમાં ચાલી જતી હતી. પરમાત્મા સર્વવ્યાપી છે અને સત્-ચિત્-આનંદરૂપ છે એવો નિશ્ચય તેણે પ્રસિદ્ધ કર્યો હતો. તેણે ભારતીય ફિલસૂફીનું એક નવું મંડાણ કર્યું. તેની બ્રાહ્મી સ્થિતિ અલૌકિક હતી. તમામ સ્થાવર-જંગમ સૃષ્ટિ સાથે તેણે એકતા અનુભવી હતી. તેને નિશ્ચય થઈ ચૂક્યો હતો કે જગત્ એ પોતાના મનનું જ પ્રતિબિંબ છે, એટલે કે પોતે જ જગત્‌રૂપે વિસ્તરી હતી અને પોતે જ તેનું અધિષ્ઠાન હતી. આ સુંદર સૂક્તની કક્ષામાં મૂકી શકાય તેવાં બીજાં સૂક્તો ઋગ્વેદમાં બહુ ઓછાં હશે. (જુઓ ચંડીપાઠમાં ઋગ્વેદોક્ત દેવીસૂક્ત.)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાત્રી હતી ભારદ્વાજ ઋષિની પુત્રી. એણે રચેલા સૂક્તનું નામ છે રાત્રીસૂક્ત. (જુઓ ચંડીપાઠમાં વેદોક્ત રાત્રીસૂક્ત.) સાહિત્યની દૃષ્ટિએ એ એક ઉત્તમ કૃતિ છે. રાત્રીને માટે એણે જ કેટલાક સુંદર શબ્દો વાપર્યા છે તેમાંના બે હું રજૂ કરીશ. એક સ્થળે રાત્રીને તે "મરણરહિતા" કહે છે, અને બીજે સ્થળે તેને "ઉરુવિસ્તીર્ણમન્તરિક્ષા" કહે છે. નૈસર્ગિક કાવ્યશક્તિનો આસ્વાદ કેવો હોય તે જેણે લેવો હોય તેણે "રાત્રીસૂક્ત" જોવું જોઈએ. પોતાના અંતરની સંવેદનાઓને બાહ્ય જગત સાથે એકીભાવ પમાડી રસનિષ્પત્તિ કરાવવી એ કાર્ય ઉત્કૃષ્ટ કોટિના કવિત્વ વિના સંભવી શકતું નથી.

બૃહસ્પતિની પત્ની જુહુ પણ બ્રહ્મવાદિની હતી. તેણે પોતાના સ્વતંત્ર મિજાજને કારણે પતિનો ત્યાગ કર્યો હતો. તેના સ્વતંત્ર દિમાગને શાંત કરવા દેવોએ એને ખૂબ વિનવી, એને આખરે તેમનું માનીને પતિનો તેણે સ્વીકાર કર્યો.

પુલોમ ઋષિની પુત્રી શચી એક સમર્થ ઋષિ હતી. પોતાના પતિ ઉપર તેનું સંપૂર્ણ વર્ચસ્વ હતું, એટલું જ નહિ, પણ પતિનાં ઘરબાર તથા કુટુંબ ઉપર પણ તેનો અમલ હતો. તેણે સૂર્યની ઉપાસના કરી હતી, તેથી તેનો પ્રતાપ સૂર્ય જેવો હતો. તેના રચેલા મંત્રોનો ભાવાર્થ એવો છે કે "હું અગ્રે રહું, મારા પુત્રો વિજયી બને, મારી પુત્રીઓ રાજમાન્ય બને, મારી પાસે વિપુલ અર્થસંપત્તિ રહે અને મારા શત્રુઓ નાશ પામે."

અગસ્ત્ય ઋષિની પત્ની લોપામુદ્રા સમર્થ તત્ત્વવેત્તા હતી અને ઋષિપદ પામી હતી. અગસ્ત્ય અને લોપામુદ્રા વચ્ચેનો સંવાદ વાંચવાથી એના વિચારોનો મર્મ પકડી શકાય તેમ છે. સ્ત્રી અને પુરુષનો સંબંધ ત્યાજ્ય નથી, એટલું જ નહિ પણ આનંદની નિષ્પત્તિને પરિણામે બ્રહ્મસાયુજ્ય કરાવનારો એવું તે માનંતી. લોપામુદ્રાને બ્રહ્મચર્ય ગ્રાહ્ય નહોતું. એ યુગમાં બ્રહ્મચર્યનો અર્થ સ્ત્રીપુરુષના સંબંધનો નિષેધ એવો થતો નહોતો. જીવન યમનિયમવાળું અને વ્રતબદ્ધ હોય તેવું બેશક તેઓ માનતા હતા પરંતુ એમને ભોગ પ્રત્યે વૈરાગ્ય નહોતો. સાથે એ પણ કહેવું ઘટે કે ભોગની અંધ લાલસાને પણ એ લોકો લાત મારતા હતા.

પ્રકૃતિ એટલે કે કુદરતની સાથે અખંડ એકાકાર વૃત્તિથી રહેનારા યુગની આ સ્ત્રીઓ મનસ્વી, મસ્ત, મેધાવી હતી. ઋગ્વેદના યુગનું પ્રતિબિંબ એમના શબ્દોમાં સચવાયું છે. સંસારને એ સ્ત્રીઓ મિથ્યા માનતી નહોતી, પણ બ્રહ્મનો રસ છે એવું માનતી હતી. એ યુગ શક્તિની અને તંદુરસ્તીની ઉપાસનાનો હતો.

ooo

("ઋષિઓનું સ્વરાજ્ય" માંથી)

વાસના પોતાના દેહ, ઇન્દ્રિયો અને અહંકારની તૃપ્તિ ચાહે છે, જ્યારે પ્રેમ પ્રેમાસ્પદની તૃપ્તિ ચાહે છે. તેમાં પોતાના શરીર, પોતાની ઇન્દ્રિયો તથા પોતાના અહંકારની તૃપ્તિની માગણી કદાપિ નથી હોતી. તેની તો પૂર્ણ ઉપેક્ષા પ્રેમમાં છે.

- પરિવ્રાજક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક અદ્‌ભુત સિદ્ધિ - નીમકરોલી બાબા.

શ્રી શ્રીમા પાસે આ અદ્‌ભુત મહાત્મા ઘણી વાર આવી ગયા હતા. સ્વામી રામનું પુસ્તક ''હિમાલયના સિદ્ધ યોગી'' નીમકરોલી બાબા વિષે એક અધ્યાયમાં જણાવે છે :

નિઃસ્વાર્થતા એ આધ્યાત્મિક મનુષ્યનું એક પ્રમુખ લક્ષણ છે. એક વિખ્યાત સંત હતા નીમકરોલી બાબા. તે નૈનીતાલમાં રહેતા હતા. કોઈ તેમને મળવા આવે તો તે કહેતા, ''ભલે તો, મેં તમને જોઈ લીધા, તમે મને જોઈ લીધો. હવે જાઓ, જાઓ.''

એક વાર અમે બેઠા બેઠા વાતો કરતા હતા, ત્યાં દેશનો એક અત્યંત શ્રીમંત માણસ નોટોનું મોટું પોટલું લઈને આવ્યો અને બોલ્યો, ''મહારાજ, આ તમારે માટે લાવ્યો છું.''

બાબાએ નોટો પાથરીને તેના પર બેઠા. પછી કહ્યું, ''ગાદી તરીકે આ કંઈ બહુ સગવડવાળું નથી લાગતું. વળી મારી પાસે ચૂલો નથી, તેથી તાપણા માટે તેને બાળી શકાય એમ પણ નથી. મારે એનો કંઈ ખપ નથી, હું એનું શું કરું ?''

પેલાએ કહ્યું, ''મહારાજ, આ પૈસા છે.''

બાબાએ પૈસા પાછા આપી થોડાં ફળ લઈ આવવા કહ્યું. શ્રીમંત માણસે કહ્યું, ''મહારાજ, અહીં ક્યાંય બજાર નથી.''

''તો પછી તું શાથી કહે છે કે એ પૈસા છે ?'' બાબાએ કહ્યું, ''એનાથી ફળ ન ખરીદી શકાતાં હોય તો મારે માટે એ પૈસા નથી.'' પછી પૂછ્યું, ''મારી પાસેથી તને શું જોઈએ છે ?''

''મને માથાનો દુઃખાવો છે.''

બાબાએ કહ્યું, ''એ તો તેં તારી મેળે ઊભો કર્યો છે. હું તારે માટે શું કરી શકું ?''

એણે વિરોધ કર્યો, ''બાબા, હું તમારી મદદ માટે આવ્યો છું.'' બાબા જરા નરમ પડ્યા, ''ભલે, હવેથી તને માથાનો દુઃખાવો નહિ થાય. પણ તું પોતે હવેથી બીજાઓ માટે માથાનો દુઃખાવો બનીશ કે દુઃખી દુઃખી થઈ જઈશ, અને તારી આખી નાત માટે તું શિરદર્દ થઈ પડીશ.'' અને ખરેખર, આજે પણ એ માણસ એની આખી નાત માટે માથાના દુઃખાવા જેવો છે.

દુનિયામાં સરખી રીતે જીવવા માટે થોડા પૈસા હોવા એ એક જરૂરી સાધન છે, એ ખરું, પણ જરૂર કરતાં વધારે પૈસાનો સંગ્રહ કરવો એ પાપ છે, કારણ કે આપણે બીજાઓને વંચિત કરીએ છીએ અને સમાજમાં અસમાનતા ઊભી કરીએ છીએ.

નીમકરોલી બાબા રામના ભક્ત હતા. તેઓ હંમેશાં મંત્ર રટતા રહેતા, જે કોઈ સમજતું નહોતું. ઉત્તર ભારતમાં ઘણા લોકો તેમની પાછળ પાછળ ફરતા. તેમની રીતે ઘણી ગૂઢ હતી. કોઈ તેમને મળવા આવે તો તેઓ કહેતા, ''ફલાણા ફલાણા ઝાડ નીચે બેસીને તમે ફલાણા જણને મારી વિરુદ્ધ વાતો કહેતા હતા.'' તેઓ ચોક્કસ દિવસ અને સમય કહેતા. પછી કહેતા, ''હવે તમે મને જોઈ લીધો. જાઓ જાઓ.'' અને પછી તે કામળાથી પોતાને ઢાંકી દેતા.

એક દવાવાળો બાબાનો ભક્ત હતો, તે એક દિવસ તેમને મળવા આવ્યો. હું પણ ત્યારે ત્યાં હતો. બાબાએ પૂછ્યું, ''મને ભૂખ લાગી છે. તું શું લઈને જાય છે ?''

દવાવાળાએ કહ્યું, ''આ તો સોમલની ભૂકી છે. થોભો, હું તમારે માટે કંઈ ખાવાનું લઈ આવું.'' પણ બાબા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો એના હાથમાંથી ભૂકી ઝૂંટવીને મુઠ્ઠી ભરીને ખાઈ ગયા. પછી તેમણે એક પ્યાલો પાણી માગ્યું. પેલાને તો થયું કે ઝેરથી બાબા નહિ રહે, પણ તેઓ તો બીજે દિવસે તદ્દન સ્વસ્થ હતા. બાહ્ય દુનિયાનું તેમને બહુ ભાન નહોતું. આપણે એમને પૂછીએ કે તમે જમ્યા છો ? તો તેઓ "હા" કે "ના" કહેતા, પણ તેનો કાંઈ અર્થ ન રહેતો. તમારું મન બીજે હોય તો તમે દિવસમાં ઘણી વાર ખાઓ તો યે ભૂખ્યા જ રહો. એમના સંબંધમાં મેં આવું જોયું હતું. જમ્યા પછી પાંચ મિનિટ પછી તેઓ કહેતા, "મને ભૂખ લાગી છે."

હું તેમને ત્યારે કહેતો, "તમે જમી લીધું છે."

તેઓ જવાબ આપતા, "અચ્છા, તો પછી મને ભૂખ નથી લાગી."

હું જો તેમને એમ ન કહું તો તેઓ ખાતા અટકત જ નહિ. એક દિવસ મને થયું, ચાલ જરા જોઉં, તેઓ કેટલી વાર ખાય છે. એ દિવસે એમણે જુદા જુદાં ઘરે જઈને કુલ ૪૦ વાર ખાધું. આખો દિવસ તેમણે ખાધાં જ કર્યું. અમારે એમની શક્તિઓ જોવી હતી અને અમારી ઈચ્છા તેઓ જાણતા હતા. છેવટે મેં કહ્યું, "તમે પૂરતું જમ્યા છો."

તેમણે કહ્યું, "એમ ?"

મેં કહ્યું, "હા.

આવી ઉચ્ચ દશામાં મનુષ્ય બાળક જેવો બની જતો હોય છે. દુન્યવી વસ્તુઓનું તેને ભાન નથી હોતું. તેની નિરંતર સત્યમાં જ જાગૃતિ હોય છે.

(એ જ પુસ્તકમાં સ્વામી રામ બીજો પ્રસંગ લખે છે) :

એક વાર હું એક સાધુને મળ્યો. તે મોંમાંથી આગ કાઢી શકતા હતા. આગની જ્વાળા થોડાક ફૂટ જેટલી લાંબી ફેંકાતી. આની સત્યતાની ખાતરી કરવા મેં તેમની પરીક્ષા લીધી હતી. એમના મોઢામાં ફૉસ્ફરસ જેવું કંઈ સંતાડેલું નથી તેની ખાતરી કરવા મેં તેમને મોઢું ધોઈ નાખવા કહ્યું. મારી સાથે મારા મિત્રો પણ હતા. તેની આ શક્તિ સાચે સાચી છે તેવું જણાતાં મને થયું કે આ માણસ ચોક્કસ મારા ગુરુ કરતાં પણ વધુ આગળ વધેલો હોવો જોઈએ.

એ સાધુએ મને કહ્યું, "તું તારા ગુરુ સાથે રહીને નાહકનાં તારાં શક્તિને સમય વેડફે છે. મારો અનુયાયી બન. હું તને કેટલુંક સાચું જ્ઞાન આપીશ, હું તને આગ કેમ ઉત્પન્ન કરવી તે બતાવીશ."

હું એનાથી એટલો ખેંચાઈ ગયો કે મેં મારા ગુરુને છોડી દેવાનું નક્કી કર્યું. હું મારા ગુરુ પાસે ગયો અને કહ્યું, "તમારા કરતાં વધુ આગળ વધેલા એક માણસને મેં શોધી કાઢ્યો છે અને તેના શિષ્ય થવાનું નક્કી કર્યું છે."

તેમણે કહ્યું, "મને બહુ આનંદ થયો. ભલે જા. તું સુખી થાય એમ હું ઈચ્છું છું. તે શું કરે છે?"

મેં કહ્યું, "તે મોઢામાંથી આગ ઉત્પન્ન કરે છે. તે બહુ શક્તિશાળી સાધુ છે."

મારા ગુરુએ વિનંતી કરી, "મને તેનીપાસે લઈ જા."

બીજે દિવસે સવારે અમે ગયા. સાધુ પહાડમાં ત્રેવીસ માઈલ દૂર રહેતા હતા. ત્યાં પહોંચતાં અમને બે દિવસ લાગ્યા. અમે પહોંચ્યા કે સાધુએ વાંકા વળીને મારા ગુરુને પ્રણામ કર્યા.

મને નવાઈ લાગી. મેં ગુરુને પૂછ્યું, "તમે એને ઓળખો છો ?"

તેમણે કહ્યું, "હા વળી, તે થોડા વખત પહેલાં જ આપણો મઠ છોડી ગયા હતા. હવે મને ખબર પડી કે તે ક્યાં સંતાઈ ગયા હતા."

પછી તેમણે એ સાધુને પૂછ્યું, "તમે અહીં શું કરો છો ?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાધુએ કહ્યું, "મહારાજ, હું મોઢામાંથી આગ ઉત્પન્ન કરતાં શીખ્યો છું."

મારા ગુરુએ એના મોઢામાંથી આગ બહાર આવતી જોઈ. તે મૃદુ હસ્યા. મને કહ્યું, "એને પૂછ કે આ શીખતાં તેને કેટલાં વરસ લાગ્યા ?"

સાધુને એની સિદ્ધિ માટે ગર્વ હતો. તેણે બડાઈ હાંકી, "આ સિદ્ધિ મળવવા મેં બાવીસ વર્ષ અભ્યાસ કર્યો છે."

ત્યારે મારા ગુરુએ મને કહ્યું, "દીવાસળી એક ક્ષણમાં આગ પેટાવી શકે છે. તું મોઢામાંથી આગ ઉત્પન્ન કરવા પાછળ વીસ વર્ષ આપવા માગતો હો, તો તું મૂરખ છે. વત્સ, આ કંઈ શાણપણ નથી. તારે જો ખરેખર સિદ્ધ યોગીઓને મળવું હોય તો તેઓ ક્યાં રહે છે તેનું દિશાસૂચન હું કરીશ. ત્યાં જજે અને અનુભવે મેળવજે."

પાછળથી મને સમજાયું કે આવી બધી સિદ્ધિઓ તો માર્ગ પરનાં ફક્ત નિશાનો છે. આ શક્તિઓને આધ્યાત્મિકતા સાથે કાંઈ લાગતું-વળગતું નથી. અનુભવ અને પરીક્ષણ પછી મને સમજાયું કે આ ચૈતસિક શક્તિઓનું ખાસ કોઈ મૂલ્ય નથી. ઊલટાનું તેને લીધે માર્ગમાં ગંભીર અવરોધો ઊભા થઈ શકે. ઘણી વાર આવી શક્તિઓ વિકસતી હોય છે ત્યારે તમે બીજાઓનું ભવિષ્ય કહેવા લાગો છો. વસ્તુઓની તમને જાણ થવા લાગે છે. આ બધા વિક્ષેપો છે. એને તમારો માર્ગ અવરોધવા ન દો. ઘણા બધા લોકો અને સાધુઓ સુદ્ધાં આવી આડ વાતો પર સમય ને શક્તિ બગાડતા હોય છે. કોઈને સિદ્ધિઓ ખીલવવી હોય તો તેઓ તેમ કરી શકે છે અને કેટલાંક ચમત્કારિક કાર્યો કરી શકે છે. પણ આત્મજ્ઞાન તદ્દન જુદી બાબત છે.

("લિવિંગ વિથ ધ હિમાલયન માસ્ટર્સ" માંથી)

OOO

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભજન

ગુરુચરણે

હે ગુરુદેવ ! હે ગુરુદેવ !
દયા કરી તેં દ્વાર ઊઘાડ્યાં
પૂર્ણિમાના પરમ પ્રકાશે
હૃદયદીપ જલાવી દીધો,
સીમિત પ્રેમને અસીમ બનાવી
વિશ્વપ્રેમી બનાવી દીધો..... ગુરુદેવ.
પડતા આખડતા મુજને તેં
હાથ ઝાલી ઉઠાવી દીધો,
અંતરનાં અંધારાં ઉલેચી
પ્રકાશપુંજ ફેલાવી દીધો....હે ગુરુદેવ.
મૃત્યુ કેરા પડછાયાથી
દયા કરી તેં બચાવી લીધો,
મારું તારું બધું ભૂલાવી
પડછાયામાં લાવી દીધો.... હે ગુરુદેવ
અમૃત જળનું છાંટણ કરતાં
દિવ્ય તેં મુજને બનાવી દીધો,
દુર્ગમ પથના અજાણ પથિકને
રસ્તો સુગમ બતાવી દીધો.....હે ગુરુદેવ
મારો ગુરુ મારા મનમાં
બહાર ભટકતો બંધ કીધો,
એ શ્રી ગુરુના દિવ્ય ચેતને
ચેતનવંત બનાવી દીધો.......હે ગુરુદેવ
અતલ ગર્તમાં પડેલ મુજને
ઉન્નત શિખરે ચઢાવી દીધો,
મૃત-અમૃતનો ભેદુ બનાવી
મૃત્યુંજય તેં બનાવી દીધો....હે ગુરુદેવ
નીચ ભૂમિના હલકા બીજને
પરમ બીજ બનાવી દીધો,
ક્ચરો ભરેલા કૂવામાંથી
મહાસાગર બનાવી દીધો.....હે ગુરુદેવ
ભવસાગરનું ભાન કરાવી
ધન્ય તેં મુજને બનાવી દીધો,
ભાન વગરના અભાગિયાને
ભાગ્યશાળી બનાવી દીધો.....હે ગુરુદેવ
ભૂતના ભયથી ભાગતા મુજને
અદ્‌ભુત તેં તો બનાવી દીધો....હે ગુરુદેવ
ભ્રમજાળોમાં અટવાતાને
બ્રહ્મસ્વરૂપ બનાવી દીધો....હે ગુરુદેવ
ધન્ય એ બંસી ધન્ય એ મોહન
બ્રહ્મનાદ સુણાવી દીધો,
એ નાદના યોગથી મુજને
નાચ નચંતો બનાવી દીધો....હે ગુરુદેવ

- અનામી

ooo

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ माँ

श्री माँ आनन्दमयी - नवाक्षरी मंत्र
(ॐ माँ श्री माँ जय जय माँ)

१. मातृ कृपा मन्दाकिनी, सत्य अहिंसा घाट ।
प्रेम वारि जामें बहे, स्नातन को हाट ॥

२. मंत्रमयी आनन्दमयी, मंत्रमयी है माँ।
सदा सर्वदा सब मिल बोलो,
ॐ माँ श्री माँ जय जय माँ॥

३. नवाक्षरी है सिद्ध मंत्र, जहाँ बीजाक्षर है 'माँ'
सदा सर्वदा सब मिल बोलो,
ॐ माँ श्री माँ जय जय माँ॥

४. कलियुग के सब ताप हरन को, महाशक्ति है माँ।
मंत्ररूप में प्रगट नवाक्षर,
ॐ माँ श्री माँ जय जय माँ॥

५. नौ का अक्षर पूर्शा ब्रह्म है, पूरन है अवतार ।
श्वास श्वास पे रट रहे, मातृ-भक्त जग सार ॥

६. सत्य प्रेम अनुराग की, श्री माँ परम विधान ।
श्री चरणों की परम कृपासे, रचूँ मातृ-विज्ञान ॥

७. माँ विहीन अज्ञानता, माँ मय ही है ज्ञान ।
माँ स्वरूपमय भावना, मातृ-कृपा विज्ञान ॥

८. हाथ जोड़ विनती करू, हे माँ कृपा-निधान ।
दीजो चरनन में रति, परम विकल मोहि जान ॥

॥ जय माँ ॥

मातृ - चरित् - प्रकाश

चौपाई : हे माता । तुम हो गुन खानी,
करूँ विनय दे ! सुमुखि सयानी ।
खेवडा ग्राम में भयो प्रकाश,
वहाँ से भयो है बीज-विकास ।
माँ कन्या कन्या माँ रूपा,
बचपन से ही पूर्णस्वरूपा ।
ज्यों बीजक में वृक्ष समायो
त्यों कन्या में महत् रमायो ।

दोहा : बचपन से ही देखती,
खिड़की के उस पार ।
आम्र वृक्ष को झाँकती,
दृष्टि पसार पसार ॥

चौ. यही हेतु कन्या नहीं रोई,
भयो विश्व को अचरज सोई ।
जग कारण तारन माँ आई,
विश्व भरन पोषण हरषाई ।
माँ आनन्दमयी कल्याणी,
जपे जीव पावे गति ज्ञानी ।
होय स्वरूप बोध जिय जानी,
भक्ति पावे भक्त अमानी ।

दोहा-२ मातृ नाम जप हे मना,
माँ ही सुख की खान ।
मातृ नाम ही में माँ को,
सदा विराजित जान ॥

चौ. मातृ नाम मुद मंगलकारी,
काटे संकट करे सुखारी ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

मातृ नाम शुभ शकुन महान
स्वस्ति शान्ति शिवकर कल्याश्रा ।
जब हो संकट मेघ महान
करो मातृ-वाणी का ध्यान ।
माँ में ही सब देव विराजे,
माँ में परम आत्मा राजे ।

दोहा-३ परम अमल शिशु रूप में,
निर्मल सुन्दरी नाम ।
तीर्थ धर्म में अति रुचि,
तीर्थ वासिनी को प्रणाम॥

चौ. यथानाम गुण के अनुसार,
माँ ने अपनाया संसार ।
किया विश्व को आनन्दरूप
मयो आनन्दमयी नाम स्वरूप ॥
जब जब होय धरम कै हानी
बाढ़े असुर अधम अभिमानी ।
तब तब माँ धरि विविध स्वरूपा,
हरहिं कृपानिधि पीर अनूपा ॥

दोहा-४ सत् चित् आनन्दरूप है,
माताजी को नाम ।
नाम लेत संकट कटै,
शास्त्रवेद प्रमाण ॥

चौ. आनन्दमयी पारस गुण खानी,
नाम लेत भवति-सिन्धु सुखानी ।
पापमयी लंका जो जारे,
अंजनि पुत्र वहा हुंकारे ॥
कार्य सधे माँ के गुन गाते,
पशु पक्षी मानव तर जाते,
प्रति पल जपो मातृ का नाम,
पहुँचोगे तुम भगवत् धाम ।

दोहा-५ मातृ नाम सुमिरो सदा,
अतिशय मंगल मूल ।
विपति हरन तारन तरन,
प्रतिपल है अनुकूल ॥

चौ. माँ है पिता पिता है माता,
बंधु सखा सुख सुहृद् सुभ्राता ।
माँ-सुमिरन ही सुखद सहेली,
सुलम्मा दे जीवन की पहेली ।
अखिल विश्व का माँ है मूल,
इसको प्राणी कभी न भूल ।
श्वांस श्वांस प्रति श्वांस सुमिरना,
मानव जीवन का है खजाना ॥

दोहा-६ मातृ नाम को सुमिरिए,
मातृ नाम जग सार ।
माँ षष्ठी पावनपरम,
पाठ करे उद्धार ॥

जय माँ

रचयिता - मातृ - चरणाश्रिता
प्रेमानन्द गिरि
श्री श्री आनन्दमयी माँ आश्रम,
वृन्दावन - (मथुरा) उ.प्र.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી મા-પૂર્ણ બ્રહ્મ નારાયણ

- બી. કે. શાહ

આધ્યાત્મિક જ્ઞાનમાં અગ્રગણ્ય તથા યૌગિક શક્તિઓના જાણકાર મહાત્માઓ તેમજ વિદ્વાનોએ શ્રીમાની આધ્યાત્મિક તથા અલૌકિક પરમોચ્ચાવસ્થા, સચ્ચિદાનંદમય અદ્વિતીય સ્વરૂપ જોયું છે.

આપણા સહુને માટે, મા સદાયે બ્રહ્માનંદમય પૂર્ણ બ્રહ્મ નારાયણ હતાં અને રહેશે. એવું કંઈ જ નહોતું કે જે માને એક વાર 'ખ્યાલ' થયા પછી ન બની શકે.

પ્રત્યેક વ્યક્તિ જો સંપૂર્ણ શ્રદ્ધાથી મા પાસે જાય તો પોતાની ઈચ્છિત વસ્તુ જરૂર પામતી.

આવો ચમત્કાર કેવી રીતે બની શકે કે માના સાન્નિધ્યમાં આવનાર દરેક ભક્તને એમ લાગતું કે મા સાથે એનો એક એવો વિશેષ સંબંધ છે, આંતરિક સંબંધ છે જેવો બીજા કોઈને નથી !

મા અને જમનાલાલ બજાજ :

મહાત્મા ગાંધીએ શ્રીમતી કમલા નેહરુ પાસેથી મા વિષે સાંભળ્યું હતું. મહાત્માજીને જાણવાની ઉત્સુકતા થઈ. એમણે જમનાલાલ બજાજને જાણવા મોકલ્યા કે આ અત્યંત પૂજ્ય આનન્દમયી મા કોણ છે ?

જમનાલાલજી ઑગસ્ટ, ૧૯૪૧માં ટૂંક સમય માટે દેહરાદૂન ગયા. (લાંબું રહેવાની એમની તૈયારી નહોતી.). મા પાસે લગભગ ચાર આશ્રમવાસીઓ હતા. એમને જમનલાલજીની સગવડની ચિંતા હતી, પરંતુ તેઓએ તો મા પાસે રહેવાનો જ આગ્રહ રાખ્યો.

માના ચરણસ્પર્શની કોઈને પરવાનગી નહોતી. જમનલાલજી ગમે તેમ કરીને માના ચરણો પર માથું મૂકી આવ્યા, એટલું જ નહિ, માના ચરણો પર માલિશ પણ કર્યો, જાણે પહેલે દિવસથી જ માતા-પુત્રનો સંબંધ સધાઈ ગયો. જે શાંતિની જમનાલાલજીને શોધ હતી, તે મળી ગઈ.

ગાંધીજીએ જમનલાલજીને કહ્યું કે માને સાથે લઈને સેવાગ્રામ આવો. જમનાલાલજીની સાથે જવા મા તૈયાર ન થયાં. જમનાલાલજી ૧૯૪૧ની બીજી સપ્ટેમ્બરે ત્યાંથી નીકળ્યા - પંદર દિવસના સહવાસ બાદ એમણે એ માતૃ-વિયોગનું વર્ણન કર્યું હતું. આટલા થોડા સમયમાં એમને મા પાસેથી એવું શું મળ્યું જેનો ઉલ્લેખ એમણે જીવનના અમૂલ્ય સદ્ભાગ્યરૂપે કર્યો છે ?

મા અને મહાત્મા ગાંધી :

મહાત્મા ગાંધીની ઈચ્છા હતી કે મા જમનાલાલજી સાથે વર્ધા (સેવાગ્રામ) આવે. ફેબ્રુઆરીમાં જમનાલાલજીના અવસાન પછી ફરતાં ફરતાં મા વર્ધા આવી પહોંચ્યાં. માને સેવાગ્રામ લઈ જવામાં આવ્યાં. મા જ્યારે ત્યાં પધાર્યાં, ત્યારે એ અલૌકિક દિવ્ય સૌંદર્યમૂર્તિ માને બાપુએ હાથ જોડીને આવકાર્યાં. માએ પણ કહ્યું, "પિતાજી, તમારી પાગલ દીકરી અહીં આવી છે."

બાપુની ઈચ્છા હતી કે મા લાંબા સમય માટે સેવાગ્રામમાં રહે. માએ નાના બાળકની જેમ અનિચ્છા દર્શાવી. બાપુએ કહ્યું, "તમે હઠાગ્રહી છો." માનો ઉત્તર, જેવા બાપ, તેવી બેટી.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા અને પંડિત નહેરુ :

૧૯૬૨માં જ્યારે ભારત પર ચીને આક્રમણ કર્યું, ત્યારે કોઈને પણ કલ્પના નહોતી કે ભારતીય સેના ભાંગી પડશે કે પીછેહઠ કરશે. ત્રિપુરાની સીમા સુધી ચીનાઓ આવી પહોંચ્યા હતા. તે જ રાતે પંડિત જવાહરલાલ નેહરુએ એમના વ્યક્તિગત સચિવ શ્રી ઉપાધ્યાયને મા પાસે મોકલ્યા. ઉપાધ્યાયજી મધરાત સુધી મા પાસે હતા.

તેઓ ખૂબ ચિંતિત અને વ્યગ્ર હતા. મા પાસે શું બન્યું તે કોઈ નથી જાણતું. તે વખતે એવો ભય હતો કે જો ચીનાઓ ત્રિપુરામાં ૧૮-૨૦ માઈલ અંદર પેસી જશે અને પૂર્વ બંગાળ (ત્યારનું પાકિસ્તાન) સાથે જોડાઈ જશે તો સંપૂર્ણ દક્ષિણ-પૂર્વ એશિયા ચીનની સત્તા નીચે આવી જશે.

સવારે માએ જાણે કે અજાણતાં પૂછ્યું કે કોઈએ રેડિયો પર સાંભળ્યું કે ચીનાઓ પાછા જતા રહ્યા ?

વિરજાનન્દજી અને વાઘ :

એક વાર શ્રી વિરજાનન્દજી મહારાજ રાજગીર આશ્રમમાં હતા. પર્વત પર એક પત્થરના આસન પર તેઓ બેસતા, કે જ્યાં ભગવાન બુદ્ધ ધ્યાનસ્થ બેસતા. સાંજે તેઓ પાછા ફરતા. એક વખત તેઓ મોડા પડ્યા, લગભગ સૂર્યાસ્ત થઈ ગયો. તેઓ પહાડ પરથી નીચે ઊતરી રહ્યા હતા ત્યારે એમણે એક ગાય જોઈ. ગાયને માથે હાથ મૂકીને એમણે કહ્યું, "ગૈયા માતા, જલદી દોડો અને તમારા ધણ સાથે જોડાઈ જાઓ, નહીં તો વાઘનો શિકાર બનશો." ગાય માંડ ૫૦-૬૦ ફૂટ દૂર ગઈ કે જંગલમાંથી વાઘે તરાપ મારીને પકડી લીધી અને રસ્તા પર જ બેસી ગયો. જંગલમાંથી બહાર નીકળવાનો બીજો કોઈ રસ્તો ન હતો. મહારાજ ગભરાયા કે હવે શું કરવું !

એકાએક અકલ્પ્ય રીતે જંગલની અંદરથી એક ટ્રક બહાર આવી. મહારાજે ડ્રાઈવરને રોકીને વિનંતિ કરી કે મને લઈ જાઓ, અને આગળ રસ્તા પર વાઘ શિકાર પર બેઠો છે. વિરજાનન્દજીને લઈને ડ્રાઈવરે લાઈટો ફેંકી તો જોયું કે અંજાઈ જવાથી વાઘ એના શિકાર સાથે જંગલ બાજુ ગયો ને ત્યાંથી જતો રહ્યો. આશ્રમમાં પહોંચ્યા, છતાં સ્વામીજીએ આ વાત સો ટકા છૂપાવી રાખી.

લગભગ એક વર્ષ પછી મા રાજગીર પધાર્યાં. વિરજાનન્દજી પણ ત્યાં જ હતા, એક વાર મોટરમાં ફરવા જતી વખતે માએ એમને આગલી સીટ પર બેસીને જોડે આવવાનું કહ્યું. પછી માએ ડ્રાઈવ કરનાર વ્યક્તિને રસ્તો બતાવ્યો અને તે પ્રમાણે મોટર જવા લાગી. જે સ્થળે ગાય ને વાઘનો પ્રસંગ બનેલો, બરોબર તે જ સ્થળે માએ મોટર ઊભી રખાવી. માએ વિરજાનન્દજીને પૂછ્યું, "આ એ જ સ્થાન છે જ્યાં ગાય-વાઘનો પ્રસંગ બનેલો ?" વિરજાનન્દજી ચકિત થઈ ગયા, હાથ જોડીને બોલ્યા, "હા, મા. કોઈને ખબર નથી. તમને કેવી રીતે ખબર પડી ?" માએ ઉત્તર આપ્યો, "તમે લોકો નથી જાણતાં, આ શરીર હંમેશાં તમારા બધાંની સાથે છે."

વરસાદ :

૧૯૬૮ની સાલ હતી, જ્યારે પી. એલ. ૪૮૦ અનુસાર ભારતે અમેરિકા પાસેથી ૧૫ લાખ ટનથી વધુ અનાજ લેવું પડ્યું હતું. ભારતમાં આ ઉપરા ઉપરી ચોથું પ્રતિકૂળ ચોમાસું હતું.

વૃન્દાવનમાં મેં વાંચ્યું કે ભારતની દુઃખી જનતા માટે ઈટલીમાં સ્કૂલનાં બાળકો દાનપાત્રોમાં પૈસા ઉઘરાવે છે.

હું માને પ્રણામ કરવા ગયો. પ્રણામ પછી મેં પ્રાર્થના કરી, "આપણે ત્યાં વરસાદ થવો જોઈએ, ખૂબ વધારે નહીં, ખૂબ ઓછો નહીં, યોગ્ય સમયે, ખેતીના પાકને અનુકૂળ." માએ કહ્યું, "એમની કૃપા માટે પ્રાર્થના કરો."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બીજે વર્ષે ૧૯૬૯માં દેશમાં માપસર સરસ વરસાદ પડ્યો પુષ્કળ અનાજ પાક્યું. ''પી. એલ. ૪૮૦'' વિષે ભૂલાઈ ગયું. માને મેં કરેલી પ્રાર્થના વિષે પણ હું ભૂલી ગયો હતો. થોડા મહીનાઓ પછી મા વિજયા દશમીએ મને આશિષ આપતાં હતાં, તે વખતે મારા મસ્તક પર વરદ હસ્ત મૂકીને પૂછ્યું, ''ભૈયા, તમે માગ્યું હતું તે પ્રમાણે વરસાદ પડ્યો ?'' આ સાંભળ્યું તે જાણે કે વિદ્યુત્ કરંટ જેવું હતું !

રાધા કિશોરી :

શ્રી મા પૂના આશ્રમમાં હતાં. એ રથયાત્રાનો દિવસ હતો, અને આશ્રમના મંદિરમાં શ્રીકૃષ્ણની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થવાની હતી. માના હસ્તકમળમાં શ્રીકૃષ્ણ વિગ્રહ હતો. શ્રીરાધા વિના શ્રીકૃષ્ણની મૂર્તિની પ્રતિષ્ઠા કેમ થાય તે વિષે ચર્ચા ચાલતી હતી.

તે જ સમયે એક ભક્ત આશ્રમમાં આવી પહોંચ્યા, અને મા પાસે જઈને કહ્યું કે લંડનમાં એમની દીકરીએ દીકરીને જન્મ આપ્યો. આ સાંભળતાં જ મા બોલ્યાં, ''દેખો, રાધા આ ગઈ, કિશોરી આ ગઈ.''

આ થોડાક પ્રસંગો મેં અહીં આપ્યા છે જ્યારે અકલ્પ્ય અને અસંભવ બનાવો સ્વાભાવિક રીતે બન્યા છે.

શ્રીમા આનન્દમયી પૂર્ણ બ્રહ્મ નારાયણ છે, સર્વવ્યાપી છે, સર્વદૃષ્ટા છે, સર્વજ્ઞ છે. હવે મા દેહમાં જ કેવળ નથી, અસીમ છે. હવે આપણે પ્રયત્ન કરવાનો છે કે માનો અનુભવ એટલો જ ત્વરિત તથા પ્રેમાળ રૂપે આપણને થાય.

ooo

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જીવનસાફલ્ય

- સ્વામી શ્રી શિવાનન્દજી

વહાલા બંધુઓ ! જીવન શું છે ? કેવળ શ્વાસોચ્છ્‌વાસ લેવો, ભોજન પચાવવું, મળમૂત્રનો ત્યાગ કરવો અગર શરીર રચના અને નિર્માણને અંગેનાં અન્ય કાર્યો કરવાં તે જ શું તેનો અર્થ છે ? અગર માત્ર વિચાર કરવો, કે ધન અને યશ અગર લોકેષણા પ્રાપ્ત કરવા માટેની યોજના કરવી તેટલો જ અર્થ છે ? અથવા વંશ ચાલુ રાખવા પ્રજોત્પત્તિ કરવી તે હેતુ છે ? શું આ સર્વ કાર્યો માટે જ જીવન છે ? અથવા અમીબા જેવા એકકોષીય જીવમાં જીવનરસની ગતિ તે જીવન છે ? વૈજ્ઞાનિકો અને વનસ્પતિશાસ્ત્રીઓના જીવનસંબંધના દૃષ્ટિકોણ જુદા જુદા છે. જ્યારે ભગવાન શંકરાચાર્ય સમાન દાર્શનિકો જીવનને જુદા દૃષ્ટિકોણથી જુએ છે.

જીવનના બે પ્રકાર છે : એક ભૌતિક જીવન અને બીજું ચેતનાત્મક જીવન. વનસ્પતિશાસ્ત્રજ્ઞો અને શરીરવૈજ્ઞાનિકો માને છે કે વિચાર કરવો, અનુભવ કરવો, જાણવું, સંકલ્પ કરવો, રક્તાભિસરણ અને શ્વાસોચ્છ્‌વાસ વગેરે ક્રિયાઓથી જીવન ઉદ્‌ભવે છે પણ આ પ્રકારનું જીવન કાયમી નથી. આ જીવનમાં મુશ્કેલીઓ, દુઃખ, ચિંતાઓ, ગભરાટ, પાપ, પુણ્ય, જન્મ, મૃત્યુ, વ્યાધિઓ, વૃદ્ધાવસ્થા વગેરે પ્રક્રિયાઓ ચાલુ રહ્યા જ કરે છે.

ત્યાગ, તપસ્યા, વૈરાગ્ય અને સાધના દ્વારા જે ઋષિમુનિઓ, દ્રષ્ટા, સંત અને પયગમ્બરોને આત્મમય જીવનની ઝાંખી થઈ છે તેઓનું નિઃશંક કહેવું એમ છે કે, આત્મલીન જીવન એ જ સાચું અને શાશ્વત જીવન છે, જે કાયમી શાંતિ, અમાપ આનંદ, સંતોષ અને અમરત્વની પ્રાપ્તિ કરાવી શકે છે; ભૌતિક જીવન તો માત્ર બહારનું અસ્થિર આવરણ છે. એવા પ્રકારના જીવનની વિધિઓ બતાવી છે. આવો પ્રયોગ માત્ર એક જ વ્યક્તિ માટે નથી, પરંતુ અનેક વ્યક્તિઓની રુચિઓ, આદતો અને યોગ્યતાઓને લક્ષ્યમાં લઈ તેઓને માટે વિભિન્ન માર્ગો બનાવ્યા છે.

જેઓને પોતાના આધ્યાત્મિક ગુરુ અને વેદમાં દર્શાવેલા ઉપરના ઉપદેશોમાં સંપૂર્ણ શ્રદ્ધા હોય તેઓ મુક્તિ અથવા મોક્ષની પ્રાપ્તિ અર્થે આધ્યાત્મિક ક્ષેત્રે અભય બની પ્રયાણ કરે. આવા જ્ઞાની કર્મનિષ્ઠો જન્મ અને મૃત્યુની વળગણમાંથી મુક્ત બને છે. તેઓ સ્વસ્વરૂપ અગર સત્-ચિત્-આનંદમાં લીન થાય છે. માનવજીવનનું આ જ ધ્યેય છે. જીવન માટેનો આ જ સૌથી શ્રેષ્ઠ આદર્શ હોઈ શકે. જીવનનું અંતિમ લક્ષ્ય આ છે, જે નિર્વાણ, પરમ ગતિ, પરમ ધામ, બ્રાહ્મી સ્થિતિ વગેરે જુદા જુદા નામે ઓળખાય છે. આત્મસાક્ષાત્કાર તમારો શ્રેષ્ઠ ધર્મ છે.

આનો અર્થ એ નથી કે આપણે ભૌતિક જીવનની અવગણના કરવી. પોતાની લીલા ખેલવા માટે પરમાત્માએ ભૌતિક જીવનનું નિર્માણ કરેલ છે. જેમ અગ્નિ અને તાપ, બરફ અને શીલતા, ફૂલ અને સુવાસને જુદાં પાડી શકાય નહિ તેમ પદાર્થ અને તેની અંદરની શક્તિને અલગ પાડી શકાય તેમ નથી. જેવી રીતે શક્તિ અને શક્ત (શક્તિવાળો) વિભિન્ન છે, તેવી રીતે શક્તિ અને તેની અંદરની માયાને અલગ પાડી શકાય નહીં. બ્રહ્મ અને માયા અભિન્ન જ છે. ભૌતિક જીવન એ આત્મમય જીવન માટેનું પ્રથમ પગથિયું કે આધાર છે. સંસાર તો તમારો શ્રેષ્ઠ શિક્ષક છે. પંચમહાભૂતો તો તમારા ગુરુઓ છે. માતા સમાન પ્રકૃતિના ખોળામાં ઉછરી મનુષ્ય શ્રેષ્ઠ બોધ પ્રાપ્ત કરી શકે તેમ છે. આત્મમય જીવનની પ્રાપ્તિ અર્થે કરુણા, ક્ષમા, સમભાવ, વિશ્વપ્રેમ, ઉદારતા, સજ્જનતા, હિંમત, હૃદયની વિશાળતા, ધૈર્ય છે, દૃઢ ઇચ્છાશક્તિ વગેરે જે જે દૈવી ગુણોની જરૂર છે, તે સર્વના વિકાસ અર્થે આ જગત એક સુંદર ક્ષેત્ર છે અને આ શરીર એક માધ્યમ છે. સુર અને અસુર વૃત્તિઓના ઘર્ષણ માટેનું અને તેમાંથી દૈવી ભાવના પ્રગટ કરવાનું શરીર એક ક્ષેત્ર છે. ગીતા અને યોગવાસિષ્ઠની એ જ શિક્ષા છે કે આ જગતમાં રહીને દરેકે આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરવાનો છે.

સંસારમાં રહો પણ સંસારથી અલિપ્ત રહો. જલકમલવત્ બનો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરરૂપી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આસુરી ભાવનાઓ દૂર કરો અને દૈવી ભાવના એટલે માનસિક સમર્પણ અને આત્મત્યાગને તે જગ્યાએ સ્થાપો.

વિજ્ઞાન અને ધર્મ અગર રાજનીતિ અને ધર્મ એ ભિન્ન નથી. તેઓનો વિકાસ સાથોસાથ થાય છે. રાજનીતિ આધ્યાત્મિક બીજના સ્વીકાર માટેનું ક્ષેત્ર તૈયાર કરે છે. જો દેશમાં આર્થિક સ્વતંત્રતા અગર શાંતિ નહીં હોય તો દેશ આધ્યાત્મિક ક્ષેત્રે કેવી રીતે પ્રગતિ કરી શકશે ? જ્યારે દેશમાં અશાંતિ અને અવ્યવસ્થા હોય, જનતાનાં મન ક્ષુબ્ધ હોય અને અન્નવસ્ત્ર વગેરે જીવનની પ્રાથમિક જરૂરિયાતો પણ તેમને મળતી ન હોય ત્યારે સંત કે પયગમ્બરો પણ લોકોના મનમાં આધ્યાત્મિક સંસ્કારો કેવી રીતે સીંચી શકે ? ભૂખ્યે પેટે અને ઉઘાડે શરીર ધર્મ ગળે ઉતરતો નથી. જ્યારે લોકોનું મન નિશ્ચિંત અને શાંત તથા સ્વસ્થ હોય ત્યારે જ ધર્મનો ઉપદેશ તે ગ્રહણ કરી શકે છે.

રાજા જનક પોતાના રાજ્ય-અમલમાં સાધુ અને સંન્યાસીઓને સંતુષ્ટ રાખતા. ઋષિમુનિઓના આશ્રમોમાં ઘણી ગાયો અને ફળફળાદિનાં વૃક્ષો હતાં, તેથી તેઓ નિશ્ચિત મને પોતાની સાધના સરળતાથી કરી શકતા. પણ આજના સમયમાં જેઓ નિવૃત્તિ માર્ગે જવા ઇચ્છે, તેમને પારાવાર મુશ્કેલીઓ છે. પોતાના સંન્યાસધર્મને પાળવા માટે આજ સંન્યાસીઓને ધનનો સંગ્રહ કરવો પડે છે. આજકાલ રાજા, મહારાજા, જમીનદારો અને રાજકર્તા વર્ગ ભૌતિકવાદી બની ગયા છે. તેઓને આધ્યાત્મિક મૂલ્યોની કાંઈ પડી નથી. તેઓ સંસારમાં રચ્યાપચ્યા રહે છે. આ ખરેખર દયાજનક છે. રાજા જનક અગર બીજા એવા રાજવીઓના આદર્શને તેઓએ અપનાવવો જોઈએ, નહિતર એક સમયે તેઓને ભારે કિંમત આપવી પડશે અને પરમાત્માને જવાબદાર બનવું પડશે. કુદરતના કાયદામાંથી તેઓ છટકી શકશે નહિ. ધર્મશાસ્ત્રો કહે છે કે રાજા એ વિષ્ણુનું સ્વરૂપ છે. જો તે ન્યાયનીતિ અને ધર્મપૂર્વક રાજ્ય ચલાવે તો તેના રાજ્યના ધાર્મિક લોકોના અમુક તપનો અંશ તેને મળે છે. જો તે પોતાના રાજ્યના સાધુ-સંન્યાસીના સત્સંગનો લાભ લઈ આચરણ કરે તો તેને ઘણું આધ્યાત્મિક બળ પ્રાપ્ત થાય છે. અમરત્વ અને દૈવી જીવનનું ઝરણ આ જ વસ્તુઓમાં પડેલું છે. બ્રહ્મચારીઓ, વાનપ્રસ્થીઓ અને સંન્યાસીઓ માટેની અલગ અલગ નાની કુટિરો અને એક અદ્યતન પુસ્તકાલયવાળો સુંદર આશ્રમ કોઈ એકાંતિક સ્થળે દરેક રાજ્યમાં નિર્માણ કરવામાં આવે તો તે રાજ્યને અને એકંદરે સંસારને કેટલો લાભ આનાથી થાય ! આજની આ એક અનિવાર્ય જરૂરિયાત છે. આલ્પ્સની ગિરિમાળાઓ કે ફ્રાન્સના ગરમ પાણીના ઝરણા માટે જવાની શું જરૂર છે ? આ તો ધન, સમય અને શક્તિનો દુર્વ્યય કરવા સરખું છે. આમાં શાશ્વત શાંતિ કે સાચો આનંદ મળી શકે તેમ નથી. માત્ર આનંદ-પર્યટનો માટે પરદેશોની મુલાકાત લેવી તે અજ્ઞાન અને લક્ષ્મીનો દુર્વ્યય છે. અત્યારના યુગમાં ધનિકોની દર વરસે પરદેશોમાં જવા માટેની આ એક ઘેલછા જ છે. તેઓ પ્રત્યાહાર કરી અંતર્મુખ બને અને આત્માના આનંદના ઝરણામાં સ્નાન કરે. તેઓ આત્મામાં રહેલા આત્માનંદનો ઉપભોગ કરે. આમાં જ શાશ્વત સુખ અને શાંતિ પડેલાં છે. ત્યારે જ શ્રેષ્ઠ સંતોષની-તૃપ્તિની પ્રાપ્તિ થશે.

આજકાલ સંન્યાસીઓની મોટી સંખ્યા કેમ જોવામાં આવે છે ? કારણ, મનુસ્મૃતિ અગર શાસ્ત્રના નિયમ પ્રમાણે ગૃહસ્થીઓ પોતાની ફરજો બજાવતા નથી. શાસ્ત્રની આજ્ઞાનું જો ગૃહસ્થીઓ યથાર્થ પાલન કરે તો સંન્યાસ લેવાની અગર ગુફા અગર હિમાલયમાં એકાંતવાસની બિલકુલ જરૂર નથી. ગૃહસ્થીઓના રોજના વ્યવહારમાં અનેક ત્રુટિઓ થઈ રહી છે. તેઓ બ્રહ્મચર્ય અને સદાચારનું પાલન કરતા નથી. તેઓ સત્ય બોલતા નથી. તેઓ સંધ્યા, અગ્નિહોમ, સ્વાધ્યાય, દાન અને અતિથિધર્મ વગેરે નિત્ય કર્મો બરાબર પાળતા નથી. તેઓ ભૌતિક જીવનમાં રાચે છે, તેથી તેઓનો આધ્યાત્મિક વિકાસ થતો નથી. જ્યારે તેઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, ત્યારે તેઓ સંસારત્યાગ કરે છે. તેઓને ધાર્મિક સંસ્કાર હોતા નથી. તેઓ ખાઈપીને આનંદ કરે છે. તેઓ નાસ્તિક મતના અનુયાયીઓ છે.

(''દિવ્ય જીવન'માંથી આભાર.)

૦૦૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કઠોપનિષદ્
(શાંકરભાષ્ય આધારિત)

(ગતાંકથી ચાલુ)

- ઉત્તરા ચિનુભાઈ

વિવેકી મનુષ્યની સ્વાધીનતા.

यस्तु विज्ञानवान्यवति युक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाणि वश्यानि सदश्वा इव सारथेः ॥६॥

પરંતુ જે (બુદ્ધિરૂપી સારથિ) કુશળ અને સર્વદા સમાહિત ચિત્તથી યુક્ત હોય છે, એને અધીન ઇન્દ્રિયો એવી રીતે રહે છે જેવી રીતે સારથિને અધીન સારા અશ્વો. (૬)

પરંતુ જે સારથિ વિજ્ઞાનવાન્ છે, કુશળ છે, મનને નિયંત્રિત રાખનારા અર્થાત્ સંયત ચિત્તવાળો છે એને માટે ઇન્દ્રિયો પ્રવૃત્ત અને નિવૃત્ત થવામાં સંપૂર્ણ રૂપે એના વશમાં રહે છે જેમ કુશળ સારથિના વશમાં અશ્વો રહે છે તેમ.

આવા અવિજ્ઞાનવાન્ બુદ્ધિરૂપી સારથિવાળા રથી માટે શ્રુતિ આ પ્રમાણે ફળ બતાવે છે-

અવિવેકીને સંસારપ્રાપ્તિ

यस्त्वविज्ञानवान्भत्त्यमनस्कः सदाशुचिः ।
न स तत्पदमाप्नोति संसारः चाधिगच्छति ॥७॥

પરંતુ જે અવિજ્ઞાનવાન્, અનિગૃહીતચિત્ત અને સદા અપવિત્ર રહેતો હોય, તે એ પદ પ્રાપ્ત નથી કરી શકતો, પણ સંસારને જ પ્રાપ્ત થાય છે. (૭)

વિપરીત બુદ્ધિવાળો સારથિ કે જે જ્ઞાન ને વિવેકથી શૂન્ય છે, સર્વદા અપવિત્ર છે, અસંયમી છે, તેનો રથ પથભ્રષ્ટ થાય છે; પરિણામે એવા રથનો રથી જન્મ-મરણરૂપ સંસારમાં ભટક્યા કરે છે, મુક્તિ પ્રાપ્ત કરવાની વાત જ ક્યાં !

વિવેકીને પરમ પદની પ્રાપ્તિ

यस्तु विज्ञानवान्भवति समनस्कः सदा शुचिः ।
सतु तत्पदमाप्नोति यस्माद्भूयो न जायते ॥८॥

પરંતુ જે વિજ્ઞાનવાન્, સંયતચિત્ત અને સદા પવિત્ર રહેતો હોય, એ તો એ પદને પ્રાપ્ત કરી લે છે જ્યાંથી એ ફરી ઉત્પન્ન નથી થતો. (૮)

વિશેષ જ્ઞાન તે વિજ્ઞાન કહેવાય છે. આ જે બીજો રથ છે તે કુશળ અને જ્ઞાની સારથિ વડે ચલાવાય છે. એ સારથિ પવિત્ર છે તેમ જ એનું ચિત્ત સંયમિત છે તેથી આ રથનો રથી એ પરમ પદને મેળવી લે છે જ્યાંથી ફરી એણે સંસારના જન્મ-મરણરૂપી ફેરામાં અટવાવું નથી પડતું.

એ પદ કયું ?

विज्ञानसारथिर्यस्तु मनः प्रग्रहवान्नरः ।
सोऽध्वनः परमाप्नोति तद्विष्णोः परमं पदम् ॥९॥

જે મનુષ્ય વિવેકયુક્ત બુદ્ધિરૂપી સારથિયુક્ત અને મનને વશમાં રાખનારો છે, એ સંસારમાર્ગને પાર કરીને એ વિષ્ણુના (અર્થાત્ વ્યાપક પરમાત્માના) પરમપદને પ્રાપ્ત કરી લે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પહેલાં કહ્યા પ્રમાણેનો વિદ્વાન પુરુષ વિવેકયુક્ત સારથિવાળો હોવાથી મનોનિગ્રહવાન્ હોય છે, નિગૃહીતચિત્ત તથા એકાગ્ર મનવાળો હોય છે, તેથી પવિત્ર છે; અને એવો મનુષ્યવ જ સંસારબંધનમાંથી પૂર્ણરૂપે મુક્ત થઈને પરમાત્માને પામે છે. "વિષ્ણુ"નો અર્થ છે બધામાં પ્રવેશીને રહેલા પરમાત્મા, વાસુદેવનામક સર્વવ્યાપક પરબ્રહ્મ. એ જ સર્વોત્કૃષ્ટ પદ છે, પરમ પદ છે, જેને આવો મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે.

હવે એ પરમપદનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે - સ્થૂળ ઇન્દ્રિયોથી આરંભીને સૂક્ષ્મત્વના તારતમ્ય-ક્રમ વડે પ્રત્યગાત્મક રૂપે પ્રાપ્ત કરવું પડે. એટલા માટે આગળ કથન આરંભ કરવામાં આવે છે-

ઇન્દ્રિયોનું તારતમ્ય

इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः ।
मनसस्तु परा बुद्धिर्बुद्धेरात्मा महान्परः ॥१०॥

ઇન્દ્રિયો કરતાં ઇન્દ્રિયોના વિષયો શ્રેષ્ઠ છે, વિષયો કરતાં મન ઉત્કૃષ્ટ છે, મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે અને બુદ્ધિ કરતાં પણ મહાન્ આત્મા શ્રેષ્ઠ છે. (૧૦)

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં (અધ્યાય ૩, શ્લોક ૪૨-૪૩) બે શ્લોકોમાં આ જ વાત સ્પષ્ટ કરવામાં આવી છે.

ઇન્દ્રિયો તો સ્થૂળ છે. જે શબ્દ-સ્પર્શાદિ વિષયો દ્વારા પ્રકાશિત થવા માટે ઇન્દ્રિયો બનાવાઈ છે, તે વિષયો એમના કાર્યભૂત ઇન્દ્રિયવર્ગથી પર છે - સૂક્ષ્મ, મહાન્ તથા પ્રત્યગાત્મસ્વરૂપ છે.

એ વિષયોથી પણ પર છે - સૂક્ષ્મ, મહાન્ તથા નિત્યસ્વરૂપભૂત મન, કે જે 'મન' શબ્દનો જ વાચ્યાર્થ છે અને મનનું આરંભક ભૂતસૂક્ષ્મ છે, કારણ કે એ જ સંકલ્પ-વિકલ્પાદિનું આરંભક છે. મનથી પણ પર, સૂક્ષ્મતર, મહત્તર તથા પ્રત્યગાત્મભૂત બુદ્ધિ છે અર્થાત્ 'બુદ્ધિ' શબ્દ વાચ્ય અધ્યવસાયાદિનું આરંભક ભૂતસૂક્ષ્મ છે. એ બુદ્ધિ કરતાં પણ સંપૂર્ણ પ્રાણીઓની બુદ્ધિનો પ્રત્યગાત્મભૂત હોવાથી આત્મા જ મહાન્ છે, કારણ કે એ સર્વશ્રેષ્ઠ છે; અર્થાત્ અવ્યક્તમાંથી જે સૌથી પહેલાં ઉત્પન્ન થયું એ હિરણ્યગર્ભ તત્ત્વ છે; જે (જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિથી સંપન્ન હોવાને લીધે) બોધાબોધાત્મક છે. એ મહાન્ આત્મા બુદ્ધિથી પણ પર છે- એમ કહેવાય છે.

महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः ।
पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः ॥११॥

મહત્તત્ત્વ કરતાં અવ્યક્ત પર છે, અને અવ્યક્ત કરતાં પણ પુરુષ પર છે. પુરુષથી પર કંઈ નથી. એ જ (સૂક્ષ્મત્વની) પરાકાષ્ઠા (હદ) છે, એ જ પરા (ઉત્કૃષ્ટ) ગતિ છે. (૧૧)

મહત્‌થી પણ પર - સૂક્ષ્મતર, પ્રત્યગાત્મસ્વરૂપ અને સૌથી મહાન્ અવ્યક્ત છે, જે સંપૂર્ણ જગતનું બીજભૂત, અવ્યક્ત નામ-રૂપોની સત્તાસ્વરૂપ સંપૂર્ણ કાર્ય-કારણશક્તિનો સંઘાત અવ્યક્ત, અવ્યાકૃત અને આકાશદિ નામોથી નિર્દિષ્ટ થનાર તથા વટકર્ણિકામાં રહેનારી વટવૃક્ષની શક્તિ સમાન પરમાત્મામાં ઓતપ્રોત ભાવે આશ્રિત છે.

એ અવ્યક્ત કરતાં સંપૂર્ણ કારણોનું કારણ તથા પ્રત્યગાત્મરૂપ હોવાને લીધે પુરુષ 'પર' - સૂક્ષ્મતર તથા મહાન્ છે, એટલે જ એ સર્વમાં પૂરિત હોવાને કારણે 'પુરુષ' કહેવાય છે. આ સિવાય કોઈ બીજા ઉત્કૃષ્ટતરના પ્રસંગનું નિવારણ કરતાં કહે છે કે પુરુષથી પર, પુરુષથી ઉપર કોઈ વસ્તુ નથી. ચિદ્‌ઘનમાત્ર પુરુષથી ભિન્ન બીજી કોઈ વસ્તુ નથી, એટલા માટે એ જ સૂક્ષ્મત્વ, મહત્ત્વ અને પ્રત્યગાત્મત્વની પરાકાષ્ઠા - સ્થિત અર્થાત્ પર્યવસાન છે.

ઇન્દ્રિયો પર્યંત એ આત્મામાં જ સૂક્ષ્મત્વાદિની પરિસમાપ્તિ હોય છે. તેથી એ જ ગમન કરનારા અર્થાત સંપૂર્ણ ગતિઓવાળા સંસારીઓની પર - ઉત્કૃષ્ટ ગતિ છે, જેમ કે "જેને પ્રાપ્ત કરીને પાછા નથી ફરતા" (ગીતા-૮

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૧,૧૫-૬) આ સ્મૃતિ વડે સિદ્ધ થાય છે.

આ પ્રસંગમાં શંકા થાય છે કે -

શંકા : જો (પુરુષ પ્રત્યે) ગતિ હોય તો (ત્યાંથી) અગતિ (પાછા ફરવું) પણ હોવું જોઈએ. તો પછી એવું કેમ કહેવામાં આવે છે કે "જ્યાંથી ફરી જન્મ નથી લેતો ?"

શંકાનું સમાધાન : એ દોષ નથી, કારણ કે બધાનો પ્રત્યગાત્મા હોવાને લીધે આત્માના જ્ઞાનને જ ઉપચારથી ગતિ કહેવામાં આવી છે; તથા ઇન્દ્રિય, મન અને બુદ્ધિથી આત્માનું પરત્વ (શ્રેષ્ઠત્વ) પ્રદર્શિત કરીને એનું પ્રત્યગાત્મત્વ બતાવવામાં આવ્યું છે, કારણ કે જે જવાનું જ છે, તે પોતાનાથી પૃથક્ અનાત્મભૂત અને અપ્રાપ્ત સ્થાન તરફ જ જતું હોય છે. એનાથી વિપરીત પોતાની જ તરફ નથી આવતું-જતું. આ વિષયમાં "સંસારમાર્ગથી પાર થવાની ઇચ્છાવાળા પુરુષો માર્ગરહિત હોય છે" વગેરે શ્રુતિ પણ પ્રમાણ છે.

હવે પછીની શ્રુતિ પણ પુરુષનું પ્રત્યગાત્મત્વ દર્શાવે છે-

આત્મા સૂક્ષ્મ બુદ્ધિગ્રાહ્ય છે

एष सर्वेषु भूतेषु गूढात्मा न प्रकाशते ।
दृश्यते त्वग्रयया बुद्धया सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ॥१२॥

સંપૂર્ણ ભૂતોમાં છુપાયેલો આ આત્મા પ્રકાશમાન્ નથી હોતો. એ તો સૂક્ષ્મદર્શી પુરુષો દ્વારા તીવ્ર અને સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા જ જોવામાં આવે છે. (૧૨)

આ પુરુષ (પરમેશ્વર) બ્રહ્માથી માંડીને સ્તમ્બપર્યંત સંપૂર્ણ ભૂતોમાં છુપાયેલો છે. એ દર્શન, શ્રવણ ઇત્યાદિ ઇન્દ્રિયકર્મો કરતો હોય એવો દેખાય છે, તથા અવિદ્યા દ્વારા (માયા દ્વારા) આચ્છાદિત હોય છે. એટલે સર્વનો અંતરાત્મારૂપ હોવાને કારણે આત્મા કોઈની આગળ પ્રકાશિત નથી થતો, નથી દેખાતો, ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય નથી હોતો. અહો ! આ માયા ખૂબ જ ગંભીર, દુર્ગમ અને વિચિત્ર છે, કે જેનાથી આ સંસારના સર્વ જીવો ખરી રીતે પરમાર્થસ્વરૂપ હોવા છતાં, શાસ્ત્ર અને આચાર્ય દ્વારા એ પ્રમાણે બોધ કરાયા છતાં પણ "હું પરમાત્મા છું" એ તત્ત્વને ગ્રહણ નથી કરતા; પરંતુ જે દેહ અને ઇન્દ્રિય વગેરે સંઘાતો ઘટ વગેરેની માફક પોતાની સામે દૃશ્ય છે, સંઘાતોને કોઈના ન કહેવા છતાં "હું આનો પુત્ર છું" ઇત્યાદિ પ્રકારે આત્મભાવે ગ્રહણ કરે છે. જરૂર એ પરમાત્માની માયાથી જ આ સમગ્ર જગત્ અત્યંત ભ્રાંત થાય છે. સ્મૃતિ પણ કહે છે - "યોગમાયાથી આવૃત રહેલો હું સર્વ પ્રત્યે પ્રકાશિત નથી થતો." (ગીતા-૭-૨૫).

શંકા : આનાથી વિપરીત જ કહેવામાં આવ્યું છે કે - "એને જાણીને પુરુષ શોક નથી કરતો" (કઠ. ૨-૧-૪) તથા "(એ ગૂઢ આત્મા) પ્રકાશિત નથી થતો." (કઠ. ૧-૩-૧૨).

સમાધાન : એમ નથી. અશુદ્ધ બુદ્ધિવાળા માટે આત્મા અવિજ્ઞેય છે, તેથી કહ્યું છે કે "એ પ્રકાશિત નથી થતો." એ તો સંસ્કારયુક્ત અને તીક્ષ્ણ બુદ્ધિ વડે જ દેખાય છે. - એવી તીક્ષ્ણ બુદ્ધિ કે જે કોઈ તીણી ધાર જેવી સૂક્ષ્મ હોય, એકાગ્રતાયુક્ત અને સૂક્ષ્મ વસ્તુના નિરીક્ષણમાં પરોવાયેલી હોય. એ આત્મા કોને દેખાય છે ? ઉત્તર છે- સૂક્ષ્મદર્શીઓને. સૂક્ષ્મદર્શી પંડિત એ છે કે જેનો આ પ્રમાણે સૂક્ષ્મતાની પરંપરાનો વિચાર કરવાને લીધે પર (સૂક્ષ્મ) વસ્તુ જોવાનો સ્વભાવ થઈ ગયો છે. સૂક્ષ્મતાની પરંપરાનો વિચાર એટલે કે "ઇન્દ્રિયો કરતાં (ઇન્દ્રિયોના) વિષયો શ્રેષ્ઠ (પર છે)" એવો વિચાર-એવો ભાવાર્થ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લય-ચિંતન

હવે એની પ્રાપ્તિનો ઉપાય જણાવ છે-

यच्छेद्वाङ्मनसी प्राज्ञस्तद्यच्छेज्ज्ञान आत्मनि ।
ज्ञानमात्मनि महति नियच्छेत्तद्यच्छेच्छान्त आत्मनि ॥१३॥

વિવેકી પુરુષ વાક્-ઇન્દ્રિયનો મનમાં ઉપસંહાર કરીને એનો પ્રકાશસ્વરૂપ બુદ્ધિમાં લય કરે, બુદ્ધિને મહત્તત્વમાં લીન કરે અને મહત્તત્ત્વને શાંત આત્મામાં નિયુક્ત કરે. (૧૩)

વિવેકી પુરુષો ''यच्छेत्'' અર્થાત્ નિયુક્ત કરે, કોનો ઉપસંહાર કરે ? વાક્ અર્થાત્ વાણીનો. અહીં વાક્ સંપૂર્ણ ઇન્દ્રિયોને ઉપલક્ષણ કરાવવા માટે છે. ક્યાં ઉપસંહાર કરે ? મનમાં. ('મનસી' પદમાં હ્રસ્વ ઈકારને બદલે દીર્ઘ પ્રયોગ વૈદિક છે.) પછી એ મનને જ્ઞાન અર્થાત્ પ્રકાશસ્વરૂપ બુદ્ધિ-આત્મામાં લીન કરે. બુદ્ધિ જ મન ઇત્યાદિ ઇન્દ્રિયોમાં વ્યાપ્ત છે, એટલે એ એમનો આત્મપ્રત્યક્સ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ બુદ્ધિનો પ્રથમ વિકાર મહાન્ આત્મામાં લીન કરે અર્થાત્ પ્રથમ ઉત્પન્ન થયેલા મહત્તત્ત્વની જેમ આત્માનો સ્વચ્છ સ્વભાવ વિજ્ઞાન પ્રાપ્ત કરે; અને મહાન્ આત્માને જેનું સ્વરૂપ સંપૂર્ણ વિશેષોથી રહિત છે, અને જે અવિક્રિય, સર્વાન્તર તથા બુદ્ધિના સંપૂર્ણ પ્રત્યયોનો સાક્ષી છે, એ મુખ્ય આત્મામાં લીન કરે.

(ક્રમશઃ)

ooo

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક રશિયન ભક્તનો પત્ર

મિ. વી. માઝલોવ,
૭૭, હેથૉર્પ સ્ટ્રીટ,
લંડન, યુ.કે.
ટેલિફોન : + ૪૪ (૧૮૧) ૮૭૪ ૧૮૫૨
ઑક્ટોબર, ૨૨, ૧૯૯૬.

પ્રતિ,
શ્રી શ્રી આનન્દમયી આશ્રમ,
ભીમપુરા, પોસ્ટ ચાંદોદ,
જિ. વડોદરા,
ભીમપુરા-૩૯૧૧૦૫.
ભારત.

પ્રિય ભાઈઓ અને બહેનો,

મારું નામ વૅલેન્ટાઈન માઝલોવ છે, અને મારા જીવનમાં પ્રથમ વાર તમારી સામે કહેતાં મને આનંદ થાય છે કે હું શ્રી શ્રીમાનો શિષ્ય છું. હું રશિયન છું અને છેલ્લા છ વર્ષથી હું લંડનમાં રહું છું. જીવનનો અર્થ આધ્યાત્મિક રીતે સમજવામાં મને હંમેશ રસ પડ્યો છે. સંતો તથા પવિત્ર મહાપુરુષોની ઘણી આત્મકથાઓ મેં નજીકથી વાંચી છે. શ્રી રામકૃષ્ણ, સ્વામી વિવેકાનંદ, પરમહંસ યોગાનંદ, સ્વામી શ્રી યુક્તેશ્વર, બાજી (લાહિરિ મહાશયના ગુરુજી), શ્રી શિવબાલયોગી) શ્રી શંકરાચાર્યની રચનાઓ, શ્રી અરવિંદ અને બીજા સંતોનાં જીવનોએ મારું જીવન સંપૂર્ણરૂપે બદલી નાખ્યું. પરંતુ શ્રી ગુરુપ્રિયા દેવીની ડાયરીના પાંચ અંકોએ મારી આધ્યાત્મિક દૃષ્ટિને એક નવો અર્થ આપ્યો, કે જે હવે મારે માટે સંપૂર્ણ છે અને મારા પોતાના હૃદયને સ્વીકાર્ય છે.

હવે મને મારી પોતાની ''મા'' અને ''દીકરી'' મળ્યાં છે. હવે મને સમજાય છે કે મારો જન્મ શેને માટે થયો (જો હું જન્મ્યો હોઉં તો....), હવે હું માનસિક રીતે પારદર્શક સ્થિતિમાં છું, અને આજુબાજુ જે કાર્યકલાપો થાય છે તેને ભક્તિપૂર્વક સ્વીકારવાની સ્થિતિમાં છું. સર્વસ્વ ''એ'' છે, અને ''એ''નું મારી સાથે ઐક્ય છે. કેવળ ''મા'' દ્વારા જ, હવે હું સમજી શકું છું કે, હું ''એને'' પ્રિય છું, અને સતત ''એની'' દૃષ્ટિમાં તથા ચમત્કારિક સ્પર્શમાં મને ''મા'' પ્રિય છે.

ઓમ્. શ્રી આનન્દમયી મા ઓમ્ હરિ કૃષ્ણ પરાત્મન્.

''એ'' ''તે'' જ છે. ''એ'' હંમેશાં હતાં. ''એ'' હંમેશ રહેશે. હું ફક્ત તમને એટલું કહેવા માટે જ આ પત્ર લખું છું કે આમ હજી એક વધારે હૃદય છે જે 'મા' અને 'મા' પ્રત્યે જ પાગલ છે, અને કેવળ 'મા', 'મા' 'મા'.....બીજું કશું કહી શકીએ ? હું એક રીતે માનસિક સ્પષ્ટતાવાળો માણસ છું. પરંતુ મા સાથે, માની ઉપસ્થિતિમાં કોઈ જ પ્રકારની માનસિકતા કે બૌદ્ધિકતા રહેતી નથી. 'મા' પાસે હોવાથી જ બધું એકત્વમાં આવી જાય છે. મધુર, મધુર, મધુર શાંતિ અનંત કાળની એક ક્ષણમાં. અનંતકાળ માટે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે હું એટલો બધો આનંદમાં છું. એટલો બધો આનંદમાં છું. મારાથી માની નથી શકાતું કે આવું બન્યું છે મને આશા છે કે ભવિષ્યમાં ત્યાં આવીને 'મા' પ્રત્યે અને તમારા બધા પ્રત્યે મારી ભક્તિ હું દર્શાવી શકું. પરંતુ હમણાં એ શક્ય નથી કારણ કે યુ.કે. માં હું રાજકીય નજરકેદમાં છું. પણ જોજો, હું ખરેખર માતાજીના કોઈ આશ્રમમાં કશેક રહીશ. હવે વિશેષ કંઈ શોધવાની જરૂર નથી. 'મા' એ જ આરંભ છે અને અંત છે સમસ્ત અસ્તિત્વનો. અને બે વર્ષ સુધી એ રહ્યું. પણ હવે વધારે સમય નથી. નીલ રંગનો પ્રકાશ અને ચારે બાજુ નાના તારાઓ.

ત્યાંથી તમે જો મને કંઈક એવું મોકલી શકો જેમાં 'મા'ની સ્મૃતિઓ હોય તો જરૂર મોકલશો, ખાસ કરીને માતાજીના હાથનો થોડોક પ્રસાદ.

જે પુસ્તકો મને ઉપલબ્ધ છે તેમાંથી 'મા' વિષેની વાતોનો હું રશિયનમાં અનુવાદ પણ કરી રહ્યો છું, તો તમે જો મને અંગ્રેજીમાં કંઈ પણ મોકલી શકો તો એને હું મારા પુસ્તકમાં લઈ લઈશ. દુર્ભાગ્યે, હવે હું એકલું અંગ્રેજી જ વાંચી શકું છું, તેથી ખુકુની દીદીનાં ૧૨ પુસ્તકો હજી હું મેળવી નથી શક્યો. મને સાચે જ એ જોઈને આશ્ચર્ય થાય છે કે પૂર્વ બંગાળનું બંગાળી અને રશિયન ભાષામાં કેટલું સામ્ય છે ! એમ માનો કે ૧૫% થી વધારે શબ્દો સાવ સરખા છે ! તમારા આશ્રમમાં જો અંગ્રેજીમાં કંઈ પણ પ્રકાશિત થાય તો કૃપા કરી મને એનાં મૂલ્યો તેમ જ ત્યાંના બૅન્ક ખાતાનો નં. જરૂર મોકલશો. મને ખાત્રી છે કે તમે જે કંઈ મોકલશો તે અમૂલ્ય જ છે.

ઓમ્, મા, ઓમ્, મા, પૂર્ણ બ્રહ્મ નારાયણ,

પૂર્ણ બ્રહ્મ પરાત્મન્, પૂર્ણ બ્રહ્મન્ કાલી મા.

કૃપા કરી મારે માટે 'મા'ને અવશ્ય પ્રાર્થના કરશો કે મારો હંમેશ સ્વીકાર કરે.

આ પત્ર વાંચવા માટે આભારી છું.

શ્રી શ્રી આનન્દમયીમાનો ભક્ત

વૅલેન્ટાઈન માઝલોવ.

OOO

"એ (પરમેશ્વર'ના ભયથી અગ્નિ તપે છે, એના જ ભયથી સૂર્ય તપે છે તથા (એના જ) ભયથી ઈન્દ્ર, વાયુ અને પાંચમું મૃત્યુ દોડે છે."

- કઠોપનિષદ્ (૨-૩-૩).

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૈલાસના પ્રથમ દર્શન - (કેટલાક અંશો)

- સ્વામી રામાનંદજી બ્રહ્મચારી

એ જ મેદાનમાં, અડધો માઈલ નીચે, એ જળપ્રવાહને પેલે પાર ડેરો નાખવામાં આવ્યો. આ સ્થાન સિચક કહેવાય છે. આ સ્થાનનું પોતાનું જ મહત્ત્વ છે. તંબૂ પરેડ બાદ અમે અમારા તંબૂઓમાં હતા. હાલંગ નામનું શાક ત્યાં અમને મળી ગયું હતું અને અમે એ કાચું જ ખાધું. એનું જ શાક બનવાનું હતું. તિબેટમાં લીલું શાક તો એક બહુમૂલ્ય પદાર્થ ગણાય છે. હવા ખૂબ જોરથી વાઈ રહી હતી. ખાસો દિવસ બાકી હોવાથી હું ધ્યાનમાં બેસી ગયો.

એ દિવસે આંખો બંધ કર્યા પછી વિચિત્ર, પ્રબળ તરંગો વહેતા અનુભવાતા હતા. ઉપરનાં કેન્દ્રોમાં વિશેષ ક્રિયા હતી અને હૃદયમાં એક જાતના નવાં ગલગલિયાં જેવું. મેં ધ્યાન સમાપ્ત કર્યું અને ગોવિંદ વલ્લભજીને, કે જે મારી નજીક જ બેઠા હતા, કહ્યું, ''આજે આપણે કૈલાસના તેજોમંડલ માં પ્રવેશી ગયા છીએ.''

તંબૂ ખોલીને સામે જોયું. એ વેગવતી હવા તો બર્ફીલા તોફાનની સંગિની હતી ! છેલ્લા પા કલાકમાં જ સામેની પર્વતમાળા પર બરફ પડી ગયો હતો, અને એ સફેદ થઈ રહી હતી. વાદળો સાફ થઈ ગયા હતા અને સૂર્ય અસ્ત થવા આવ્યો હતો. તોપગેએ તંબૂનો પડદો ઊંચકીને કહ્યું, ''ઘેખલા કૈલાસ ! તોપગેએ તંબૂનો પડદો ઊંચકીને કહ્યું, ''ઘેખલા કૈલસ !'' હું ફફડી ગયો. આજે એ પ્રાપ્ત થઈ રહ્યું હતું જેની આશા બાંધીને આટલા માઈલોની યાત્રા કરી હતી, આ હિમાચ્છાદિત પર્વતોને પાર.

બહાર નીકળ્યો. સામે પૂર્વ દિશામાં ધવલ શિખર ઝગમગી રહ્યું હતું, પેલા વાદળી, કાળા-કાળા આકાશની પૃષ્ઠભૂમિકામાં. સાથે જ જમણી બાજુ બે શિખરો હતાં બરફના, થોડેક દૂર જ ડાબી બાજુએ એક. અસ્ત થઈ રહેલા એ સૂર્યના પ્રકાશમાં, એ ધીમે ધીમે વધી રહેલા અંધારામાં, એ ઉજ્જવળતા બહુગુણિત થઈ રહી હતી. એ દૃશ્ય કેટલું અલૌકિક હતું ! કેમેરા કાઢ્યો ને ફોટો પાડ્યો. એ ફોટો એ સુંદરતાનો સંકેતમાત્ર આપે છે.

કૈલાસને જોતાવેંત જ અંદર એક વીજળી જેવું લાગી ગયું. ભાવો પણ ઉભરાયા અને એક સન્નાટો પણ વ્યાપી ગયો. ડાયરીમાં કંઈ લખતો લખતો બહાર આવ્યો. એ વાક્ય માંડમાંડ પૂરું કર્યું, ડાયરી બંધ કરી અને આંખો મીંચીને બેસી રહ્યો.

હવે તો અંદરની ગતિ જ કંઈ જુદી હતી. હું મારી સુધબુધ જ ભૂલી ગયો. મને એનું પણ ભાન ન રહ્યું કે હું ક્યાં છું. વિચિત્ર જાતની આંતરિક સ્થિતિ થઈ ગઈ. ઘણા ઊંચા ચૈતન્યના સ્તરોમાં હું સ્થિત થઈ ગયો. ધીમે ધીમે લગભગ પા કલાક પછી મારું ચૈતન્ય આવ્યું બાહ્ય જગત પ્રત્યે. બસ, અંદરથી એવું ભાન થઈ રહ્યું હતું કે મારી યાત્રા સફળ થઈ ગઈ. શંકરની, એ આદિ ગુરુની મારા પર કૃપા છે અને, એનો આગળ વધતો પ્રવાહ મને કૃતકૃત્ય કરી દેશે, મારે પોતાને માટે જ નહિ, બીજાઓ માટે પણ. એના વચગાળામાં શું શું અનુભવ્યું, તેનું વર્ણન કરવામાં કલમ પણ જાણે થાકી જાય છે.

ભૂખ સમાપ્ત થઈ ચૂકી. જ્યારે આંતરિક ક્રિયાઓ પુષ્કળ વેગથી થાય છે ત્યારે ભૂખ લુપ્ત થઈ જાય છે. આવો મારો પહેલાંનો પણ અનુભવ હતો. દીદીના આગ્રહથી થોડુંક ખાધું પણ ખરું. કૈલાસ, અંધારું થયા પછી પણ, મોડે સુધી દેખાતો રહ્યો. એ દર્શનની ખુશાલીમાં મેવો વહેંચવામાં આવ્યો.

રાત્રે ઊંઘ બિલકુલ જ ન આવી. શરીર ગરમ થઈ રહ્યું હતું, અને ખૂબ જોર પડતું હોય એવું લાગતું હતું બધા જ જ્ઞાનતંતુઓ પર. તે સાથે જ એટલી બધી હલચલ થતી હતી અંદર કે જાણે આંતરિક જગતમાં તદ્દન એક નવા આધારનું, નવી અવસ્થાનું નિર્માણ થતું હોય !

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જેમ તેમ પાસાં ફેરવતાં રાત પસાર કરી. એ રાત ખૂબ લાંબી હતી. ઠંડી પણ વધી ગઈ હતી, એ બરફના તોફાનને લીધે. પ્રાતઃકાળે ઊઠ્યા તો એવું લાગતું હતું કે જાણે તાવ આવ્યો હોય. પિત્તનું ઘણું પ્રાબલ્ય હતું. હાલંગના શાકે પણ ગરમી દેખાડી હતી. અંગેઅંગ શિથિલ હતું. સ્નાન કરવાનું તો સાહસે ન થયુ અને એ ઉચિત પણ ન લાગ્યું.

આ પ્રકારની આંતરિક ક્રિયાની તીવ્રતાએ જો શારીરિક સ્વાસ્થ્યને બગાડ્યું હોય તો કંઈ વિસ્મયની વાત નહોતી. આ અનુભવ મારે માટે નવો ન હતો. જ્યારે શરીર પૂરેપૂરો સાથ ન આપી શકે આંતરિક ગતિને, તો આંતરિક ગતિને ટકાવી રાખવા માટે અને શરીરમાં શીઘ્રાતિશીઘ્ર પરિવર્તન કરવા માટે બીજો કોઈ ઉપાય જ નથી. તે જ વખતે મેં આવું અનુભવવા માંડ્યું હતું.

(''કૈલાસ-દર્શન''માંથી)

ooo

આશ્રમ - સમાચાર

માતૃભક્તોના આધ્યાત્મિક કેન્દ્રસ્થાન, સંપૂર્ણ શક્તિપીઠ કનખલમાં ગુરુપૂર્ણિમાને દિવસે અસંખ્ય ભક્તોએ ગર્ભગૃહમાં અંદર પ્રવેશીને પુનીત સ્પર્શ-આશીર્વાદ મેળવ્યા. ભીમપુરા તેમ જ અન્ય આશ્રમોમાં પણ નિકટસ્થ ભક્તોએ માને પ્રણામ અર્પણ કર્યા. વરસાદની અતિવૃષ્ટિ હોવા છતાં ભીમપુરામાં પૂર્ણિમા તથા જન્માષ્ટમી ઉજવવા માટે ભક્તોએ પાછી પાની ન કરી.

ooo

શોક-સમાચાર

શ્રી શ્રી માની પૃથ્વી પરની લીલામાં જેમણે પોતાના જન્મથી જ ભાગ લીધો હતો તે પૂ. મરણીદીએ કનખલ આશ્રમમાં દેહત્યાગ કર્યો. માના ખોળામાં બેસીને ખાવાનો અમૂલ્ય લાભ એમને મળ્યો હતો. એમના લગ્ન માના ભક્તના પુત્ર સાથે કરતી વખતે પૂ. ભોલાનાથજી દ્વારા કન્યાદાન થયું હતું. એમનો આનંદી તથા હસમુખો ચહેરો માતૃભક્તોની સ્મૃતિમાં અંકાયેલો રહેશે.

શ્રી શ્રી માના આશ્રિત શ્રી શિશુભાઈનું (જૈમિનિકુમાર ધ્રુવ) ત્રણ દિવસ સુધી માનું સ્મરણ કરીને દેહાવસાન થયું છે. શરીર છોડતાં પહેલાં એમને શ્રીશ્રીમા તથા શ્રી હનુમાનજીનાં દર્શન થયાં હતાં.

સર્વ માતૃભક્તોની આ બંન્ને ઉચ્ચ આત્માઓને ભાવભરી અંજલિ.

॥ જય મા ॥

ooo

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

❄ Branch Ashrams ❄

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 6840365)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, Maharashtra.

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 5362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram,
Main Road, P.O. Ranchi-834001, Bihar (Tel : 312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth,
Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193, U.P.

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 310054+311794)

23. VINDHYACHAL: Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, U.P.

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel : 442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

श्री श्री आनन्दमयी संघ
ॐ माँ
मातृ शरणं

मुद्रक–रत्ना प्रिंटिंग वर्क्स, कमच्छा, वाराणसी फोन : 322820

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi